
જૂલે વર્ન
સોનેરી ધૂમકેતુનો પીછો
અનુવાદ
હરીશ નાયક

ઉત્તમ
સાહિત્યનું પ્રતીક

૧૯૨૬થી

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

JULES VERNE કૃત
THE CHASE OF THE GOLDEN METEOR

# સોનેરી ધૂમકેતુનો પીછો

## જૂલે વર્ન

**અનુવાદ** : હરીશ નાયક

**આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ

અર્થબાગ

મુંબઈ ૪૦૦ ૦૦૨

ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

‘દ્વારકેશ’

રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર

અમદાવાદ ૩૮૦ ૦૦૧

ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at : www.rrsheth.com

Email : sales@rrsheth.com

# SONERI DHUMKETU NO PICHHO

*A Scientific Fantacy Novel*

Gujarati Translation of Jules Verne‘s

**THE CHASE OF THE GOLDEN METEOR**

by Harish Nayak

Published by R. R. Sheth & Co. Pvt. Ltd.

Mumbai □ Ahmedabad

ISBN :

**© લક્ષ્મીબહેન નાયક, ચેતનાબહેન કૉન્ટ્રાક્ટર, ૨૦૦૧**

'ફોલી હાઉસ', ૩૫, વૃંદાવન કૉલોની, વિકાસગૃહ માર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૦૭

**પ્રકાશક**

ભગતભાઈ ભુરાલાલ શેઠ

**આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.**

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

Visit us at : www.rrsheth.com

Email : sales@rrsheth.com

## અર્પણ

**બાળકિશોર સહિત**

**તમામ પ્રકારના સાહિત્યને વિજ્ઞાનયુગમાં**

**લઈ જવા માટે પ્રતિબદ્ધ**

**અમારી જૂલે વર્ન સંશોધન ટીમના સન્નિષ્ઠ સાથીદાર...**

**જાણીતા રેડિયોલોજિસ્ટ**

**ડૉ. સુશ્રુત પટેલને**

**હરીશ નાયકના**

વિજ્ઞાન – ઝિંદાબાદ

# જૂલે વર્નની વિજ્ઞાન અને સાહસ કથાઓ

[દોઢ સદી પહેલાં કલ્પેલી આ વૈજ્ઞાનિક

વાર્તાઓ આજે તો સત્યસૃષ્ટિમાં ઊતરેલી જોઈ શકાય છે.]


**સાહસિકોની સૃષ્ટિ**

**સાગરસમ્રાટ**

**પાતાળપ્રવેશ**

**સોનેરી ધૂમકેતુનો પીછો**

**કાળા સૂરજના રહેવાસી**

**અગ્નિરથ**

**૮૦ દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા**

**મિખાઈલ સ્ટ્રગોવ**

**લાઈટહાઉસ**

**તરતું મહાનગર**

**ખોવાયેલાની ખોજમાં**

**ડોલ્ફિન**

**એક શિયાળો બરફમાં**

**મોં બ્લાં**

**બુલેટ ટ્રેન**

# અનુવાદકની અનુભૂતિ

આ કામ મારે પહેલાં કરવા જેવું હતું. એટલે કે મારા લેખન જીવનની શરૂઆતથી જ.

મેં લખવાની શરૂઆત ૧૯૪૩થી કરી. ૧૯૪૭માં સસ્તુ સાહિત્ય તરફથી ત્રણ પુસ્તકો બહાર પડ્યાં. કચ્છુ-બચ્છુ, ટાઢનાં ઝાડ, બુદ્ધિ કોના બાપની. ત્યારથી સતત લેખન ચાલ્યું. દર વર્ષે દશની સરેરાશે નાનાં મોટાં પુસ્તકો બહાર પડતાં રહ્યાં.

૧૯૫૧માં આર. આર. તરફથી 'અમલા' નવલકથા બહાર પડી ત્યારે બંગાળીનું આધિપત્ય હતું. શરદબાબુ, રવીન્દ્રનાથ, બંકિમચંદ્ર તો ખરા જ પણ બીજા બંગાળી. લેખકોય ગુજરાતીમાં આવતા હતા. નવલકથા એટલે બંગાળી. આપણે ત્યાં રમણલાલ વસંતલાલ દેસાઈ, ક. મા. મુનશી, મરાઠીના ખાંડેકરની બરાબર સાથે સાથે બંગાળી નવલકથાઓ ચાલતી હતી. 'અમલા' બંગાળીના જાણીતા લેખક ઉપેન્દ્રનાથ ગાંગુલીની પ્રસિદ્ધ રચનાનું ભાષાંતર હતું. ત્યારથી આજ સુધી આર. આર. સાથે સ્નેહસંબંધ રહ્યો છે. મારી શરૂઆત મુ. શ્રી અચાભાઈ (અચરતલાલ), ભૂરાભાઈ (મૂળ આર. આર.) સાથે થઈ. ભગતભાઈ સાથે ચાલુ રહી. આજે ત્રીજી પેઢી ચિંતન સાથે પણ હું જોડાયેલો છું. હું લેખક આર. આર. શેઠને લઈને છું, એમ કહું તો એમાં કંઈ ખોટું નથી.

મારી બાળકિશોર અવસ્થામાં જ મને જૂલે વર્નની ઘેલછા લાગી હતી. ખાસ તો મૂળશંકર મો. ભટ્ટના જૂલે વર્નનાં પુસ્તકોથી, તેમનાં પાંચ મૂળ પુસ્તકો મેં ફરી ફરીને વાંચ્યા હશે. ત્યારથી જૂલે વર્નના બીજાં વધુ પુસ્તકો અંગ્રેજીમાં જ મેળવી મેળવીને વાંચવા તાલાવેલી રહી હતી.

૧૪મી મે ૨૦૦૪થી ૧૧મી સપ્ટેમ્બર ૨૦૦૪ સુધી મારે ન્યૂજર્સીમાં મારી દીકરીના ઘરે રહેવું પડ્યું. ત્યારે જ આ કૃતિ મેં તૈયાર કરી છે, પણ વખતોવખત લાગ્યું છે કે મારે આ કામ પહેલાં કરવા જેવું હતું. જૂલે વર્નની જેમ જેમ નવી નવી ચોપડીઓ વાંચતો જાઉં છું અને મારી સંઘરેલી અગાઉની ચોપડીઓનું પુનર્વાચન કરતો જાઉં છું, તેમ તેમ મને લાગે છે કે મારે આ જ કામ કરવા જેવું હતું.

મારા લેખનની શરૂઆતથી જ મેં જૂલે વર્નને ગુજરાતીમાં મૂકવાની શરૂઆત કરી હોત, તો મારે બીજું કંઈ જ કરવાની જરૂર રહેત નહિ. જૂલે વર્ન એટલું સાહિત્ય મૂકી ગયા છે, તેમને વિષેન પણ એટલું સાહિત્ય છે કે ગુજરાતીમાં મૂકવા માટે એક જિંદગી તો જોઈએ જ. આ બધું જ અદ્‌ભુત અમૂલ્ય અદ્‌વિતીય છે. કેમકે જૂલે વર્ને જે કંઈ લખ્યું છે, તેનું દુનિયાએ અમલીકરણ કર્યું છે. મેં તો હજી બે જ રચનાઓ આપી છે

: કાળા સૂરજના રહેવાસી અને સોનેરી ધૂમકેતુનો પીછો. એની નવીનતા પરથી જ લાગશે કે નવલકથાઓ માટે કેટલા વિષયો આપણને બ્રહ્માંડમાંથી મળી શકે છે.

આપણે બ્રાહ્મણ, વાણિયા, પટેલ, જૈન જેવી વાર્તાઓ લખીએ ભલે, પણ જૂલે વર્ને વિશ્વ નાગરિકોની વાર્તાઓ લખી છે. એની નવલકથાના નાયકો પાત્રો પાર્શ્વભૂમિઓ વિશ્વ નાગરિકત્વની સ્થાપના કરે છે. જેનો અનુભવ આપણે આજે કરી રહ્યા છીએ. આજે ઇંગ્લૅન્ડ, અમેરિકા, ફ્રાન્સ, રશિયા, જર્મની, જાપાન, ચીન, અરબ દેશોમાં આપણાં એટલા ભારતીયો છે અને અલબત્ત ગુજરાતીઓ ખરા જ કે એક વિશ્વ સંસ્કૃતિ અમલમાં આવી રહી છે. એ દેશોના જોડાણ ખેડાણથી આપણી સંસ્કૃતિ પણ વિશ્વ- નાગરિકત્વ તરફ આગળ વધી રહી છે. એ કલ્પના જૂલે વર્ને દોઢસો વર્ષ પહેલાં કરી હતી.

એની વાર્તાની ખૂબી એ છે કે જો વાર્તા દરિયાથી શરૂ થાય તો દરિયામાં જ રહે છે, આકાશથી શરૂ થાય તો આકાશમાં જ રહે છે, પૃથ્વીના પેટાળથી શરૂ થાય તો પાત્રો મોટે ભાગે ત્યાંની જ દુનિયાનો પરિચય આપે છે, વાર્તા બલૂનની હોય તો બલૂનમાં જ ઊડતી રહે છે, વાર્તા કોલસાની ખાણની હોય તો કોલસાની ખાણમાં જ રહે છે, વાર્તા પ્રવાસની હોય તો સતત પ્રવાસીકથા જ રહે છે – પ્રવાસના બધાં વાહનો સાધનો સહિત, વાર્તા ધૂમકેતુની રહે છે તો સતત ધૂમકેતુની સાથે જ ઘૂમે છે. એવી જ રીતે એની રણની, બરફની, ચંદ્રમાની, તારાઓની, ગ્રહોની, નક્ષત્રોની, તરતા ટાપુની અને દુનિયાભરના લગભગ તમામ દેશોની એટલે કે ચીન, ભારત, રશિયા, અરબ દેશો, ધ્રુવ પ્રદેશ વગેરે વગેરેની વાર્તાઓ છે. હા, ફ્રાન્સ, અમેરિકા, ઇંગ્લૅન્ડ સ્વીડન, સ્વીત્ઝર્લૅન્ડ સ્કોટલૅન્ડની વાર્તાઓ હોય એ તો સ્વાભાવિક જ છે. જ્યારે આ વાર્તાઓ ગુજરાતીમાં આવશે ત્યારે ગુજરાતી સાહિત્ય દંગ રહી જશે. એક સાથે અઢળક જૂલે વર્ન વાંચવાની મજા જ અનેરી હશે. સાહિત્યકારો અને અભ્યાસીઓને પણ નવલકથાના વિષય પરત્વે એક નવી દુનિયા જોવા જાણવા અનુભવવા અનુસરવા મળશે. હું અકાદમી, પરિષદ તથા પુસ્તકાલયોને વિનંતી કરું છું કે જૂલે વર્નનો ઘોડો જુદો રાખે. જેમાં જૂલે વર્ન ગુજરાતીમાં રાતીમાં હોય જ, તેનાં અંગ્રેજી પુસ્તકો મૂળ ફ્રેન્ચ પુસ્તકો તથા તેને વિષે લખાયેલા ઈતર પુસ્તકો પણ રાખે. હું મારી હસ્તપ્રતો અને જેની પરથી મેં ગુજરાતી સ્વરૂપ સર્જ્યું છે, એ અંગ્રેજી પુસ્તકો પણ પુસ્તકાલયને સોંપી જવાનો છું.

હું કહી શકું કે હું મોડો જાગ્યો છું પણ વાંધો નહિ. જિંદગી ૭૮થી શરૂ થઈ શકે છે. જે રહી જશે તેની નોંધ મૂકતો જઈશ કે કોઈક જૂલે વર્નનો મારા જેવો શોખીન એ કામ આગળ વધારશે.

'સોનેરી ધૂમકેતુનો પીછો' સાથે એક સંજોગ સરજાયો છે. એ મૂળ રચના મેથી સપ્ટેમ્બરના સમયગાળાની છે, જે તે વર્ષના, અને હું પણ અમેરિકા એ જ તારીખોમાં આવ્યો છું. તે ઉપરાંત હું જ્યાં રહું છું, ૫ જેનુસન કોર્ટ, વેસ્ટ ઑરેન્જ, ન્યૂજર્સીની પાર્શ્વભૂમિ ફરતે જ આ વાર્તા રાર્જાયેલી છે.

જૂલે વર્નની મુખ્ય કરામત એ છે કે એની વાર્તાઓ બધી ઉંમરના વાંચકો માટે છે. બાળકિશોર તરૂણો તો વાંચી જ શકે પણ પુખ્તો પ્રૌઢો પણ તેમાં એટલો જ રસ લઈ શકે. વિદ્યાર્થીઓ શિક્ષકો, લેખકો, અધ્યાપકો, વેપારીઓ, વૈજ્ઞાનિકો બધાંને જ આકર્ષવાની એની ક્ષમતા છે. સ્ત્રી-પુરુષના ભેદ સિવાય, એનું લેખન એટલું હૃદયંગમ છે.

દરેક વાર્તાની શરૂઆત કોઈક સામાજિક કથાનક સાથે ઉઘાડ પામે છે. મનોરંજક એ ઘટના પછી વિજ્ઞાનના માળખામાં એવી ઘૂંટાવા લાગે છે કે વાચક ક્યારે વિજ્ઞાનસૃષ્ટિમાં દાખલ થાય છે, તેનીય તેને ખબર પડે નહિ. વાર્તાની આ પ્રકારની સામાજિક ગૂંથણીનું કારણ એટલું જ કે વાર્તા વિજ્ઞાનની છે એટલે કે વિજ્ઞાનની આંટીઘૂંટીની છે, એમ સમજી કોઈ મૂકી દે નહિ.

નવલકથાની બીજી ખૂબી અને ખાસિયત એ કે તે ફિલ્મી પટકથાની જેમ લખાયેલી હોય છે. દરેક દૃશ્ય પૂરું અને અધૂરું. બીજાં દૃશ્યો સાથે જોડાયેલું. પટકથા એટલી સંપૂર્ણ કે કોઈ એ કથાનક પરથી નાટક કે ફિલ્મ તૈયાર કરવા માગે તો જરાય તકલીફ જ ન પડે. પટકથા લેખકની જરૂર વગર જ નિર્માતા ધારે તો ફિલ્મ તૈયાર કરી શકે છે. કદાચ ઘણી બધી ફિલ્મો એની વાર્તા પરથી ઊતરી છે અને હજી આજેય ટીવી સિરિયલો ચાલી રહી છે, એનું કારણ એ જ છે. હિન્દી-ગુજરાતીમાં પણ કોઈ નાટક, ફિલ્મ કે ટીવી સિરિયલ તૈયાર કરવા માગે તો અહી તેમને તૈયાર મટિરિયલ મળી રહેશે, ઉપરાંત નવીનતા તો ભરપૂર જ.

જૂલે વર્નને માટે એના પોતાના જમાનામાં કહેવાતું કે એ બાળ (કિશોર) સાહિત્યના લેખક છે. તેમની ફેન્ટેસ્ટીક કલ્પનાઓ અને વિજ્ઞાનના મુદ્દાઓને સંતાડતી તેમની ફેન્ટેસીઓને લઈને એવું માનનારા માનતા, પણ જેમ જેમ એની એક પછી એક ખૂબી ભરેલી ભૌગોલિક વૈજ્ઞાનિક રચનાઓ આવતી ગઈ, મોટાઓ અને પંડિતો તે વાંચતા ગયા, તેમ તેમ તેમને લાગ્યું કે વર્નના સાહિત્યમાં બાળસહજ સરળતા છે પણ એ પુસ્તકો બધાંને માટે છે.

એવી છાપ અમારે માટેય સાહિત્યજગત ધરાવે છે. એ ખરું કે બાળસાહિત્ય વધુ લખ્યું, ઝગમગ, બાલસંદેશ, રમકડુંના ગલ્લે બેઠા હોઈએ એટલે એ સાહિત્યનો ફાલ વધુ વ્યાપમાં ઊતરે, પણ સાથે સાથે મેં વીસેક નવલકથાઓ, સેંકડોના હિસાબે રહસ્યકથાઓ, એક બકરાની આત્મકથા, પેચ, મધુરજની જેવી હાસ્ય નવલો ઉપરાંત

નાટકો-નિબંધો વિષે કોણ જાણે છે ? અને અનુવાદો ? અગાથા ક્રિસ્તી, જેમ્સ હેડલી ચેઈસ, માંપાસા પર્લ બક, થોમસ હાર્ડી તથા બીજા પ્રસિદ્ધ લેખકોની સંખ્યા તો ગણી છે જ કોણે?

નવલકથાઓમાંય વૈવિધ્ય સચવાયું, 'માછલીનાં આંસુ' નામની એક નવલકથા પૂરાં એક હજાર પાનાંની હતી, બધાના પ્રકાશક પણ મુખ્યત્વે આર. આર. જ. છતાં બ્રાન્ડની રીતે વાત કરીએ તો બાળસાહિત્યકાર.

સાહિત્ય સર્જનનું જે કામ અમે કર્યું છે તે આનંદ-ઉમંગથી કર્યું છે. મઝા આવી છે. જે લખતા રહ્યા તે છપાતું રહ્યું, વંચાતું રહ્યું, આજેય ડિમાન્ડ છે, એ સંતોષ આનંદ અને મોજમજાની વાત છે.

લેખનનો એક જ મહિમા રાખ્યો છે, જે લખવામાં આનંદ આવ્યો છે, તેણે વાંચવામાં આનંદ ઊભો કર્યો છે. જ્યારે લેખન ખંચકાય, કંટાળો આવે, હપ્તાઓ પડે ત્યારે તેનીય ખબર પડી જતી હોય છે.

પણ આજે તો જૂલે વર્ન જ, ચાલો ધૂમકેતુના પ્રવાસે અને તેય પાછા સોનેરી.

જ્યારે હું જૂલે વર્નની કોઈ રચના ગુજરાતીમાં તૈયાર કરું છું ત્યારે તેના જીવન-કાર્ય પરના વિસ્તૃત ગ્રંથ 'એન એક્સ્પ્લોરેટરી બાયોગ્રાફી : જૂલે વર્ન'ને મારી સાથે જ રાખું છું. હર્બર્ટ આર. લોટમેનની એ સંશોધિત કૃતિ એટલી તો રળિયામણી છે કે તેમાં જૂલે વર્નની નવલકથાઓ જેટલી જ કે એથી વધુ મઝા પડી છે. જૂલે વર્ન ઉપર કુલ દશેક જીવન-કથાત્મક-પુસ્તકો લખાયેલાં છે. તેમાંથી ત્રણ તેના વારસદારોના જ છે, પણ આ 'એક્સ્પ્લોરેટરી'માં અગાઉની બધી જ રચનાઓનો ઉલ્લેખ છે. તેમના રેફરન્સ સહિત અધિકૃત નવી માહિતીઓ પણ સાદર છે. ક્યારેક મને આવું પુસ્તક તૈયાર કરવાનુંય મન થાય, કેમકે બ્રહ્માંડની ફરતે સો-સો અવનવા પ્રવાસ ખેડનાર એકમાત્ર અનોખા સાહસિકનું જીવન કેવું હોય એ જાણવું રહ્યું અને જાણવા જેવું જ છે.

જૂલે વર્નની કુલ રચનાઓ ૧૦૫ જેટલી છે. જેમાંની ૯૯ તેના જીવનકાળ દરમિયાન પ્રકાશિત થયેલી છે. સો (૧૦૦)મી તેના મૃત્યુના ચોથા દિવસે પ્રગટ થઈ અને બાકીની પાંચ ક્રમશઃ પ્રગટ થતી રહી. છેલ્લી નવલકથા 'પેરીસ – ઈન ટ્વેન્ટીએથ સેન્ચુરી' તેના અવસાન બાદ ૯૦ વર્ષ પછી એટલે કે ૧૯૯૫માં પ્રગટ થઈ. એ ઈતિહાસ વળી ભારે રોમાંચક છે. એ રચના હું વહેલી હાથમાં લેવા માગું છું કેમકે એકવીસમી સદી માટેય એ પુસ્તક નવું છે.

ફ્રાન્સમાં ત્યારે અને આજે પણ બેસુમાર જૂલે વર્ન-ક્લબો અને એસોસિયેશન છે. અહીં અમેરિકામાંય ક્યાંક ક્યાંક છે, પણ ક્લબ કે એસોસિયેશન

વગરનાય જૂલે વર્નના પ્રશંસકો અગણિત છે. અહીં મેં આપેલા જૂલે વર્ન – કથાનકો – પ્રવચનોમાં એ લોકો જૂલે વર્નને બદલે મને 'જૂલ્સ વર્ન' કે 'જૂલ્સ વર્ને' બોલવાની વિનંતી કરે છે, ફરજ પાડે છે, પણ ફ્રેન્ચમાંથી અંગ્રેજીમાં આવેલાં નામોના ઉચ્ચારમાં થોડોક ફેરફાર રહેવાનો જ. આપણને આપણાં પૂર્વજો મૂળશંકર મો ભટ્ટ વગેરેએ એ નામ 'જૂલે વર્ન' રૂપે બોલતાં શીખવ્યું એટલે આપણે તો એ જ નામ ચાલુ રાખીશું, અને આગળ વધીશું.

જૂલે વર્નની સાહિત્યિક શરૂઆત કવિ તરીકે થઈ હતી, પણ તેમણે કહ્યું હતું : કવિતા હૈયું ભરી શકે, પેટ નહિ.

એટલે જીવન-નિર્વાહ માટે તેમણે ઑપેરા અને નાટકોથી શરૂઆત કરી. તેની મોટા ભાગની પ્રસિદ્ધ નવલકથાઓ સમાંતર નાટ્ય સ્વરૂપે પણ રજૂઆત પામતી જ હતી.

'એરાઉન્ડ ધી વર્લ્ડ ઈન એઈટી ડેઈઝ' શું તખ્તા પર રજૂ થઈ શકે ? પણ લેખકની હયાતીમાં જ એરાઉન્ડની ૮૦૦ રાત્રીઓ ભવ્ય સ્વરૂપે થઈ હતી.

એવી જ રીતે બીજી કંઈક રચનાઓ તખ્તા પર તેઓ જીવંત કરતા રહ્યા. તેઓ કહેતા : 'મને નવલકથાઓએ જિવાડ્યો નથી, નાટકોએ જિવાડ્યો છે.'

જ્યારે જ્યારે રોકડા પૈસાની જરૂર પડતી ત્યારે તેઓ નાટકની બૅન્કનો આસરો લેતા.

કદીક આપણે એ નાટ્ય-રચનાઓ પર પણ હાથ અજમાવીશું. જોકે એ વાત સાચી છે કે નાટક ભજવવા માટે જ હોય છે. તેમાંય ગુજરાતી તખ્તાની કરુણાંતિકા કેવી છે તે બધાં જાણે છે. તેમ છતાં એરાઉન્ડ જેવી વિશ્વ ભ્રમણ કરતી કૃતિઓ તખ્તા પર પણ આકર્ષણ જમાવી શકે છે, એ જોવા જરૂર કદીક પ્રયત્ન કરીશું.

આજે તો ચાલો, સોનેરી ધૂમકેતુની સાથે સાહિત્યનું જ નહિ, સાચું સોનું લૂંટવા.


૩૫, ફોલી હાઉસ

વૃંદાવન કૉલોની

વિકાસગ્રહ માર્ગ

અમદાવાદ ૩૮૦ ૦૦૭

**હરીશ નાયક**

૫, જાનુસન કોર્ટ

**વેસ્ટ ઓરેન્જ,**

NJ 17052

**૧૧/૯/૨૦૦૪**

**૧૧/૯ની આ ઐતિહાસિક તિથિ યાદ છે ને ? એ દિવસે જ લાદેન- ત્રાસવાદીઓએ ન્યૂયોર્કના ભવ્ય ટ્વીન-ટાવર્સ જમીનદોસ્ત કરી વિશ્વભરમાં ખળભળાટ મચાવી દીધો હતો.**

## પીછાનુક્રમ


૧. જાણીતું નગર

અજાણ્યો અતિથિ

૨. આકાશના આગ્રહો

ધરતીના વિગ્રહો

૩. પથિક તારે વિસામાના

દૂર... દૂર... આરા

૪. એ શોધ મારી છે

એ શોધ મારી જ હશે !

૫. ધૂપલબ્ધિ હૂપલબ્ધિ

કે સાચેસાચી ઉપલબ્ધિ !

૬. ધરતી કો આકાશ પુકારે

આજા આજા પ્રેમ દુલારે !

૭. થોભી જા ઓ ધૂમકેતુ

જ્યાં છે ત્યાં ઓ ધૂમકેતુ

૮. મેરે દેશ કા આકાશ

સોના ઉગલે...!

૯. આકાશની ખેતી

ધૂમકેતુનું હળ

૧૦. બૂમ લગાવો, હાથ ફેલાવો

હાથમાં આવશે ધૂમકેતુ

૧૧. ઘડીક આમ, ઘડીક તેમ

ઘડીક અજાણી નેમ

૧૨. બલૂન, સલૂન

આભલાતૂન !

૧૩. આત્મીય ઓડકાર

પરિષદને પડકાર !

૧૪. દૂર હઠો એ દુનિયાવાલે

યે ધૂમકેતુ હમારા હૈ !

૧૫. શેરબજારના શૅર

અને બબ્બર શૅર ધૂમકેતુ

૧૬. શું ગોલ્ડન બનશે

ગ્રીન ગ્રીનલૅન્ડ !

૧૭. ખરેખર અદ્‌ભુત

હોય છે મિલન !

૧૮. રુક જાવ !

જ્યાં છો ત્યાં જ !!

૧૯. પરિમાણોના પરિમાણોનું

પરિત્વ પરિણામ

૨૦. ગુડબાય... ગુડબાય...!

ગોલ્ડન ગુડબાય

૨૧. સંગીન રાત

રંગીન પ્રભાત

# સોનેરી ધૂમકેતુનો પીછો

*

## જૂલે વર્ન

# ૧

# જાણીતું નગર અજાણ્યો અતિથિ

આ ઉત્તેજક કથાનક ક્યાંથી શરૂ થાય છે, એ બતાવતાં કોઈ જ સંકોચ થતો નથી. અમેરિકાના વર્જિનિયા પ્રદેશનું એ એક નગર છે. નગરનાં નામો તો બદલાતાં જ રહે છે, પણ આપણે ત્યાંના નગરવાસીઓની પરવાનગીથી એ નગરનું નામ વ્હેસ્ટન રાખીશું. પોટોમેક નદીના જમણા કિનારાની પૂર્વ બાજુએ એ નગર વસેલું છે, એમ માનશો. આપણે વ્હેસ્ટન ચોક્કસ ક્યાં આવ્યું એ તો નક્કી કરી શકીએ તેમ નથી, કેમકે નકશામાં પણ એ બતાવવામાં આવ્યું નથી.

આપણી વાર્તા જે વર્ષમાં શરૂ થાય છે, એ વર્ષની બારમી માર્ચે એક મગરૂબ ઘોડેસ્વાર આ નગરમાં દાખલ થયો. નાસ્તો કરીને પરવારેલા લોકોએ તેને એક્સ્ટર સ્ટ્રીટ તરફથી પ્રવેશતો જોયો. ચારે બાજુનાં પાટિયાં વાંચતો તથા ચોખૂણિયા રસ્તાના નંબરોની શેરીઓ ગણતો, નગરની બરાબર વચ્ચેના સ્થાનકે આવીને તે ઊભો રહ્યો. કોન્સ્ટીટ્યુશન સ્ક્વેરથી પ્રખ્યાત એવા આ ચતુરંગ ચતુષ્કોણી ચર્ચાસ્પદ ચબૂતરાનું નગરવાસીઓ માટે ઘણું મહત્ત્વ છે. જરા મિશ્રિત ભાષામાં કહીએ તો આ ચોક 'ટૉક ઑફ ધી ટાઉન' છે, અને ટાઉનના નાગરિકો અહીં હર પ્રકારની ટૉક માટે જ ભેગા થાય છે.

યાન્કી શૈલીના મગરૂર ઘોડેસ્વારની છટા જ કોઈ નિરાળી હતી. દરેક રીતે જુદા તરી આવતાં આ જુવાનિયાની ઉંમર ત્રીસેકથી વધારે નહિ જ હોય. . મધ્યમ ઊંચાઈના પૂર્ણ બાંધાના આ તરવરિયાની અણીદાર દાઢીને લઈને એ જરા વધુ ઊંચો લાગતો હતો. મૂછો કાળજીપૂર્વક નિવારી હતી કે જેથી દાઢીનું મહત્ત્વ શસ્ત્રનું બની રહે. તેના લીલા છમ્મ વાળની તરહ કોઈ ભિન્ન હતી. તેણે પહેરેલો કે ઓઢેલો તેનો શૃંગારિક ઝભ્ભો એટલો વિશાળ હતો કે તેના દેહને ઢાંકીને ઠેઠ ઘોડાને ઢાંકતો, નીચે સુધી પથરાયેલો હતો. પોતાના અશ્વને તે પૂરા ગુમાનપૂર્વક હંકારતો હતો અશ્વ પણ આવા દૃઢ સવારનું પૂરું સન્માન કરતો વરતાતો હતો.

તેના ચહેરા પરથી, તેની દેહાકૃતિ પરથી તે મક્કમ મનોબળ ધરાવતો છટાદાર યુવાન સ્પષ્ટ થતો હતો. ઘણાં દેહ તન-મનની રૂપરેખા એક સાથે રજૂ કરી દેતાં હોય છે. આંખ તથા નાક પરથી જ કહી શકાય કે આ શ્રીમાન નિર્ણાયક વૃત્તિના ગતિશીલ માનવી છે. તેની ઈચ્છા અને પ્રાપ્તિ વચ્ચે કોઈ અંતર હોવાની કલ્પના થઈ શકે નહિ. અથવા તો ગભરામણ, રઘવાટ, સંકોચ, દ્વિધા, અનિશ્ચિતતા જેવા શબ્દોને અહીં કોઈ

સ્થાન જ ન હતું. જે બહારનું અવલોકન હતું, તે જ તેના અંતરના અંદરનો અથવા અંદરના અંતરનો આયનો હતો.

પ્રવાસી અજાણ્યો હોવાથી નગરવાસીઓ અટકળ કરી શકતાં ન હતાં કે એ અહીંથી માત્ર પસાર થઈ રહ્યો છે, કે તેનો અહીં રોકાવાનો ઈરાદો છે. જો તે રહેવા માટે કોઈક હોટલની શોધમાં હોય તો અહીં હોટલો પૂરતી હતી. એકબીજાથી ચઢિયાતી, મહેમાનગતિની મહેમાનગતિની ઉત્સાહી, વટેમાર્ગુઓના હર્ષોલ્લાસને છલકાવી દેતી અને માફકસરની.

અહીંની ખાણીપીણીની પણ ખ્યાતિ હતી અને સ્વાદીલાઓના સ્વાદને અનુરૂપ અવનવી વાનગીઓ તૈયાર કરી દેવા માટે પણ અહીંના રસોઈયાઓ હોંશીલા હતા. પ્રવાસીઓ અને પર્યટકોને આટલા પ્રોત્સાહન આપનાર પ્રવાસધામનું નામ નકશામાં ન હોય એ કમનસીબી હતી, નકશાની જ કહોને !

હોટલ પ્રચારકોના સ્મિતને તે સ્વીકારતો ન હતો, એ પરથી તેનો અહીં રહેવાનો ઇરાદો લાગતો ન હતો. પોતાને જોઈ રહેલાંઓના કુતૂહલ તરફ જરાય લક્ષ ન આપતાં એ નવીનકુમારનું કોઈક લક્ષ તો જરૂર હતું જ.

નાગરિકોની કૌતુકવાણીએ ક્યારના ગ્રામસહજ પ્રશ્નો શરૂ કરી દીધા હતા :

'અલ્યા, એ આવ્યો કઈ તરફથી ?'

'એકસ્ટર શેરી તરફથી.'

'ક્યાંથી આવે છે, કંઈ જાણવા મળ્યું ?'

'વિલકોક્સ સબર્બથી આવતો લાગે છે.'

'અડધાએક કલાકથી તો એ આ ચોકઠામાં જ ચકરાય છે.'

'કોઈકની રાહ જોતો હશે.'

'એમ જ હશે. તેની અધીરાઈ જોઈ ?'

'એકસ્ટર શેરી તરફ જ તે વારંવાર અને એકધાર્યું જોયા કરે છે.'

'આવનાર એ બાજુથી જ આવશે.'

'એ બાજુથી જ…'

'પણ કોણ ? પુરુષ કે સ્ત્રી ?'

'આપણે કેવી રીતે જાણીએ ? અને છે પણ કેવો ઉસ્તાદ, કોઈને કાંઈ જાણવા જ દે નહિ.'

'એટલે કોઈક સાથે મુલાકાત છે, એ વાત તો નક્કી જ.'

'મુલાકાત ખરી જ, પણ તું ધારે છે એવી નહિ જ.'

'તને વળી શી રીતે ખબર પડી એની ?'

'શ્રીમાન પ્રોથના દરવાજે એ ત્રણેક વખત જઈને ઊભો રહ્યો, એ તેં જોયું નહિ ?'

'શ્રીમાન જ્હોન પ્રોથ વ્હેસ્ટનના જજ છે.'

'હવે તું સમજ્યો. જરૂર એ કોઈક કાયદાકીય પ્રથા માટે જ આવ્યો હશે.'

'કે કાયદાકીય ગૂંચવણ ?'

'એમ પણ હોય !'

'અને એનો પ્રતિસ્પર્ધિ મોડો છે.'

'કે મોડી છે ?'

'શું ઉં ઉં ઉં... ?'

'એ જે હશે તે જજ પ્રોથ જરૂર એનો કોયડો ઉકેલી આપશે.'

'એ વાત તો નક્કી જ. એમના જેવા જ્ઞાની અનુભવી ન્યાયી માનવી બીજા જોયા નથી.'

'એકદમ સત્યના માર્ગ પરના વ્યવહારુ-ન્યાયાધીશ.'

નગરવાસીઓની નગરચર્ચા કંઈ સાવ ખોટી ન હતી. નવયુવાનનો થનગનતો ઘોડો ત્રણેક વખત જજશ્રી પ્રોથના નિવાસ સ્થાને જઈને અટક્યો હતો.

છેવટે આગંતુકની ધીરજ રહી નહિ.

તેણે ઘોડાને ન્યાયાધીશના પગથી માર્ગ પર લીધો. દરવાજામાંથી દાખલ થાવ તો બંને બાજુ બગીચો હતો. વચમાં મોકળેથી જઈ શકાય તેવી પગથી હતી.

ઘોડેસ્વારને અંદર દાખલ થતો જોઈને જ દ્વાર ખૂલ્યું. વ્યક્તિને પિછાની જતો હોય એમ ઘોડેસ્વારે હેટ ઉતારી, ઝુકાવી, પૂછ્યું, 'માનનીય શ્રીમાન જ્હોન પ્રોથ જ છો ને આપ ?'

'બરાબર ઓળખી કાઢ્યો મને...'

'એક પ્રશ્ન પૂછી શકું ? આપની પરવાનગીથી.'

'પૂછો.'

'એક જ પ્રશ્ન પૂછીશ. જવાબ હા કે નામાં જ આપશો. આપનો વધુ સમય નહિ...'

'પૂછો, નિ:સંકોચ, શ્રીમાન...'

'આજ સવારથી કોઈક મિસ્ટર શેઠ સ્ટેનફોર્ડને પૂછતું આવ્યું તો નથી ને ?'

'જી ના. મારા ખ્યાલથી કોઈ જ નથી આવ્યું.'

'બસ એટલું જ. આપ નામદારની ઘણી મહેરબાની. આભાર.' કહેતાં પૃચ્છક પરોણાએ હેટ ફરીથી ઝુલાવી, માથે મૂકી અને ઘોડાને વાળીને આગળ લીધો. તેનો અશ્વ ફરીથી એકસ્ટર શેરી તરફ જવા લાગ્યો.

હવે ચર્ચાનો વિષય એ દિશામાં ફંટાયો કે એ શ્રીમાનને જજશ્રી પ્રોથનું જ કોઈક કાયદાકીય કામ છે, અને તે જાતે પોતે જ શેઠ સ્ટેનફોર્ડ હોવો જોઈએ. પોતે વહેલો આવી ગયો હોવાથી આવનારની રાહ જોતો હશે ! પ્રશ્ન એ હતો કે : 'મુલાકાતનો સમય વીતી ગયો ખરો ? અને સમય વીતે એ અશ્વારોહી – પાછો ચાલ્યો જશે ?'

અમેરિકામાં આવી વાતો પર પણ બેટિંગ ખેલાય છે. બહુ જુગારપ્રિય પ્રજા છે. કોઈ મુદ્દો હાથમાં આવ્યો કે : 'લગાવ શરત. લાગી ? કેટલા કેટલાની ?'

આ મુદ્દા ઉપર પણ શરત લાગી જ. હોટલોના ઓટલે શરતબાજો જમા થઈ ગયા. અડધા ડૉલરથી એક ડૉલરની બોલી શરૂ થઈ.

શરતના સવાલ હતા : અજનવી પાછો આવશે કે કેમ ? આવશે તો કેટલીક વારમાં આવશે ? એકલો આવશે કે કોઈકને લઈને આવશે ? સાથે આવનાર સ્ત્રી હશે કે પુરુષ ? સ્ત્રી હશે તો તે સુંદર જ હશે ? વગેરે.

વિષય કંઈ એટલો જટિલ ન હતો કે પાંચસો-છસોથી વધારે ડૉલરની બોલી બોલાય ?

દરમિયાનમાં જજ મહાશય પ્રોથશ્રી જતાં જુવાનિયાને જોઈ રહ્યા. જજશ્રી ન્યાયપ્રિય હતા અને ફિલસૂફ હતા. પચાસ વર્ષની તેમની ફિલસૂફી જિંદગીમાં તેમના જન્મનાં વર્ષોની બાળકિશોર વયની ફિલસૂફી પણ સામેલ હતી. તેઓ ડહાપણનો ભંડાર હતા. એની ખાતરી એ રીતે થઈ શકે કે તેમણે લગ્ન કર્યાં જ ન હતા. સ્ત્રી ફિલસૂફીને તક ઓછી આપે છે. તેમના શાણપણની ખ્યાતિ એ રીતે થઈ હતી કે તેમણે આજસુધીમાં કોઈ ખોટો ન્યાય કર્યો ન હતો. તેમનું મુખ્ય કામ વિવાદોને સૂલઝાવી બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવવાનું રહેતું. તેમાં તેમને અચૂક સફળતા મળતી.

અહીં આવતાં બંને પક્ષો રાજી થઈને જતાં અને હૈયાના મોકળા ઉદ્‌ગારથી બોલી ઊઠતાં : ન્યાય તો બસ શ્રી પ્રોથનો જ.

નાગરિકોના તે પ્રિયમાં પ્રિય નાગરિક હતા અને વધુ પ્રિય ન્યાયાધીશ હતા.

ધર્મ-પુસ્તકોનાં નીતિવચનો ને વ્યવહારની સમજૂતી આપવામાં તેઓ પાવરધા હતા. એથી લોકોની ધર્મની શ્રદ્ધા વધતી અને જીવન વધુ સરળ બનતું. જજસાહેબ ભાગ્યે જ ક્યાંક બહાર જતાં અને મોટે ભાગે દિવસ-રાત લોકોની સેવા માટે તત્પર રહેતા.

કોઈ વિવાદ લઈને આવે અને સંતુષ્ટ થઈને પાછા જાય, એ તેમની મનોકામના રહેતી એવી દરેક વખતે તેઓ જઈને પોતાના ઈષ્ટદેવને વંદન કરતાં.

તેમની સીધી લીટીની ફિલસૂફી એ જ હતી કે, દરેક માનવી પોતાની ફરજ ઈશ્વરને સાક્ષી રાખીને પાર પાડે તો દુનિયામાં કોઈ પ્રશ્ન જ રહે નહિ.

વ્હેસ્ટનમાં જ જન્મેલા નામદાર પ્રોથશ્રીએ કદી વ્હેસ્ટન છોડ્યું ન હતું. તેમને અહીંના નાગરિકો પૂરેપૂરા સન્માન અને આદર આપતાં. પોતાની ફરજથી ચઢી જાય તેવી તેમની પોતાની કોઈ મહત્ત્વાકાંક્ષા પણ ન હતી. ન્યાય, સાચો ન્યાય, તેમને મન સર્વોચ્ચ પ્રાથમિકતા રહેતી. સામે આવતાં આરોપી અપરાધીઓને અને તેમના સાક્ષીઓને શ્રી પ્રોથ એક નજરથી જ ઓળખી જતાં. આગળ ઉપરનો ન્યાય માત્ર વ્યવહાર રહેતો. સાચાને ન્યાય થાય તથા ખોટાને બોધ મળે એવી તેમની સમજૂતી રહેતી.

ન્યાયાધીશ સ્વયં પૈસાદાર હતા. તેમણે ન્યાયની કામગીરી શોખ, સેવા અને સમાજસુધારાના હેતુ માટે જ સ્વીકારી હતી. દુનિયામાં આગળ વધી જવાની, બીજાથી ચઢિયાતા દેખાવાની તેમને કદી પરવા જ ન હતી. તેઓ પોતે શાંતિ ઈચ્છતાં અને બીજાઓને શાંતિ મળી રહે એવો સદા પ્રયાસ કરતા. તેઓ દરેક માનવીને પોતાના પાડોસી અને મિત્ર સ્વરૂપે જ નિહાળતા. વહેલા સૂઈ જઈ, વહેલા ઊઠવાનો તેમનો નિયમ હતો. તેઓ નવુંજૂનું સાહિત્ય રસપૂર્વક વાંચતાં, પણ પોતાનો અભિપ્રાય અનામત રાખતા. રોજ સવારે તેઓ શહેરનું છાપું ‘વ્હેસ્ટન ન્યૂઝ’ ધ્યાનથી વાંચતાં. છાપામાં જોકે સમાચાર કરતાં જાહેરાત વધારે રહેતી. પણ છાપા સાથે રહેવું તેમને માટે જરૂરી હતું. પછી જ્યારે તેઓ કલાક બે કલાક ફરવા નીકળતાં ત્યારે સામેની સન્માનપૂર્વક ઊઠતી હેટો અને જવાબમાં પોતે ઊંચી કરવી પડતી હેટ તેમનો વ્યાયામ બની રહેતો. આ ઉપરાંત પોતાના બગીચાની કાળજીપૂર્વક સંભાળ લઈ, તેઓ પોતાની ધાર્મિક, સામાજિક, ન્યાયિક ફરજમાં લીન થઈ જતાં.

શ્રીમાન નામદાર જ્હોન પ્રોથના આટલા પરિચય પરથી તમે જાણી ગયા હશો કે પેલા નવાંગતુક સાથેની પ્રશ્નોત્તરી બાદ તેમણે એ વિષે ઝાઝું કુતૂહલ દાખવ્યું ન હતું,

પણ એમની કૌતુકપ્રિય સેવિકા કેઈટને ઘણું જાણવાની ઈચ્છા હતી. એ મિસ્ટર સ્ટેનફોર્ડ કોણ હતા, તે શેઠ હતા કે શેટ, શું કામ આવ્યા હતા, તેમનો હેતુ શો હતો, તેઓ ફરીથી સવારે આવશે કે બપોરે ? કેટલો સમય રોકાશે ? એકલા જ આવશે કે કોઈને લઈને ? મહિલાપ્રિય આ ગુણોને પ્રોથશ્રી ગમ્મતથી સ્વીકારતા અને કેઈટને તેનો આનંદ માણવા દેતા. બહારની લોકોની તથા કેઈટની અંદરની જિજ્ઞાસા તરફ ધ્યાન આપ્યા વગર પ્રોથ મહાશય પોતાના મનગમતાં ગુલાબ, કમળ, જિરેનિયમ, મિગ્નેટ ફૂલોની સારવારમાં લાગી ગયા.

ઘોડેસ્વાર એકસ્ટર શેરી પૂરી કરીને શહેરના પશ્ચિમ ભાગમાં પહોંચી ગયો. અહીંના વિલકોક્ષ સબર્બમાં પ્રવેશી તેણે પોતાના અશ્વનું કાળજીપૂર્વક અવલોકન કર્યું. ઘોડા પરથી ઊતર્યા વગર જ તેણે ઘોડાને થાબડીને પંપાળ્યો અને ચારે દિશામાં નજર નાખી. ત્રણ માઈલ સુધીની ક્ષિતિજ તરફ ઉત્સુકતાથી નિહાળી તેણે અમુક ભાવ પ્રદર્શિત કર્યા, જેનો તેના અશ્વેય પડઘો પાડ્યો. અશ્વને શાંત કરવા સવારે તેને ફરીથી પસવાર્યો અને પખાળ્યો.

દશ મિનિટના સમયમાં તો એ અજનવી પાંચ વખત એકસ્ટર શેરીના આંટા મારી ચૂક્યો હતો. તેણે પોતાની ઘડિયાળમાં જોઈ પોતાની જાતને કહ્યું, ‘ના, એ મોડી નથી જ. મુલાકાત દશને સાતે નક્કી થઈ હતી અને હજી તો સાડાનવ જ વાગ્યા છે ! સ્ટીલથી વ્હેસ્ટનનું અંતર મેં પસાર કરેલા બ્રાયલથી વ્હેસ્ટન જેટલું જ કહી શકાય. મને જોકે વીસ મિનિટ જ થઈ હતી. હવામાન ચોકખું છે, રસ્તો મઝાનો છે, પુલ પણ હાનિરહિત છે. એ સંજોગોમાં જો એ આવવામાં વિલંબ કરે તો ચોક્કસ એનો કોઈક હેતુ ખરો જ. વાંક કદાચ મારો જ. અધીરા બની વહેલા દોડી આવવાનો. મારે જ સ્ત્રીજાતિને ઓળખવી જોઈએ અને તે મુજબની પ્રવૃત્તિ કરવી જોઈએ.

જ્યારે ઘોડેસ્વાર આઘોપાછો થતો ત્યારે શરતબાજો ઊછળી પડતાં, તે જ્યારે હોટલો પાસેથી પસાર થતો ત્યારે શાંત થઈ જતાં. શરત પોતાની તરફેણમાં છે કે કેમ, એ જાણવા તેઓ ઘોડેસ્વારના બડબડાટ સાંભળવા સમજવાનોય પ્રયાસ કરતાં, પણ તેમના ખેંચાયેલા કાન તેમને કોઈ જ સંજ્ઞા પૂરી પાડી શકતાં નહિ.

ટાવર ઘડિયાળમાં દશના ટકોરા પડયા. સવારે પોતાની ઘડિયાળમાં જોઈ ખાતરી કરી લીધી કે સમય બરાબર જ છે.

‘હવે હું માત્ર સાત મિનિટ રાહ જોઈશ.’ સ્ટેનફોર્ડે પોતાની જાતને કહ્યું, ‘પછી...’

એની વર્તણૂક જોઈ ધીરે ધીરે હવે તો ગામ ભેગું થવા લાગ્યું હતું. જોકે તેને એની જરાય પરવા ન હતી.

લોકો વાતોએ ચઢ્યા હતા : 'જેની એ રાહ જુએ છે તે સાઈકલ પર નહિ જ હોય.'

'યાંત્રિક સાઈકલ પર નહિ જ હોય.'

'પગે ચાલનાર ? શક્ય જ નથી.'

સ્ટેનફોર્ડે એક વખત ઊંચા થઈને જોઈ લીધું પછી કહ્યું : 'દશને સાતે જો એ નહિ આવે તો પત્યું. હું એને નહિ પરણું.'

એ પ્રશ્નનો જવાબ સંભળાયો હોય તેમ દૂરથી ઘોડાની દડબડાટી સંભળાઈ રહી. તાલબદ્ધ એ ધ્વનિ ટેકરી તરફથી નીચે આવતો હતો. એક રુઆબદાર મહિલા દેખાવા લાગી. દૂરથી પણ તેની ઘોડેસવારી પ્રતિભાવંત વરતાતી હતી.

તેના સ્વાગતમાં દર્શકો આઘાપાછા થઈ ગયા.

આવનાર મહિલા નવયુવતી ભાસવા લાગી.

બે બાજુ બે કતારમાં ગોઠવાઈ ગયેલા પ્રેક્ષકો તરફ કોઈ ધ્યાન આપ્યા વગર, એ તરુણી પૂરી સ્ફૂર્તિ સાથે આ તરફ આવવા લાગી.

સ્ટેનફોર્ડે તેને જોઈ અને પોતાના ઘોડાને તેણે દેવળ તરફ હંકાર્યો.

ન્યાયાધીશના દ્વારે આવી પહોંચેલા બંનેએ એકબીજાનું અભિવાદન કર્યું.

સ્ટેનફોર્ડે પોતાની હેટ ઊંચી કરીને પૂછ્યું : 'કેમ છો મિસ વોકર ?'

'ફાઈન', મિસ વોકરે સામું પૂછ્યું, 'અને આપ ?'

બંનેના ચહેરા પર ખુશી છલકાતી હતી.

ફરી લોકોનું ઘૂસરફૂસર શરૂ થયું, 'બંને વચ્ચે કોઈ કાયદાકીય વિવાદ હશે તો જરૂર જજ તેમની વચમાં સમજૂતી કરાવીને જ રહેશે.'

'ચોક્કસ, એમાં શ્રીમાન પ્રોથ પાવરધા છે.'

'અને જો બંને કુંવારા હશે…'

કહેનાર હસીને કહે, 'ન્યાયાધીશ તેમને બંધનમાં જકડી લેશે.'

'એમાંય શ્રીમાન પ્રોથ પાવરધા છે.'

એવા કોઈ ગણગણાટ કે હસવાના અવાજથી વિચલિત થાય તેવા આ બે ન હતાં.

બંને અસવાર ઠેઠ ધર્મદ્વાર સુધી પહોંચ્યા હશે અને દ્વાર ખૂલ્યા.

શ્રીમાન પ્રોથ હાજર થયા. પાછળ કેટલાંક સાધનો સાથે તેમની સેવિકા કંઈટ હતી, જેની આંખમાં અપરંપાર અચંબો હતો.

ઘોડા પરથી ઊતર્યા વગર જ નવયુવાને કહ્યું : 'માનનીય પ્રોથ, હું બોસ્ટન મેસેચ્યુસેટ્સનો સ્ટેનફોર્ડ છું, શેઠ સ્ટેનફોર્ડ.'

'તમારો પરિચય પામીને મને આનંદ થયો છે,' શ્રીમાન પ્રોથે કહ્યું.

'આ સન્નારી મિસ આર્કેડિયા વૉકર છે. ટ્રેન્ટન ન્યુજર્સીની.'

'તમારી ઓળખાણથી હું ગર્વાન્વિત થયો છું મિસ વૉકર, સ્વાગત.' ઘોડેસવાર સન્નારીનું જે રીતે સ્વાગત કરી શકાય તેટલી નમ્રતાથી શ્રીમાન પ્રોથે જણાવ્યું.

ચોવીસ વર્ષની આર્કેડિયા એકદમ ખુશખુશાલ અને મોભાદાર યુવતી હતી. તેની આંખો ઝાંખી, ભૂરી અને વાળ ઘાટ્ટા બદામી હતા. પવન કે પરિશ્રમ પણ તેના ગૌર બદનને આંચ આપી શક્યા ન હતા. દાંત એકદમ શિસ્તબદ્ધ રીતે ગોઠવાયેલા ધોળા ચળકતા હતા. દેહાકૃતિ ઘાટદાર અને વર્તણૂક છટાદાર હતી. ઘોડાની ચંચળતાની વચમાં પણ તે પોતાના ઘોડા પર પૂરી આસાનીથી બેઠી હતી.

બંને અશ્વો એકબીજાની ઓળખાણ કરવા લાગ્યા કે ઓળખાણ પછીની વાતોએ વળગ્યા, અભિનયથી.

મિસ આર્કેડિયા દરેક રીતે અમીર, દમામદાર, રુઆબદાર અને શાહજાદી લાગતી હતી. આજની લોકશાહીની તેને કોઈ પરવા ન હતી કે તેની પર કોઈ અસરેય ન હતી.

ન્યુજર્સીની એ નવતરુણી અઢળક સંપત્તિ સાથે કોઈ સગાં ધરાવતી ન હતી. દૂરના કોઈક સગાંઓ હશે, જેની તેને જાણ ન હતી. એ સમૃદ્ધિનો તેણે પૂરી શાલિનતા સાથે ઉપયોગ કર્યો હતો. તે અદ્ભુત પ્રવાસી હતી તથા યુરોપના બધાં દેશો તે ધ્યાનપૂર્વક નિહાળી ચૂકી હતી. લંડન, પેરીસ, બર્લિન, વિયેનામાં કેમ રહેવું અને કઈ ભાષા બોલવી તેનાથી તે માહિતગાર હતી. તે વિવિધ દેશો સાથે વિવિધ પ્રકારના વેપાર કુશળતાથી કરી શકતી અને નવા વ્યવસાય માટે ઉત્સુક રહેતી. નવીનતા તેનો શોખ હતો. કોઈ પણ પ્રકારના જાણ્યા કે અજાણ્યા વેપારમાંથી નફો કેમ ખેંચી કાઢવો, એમાં તેની નિપૂણતા હતી.

જે કંઈ મિસ આર્કેડિયા વિષે કહેવાયું એ જ બધું શ્રીમાન સ્ટેનફોર્ડને પણ લાગું પડતું હતું. મુક્ત, મોકળા, અમીર, શોખીન, સાહસિક અને દૂર દૂરના ભેદી-અભેદી પ્રવાસ માટે સદા તત્પર. વિશ્વભરના વિવિધ દેશોમાં વિચરતા વિહરતા સ્ટેનફોર્ડ બોસ્ટન તો ઘણું ઓછું જ રહ્યા હતા કે રહેતા. શિયાળામાં તેઓ જૂના જાણીતા ઉષ્માભર્યા દેશો પ્રદેશોમાં જિંદગી વિતાવતા. ઉનાળામાં મોટા પાટનગરોની સગવડભરી સહેલ માણી રહેતાં. આવા પ્રવાસો દરમિયાન જ તેમનો મિસ આર્કેડિયા સાથે પરિચય થયો હતો. બંનેએ સાથે દરિયાઈ તથા જમીનનો પ્રવાસ ખેડ્યો હતો, માણ્યો હતો. યુદ્ધ અને રાજકારણના બંને શોખીનો હતા. બંને શરતબાજ તથા ખેલદિલ અને સહનશીલ હતાં. દરિયામાં તેઓ બે તરાપાના અલગ પ્રવાસી ન હતાં, પણ એક તરાપાના બે સહેલાણી હતાં. દર વખતે તેઓ બે ઘોડાના બે ઘોડેસવાર જ બની રહેતાં નહિ, ક્યારેક એક જ ઘોડાના બે સવાર બની રહેતાં. કદીક ઘોડાની લગામ સ્ટેનફોર્ડના હાથમાં રહેતી, કદીક આર્કેડિયાના હાથમાં.

આમ વધુ વખત સાથે ને સાથે રહેતાં. તેમને લાગ્યું હતું કે હવે વધુ સાથે રહેવું જોઈએ. તેમણે મેસેચ્યુસેટ્સ તથા ન્યુજર્સીમાં જરૂરી એવી કાયદાકીય વિધિ પાર પાડી દીધી અને બારમી માર્ચે જજ પ્રોથના ન્યાય-મંદિરમાં દશને સાત મિનિટે મળવાનું નક્કી કર્યું. જિંદગીમાં નવયૌવનનાં જે કોઈ આશ્ચર્યચકિત આકર્ષણો હતાં, એ માટે તેઓ લગભગ તૈયાર હતા.

બંને વરઘોડિયાએ ન્યાયાધીશ સમક્ષ પોતાની ઓળખાણ આપી દીધી અને હેતુ પ્રગટ કરી દીધો.

‘હું’, સ્ટેન ફોર્ડે કહ્યું, ‘મિસ આર્કેડિયા વોકરને મારી ધર્મપત્ની બનાવવા ચાહું છું.’

‘અને હું’, પડઘો પાડ્યો નવયુવતીએ કે, ‘મિસ્ટર શેઠ સ્ટેનફોર્ડને મારા પતિ બનાવવા ચાહું છું.’

જજશ્રીએ ઝૂકીને જણાવ્યું, ‘હું આપની સેવામાં છું. મિસ્ટર સ્ટેનફોર્ડ અને મિસ વોકર આપની પણ...’

બંને પ્રવાસીઓએ નમ્રતાપૂર્વક સામું અભિવાદન રજૂ કર્યું.

‘લગ્નની વિધિ આપને ક્યારે અનુકૂળ આવશે ?’ શ્રીમાન પ્રોથે આગળ પૂછ્યું.

‘તરત જ, જો આપને વાંધો ન હોય અને આપને દરેક બાબતની સાનુકૂળતા હોય.’ શેઠ સ્ટેનફોર્ડે પોતાની ઈચ્છા પ્રદર્શિત કરી બંને તરફથી.

મિસ વોકરે એ જ વાત આગળ વધારતાં જણાવ્યું, 'લગ્ન પરિપૂર્ણ થતાં જ અમે વ્હેસ્ટનથી તરત જ ઊપડી જવા માગીએ છીએ.'

તેમની એ ઉતાવળ પ્રત્યે જજશ્રીએ થોડીક દિલગીરી વ્યક્ત કરી, એ બાબતે કે આપના જેવા સમૃદ્ધ નવયુગલનો સુંદરતમ સમારંભ નિહાળી, વ્હેસ્ટન તથા તેના નાગરિકોને જરૂર આનંદ થયો હોત !

'હું તૈયાર છું.' તેમણે પૂર્ણ તૈયારી સાથે સમર્થન રજૂ કર્યું અને ધર્મ પુસ્તક હાથમાં લીધું જેવા વિધિવિધાન તરફ આગળ વધ્યા કે સ્ટેનફોર્ડે વિવેકથી પૂછ્યું, 'અમે બંને અમારા અશ્વ પરથી નીચે ઊતરીએ, એ જરૂરી છે ખરું ?'

શ્રીમાન પ્રોથે ઘડીભર વિચાર કર્યો.

'ના.' તેમણે જાહેર કર્યું, 'લગ્ન ઘોડા પર બિરાજીને પણ સાર્થક રૂપે પાર પડી શકશે.'

આનાથી વધારે સહકાર આપનાર હમદર્દ ધર્માધિકારી ન્યાયાધીશ ભાગ્યે જ કોઈને મળ્યા હશે, કદાચ આખા અમેરિકામાં.

'તેમ છતાં…' તેમણે કહ્યું, 'એક પ્રશ્ન મારે પૂછવો જ પડશે, હા, શું આપે તમામ પ્રકારની કાયદાકીય વ્યવસ્થા તો પૂરી કરી છે ને ?'

'એકદમ બરાબર રીતે.' વરરાજાએ કહ્યું એ સાથે જ તેણે બોસ્ટન અને ટ્રેન્ટનના દસ્તાવેજો રજૂ કર્યા. શ્રીમાન પ્રોથે ધ્યાનપૂર્વક એ કાગળિયા તપાસ્યા, 'દસ્તાવેજો સંપૂર્ણ રીતે કાયદેસર છે.' તેમણે કહ્યું, 'અને વધારામાં હું અહીંથી આપને મેરેજ- લાયસન્સ આપીશ.'

અત્યાર સુધીમાં ચોકઠાના લોકોનું કુતૂહલ વધી ગયું હોય એ સ્વાભાવિક જ છે. તેઓ વગર નિમંત્રણે જ જાણે કે નિમંત્રાયેલા હોય તેવા મહેમાનો બનીને આ લગ્નબંધનમાં સામેલ થઈ ગયા, સાક્ષી જ કહો ને ! આવા મૌલિક પ્રકારના લગ્ન તેમણે આ અગાઉ કદી નિહાળ્યા ન હતા. તેઓ વધારે ઉત્સુકતાથી આગળ વધવા લાગ્યા તો એ જ રીતે શ્રીમાન પ્રોથે પણ બંને વર-વધૂની સામે આવી જતાં, બધાં સાંભળી શકે એમ પૂછ્યું, 'મિસ્ટર સ્ટેનફોર્ડે, આપ મિસ આર્કેડિયા વૉકરને આપની પરીણિત પત્ની તરીકે સ્વીકારો છો ?'

'જી હા.'

'મિસ આર્કેડિયા વૉકર, આપ મિસ્ટર શેઠ સ્ટેનફોર્ડને આપના પરીણિત પતિ તરીકે સ્વીકારો છો ?'

'જી હા.'

'આઈ ડૂ'ના એ હકારનો ટંકાર વિશ્વસનીય જણાતાં, શ્રીમાન પ્રોથે ચારે બાજુ જોયું, ખાસ તો દેવળ, દેવ, ધર્મપુસ્તક તથા ઉત્સુકોને એ પ્રતિજ્ઞામાં સામેલ કર્યા. પછી શાંત ગંભીર વજનદાર જવાબદાર શબ્દોમાં ઉચ્ચાર્યું, 'કાયદાને સાક્ષી રાખીને, બોસ્ટનના મિસ્ટર શેઠ સ્ટેનફોર્ડ તથા ટ્રેન્ટનના મિસ આર્કેડિયા વૉકર. હું તમને પવિત્ર લગ્ન બંધનમાં બંધાયેલા જાહેર કરું છું.'

હુકમનું પાલન કરતાં હોય તેમ નવોઢા અને વરરાજાએ એકબીજાના હાથ ઉષ્માપૂર્વક હાથમાં લીધા. હાથનું એ બંધન વંદન સ્વરૂપે આગળ ધરી તેમણે ધર્મોપદેશકને ખાતરી આપી કે તેઓ કાનૂન અને ઈશ્વરની સાક્ષી જરૂર નિભાવશે !

બંનેએ પોતપોતાના તરફથી જજશ્રીને પાંચસો-પાંચસો ડૉલર સમર્પિત કર્યા. 'આ આપની ફી, મહેરબાન સાહેબ...'

'અને આ', વધુ પાંચસો ડૉલર ભેટ ધરતાં શ્રીમાન આર્કેડિયા સ્ટેનફોર્ડે કહ્યું, 'ગરીબો ઈચ્છુકો જરૂરિયાતવાળાઓ માટે.'

ધન્યવાદ સાથે સ્વીકાર કરતાં ઝૂકેલા શ્રીમાન પ્રોથ સામે એવી જ રીતે પણ વધુ વિવેકથી ઝૂકી જઈને બંનેએ પરવાનગી સહિત પોતપોતાના અશ્વોની લગામ ખેંચી, તથા આજ્ઞાંકિત ઉપકૃત પશુઓને વિકોક્ષ સબર્બ તરફ વાળ્યા.

'ખરેખર ગજબ કહેવાયું,' દશ મિનિટ સુધી માંડ ચૂપ રહેલી કેઈટ બોલી ઊઠી, 'આ તો ખરેખર ગજબ અને અદ્‌ભુત જ કહેવાય.'

શ્રીમાન પ્રોથે આંખમાં ચમક લાવી પૂછ્યું, 'શું થયું કેઈટ ?'

ગાઉનને ગોળગોળ ફેરવીને દોરડું બનાવી ચૂકેલી આશ્ચર્યચકિત કેઈટે હાથમાંથી એ દોરડું મૂક્યું તો સહેજ ફરરર સાથે ગાઉન પહેલાંની સ્થિતિએ પહોંચવા લાગ્યું.

'મારું માનવું છે,' કેઇટે કહ્યું, 'એટલે કે મારો અભિપ્રાય છે કે આ છોકરાંઓ સાવ ઘેલા જ તો નથી ?'

'ખરેખર ઘેલા જ,' કેઈટના અભિપ્રાયને સમર્થન આપતાં શ્રીમાન પ્રોથે કહ્યું, 'પણ એમાં કોઈ નવાઈની વાત નથી કેઇટ, પરણનાર બધાં આવાં જ હોય છે, ઘેલાં.'

એ વિધાન સાથે જ તેમણે પાણીનું સુંદરતમ કેન હાથમાં લીધું અને ગુલાબના છોડ પર તેઓ હળવા ફુવારાથી પાણી છાંટવા લાગ્યા.

બે ગુલાબ ઝૂલી ડોલી હાલીને સુગંધિત સ્વરૂપમાં, ફરજપ્રિય અનુભવી દેવદત્તને નમન વંદન કરવા લાગ્યા.

❑

# ૨

# આકાશના આગ્રહો ધરતીના વિગ્રહો

'મિત્ઝ ! મિત્ઝ !!'

'સન્ની ?'

'ડિન – મામાને શું થયું ?'

'મને ખબર નથી.'

'એ માંદાબાંદા તો નથી ને ?'

'ના, એવું કંઈ નથી. પણ જો બધું આમનું આમ જ ચાલે તો જરૂર માંદા પડી જશે.'

ઉપરનો સંવાદ તેવીસ વર્ષના એક નવયુવાન અને પાંસઠ વર્ષની મહિલા વચ્ચેનો છે. વ્હેસ્ટન નગરની આ ઈલિઝાબેથ શેરીના ભોજનકક્ષનું વાતાવરણ છે. આ એ જ નગર છે, જ્યાં અગાઉના અજાયબ લગ્ન પાર પડયા છે.

ઈલિઝાબેથ શેરીનું આ મકાન શ્રીમાન ડિન ફોરસીથનું છે. ડિન મહાશયની ઉંમર પિસ્તાળીસ વર્ષની છે અને બિલકુલ તેઓ પિસ્તાળીસના જ લાગે છે. તેમનું, માથું મોટું અને માથે જથ્થાબંધ વાળનો ટોપલો કાયમ રહે છે. આંખો ઝીણી પણ ચશ્માં મોટા. પહોળા કાચમાંથી આંખો સદાય ચકળવકળ ફર્યા જ કરે. ગળું ટૂંકું, ડબલ ગાંઠની ટાઈથી ભરચક્ક. ઉપરના ઢીલા ઢીલા ફ્રોક-કોટ સાથેના વેસ્ટકોટના નીચેના બટનો તેઓ કદી મારતા નહિ, મારી શકતા જ નહિ. પાટલૂન એવા કોથળા જેવા કે મોટા ભારે પગરખાંમાં વીટળાયા જ કરે. માથા પરની રમત-ટોપી ગુચ્છાદાર વાળ પર લગભગ અધ્ધર જ રહેતી. આ બધાંની વચમાં ઘણી બધી કરચલીઓવાળો ચહેરો. દાઢી અણીદાર સ્વરૂપે હાલ્યા જ કરતી, જાણે નિશાન ન તાકતી હોય ! કોનું ? સ્વભાવ ચીઢિયો, વાતવાતમાં છણકી ઊઠે, ગુસ્સે થતાં વાર જ નહિ.

બસ આ જ માણસની વાત મિત્ઝ અને ફ્રાન્સીસ ગોર્ડન કરતા હતા. દિવસ હતો ૨૧મી માર્ચનો.

ફ્રાન્સીસ ગોર્ડન જ્યારે ઘણો નાનો હતો ત્યારે તેણે તેના માતાપિતા ગુમાવ્યાં હતાં. તેની માતાના ભાઈ શ્રીમાન ડિન ફોરસીથે જ તેને ઉછેરીને મોટો કર્યો. કદાચ ડિન-મામાનો વારસદાર તે જ હતો પણ એ બાબતની પરવા કર્યા વગર તેણે પોતાનો

વ્યવસાય પસંદ કર્યો હતો, અલબત્ત મામાની અનુમતિથી જ. હાર્વર્ડમાં ડિગ્રી મેળવ્યા બાદ તે બૅરિસ્ટર બન્યો હતો અને વ્હેસ્ટનમાં પ્રેક્ટિસ શરૂ કરી હતી. અહીં વિધવાઓ, અનાથો અને માલમિલકતના રક્ષણ માટેની કોઈ ધારી વ્યવસ્થા ન હતી. તેને એ બાબતનું સારું જ્ઞાન હતું અને અસીલો તથા ન્યાયાલય બંને એની કાર્યપ્રણાલિથી રાજી રહેતા. નાના મોટા, જૂના નવા, બધામાં તે લોકપ્રિય હતો, એથી તેને કોઈ સાથે દુશ્મનાવટ ન હતી. અદાવત તો બંધાઈ જ ન હતી કોઈ સાથે.

તે રૂપાળો, દેખાવડો અને હસમુખો હતો. તેના બદામી વાળ, કાળી આંખો, આદરણીય વર્તણુક તેને વધુ મોહક બનાવતા હતા. તે કોઈ ઉપર પણ ઉપકાર કરવા તત્પર રહેતો, અને સામાનું કામ કરી તેને પોતાનાં કામ કર્યાનો આનંદ મળતો.

વિવિધ રમતગમતોનો તે શોખીન અને પાવરધોય હતો. તેની સ્વાભાવિક સરળતાને લઈને તે ઘણાંનાં મનમાં રમી રહેતો.

ડૉક્ટર હડલ્સન તથા તેમની પત્ની ફ્લોરા ક્લેરીશ સહિત તેમની સુપુત્રી જેની હડલ્સન પણ તેને ખૂબ પસંદ કરતી.

જોકે આ નવયુવતી તરફ એકદમ ધ્યાન કેન્દ્રિત કરવાની કોઈ જરૂર નથી. તેના સહકુટુંબ સહિત જ તેનો પરિચય આપવામાં આવશે અને ત્યારે જરૂર વધારે આનંદ આવશે. રાહ નહિ જ જોવી પડે, પણ ઉતાવળ, મઝા મારી શકે છે, માટે જ થોડીક સાવધાની.

વાત જો ફ્રાન્સીસ ગાર્ડનની કરીએ તો એ વછેરો ઈલિઝાબેથ શેરીમાં જ રહેતો હતો અને મિસ જેની સાથે તેના લગ્ન ન થાય ત્યાં સુધી એ વિસ્તાર છોડવાનો તેનો કોઈ ઈરાદો ન હતો. આટલી નુકતેચીની સાથે આપણે મિસ જેની હડલ્સનને એના પોતાના ઘરમાં જ રહેવા દઈએ અને મિત્ઝ તરફ આગળ વધીએ. પોતાના માલિકના ભાણાનો તે મામા જેટલો જ આદર કરતી અને તેને પોતાના પુત્ર સમ દરજ્જો આપતી, અથવા કહેવા દો કે પૌત્રનો. કેમકે મોટે ભાગે દાદીમાઓ જ લગ્ન-સંબંધોમાં કુમળો ભાગ ભજવતી હોય છે.

મિત્ઝ એક આદર્શ સેવિકા હતી. આવી સમર્પિત સમજુ સેવિકા આજે અમેરિકામાં મળવી શક્ય નથી. આજે કે ગમે ત્યારે. અમેરિકામાં કે બીજે ક્યાંય. મિત્ઝમાં પાળેલા બહાદુર શ્વાનની વફાદારી હતી, અને પાળ્યા વગર જ સાથે રહી પડેલી બિલાડીની સ્ફૂર્તિ તથા ચપળતા હતી. તે પોતાના માલિક શેઠજી સાથે તમામ ફરજોમાં જોડાયેલી હતી અને આ ઘર તેનું વહાલસોયું લાડલું બાળક હતું. મિત્ઝ પોતાના શેઠજી માલિકને કુટુંબીજન સ્વરૂપે જ જોતી અને ક્યારેય કંઇ પણ કહી શકતી. શેઠ સાહેબથી કંઈક ખોટું થઈ જાય કે થતું લાગે તો સ્ત્રીસહજ ભાષામાં તે તેમને ફટકાર્યા વગર રહેતી નહિ, અને ફટકારનાર એ શબ્દો એકદમ આદિવાસી પ્રકારના

સ્ફુરી રહેતા. શ્રીમાન એ ઠપકો ખેલદિલી અને હોંશથી સ્વીકારતા. ભૂલ કબૂલ કરતાં અથવા અકળાઈને પોતાના 'ડેન' અભ્યાસખંડમાં ચાલ્યા જતા.

આ 'ડેન' કોઈ એકાકી કે સૂનકાર જગા ન હતી. આવું બધું સાંભળનાર એક બીજી વ્યકિત પણ હતી જ, જે ઘરના વડીલનું અનુસરણ કરતી, દરેક રીતે. એનું નામ હતું ઓમિક્રોન. આ ગૃહ-કુટુંબમાં તેનો મિત્ઝ પછીનો હોદ્દો માની શકાય. પંદર વર્ષની ઉંમરે તેની ઊંચાઈ ચાર ફૂટ છ ઇંચ હતી. ત્યાર બાદ તેની ઊંચાઈની વધામણી અટકી ગઈ હતી. તેનું મૂળ નામ ટોમ વ્હાઇટ હતું. અત્યારે તેની ઉંમર પચાસથી વિશેષ હતી. પાંત્રીસ વર્ષથી તે આ જ ફરજમાં હતો. ફ્રાન્સીસ ગોર્ડનના મામાના પિતાશ્રી તેના પહેલા માલિક હતા. બીજી પેઢી માટેની તેની જવાબદારીઓ ઘણી વધી ગઈ હતી. શ્રીમાન ડિન ફોરસીથને દરેકે દરેક બાબતમાં તેણે મદદ કરવી પડતી. એમ કરતાં કરતાં તે જાતે પણ માલિકની ઘણી કામગીરીથી માહિતગાર થઈ ગયો હતો. અમુક કટોકટી વખતે તે સલાહ આપી જ દેતો અને છણકા સાથે પણ એ સલાહનો સ્વીકાર થતો જ.

શ્રીમાન ફોરસીથનો વ્યવસાય શો હતો, જાણો છો ? ચિકિત્સા, કાનૂન, સાહિત્ય, કળા, વ્યાપાર ? જી ના. એમાંનું કંઈ જ નહિ. વિજ્ઞાન ? જી ના. વિજ્ઞાન તેના પહોળા અને બહોળા અર્થમાં નહિ જ. વિજ્ઞાન એકાકી અર્થમાં આકાશી વિજ્ઞાન, અવકાશી વિજ્ઞાન, બ્રહ્માંડીય વિજ્ઞાન, બ્રહ્મ વિજ્ઞાન.

શ્રીમાન ફોરસીથ વૈજ્ઞાનિકનું એક જ કાર્ય હતું, ગ્રહો અને નક્ષત્રોની શોધ. તારાઓ સિતારાઓનું સંશોધન. તેમની દોસ્તી, તેમનો સાથ, તેમનું સાન્નિધ્ય. આકાશમાં ગમે ત્યાં ગમે ત્યારે કંઈક બનતું કે ફોરસીથ ખળભળી ઊઠતાં અને ચકોર બની જતાં. તેઓ મોટે ભાગે ઉપરની ભરચક્ક વસ્તીના શૂન્યાવકાશમાં જ જીવતાં. એ અવલોકન અભ્યાસમાં તેઓ એવા ખોવાઈ જતાં કે સાચા અર્થમાં સમયનું અને ખાવાપીવાનું તેમને ભાન રહેતું નહિ. જરૂરિયાત પણ રહેતી નહિ, પણ... હા પણ... બે વખત તેમને ભોજન લેવું જ પડતું. તેમને લગભગ ઘસડીને એ દૈનિક ખાણાની ફરજ પડાતી.

બસ એકવીસમી માર્ચના રોજ આવું જ બન્યું. પોતાની ટેરેસ કૅબિનમાંથી તેઓ કદાચ નીચે ભોજન માટે આવશે જ નહિ એવું લાગતું હતું, અને ખાણાના ટેબલ પર અધીરી બનેલી મિત્ઝ બબડતી હતી, 'એ કદી આવશે જ નહિ કે શું ?'

ફ્રાન્સીસે પૂછયું, 'ઓમિક્રોન સાથે જ હશ ને ?'

'એ તો એના માલિકને વળગેલો જ રહે છે ને ?' મિત્ઝનો બબડાટ વધ્યો, 'માખીની જેમ, પણ હવે હું પર્ચનાં પગથિયાં નથી ચઢવાની. બહુ થયું. ધીરજની કોઈ હદ હોય કે નહિ ? એના કરતાં એ લોકો આકાશમા જ રહેતા હોય તા ! એમને ખેંચી ઘસડીને મોઢામાં કોળિયો નાખવાની ઝંઝટ તો ન રહે ?'

જેને પર્ચ કહેવામાં આવે છે એ એક ટાવર છે. ઘરગથ્થુ રૂમ-ટાવર-છાપરાની ઉપર વીસેક ફૂટ જેટલે ઊંચે બંધાયેલી કૅબિન. એને સાચી રીતે તો આપણે ઓબ્ઝરવેટરી તરીકે જ ઓળખી શકીએ. બાલ્કનીની નીચેથી એક ગોળાકાર ખંડ ઉપર ખેંચી લેવામાં આવ્યો હતો, જેમાંથી ચાર જગાએથી જોઈ શકાય તેવી ચાર બારીઓ હતી. એ વિજ્ઞાન-ખંડમાં આઘાપાછા ઊંચાનીચા વાંકાચૂંકા થઈ શકે તેવા કેટલાક હરતાફરતા ટેલિસ્કોપ હતા. શક્તિશાળી લેન્સથી સંલગ્ન એ સાધનની વિશેષતા હતી કે ગમે તેવા હવામાન અને વરસો બાદ પણ તેને કાટ લાગી શકતો નહિ. વિવિધ ટેલિસ્કોપની શક્તિ વિવિધ રીતે દૂરના અંતર માટે ઉપયોગી નીવડતી. દૂર- નજીક તથા ઈચ્છિત દિશામાં જોવાની તેમાં પૂરી ક્ષમતા હતી.

ટેલિસ્કોપની આંખો તો કદી બગડે તેવી હતી જ નહિ. હા, શ્રીમાન ડિન ફોરસીથ તથા ઓમિક્રોનની આંખો જરૂર બગડવાની સંભાવના રહેતી, કેમકે તેમની આંખો ટેલિ-આંખોમાં સતત ચોંટેલી જ રહેતી.

બન ન નિવાસસ્થાન આ ઓબ્ઝરવેટરી જ હતી. તમ ને માટે દિવસ કે રાત હતા જ નહિ. બંને વારાફરતી ક એક સાથે સતત અવકાશી નઝારા નિહાળી રહેતાં. કોઈક કારણસર એકને ઘડીક આઘાપાછા થવ પડ તો બીજાને ત્યાં જ ચોંટી રહેવાની સખ્ત સૂચના હતી.

અનુમાન, અટકળ, અવલોકન, અભ્યાસ, અવતરણની સંપૂર્ણ વિગતો હાથવગી રાખીને બંને પોતપોતાના સંશોધનમાં સક્રિય રહેતાં. તેમને એવી આશા જરૂર હતી જ કે તેઓ કોઈક નવી શોધ કરે કે જેને ડિન ફોરસીથના નામ સાથે જોડી શકાય.

જ્યારે આકાશ ચાકખું રહેતું ત્યારે તેમની ખુશીનો પાર રહેતો નહિ. કમનસીબે ઉત્તર તરફ આડત્રીસ સમાંતરીય ધરી સાથે વરજીનિયાનું આકાશ મોટે ભાગે વાદળછાયું જ રહેતું. નિષ્ણાત સંશોધક તથા ઉત્સુક સહાયક જ્યારે કંઈક ક પામવાની અણી પર પહોંચતાં ત્યારે જ વાદળ, ધુમ્મસ, ફોરાં કે ફરફર વધુ ગાઢા બની રહેતાં. પવનના નાના મોટા ઝપાટા અને સપાટા વર્ષાબિંદુની હેરાફેરીને એવો વેગ આપતાં કે અજાણી અડીખમ્મ દીવાલ જ ઊભી થઈ જતી.

માર્ચના બીજા પખવાડિયાના આ દિવસોમાં મિસ્ટર ડિન ફોરસીથની ત્વરા વધુ કસોટીએ ચઢી હતી. છેલ્લા કેટલાય દિવસથી આકાશ વાદળછાયું રહ્યું હતું. વાદળોએ એવા ડેરાતંબૂ તાણ્યા હતા કે તેઓ વણઝારા મટી, સ્થાનિક નિવાસી બની ગયા હતા. ૨૧મી તારીખે તો પશ્ચિમના પૂરબહારના પવનોએ હદ કરી નાખી. ઘટ્ટ ગાઢા કાળા વિશાળ વાદળોનું એવું લશ્કર ઝીકી દીધું કે જાણે એ હુમલો સંશોધકો પરનો સીધો હુમલો હતો.

'શું કહેવું આને ?' નિશ્વાસ સાથે ઊછળીને મિસ્ટર ડિન ફોરસીથે કહ્યું, 'શું કહેવું ? આ તે કુદરત છે કે અવળચંડા આતંકવાદીઓ ?' દશ દશ વખતના તેમના ઊંડા પ્રયાસો નકામા ગયા હતા, 'મને એમ હતું, લગભગ ખાતરી કે એક સરસ તક ઊભી થઈ હતી. ઊભી થઈ જ હતી. હાથવેંતમાં જ કહોને ! અને જાણે કે એક ચમત્કારિક શોધ આપણાં હાથમાંથી સરકી ગઈ છે.'

'એમ જ થયું છે.' ઓમિક્રોન બોલી ઊઠ્યો, 'એમ જ થયું છે. થોડા દિવસ અગાઉ જ્યારે આકાશ ચોક્ખું હતું, એકદમ ચોક્ખું, ત્યારે મને તો લાગ્યું હતું કે સિદ્ધિ મારા જ હાથમાં છે.'

'આપણાં હાથમાં ઓમિક્રોન...'

'જી હા, આપણાં બંનેના હાથમાં. બંને એકી વખતે જ.'

'ઓમિક્રોન... ઓમિક્રોન...' શ્રીમાન ડિન ફોરસીથે તેને ટોક્યો.

'જી હા, આપના હાથમાં, આપના.' ઓમિક્રોને સુધારો રજૂ કર્યો, 'પહેલાં આપે જ... આપે જ. પણ જ્યારે એ અદ્ભુત ચીજને મેં લક્ષમાં લીધી ત્યારે મને લાગ્યું કે કદાચ મેં જ...'

'મેં...' વૈજ્ઞાનિકે ફરીથી ભાર થઈને કહ્યું, 'મેં જ એ ધૂમકેતુને ઉત્તરથી દક્ષિણ તરફ...'

'હા, ધૂમકેતુ જ મિસ્ટર ડિન અને સૂરજને વીંધતી દિશામાં.'

'સૂરજને ક્રોસ કરતી દિશામાં, ઓમિક્રોન...'

'હા, એમ જ... એમ જ...'

'આ મહિનાની ત્યારે ૧૬મી તારીખ હતી.'

'એકદમ સોળમી.'

'સાત ઉપર સાડત્રીસ મિનિટ અને વીસ સેકંડ.'

'વીસ સેકંડ, બરાબર વીસ જ સેકંડ. મેં મારી ઘડિયાળમાં જોયું હતું.'

'ત્યાર પછી...' પગ પછાડી ડિન ફોરસીથ બરાડી ઊઠ્યા, 'એણે ફરીથી દેખા દીધી નથી, ઓમિક્રોન.'

'ક્યાંથી દેખા દે, ક્યાંથી ? જુઓને વાદળ ! વાદળ !! વાદળ !!! છેલ્લા પાંચ દિવસમાં તો રૂમાલ જેટલુંય ભૂરું આકાશ દેખાયું નથી.'

'જાણે કોઈએ', હાથ ઠોકી વૈજ્ઞાનિક કહે, 'દાવ ન ગોઠવ્યો હોય ? આપણી સામે કોઈકે ષડયંત્ર ન રચ્યું હોય ? કોણ જાણે કેમ, મારી સાથે જ આવું કેમ બને છે ?'

'આપણી સાથે', ઓમિક્રોને દાવ લીધો. તે પોતે આ શોધ-સંશોધનમાં સરખે હિસ્સે ભાગીદાર છે, એ વાત પોતાના માલિકને જણાવવા માગતો હતો.

સાચું પૂછો તો આ વિભાગના નાગરિકોને પણ ફરિયાદનું કારણ હતું જ. આકાશને ઢાંકી દેનારા આટલાં વાદળોનો અર્થ શો ? હવેથી આકાશ શું વાદળોનું જ બનેલું રહેશે ? શું સૂર્યનાં દર્શન કદી થશે જ નહિ ? આ રીતે સૂરજને ઢાંકી દેવાનો આદેશ વાદળોને કોણે આપ્યો ? કોણે... ?

બીજા કોઈને કે બીજા બધાંને જે ફરિયાદ હોય તે, પણ શ્રીમાન ડિન ફોરસીથ જેવી અવદશા ખરેખર કોઈની ન હતી. સૌથી શક્તિશાળી કહી શકાય તેવા ટેલિસ્કોપ ધરાવવા છતાં તે ધાર્યું નિશાન તાકી શકે ? એટલે, કે જે જોવું હોય તે ન જ જોઈ શકે ? વ્હેસ્ટન કંઈ ટેઈમ્સ નદી પર આવ્યું ન હતું કે આટલું ધુમ્મસ છવાયેલું રહે, અને પોટોમેકના કિનારાની વળી શી હસ્તી ?

વૈજ્ઞાનિક તથા તેમના સહાયકે શું જોયું હતું, એ જાણો છો ? એટલે કે શું દેખાયું હતું અને તેમનાથી શું જોવાઈ ગયું હતું ? હા, એ ૧૬મી માર્ચે આકાશ ચોક્ખું હતું, ચોક્ખું ને ચટ. તેમને દેખા દીધો હતો એક પૂંછડિયો તારો, એવો ઝળહળતો કે સૂરજના પ્રકાશનેય ઝાંખો કરી દઈને પોતાનો ઝગમગાટ ઝબકાવી દે ! અલબત્ત તે પૃથ્વીથી ઘણો ઘણો દૂર ખરો જ, પણ એ ધૂમકતા ધૂમકેતુની લાંબી લાંબી લાંબી પૂંછડી, એવો પીળો તીવ્ર પ્રકાશ છોડી જતી હતી કે, જાણે કદી પૂરી જ ન થઈ શકે ! જો ત્યારે જ આ ધુમ્મસ આડું ન આવ્યું હોત તો તેઓ સારો એવો સમય એને જોઈ શકત, અને જોઈજોઈને અભ્યાસ અવલોકનની અજાયબભરી અજબ નોંધ ટપકાવી શકત !

એ તક ગુમાવ્યાનો સંશોધકે એટલી વાર નાચીકૂદીને અફસોસ કર્યો હતો કે જાણે જિંદગીભરની સુવર્ણરેખા કાયમને માટે હાથમાંથી સરકી ગઈ !

ફરીથી શું એ અગનગોળો પોતાની દોડ વ્હેસ્ટનની ક્ષિતિજ પરથી દોડી બતાવશો ? શું એ પૂંછડિયા ગોળાનાં તત્ત્વો, જથ્થા, વજન, સ્વભાવ, ગતિનો ખ્યાલ નોંધવાની તક આપશે ? ભલેને તીવ્ર ગતિએ હોય ! આપણે તો તૈયાર જ છીએ.

કોઈ બીજો અવકાશી વિજ્ઞાની પણ એ દૃશ્યને જોઈ ગયો હોય, એની પાછળ પડી ગયો હોય, એની રૂપરેખા નોંધી લીધી હોય, એને વધુ સારી તક મળી હોય તો ? અહીંથી કે ગમે ત્યાંથી એ બધું તો જોઈ જ શકાતું હોય છે ? એવા પૂંછડિયા ગગનગોળાઓ કોઈક એક ઉપર તો શુકન થોડા જ પાથરતા હોય છે ?

શું ડિન ફોરસીથને એ ધૂમકેતુ સાથે પોતાનું નામ જોડવાની તક મળશે ખરી ? જોકે તેમણે માત્ર એક ઝલક જ નિહાળી છે, તેમ છતાં હેલીના ધૂમકેતુની જેમ એ ડિનનો કે ફોરસીથનો ધૂમકેતુ બની શકશે ?

એમ તો કેટલાય ઈચ્છુકો, સંશોધકો, વિજ્ઞાનવીરો, અવકાશી-શોખીનો પોતપોતાના અવનવા ટેલિસ્કોપો લઈને દિવસ-રાત ઝંખ્યા કરતાં હોય છે ! કેટલાકે તો વળી આંખો સાથે જ ટેલિસ્કોપ ફીટ કરી દીધું હોય છે !

'એવી બધી મોનોપોલી ધરાવનારાઓને સજા થવી જોઈએ.' ડિન ફોરસીથે ન્યાય ઉચ્ચાર્યો, 'એ બધાં એકહથ્થુ અળવીતરાઓ ચાંચિયા છે, અવકાશી ચાંચિયા. તેમને તેમ કરતાં રોકવા માટે કાયદો થવો જોઈએ, કડકમાં કડક કાયદો હોવો જ જોઈએ ! દુષ્ટ, લુચ્ચા, અનાડી, અવરોધકો !'

માર્ચ ૨૧મીની આખી સવાર તેમના તન-મન પર સવાર રહી. અવકાશી સંશોધક જાતે કે તેના સહાયક ઓમિક્રોનમાંથી કોઈ જ નક્કી કરી શક્યું નહિ કે અહીંથી આઘાપાછા થવું કે નહિ ? હવામાન તો જેવું હતું તેવું ખરાબ જ રહ્યું, આકાશને એ જ રીતે ચોંટેલું રહ્યું અને આ બંને જણા ઉત્તર દિશા તરફ ધ્યાન કેન્દ્રિત કરીને બારીઓને તથા ટેલિસ્કોપને ચોંટી જ રહ્યા.

તેમનો રોષ ક્રમશ: એટલો વધતો ગયો કે હવે તેમની પાસે બોલવાને શબ્દોય રહ્યા ન હતા. અપેક્ષા હાથથી સરકી ગઈ હોય. એવા સફળતા સરકેલા માનવીની દશા કેવી હોય ? બરાબર એ જ દશા બંનેની હતી, ખાસ કરીને શ્રીમાન ડિન ફોરસીથની. તેઓશ્રી ઉત્તરની દિશાને વિવિધ રીતે નિશાન બનાવીને આશાનું તીર ઝીંકે રાખતા હતા.

દૂર દૂરની સરબોર ટેકરીઓ પરનો પવન વાદળોને ધીરે ધીરે હડસેલવા લાગ્યો એ તરફ વાદળો ખસતા નજરે પડયા.

ઓમિક્રોન અંગૂઠા પર એવી રીતે ઊભો થયો જાણે તે પોતાની ઊંચાઈથી વધુ ઊંચો થવાનો પ્રયાસ કરતો હતો. ઊંચે વધુ ઊંચે, દૂર વધુ દૂર જોવા માટે તે ઝઝૂમતો હતો.

ફોરસીથ મહાશય જાતે છાતી ઠોકતા અને બારીને હચમચાવી નાખતા.

થોડાક આમતેમના પક્ષીઓ, વિચિત્ર ચિચિયારી પાડી સંશોધકની મજાક ઉડાવી ગયા. પક્ષીઓને માટે આ બેપગા નહિ ઊડી શકનારા પશુઓ તુચ્છ અને હેતુ વગરના હતા. આહ ! જો આ દ્વિપગા ઊડી શકત તો અત્યારે જ દૂર દૂર પહોંચી ગયેલા પૂંછડિયા ગગનગોળાનો પીછો તેમણે કર્યો હોત.

આવી કટોકટીની ક્ષણે કોઈએ દરવાજે ટકોરા માર્યા. પોતાના ધ્યેય અને પોતાની ધૂનમાં ખોવાયેલા માલિક-સહાયકમાંથી કોઈએ આ ટકોરા બકોરા સાંભળ્યા નહિ.

દ્વાર ખૂલી ગયા અને ભાણિયાભાઈ ફ્રાન્સીસ ગોર્ડને અંદર પ્રવેશ કર્યો. તે અત્યંત નજીક આવી ગયો હોવા છતાં કોઈએ તેની તરફ નજર સુધ્ધાં નાખવાની પરવા કે પેરવી કરી નહિ.

ભાણાભાઈએ મામાશ્રીના ખભા થપથપાવ્યા. મામાશ્રી ફોરસીથે એવી ઘૂરકતી નજરે ભાણાભાઈ તરફ જોયું કે તેઓ ચંદ્ર કે મંગળ પરથી પૃથ્વી નિહાળી રહ્યા છે !

'શું છે ?' તેમણે પૂછ્યું, 'છે શું ?'

'ભોજન રાહ જુએ છે, મામાશ્રી !'

'આહ, ભોજન ભોજન. માનવીની જિંદગીની અગત્યની ચીજ, પણ અમેય રાહ જોઈએ છીએ.'

'આપ કોની રાહ જુઓ છો ?'

'સૂરજની.' બોલી ઊઠ્યો ઓમિક્રોન. શ્રીમાન ફોરસીથે માથું તો હલાવ્યું છતાં 'તું કેમ બોલી ગયો ?'નો ભાવ પ્રદર્શિત કર્યો.

'પણ આપે સૂરજને ભોજન માટે નિમંત્રણ ક્યાં આપ્યું છે કે...! તેમ છતાં એક વખત આપ ભોજનના ટેબલ પર ગોઠવાઈ જાવ પછી સૂરજને આવવું હશે તો...'

સવાલ સચોટ હતો. શું સૂરજ પોતાનો પ્રકાશ આગળ ઉપરના કલાકો સુધી નહિ પાથરે, તો મામા ફોરસીથ ઉપવાસ ખેંચી કાઢશે ? ઓમિક્રોન કદાચ એ માટેય તૈયાર હતો.

મામાજીએ ભોજન પ્રત્યે કોઈ ઉત્સુકતા દાખવી નહિ કે આમંત્રણને ધ્યાનમાંય લીધું નહિ.

'મામાજી !' ફ્રાન્સીસે છેવટનો પાસો ફેંક્યો, 'મિત્ઝ અધીરી બની છે અને હવે એની ધીરજ સાવ ખૂટી પડી છે.'

વૈજ્ઞાનિકે વાસ્તવિકતાનો ઝટકો અનુભવ્યો. મિત્ઝની અધીરાઈ અને ધીરજથી તેઓ માહિતગાર હતા. તેના ગુસ્સાનો ડર તો ખરો જ. જ્યારે મિત્ઝે છેવટના ઉપાય તરીકે સંદેશવાહકને પ્રત્યક્ષ મોકલી આપ્યો છે, ત્યારે વિલંબને કોઈ અવકાશ જ રહેતો નથી. ધૂમકેતુ કે સૂરજ રાહ જોઈ શકે છે, મિત્ઝ નહિ જ.

'વાગ્યા કેટલા દોસ્ત ?' મામાજીએ પૂછ્યું.

'અગિયાર અને છેંતાળીસ.'

મામા-ભાણેજ રોજ બરાબર અગિયારને ટકોરે જ ખાણાના ટેબલ પર સામસામા ગોઠવાઈ જતાં.

'છેંતાળીસ મિનિટ ઉપર થઈ ગઈ ?' અચંબો પામતાં મામાએ કહ્યું, 'બાપ રે ! ખ્યાલ જ રહ્યો નહિ. પણ... પણ મિત્ઝને આટલો વિલંબ થયો કેવી રીતે ? શું ખરેખર તે સમયપાલનમાં ચૂકવા લાગી ?'

'મામા ! મામા !!' ફોરસીથે કહ્યું, 'આ અમારું ત્રીજું તેડું છે. જ્યારે આપ ટકોરાને ગાંઠ્યા નહિ.'

મામાજી ઝટપટ દાદર ઊતરવા લાગ્યા. તેઓ એવા હાંફળા-ફાંફળા બની ગયા હતા, જાણે દોડીને ધૂમકેતુ પકડતાં ન હોય !

પણ ઓમિક્રોન ટેલિસ્કોપને જ વળગેલો રહ્યો, વળી પાછો સૂરજ ક્યાંક નાસી જાય નહિ !

મામાભાણેજે ભોજનગૃહમાં પ્રવેશ કર્યો. મિત્ઝે એવી તિક્ષ્ણ નજરે મામા સામે જોયું કે તેઓ નજર ઊંચી ન જ કરી શક્યા.

'અને આપણા શહેનશાહ ક્યાં રહી ગયા ?' તેણે ઓમિક્રોન માટે કટાક્ષ કર્યો.

'એ ઉપર રોકાયેલ છે.' ફ્રાન્સીસે કહ્યું, 'આપણે આજનું ખાણું એના વગર જ...'

'બહુ સરસ', મિત્ઝ બબડી, 'એકદમ સરસ. એને કદાચ ચાંદામામા જ ભોજન કરાવી દેશે પ્રેમથી.'

ખાણું શરૂ થયું. સંવાદનું સ્થાન ભોજને લઈ લીધું મિત્ઝને તો વાત કર્યા વગર ચાલે જ નહિ. તે પણ ડિશો બદલતી વખતે, ગોઠવતી વખતે મૌન જ રહી.

પણ એ પરમ શાંતિ બધાંને માટે અસહ્ય બની રહી ત્યારે ફ્રાન્સીએ પૂછ્યું, 'આપની સવારથી આપને સંતોષ તો છે ને મામાશ્રી ?'

'નહિ દોસ્ત', મામાએ ખુલાસો કર્યો, 'જરાય નહિ. આકાશે જરાય સહકાર આપ્યો નથી. તેમાં આજે વળી વધુ અસહકારનાં એંધાણ વરતાય છે. કદાચ આજેય સૂરજ નહિ જ દેખા દે.'

'આપ કોઈ ખાસ ખગોળશાસ્ત્રીય શોધની ઝંખનામાં છો મામાશ્રી ?'

'આશા તો છે જ ફ્રાન્સીસ, પણ જ્યાં સુધી તાજા નવા તાત્કાલિક પુન:સમીકરણો ન પ્રાપ્ત થાય ત્યાં સુધી કંઈ કહી શકાય નહિ.'

'ગયું આખું અઠવાડિયું શ્રીમાન એની પાછળ જ ઝઝૂમ્યા છો, ખરું ને ?' મિત્ઝે આલાપની શરૂઆત કરી, 'અડધી રાતની આપની દોડાદોડથી હું માહિતગાર છું', શ્રીમાન શાંતિનો સંકેત કરતા રહ્યા, છતાં મિત્ઝે હાંકે રાખ્યું, 'એમ ન સમજશો કે મને કંઈ દેખાતું સંભળાતું નથી ? મધરાત્રીના કોઈ ટીચાતું હોય તો સ્વાભાવિક ધ્યાન જાય છે જ. ચિંતા પણ થવાની જ.'

'સાચી છે તારી વાત મિત્ઝ', શ્રીમાન ડિન ફોરસીથે કહ્યું, 'મનમાં કોઈક અજંપો હોય તો તે રઘવાટ કરાવે જ છે.'

'કોઈક અવકાશી ગમ્મતભરી શોધ હશે, નહિ ?' મિત્ઝે પોતાની રીતે કટાક્ષમાં કહ્યું, 'પણ જ્યારે તમારા ભૂંગળા□□ તમારા નાક-આંખ-કાનને લાલમલાલ કરી નાખે ત્યારે બરાડાં ના પાડશો. ત્યારે તમારા તારલાઓ તમારી સેવામાં નહિ આવે, એ માટે તો મારે જ ઝઝૂમવું પડશે. ડૉક્ટર તારાના આકાર જેવડી ટીકડીઓ પેટમાં હોમી દેશે ત્યારે જ ખબર પડશે.'

આ વિવાદમાં પોતે કદી નહિ ફાવે, એની ખાતરી સાથે ફોરસીથશ્રીએ હાવભાવ સાથેની શાંતિમાં જ શ્રેય જોયું. ખાણું મૌન રીતે ચાલુ જ રાખ્યું પણ કપને બદલે રકાબી, રકાબીને બદલે પ્યાલો, પ્યાલાને બદલે ચમચો એવી ગરબડ થતી જ રહી.

ફ્રાન્સીસને લાગ્યું, કે મામાશ્રી વાત કરે એ જ ઈચ્છનીય છે, પણ મામાના ઉધામા નહિ બોલવા તરફના હતા.

અંતમાં જ્યારે ફ્રાન્સીસે હવામાનનો ઉલ્લેખ કર્યો ત્યારે મૌનમાં જરાક સળવળાટ આવ્યો.

ત્યારે વળી એક ગાઢું વાદળું પોતાની કાળાશ ભોજનગૃહમાં પાથરી ગયું. બારીની બહાર અજંપા સાથે જોઈ, હાથમાંથી ચમચો ફેંકી દઈ વૈજ્ઞાનિક કહે, 'બહુ થયું.

બહુ થયું. ઓ કુદરત ! તને બીજું કંઈ સૂઝે છે કે નહિ ? આ કાળાં વરસાદી રેલાઓથી શું પૃથ્વીને કાળી ધબ્બ બનાવી દેવી છે ?'

'જુઓ તો !' મિત્ઝે કહ્યું, 'ત્રણ ત્રણ સપ્તાહના આકરા તાપ પછી વરસાદ આજે નહિ પડે તો કયારે પડે ? અને એવા વરસાદનું સ્વાગત કરવું જોઈએ કે અફસોસ ! જુઓ તો, ધરતી કેવી અધીરી બનીને પાણીની ઠંડકને સ્વીકારી રહી છે.'

'ધરતી... ધરતી... હં' ફોરસીથ મહાશયે ધરતીની એવી અવહેલના કરી કે જૂની વફાદાર સેવિકાને કહેવું જ પડયું, 'જી હા ધરતી. એનું મહત્ત્વ પણ આકાશ જેટલું જ છે ને ! નહિ તો ભોજન માટે તમે ક્યાં ઊતરત ?'

'મિત્ઝ... મિત્ઝ...' ફ્રાન્સીસે તેને ટોકતાં કહ્યું.

'મને આડીતેડી વાતો પસંદ નથી', મિત્ઝે કહી જ દીધું, 'હું તો જે કહેવાની છું તે કહીશ જ. ચોવીસ કલાક કંઈ ચાંદ-તારામાં માથું ખૂંપાવવું ઠીક નથી. કોઈ વરસાદને દોષ દે, એ હું નહિ સાંખી શકું. વસંતમાં વરસાદ નહિ પડે ત્યારે શું અગનઝાળ વરસે ? માર્ચમાં જો કોઈ વરસાદને અવરોધવાની વાત કરશે તો હાય લાગશે હાય, સમજો છો ?'

'મામા !' ફ્રાન્સીસે પણ એ વાતને સમર્થન આપ્યું, 'ખરું છે. આ માર્ચ છે. વસંતની શરૂઆત. આપણે ધીરજ ધરવી જ રહી. ઉનાળાને હવે વાર કેટલી ? પછી તો આકાશ ચોકખું થઈ જશે અને ખુશનુમા વાતાવરણમાં તમે તમારી શોધ આગળ વધારી શકશો. માટે જ વિનંતી કરું છું, ધીરજ...'

'ધીરજ ?' સંશોધકે કહ્યું, 'ધીરજ ફ્રાન્સીસ ? અને પછી એ ધીરજમાં ને ધીરજમાં એ સીમા ઓળંગી જાય, આપણે જોઈ જ ન શકીએ, આપણા હાથમાંથી સરકી જાય. અને પછી કદી દેખાય જ નહિ તો...'

'કોણ ?' મિત્ઝે કુતૂહલથી પૂછ્યું, 'એ કોણ ?'

ઓમિક્રોને બૂમ પાડી, 'સાહેબ... સાહેબ.'

'એ... એટલે કે કોઈક નવી વાત, નવી વસ્તુ, નવી જ નવીનતા.' બોલતાં બોલતાં ફોરસીથ મહાશયે ઊઠવા માંડ્યું.

ત્યારે જ ઝળહળતા કિરણના સ્પર્શે બારીને ચળકાવી દીધી. ચમકી ઊઠેલી બારીમાંથી હળવા તડકાનો પ્રકાશ કાચના કપ-રકાબી તથા ટેબલ પર પથરાયો અને ખુશી પાથરી ગયો.

'સૂરજ ! સૂરજ !!' ઉશ્કેરાઈને ઊછળી પડયા વૈજ્ઞાનિક તથા બે-બે ચાર-ચર કૂદકે પહોંચી ગયા ઉપર.

'આવી બન્યું હવે', બોલી ઊઠી મિત્ઝ 'હવે એ શ્રીમાન ઘેલાભાઈ પોતાની જાતને દુનિયાથી બંધ કરી દેશે, સાથમાં હવે અમારા ઓબ્ઝરવેટરીના સવાયા સમ્રાટ. બંને એકબીજાના માથા ભાંગે તેવા છે. હવે જ્યાં સુધી એમના આંખ-નાક-મોં કાળાં થાય નહિ ત્યાં સુધી રહો એકલા. બીજા ખાણાની તો વાત જ નહિ કરવી. સિવાય કે તારાઓ આશીર્વાદ વરસાવી તેમને ધકેલે.'

મિત્ઝના એ બબડાટને શ્રીમાન કેવી રીતે સાંભળી શકે ? તેઓ તો એકી શ્વાસે ઓબ્ઝરવેટરીમાં પ્રવેશી ચૂક્યા હતા. દક્ષિણ-પશ્ચિમના પવનના નવા પ્રવાહે વાદળોને પૂર્વ દિશામાં ધકેલી દીધા હતા. ઠેઠ ક્ષિતિજ સુધીનો પટ્ટો એવો ચોકખો થઈ ગયો કે જ્યાંથી અગાઉ ગગનગોળો દેખાયો હતો, એ બધી દિશા સ્વચ્છ થઈ ગઈ. સમગ્ર સામગ્રી આ તરફથી ઝળહળી ઊઠી, બહાર-અંદરથી પ્રકાશિત થઈ ઊઠી.

'એઈ !' શ્રીમાન ડિન ફોરસીથે પૂછ્યું 'તેં કંઈ જોયું ?'

'સૂરજ' ઓમિક્રોનનો જવાબ હતો, 'સૂરજ પણ બહુ લાંબો સમય કૃપા વરસાવે તેવું લાગતું નથી. પશ્ચિમ તરફ નવા તાજા વાદળોએ ઘાટ ઘડવા માંડ્યો છે.'

'તો પછી એક ક્ષણનો વિલંબ નહિ થવો જોઈએ.' કહેતાંની સાથે જ તેમણે ટેલિસ્કોપનું નિશાન ગોઠવવા માંડ્યું. ઓમિક્રોન પણ નાના યંત્ર સાથે તેમજ કરવા લાગ્યો. પોણો કલાક સુધી તેઓ પોતાનું પ્રસાધન ફેરવતા રહ્યા, ગોઠવતા રહ્યા, આંખ ખેંચી ખેંચીને કેન્દ્રિત કરતા રહ્યા. એ તરફના આકાશની ધારને પૂરા ધ્યાનથી, ચીવટથી ફંફોસતા રહ્યા. ધૂમકેતુ પસાર થઈ ગયા પછીના અત્યાર સુધીના સમયની બારિકમાં બારિક ગણતરી ધ્યાનમાં લીધી. વ્હેસ્ટન ક્ષિતિજની તેમણે ખરેખરી ખબર લઈ નાખી.

તેમની ગણતરીમાં તેઓ ચોક્કસ હતા, પણ દિશા સાથ આપતી ન હતી, કંઈ જ દેખાતું ન હતું. બધું સ્વચ્છ, કંઈ પણ પસાર થતું હોય તો નજરે પડ્યા વગર ન રહે, તેમ છતાં...

'કંઈ નહિ.' બોલી ઊઠ્યા શ્રીમાન ફોરસીથ, અને પોતાની આંખો લૂછવા લાગ્યા.

'કંઈ નહિ.' ઓમિક્રોને સૂર પુરાવ્યો, 'ખરેખર કંઈ જ નહિ.'

પ્રયાસ તો ચાલુ રહ્યો જ, પણ વાદળો પાછા ફરવા લાગ્યાં. આકાશ પાછું ધૂંધળું બનવા લાગ્યું. સૂરજે પોતાનો પ્રકાશ પાછો ખેંચવા માંડ્યો. વરસાદ ઘડીકમાં ઝરમરિયો અને ઘડીકમાં સરવરિયો સરવા લાગ્યો. સંશોધક તથા સહાયક બંને નિરાશાના ઘેરાવામાં આવી ગયા. શોધની પ્રવૃત્તિ તત્પૂરતી ઊંચી મૂક્યા સિવાય છૂટકો ન હતો.

'આપણે એને જોયો તો ખરો જ' શ્રીમાન ડિન ફ્રોરસીથે કહ્યું, 'જોયા કે નહિ ?' કંઈક શંકા અને ઈર્ષા સાથે પૂછ્યું.

'જોયો જ, આપણે બંનેએ.' ઓમિક્રોને કહ્યું.

પાછી આંખ ત્રાંસી કરી શ્રીમાન ફોરસીથે કહ્યું, 'આપણાં સિવાય બીજા કોઈએ ન જોયો હોય તો સારું, ખાસ કરીને સિડની હડલ્સને !'

❑

# ૩

# પથિક તારે વિસામાના દૂર... દૂર...

## આરા

'પેલા માથું મારનાર ફોરસીથે નહિ જોયું હોય તો સારું !'

આ શબ્દો ઉચ્ચાર્યા હતા ડૉક્ટર સિડની હડલ્સને. પોતાને માટે જ. ૨૧મી માર્ચે જ્યારે તે પોતાના નિરીક્ષણ કેન્દ્રમાં હતા ત્યારે.

તેઓશ્રી વ્યવસાયે ડોક્ટર હતા પણ તેમણે કદી ચિકિત્સા વ્યવસાય અપનાવ્યો ન હતો. એનું કારણ તેઓ પોતાનો તમામ સમય, પોતાની સમગ્ર બુદ્ધિશક્તિ બ્રહ્માંડને સમર્પિત કરવા માગતા હતા, બ્રહ્માંડના ભેદને પામવા માગતા હતા. એમાં જે જુગાર હોય તે જુગાર પણ ખેલી નાખવા માગતા હતા.

તેઓ એમ તો ડિન ફોરસીથના પ્રગાઢ મિત્ર હતા, પણ એવા જ કટ્ટર હરીફ ખરા જ. તેમનો અને ફોરસીથનો શોખ એક જ હતો, તેમનું ઝનૂન એક જ, મહત્ત્વાકાંક્ષા એક જ. અવનિના આવિષ્કારમાં સહુથી આગળ નીકળી જવાની.

ડૉક્ટર હડલ્સનની સમૃદ્ધિ વિશાળ હતી પોતાના તરફની અને પત્ની તરફની. પત્નીનું હુલામણું નામ ફ્લૉરા ક્લેરીશ હતું. ફ્લૉરા ખૂબ જ ઠાવકી, ડાહી, સમજુ અને સમયસૂચક સ્ત્રી હતી. વર્તમાન અને ભવિષ્યની કોઈ જ ચિંતા નહિ હોવાથી તે પતિને જે કંઈ કરવું હોય તે કરવા દેતી. એ જ રીતે બંને દીકરીઓને પણ તેણે લીલા લહેર બક્ષી હતી. મોટી દીકરી જેની અઢારની હતી અને નાની લૂ ચૌદની. કુટુંબ વડા હડલ્સનની ઉંમર ૪૭ની કહી શકાય પણ માથા પરની ચકચકતી ટાલને લઈને તેઓ કંઈક વધારે મોટા લાગતા હતા.

અવકાશી સંશોધકીય સ્પર્ધાએ બંને કુટુંબમાં થોડોક અજંપો પેદા કર્યો હતો ખરો, તેમ છતાં મિસ્ટર ડિન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સન મિત્રો બની રહેતાં. મિત્ર બની રહેવું તેમનું ધ્યેય હતું અને હરીફાઈ તેમની જરૂરિયાત હતી. હમણાં જ કહેવાતા શોધાયેલા ધૂમકેતુનો પ્રથમ યશ પોતાને જ મળવો જોઈએ, એ વિવાદ ન હોય ત્યારે બંને શોખીનો ખગોળ ભૂગોળ ગ્રહો નક્ષત્રો વિષે મોકળેથી વાત કરતા અને ચર્ચાને ચગાવી એકબીજા પાસે જાણવા-શીખવાનોય આનંદ માણતા.

એ બેની વચમાં જો કોઈ શ્રીમતી ફોરસીથ હોત એટલે કે શ્રીમાન ફોરસીથની પત્ની હોત તો પરિણામ ગંભીર જ આવ્યું હોત. પણ શ્રીમાન ડિન ફોરસીથે સ્વીકારી લીધેલ આજીવન કુંવારાપણાને લઈને બંને વચ્ચે સુલેહસંપ શાંતિની સંભાવના બની રહેતી.

એની અવેજીમાં શ્રીમતી ફ્લૉરા એક અચ્છી અર્ધાંગના હતી. પત્ની, માતા, માલિકણ, મિત્ર, શાંતિદૂત જેવા બધા જ ગુણો તેનામાં હતા. સ્ત્રી હોવા છતાં તેમનામાં સ્ત્રીપણું ન હતું. એટલે કે જૂની-નવી મહિલાઓમાં દેખાદેખી, વાતોડિયાપણું, ઈર્ષા, વેરભાવ જેવા કોઈ દુર્ગુણો ન હતા એટલે સુધી કે એકની એક વાત હાંકે રાખવાની, વાતને ચગાવવાની, પોતે ઘણું બધું કે બધું જ જાણે છે એવી મનોવૃત્તિ જરાય ન હતી. ડિંગ હાંકવાની તેને ટેવ ન હતી, જરૂર પણ ન હતી. પતિદેવ જ્યારે આકુળ-વ્યાકુળ થઈને આવે ત્યારે તેમને સિફતપૂર્વકની સમજૂતીથી શાંત પાડવાની અજબ નેમ આ ફ્લૉરામાં હતી.

પતિના શોખના વિષયથી અજાણ હોવા છતાં શ્રીમતી ફ્લૉરા પતિને એ વિષયમાં પ્રેમસહજ સાથ આપતી અને તેઓ વિજ્ઞાન-વિશ્વમાં જરૂર આગળ નીકળી શકશે એવું પ્રોત્સાહન આપતી. પતિ હતાશ નિરાશ ન થાય, બબડાટ કરીને બેસી પડે કે ભાંગી પડે એ તેને જરાય ગમતું નહિ. આખર જિંદગીની અને સમયની દરેક ક્ષણ આપણા માટેસ્તો છે. એ ચૈતન્ય સ્વીકારી નાહક પાછા પડવાની વળી જરૂર જ શી ?

જેમ મિટ્ઝ શ્રીમાન ફોરસીથને ખડે પગે કે ડરેલા રાખતી તેમ ફ્લૉરા કદી ડૉક્ટરને પરેશાન કરતી નહિ. કટાક્ષવાણી તો કદી નહિ, ખાણું વિલંબમાં પડે કે ઠંડું થઈ જાય તેનો દોષ પતિ પર નાખવાને બદલે 'હવે બેસો છો ને ! ચાલો ફરીથી ગરમ કરી લાઉં અને વાનગીઓની 'લિજ્જત માણીએ' એવા ઉત્સાહવર્ધક સંવાદ સાથે તે પતિના અત્યાર સુધી થયેલાં કામની રૂપરેખા વિષેય કૌતુક પ્રશ્નો પૂછી ડૉક્ટરને આનંદમાં આણી દેતી. જો અવકાશમાં કંઈક ખોવાયું હોય તો 'ક્યાં જવાનું છે ? પાછું જડશે ! આકાશ વળી એને રાખીને શું કરશે ?' જેવું ઉમંગભર્યું આશ્વાસન પણ આપતી.

તાત્પર્ય કે ફ્લૉરા એક એવી સ્ત્રી હતી કે જેને દરેક પુરુષ પત્ની તરીકે મેળવી પોતાને ભાગ્યશાળી માની રહે. ખાસ કરીને અવકાશમાં અટવાયેલા પતિ માટે તો ધરતી પરની આવી જ પત્ની ઉપયુક્ત બની રહે છે. જોકે આ પ્રકારની મહિલા વાસ્તવિક જિંદગીમાં ભાગ્યે જ મળવી શક્ય છે, કદાચ નવલકથામાં જ તેનું અસ્તિત્વ સંભવી શકે.

તેમની મોટી દીકરી જેની હૂબહૂ તેમના ઉપર જ પડી હતી. માતાની પ્રતિકૃતિ જ. એથી ભાવિ પતિ ફ્રાન્સીસ ગોર્ડનની દરેક રીતે સુખી થવાની શક્યતા હતી. આ તરફના સમગ્ર વિસ્તારમાં એના જેવી લાયક છોકરી મળવાની કોઈ સંભાવના ન હતી.

અમેરિકન ચંચળ તરુણીઓથી તે સાવ ભિન્ન હતી. જેની ગમતા ગૌર રંગ સાથે ભૂરી આંખોની વિશેષતા ધરાવતી હતી. તેના ગુલાબી ગાલ ખરા અર્થમાં ગુલાબની જેમ ચળકયા અને મહેકયા કરતાં. હાથ તથા પગ સમાંતર સ્વરૂપે શોભતા અને કમરનો ભાગ પાતળો, એકવડિયો, જેની પર ઘાટીલો દેહનો આકાર પરિપૂર્ણ સૌંદર્યમૂર્તિ રૂપે શોભી રહેતો. શારીરિક રૂપરંગની સાથે જ તેના વ્યવહાર વર્તણૂક એવા મીઠા હતા કે તે સ્વાભાવિક રીતે જ લાડકી અને લોકપ્રિય બની રહેતી.

દરેક રીતે ફ્રાન્સીસ અને જેનીની જોડી શોભતી જોડી હતી. બંને એકબીજાને ચાહતાં. બંને એકબીજાને અનુકૂળ હતાં, બંને એકબીજા માટે અધીરાં પણ હતાં.

જ્યારે શ્રીમાન ડિન ફોરસીથના ભાણિયાએ જેનીના હાથની માગણી કરી ત્યારે હડલ્સન કુટુંબ ખુશ થઈ ઉઠ્યું.

જેની સર્વાંગી ગૃહિણી તરીકે ઉપયુક્ત હતી અને મામાશ્રીનો અઘધઘ વારસો મેળવનાર ફ્રાન્સીસને બીજી કોઈ કરતાં કોઈ જ ચિંતા ન હતી. અત્યારે જો કે એવા વારસાની કોઈ જરૂર ન હતી, એ વિષે વિચાર કરવાનુંય ઉચિત ન હતું. બધું બરાબર ગોઠવાયું હતું અને બધું બરાબર ચાલતું હતું.

વ્હેસ્ટન જેવા મનોહરનગરમાં રેવરન્ડ શ્રીમાન ઓ-ગાર્થના સેઈન્ટ એન્ડ્રુ દેવળમાં લગ્નનું વિચારાઈ ચૂક્યું હતું.

બંને કુટુંબ જે રીતે જાણીતા હતા એ જોતાં લગ્નમેળો એક મહોત્સવ બની રહેવાનો હતો. કુમારી લૂના ઉત્સાહનો પાર ન હતો, તે પોતાની વહાલસોઈ બહેનની અણવધૂ – બ્રાઈડસ-મેઈડ – બનવાની હતી. હજી પંદરની થઈ ન હતી એવી લૂને એ તમામ આનંદનો હક હતો. કુટુંબના લાડનાં કેન્દ્ર રૂપ લૂ બધાં સાથે મસ્તીતોફાન અને મજાકમશ્કરી કરી શકતી. પિતાજી સાથે પણ તે અવકાશી ઉડ્ડયન માણી રહેતી. તેની આડીઅવળી આનંદભરી કલ્પના કે મજાકની ખગોળશાસ્ત્રી પર કોઈ જ અસર થતી નહિ. તેઓ લૂ સાથે એવા જ ટોળ-ટપ્પાનો ગુબ્બારો ચઢાવતા. ડૉક્ટર મહાશય લૂની લૂલી ભૂલીમજાકનું સ્વાગત કરતાં અને આશિષ ચુંબનથી તેને ધન્યવાદ આપતાં.

ભોંયતળિયે શ્રીમાન હડલ્સન જરાય ખરાબ માણસ ન હતા, પણ જરાક તોછડા, ઉતાવળિયા અને શંકાશીલ ખરા જ. એટલે બધાં લૂને તેની ચંચળતામાં સાવધાન રહેવાની તાકીદ કર્યા કરતા.

પોતાની અવનવી શોધોમાં જ અને તેના આગળ ઉપરના સંશોધનમાં જ વ્યસ્ત રહેતાં શ્રીમાન ડૉક્ટર વિજ્ઞાન વિષયક તર્ક-વિતર્કમાં પોતે જ અગ્રેસર એવું માનતા.

ડિન ફોરસીથ સાથે પરિપૂર્ણ મૈત્રી હોવા છતાં તેઓ તેમને હરીફ માનતા એટલે માનતા જ.

બંને મિત્રો એક રમતના બે ખેલાડી હતા. કોઈક તો આગળ પાછળ નીકળવાનો સંભવ ખરો જ, પણ એ ઘડી નાજુક બની રહેતી. ક્યારેક તો શ્રીમતી હડલ્સને જ નહિ તેમની બે પુત્રીઓને અને ફ્રાન્સીસે પણ વચમાં પડવાની જરૂર ઊભી થતી. ચારેય શાંતિદૂતનો એક જ સૂર રહેતો કે આ વડાઓ સખણાં રહે તો લગ્નની હેમખેમ મઝા માણી શકાય.

જોકે બંને પ્રેમીઓ એટલાં બધાં એક હતાં કે આવા કોઈ ઝંઝાવાતનીય તેમને પરવા ન હતી. એ બંને એક-જીવ એવું વિચારતા ખરા કે આ ડોસલાઓ ભાગીદારીમાં જ જે કંઈ શોધ-સંશોધન કરે તો શો વાંધો ? આકાશ જેવડા વિશાળ અનહદ મેદાનમાં શું બંને ભેગા થઈને પોતાની સૂફિયાણી રમત ન રમી શકે ?

ડૉક્ટર હડલ્સનનું ઘર એકદમ આરામદાયક, રળિયામણું, ભવ્ય અને અદ્‌ભુત કહી શકાય તેવું હતું. સારાય વ્હેસ્ટનમાં તેની શોભા અનેરી બની રહેતી. જેવું અનોખું ઘર હતું તેવી જ તેની કાળજી પણ લેવામાં આવતી.

ઘરની આગળ મનોહર ઘાસિયા લૉનનું મેદાન હતું અને પાછળ મનને બાગબાગ કરી નાખનાર બાગ હતો. મોરીસ શેરીના એ વસંત-કુંજની વાતો લોકોમાં સદાય મહેંકતી ચર્ચાતી. આમ તો બે જ માળના એ મકાનમાં ઉપરની આગળની બાજુ ધ્યાન ખેંચતી સાત બારીઓ હતી. છાપરાની ડાબી બાજુ એક ચોરસ ઊંચો ટાવર હતો. ત્રીસ ફૂટ ઊંચા એ ટાવર-હાઉસમાં દરેક ઝીણામાં ઝીણી વિજ્ઞાન-શોધ સામગ્રી સંગ્રહિત હતી. ટાવરની એક બાજુની ઊંચાઈ પરના ઊંચા ધાતુના સ્થંભ ઉપર દરેક શનિ-રવિ સિતારા અને પટ્ટાવાળો અમેરિકાના રાષ્ટ્રધ્વજ ગર્વથી ફરકી રહેતો. ટાવરની ઠેઠ ઉપરની-અંદરની બાજુની ગોઠવણ ખાસ કાળજી મુજબ તૈયાર થઈ હતી. ત્યાંથી જ ડૉક્ટર પોતાના અનુપમ ટેલિસ્કૉપ દ્વારા અવકાશને ખૂંદી વળવાના પ્રયોગો પ્રયાસો ચાલુ કરી દેતા. ક્યારેક દિવસના અને સમીસાંજથી રાત્રીના સમયે તો ખાસ સ્વર્ગના એ વિચરણ વિતરણ વિહ્‌વરણમાં ડૉક્ટર એવા તો અટવાઈ જતાં કે શ્રીમતી હડલ્સનને તેમની શરદીનો ઉપાય કરવો પડતો તેમજ તાકિદના ઈન્ફ્લ્યુએન્ઝા માટે પણ તેઓ તૈયાર રહેતાં.

'મને ખાતરી છે', લૂ કહેતી, 'પાપાજી એક વખત તમામ ગ્રહો, નક્ષત્રો અને સિતારાઓને શરદીનો ચેપ લગાડીને જ રહેશે.'

ડૉક્ટરને એનીય તમા ન હતી. ક્યારેક તો શિયાળાનો પારો બરફથીય વધુ હરીફાઈમાં ઊતરતો ત્યારેય નિરીક્ષક પોતાની પ્રવૃત્તિમાં લાગી રહેતા, એટલા ખાતર કે ત્યારે આકાશ ચોકખું હોવાને લઈને તે પોતાની ખૂણેખૂણાની છૂપી સામગ્રી પરિક્ષક

સમક્ષ ઉઘાડી કરી દેતું. એવા આકાશ અને આકાશવીરની દોસ્તીમાં વળી શરદી-સળેખમની શી મજાલ ? ભલે એ ગળે કે છીંકે, શોધ તો શોધ જ છે. નવી શોધો તો એમ જ હાંસલ થાય ને ! દુનિયાનો કોઈ પણ સંશોધક મળતાં લાભ સામે ગળતાં નાકની પરવા કરે છે ખરો ?

મોરીસ શેરીની ઓબ્ઝરવેટરીમાંથી ઈલિઝાબેથ શેરીના ટાવરને બરાબર જોઈ શકાતો હતો. બંને ટાવર વચ્ચેનું અંતર કેટલું હશે જાણો છો ? માંડ અડધો એક માઈલનું. વચમાં કોઈ ઊંચા કે આડાંતેડાં મકાનો ન હતાં અને એવાં તેવાં વૃક્ષો પણ ન હતાં. ફિલ્ડ ગ્લાસની મદદ વગર સામેના ટાવર પર કોણ ઊભું છે તેની એંધાણી થઈ શકતી. સામેથી પણ એવી જ રીતે અહીંની વ્યક્તિને પિછાની શકાતી.

એમ તો ડિન ફોરસીથને સિડની હડલ્સન તરફ જોવા માટે બીજુંય કારણ હતું જ કારણ હડલ્સન પાસેય હતું. તેમની ઓબ્ઝરવેટરીના શિખરની પારની એ સૃષ્ટિ હતી. ફ્રાન્સીસ અને જેની પોતપોતાની રીતે સામેના ટેરેસ પર કોઈ ઊભું છે કે કેમ, એ જોવા સદા ઉત્સુક રહેતાં. કોઈ બીજું હોય તો એ તેમને માટે સહ્ય ન હતું. બંને પોતપોતાના ફિલ્ડગ્લાસમાંથી એકબીજાને જ જોવાની ઝંખના રાખતા. શા માટે કોઈ બીજાએ ત્યાં ઊભા રહેવું જોઈએ કે હાજરી નોંધાવવી જોઈએ ? તેમનું દૂરબીન ઊભય હૃદયના ધબકારા સાંભળવા જ તત્પર રહેતું. તેમાં કોઈને વાંધો ન હતો, કોઈને જ નહિ.

બંને ગૃહો વચ્ચે તાર-સંદેશ સ્થાપિત કરવાનું સહજ હતું. એક તાર અહીંથી ત્યાં પહોંચીને દિલના સંદેશાની આપ-લે કરી જ શકે. પણ વડીલોને એવી કોઈ જરૂર જણાઈ ન હતી. બંને જુવાનિયાને બધી સગવડ હતી પછી તારની શી જરૂર ? લગ્ન બાદ એવી કોઈ જરૂર ઊભી થાય તો વાત જુદી પણ અત્યારે તો બે હૈયાની બે આંખો દૂરબીન દ્વારા જ પ્રેમનું બીન વગાડે રાખતી.

સ્નેહ સંબંધ સ્થાપિત થયા બાદ વિદ્યુત સંબંધની કોણ ના પાડવાનું છે ? એ રીતના તાર બંને કુટુંબને પણ એટલા જ ઉપયોગી થઈ શકે.

જે દિવસે બપોર પછી પેલી ઢીઢ મિત્ઝે પોતાના સ્વભાવનો પરિચય આપ્યો હતો, તે જ દિવસે ફ્રાન્સીસ ગોર્ડન શ્રીમતી હડલ્સનની મુલાકાતે આવી પહોંચ્યો. ખાસ કરીને બહેનોની અને તેમાંય ખાસ તો મોટી બહેનની.

દર વખતની જેમ જ એ નવજુવાનનું અહી હુંફાળું સ્વાગત થયું. એ શ્રીમાન હજી જેનીના પતિ બન્યા ન હતા પણ લૂએ તેમને પોતાના ભાઈ બનાવી દીધા હતા, અને જ્યારે લૂ કોઈ સાથે કોઈ સંબંધ સ્થાપિત કરે છે ત્યારે કોઈનીય ડેંગ નથી કે તેમાં વાંધો- વચકો કાઢી શકે.

ડૉક્ટર હડલ્સન તો પોતાના ધ્રુવ ટાવરમાં જ કેન્દ્રિત થયા હતા. સવારના ચાર વાગ્યાથી તેઓ ત્યાં પહોંચી ગયા હતા. ખાણા પ્રસંગે મોડા મોડાય પહોંચ્યા બાદ, ખાણું ઝટપટ પતાવી તેઓ ફરીથી અહીં આવી ચૂક્યા હતા. બધું બરાબર મિસ્ટર ડિન ફોરસીથની જેમ જ, સૂરજ વાદળની બહાર આવે પછી કોણ બીજે રહેવાનું હતું ?

ડૉક્ટરશ્રીની હાજરી વગર જે સાંસારિક નિર્ણયની કાર્યવાહી આગળ વધારવાની હતી, તે તો થોભી જ શકે તેમ ન હતી.

'પધારો પધારો', નવયુવાનને દ્વારમાં દાખલ થતાંની સાથે જ લૂએ ઉષ્માભર્યા શબ્દો ઉચ્ચાર્યા અને જાહેરાત કરી, 'જુઓ જુઓ આ પધારી રહ્યા છે મિસ્ટર ફ્રાન્સીસ. અજેય અમર અણમોલ મિસ્ટર ફ્રાન્સીસ ! હું એ શ્રીમાનના આગમનની આલબેલ પોકારું છુંઉંઉં...'

ફ્રાન્સીસે એવા જ દબદબા સાથે એ સ્વાગત સન્માનનો સ્વીકાર કર્યો અને આગળના સંવાદ જ્યાંથી અટક્યા હતા ત્યાંથી પ્રારંભ કર્યો.

આમ જુઓ તો જ્યારથી ઓળખાણ થઈ ત્યારથી બંને પ્રેમીઓ કદી છૂટા પડ્યા જ ન હતા. એટલે જ ફ્રાન્સીસને આગળના દ્વારેથી પ્રવેશવાનું ફાવતું અને હિંમતથી તે પાછળના ભાગમાં ચાલ્યો જતો જ્યાં જેની અને તેનું મનમોકળું મિલન યોજાઈ રહેતું.

બંને પ્રેમીઓની પ્રેમભરી વાતચીત દર વખતની જેમ જ શરૂ થઈ. જેની ખૂબ જ ધ્યાનથી ફ્રાન્સીસ જે કહેતો તે સાંભળતી રહી. એ સંવાદ વખતે તે પોતાના સ્ત્રીસહજ સૌંદર્યનો પ્રભાવ પાથર્યા વગર રહેતી નહિ કે જેથી ફ્રાન્સીસ પ્રભાવિત રહે અને તેનું ઉષ્મા-સાતત્ય ચાલુ રહે. મુખ્ય વાત તો નજીકના ભવિષ્યની યોજનાઓની જ હતી. લેમ્બેથ શેરીમાં એક સરસ મઝાનું ઘર નક્કી થઈ ચૂંકયું હતું. નવપરિણીતોને જરાય અગવડ ન પડે અને સ્વર્ગીય સગવડોનો લ્હાવો મળી રહે તેની પૂરી કાળજી રખાઈ હતી. વેસ્ટ એન્ડમાં આવેલ એ હનીમૂન હાઉસ મોરીસ સ્ટ્રીટથી કંઈ દૂર ન હતું. ચારે બાજુની દૃશ્યાવલી મનોહર અને રળિયામણી હતી. શ્રીમતી હડલ્સને જાતે ત્યાં જઈ, જોવાની તથા વધુ સગવડો ઊભી કરવાની ખાતરી ઉચ્ચારી હતી. રજા માત્ર જેનીની લેવાની હતી. તે જો ભારપૂર્વકનો 'હકાર' ભણી દે તો આજ સપ્તાહે એ ઘરનું 'ડિલ' ફાઈનલ થઈ જવાની વિચારણા હતી. અલબત્ત લૂને માતા સાથે રહેવાનું હતું, ઘર જોવાનું હતું, પોતાનો અભિપ્રાય આપવાનો હતો. લૂ એટલે સુધી દબાણ લાવતી કે માતા અથવા બહેન જે કોઈ જાય, જેટલી વખત જાય ત્યારે તેને લઈને જ જવાની શરત રહેતી.

'પણ કહો તો ખરા', લૂએ વાત છેડી, 'શું મિસ્ટર ફોરસીથ આજે આવે છે કે નહિ ?'

'આવશે જ,' ફ્રાન્સીએ કહ્યું, 'ચારેક વાગે.'

'ચારેક વાગેનો શો અર્થ ?'

'લગભગ ચાર વાગે કે એ પછી...'

'તરત જ ને ?'

'તરત જ.'

'આપણે સહુ જાણીએ છીએ', શ્રીમતી હડલ્સને કહ્યું કે, 'આ બધી બાબતમાં તેમની હાજરી ખાસ જરૂરી છે.'

'જરૂરી જ છે', ફ્રાન્સીસે કહ્યું, 'અને મામાશ્રીને પણ એ વાતનો ખ્યાલ છે જ.'

'ખ્યાલ હોવો જ જોઈએ', લૂએ પોતાની રીતે કહ્યું, 'આ કંઈ ઢીંગલા-ઢીંગલીના ખેલ નથી. જિંદગીભરની જવાબદારી છે.'

'એ જ વાત શ્રીમાન હડલ્સનને પણ લાગુ પડે ખરી કે નહિ ?' ફ્રાન્સીએ ગમ્મતના તોરમાં કહ્યું, 'એમની હાજરી પણ એટલી જ જરૂરી ખરી કે નહિ ?'

'પિતાજી એમના ટાવરમાં વ્યસ્ત છે.' જેનીએ ખુલાસો કર્યો. 'પણ જેવો ટહુકો દઈશું કે તરત જ તેઓ ચાલ્યા આવશે.'

'હા, એ ટહુકો લૂનો હોવો જોઈએ.' પોતાની જાતે જ એ વાતને ચગાવતાં લૂ કહે, 'સમય થયે હું જાતે જ જઈશ અને તેમને ખેંચી લાવીશ. આવા ભવ્ય કામ માટે છ દાદરા કૂદવાની ભલે ને જરૂર ઊભી થાય.'

લગ્નની જે તારીખ નક્કી થાય તેને બંને વડીલો માન્યતા આપે એ મહત્ત્વનું હતું. હવે કાંઈ જ વિલંબ થવો જોઈએ નહિ. એ સિદ્ધાંતની સ્વીકૃતિ થઈ જ ચૂકી હતી. રાહ માત્ર તૈયારીની હતી. જેમાં નવોઢાના ભપકાદાર પોશાક-શૃંગાર અને તેથી વધારે લૂ માટેની તૈયારીઓ. એમાં કેટલી અટપટી મૂંઝવણો આવશે તેની ખબર કોઈને ન હતી. જિંદગીમાં પહેલી વખત લૂ પરિપૂર્ણ દેહ ઢાંકતો લાંબો પોશાક પહેરવાની હતી.

'અને જો એમાં વિલંબ થાય તો... ?' ફ્રાન્સે ટીખળ કરી.

'તો...' લૂએ સ્પષ્ટ કહી દીધું, 'લગ્ન થોભી શકે છે.' એ સાથે જ તેણે એટલા જોરથી હસી દીધું કે એ હાસ્યધ્વનિ ઓબ્ઝરવેટરીના ઓબ્ઝરવેટરીના શિખર સુધી પહોંચી જ ગયો હોવો જોઈએ.

ચાર પરનો સ્થિર કલાક-કાંટો બાર સુધી પહોંચતા મિનિટ-કાંટાને કોઈ રીતે રોકી શકતો ન હતો. અને છતાં શ્રીમાન ડિન ફોરસીથના આગમનની કોઈ એંધાણી વરતાતી ન હતી.

લૂ કંઈક વખત આગળના દ્વારે જઈને બહાર ડોકિયું કરી આવી, પણ વડીલશ્રી ફોરસીથના નજીકથી કે દૂરથી કોઈ જ દર્શન થતા ન હતા. તેમની હાજરી સિવાય કંઈ જ થઈ શકતું ન હતું અને લૂને માટે પોતાની અધીરાઈને કાબૂમાં રાખવાનો કોઈ જ કીમિયો ન હતો.

'મામાશ્રીએ મને વચન આપ્યું છે કે તેઓ સમયસર આવશે જ.' ફ્રાન્સીસે ધરપત ઉચ્ચારી, 'પણ છેલ્લા કેટલાક દિવસથી તેઓ વ્યગ્ર રહે છે ભારે વિચિત્ર વર્તન દાખવી રહ્યા છે.'

'એમની તબિયત તો સારી છે ને ?' જનીએ પોતાના ભાવિ વડીલ વિષેની ચિંતા પ્રગટ કરી.

'તબિયત તો સારી જ છે.' ફ્રાન્સીસે કહ્યું, 'પણ કંઈક હાવરા-બાવરા લાગે ખરા. કોઈક ચિંતનમાં કે ઉપાધિમાં ગૂંચવાયેલા હોય ! પ્રયત્ન કરવા છતાં એમને વિષે આપણે કંઈ જાણી શકતાં નથી. કોણ જાણે એમને શી તકલીફ છે ?'

'કોઈ તારાનો ઝબકારો એમના ભેજામાં નહિ પેસી ગયો હોય !' લૂએ પોતાનો અભિપ્રાય આપ્યો.

'અમારા એમનું પણ આજકાલ એવું જ છે.' શ્રીમતી હડલ્સને પતિ વિષેની વ્યથા જણાવી, 'ભૂલકણા તો હતા જ, પણ હમણાં હમણાં તો એવા ભૂલકણા બની ગયા છે કે વાત ન પૂછો. પાછા પોતાની ગુફામાં જ ભરાઈ રહે છે એટલે કરીએ પણ શું ? મને લાગે છે એમણે આકાશમાં જરૂર કોઈ અનોખી પ્રક્રિયા નિહાળી હશે.'

'એકદમ સાચી વાત.' ફ્રાન્સીસે કહ્યું, 'અમારા મામાજીની પણ એ જ દશા. બહાર આવવું નહિ, બહાર જવું નહિ, ઊંઘવું નહિ, ખાવુંપીવું નહિ. રાત ને દિવસનું ખાણું તો શું, રાત ને દિવસ પણ ભૂલી જાય છે.'

'મિત્ઝ ત્યારે તો બરાબર ઝાટકતી હશે.' લૂએ પૂછ્યું.

'એ બિચારી પોતાના ધમપછાડા મારે જ છે પણ આ વખતે કોઈ અસર થતી નથી. મામાશ્રીએ તેના પ્રવચનો સાંભળવાના જ બંધ કરી દીધા છે.'

એવું જ, એવું જ,' જેની બોલી ઊઠી, 'અહી પણ બરાબર એવું જ. લૂના વાર હવે ખાલી જવા લાગ્યા છે.'

'શું આ સાચી વાત છે લૂ ?' ફ્રાન્સીસે લૂ સામે જોયું.

'સાચી જ વાત છે.' લૂએ કબૂલ્યું, 'પણ હું તથા મિત્ઝ આક્રમણ કરવામાંથી ચૂકીશું નહિ અને એવો ઘા કરીશું કે નિશાન ખાલી નહિ જ જાય.'

'પણ આ બધાં રઘવાટનું કારણ શું હશે ?' જેનીએ કૌતુક પ્રશ્ન પૂછ્યો.

'કોઈક કીમતી અલભ્ય કે અમૂલ્ય ગ્રહ તેઓ આકાશમાં ખોઈ ચૂક્યા હોવા જોઈએ.' લૂ કહેવા લાગી, 'પણ તેમણે એનો પત્તો લગ્નની તારીખ પહેલાં જ મેળવવો પડશે, નહિ તો...'

'આપણે અહીં તડાકા મારીએ છીએ.' શ્રીમતી હડલ્સને કહ્યું, 'અને જો શ્રીમાન ફોરસીથ નહિ જ આવે તો ?'

'સાડાચાર થયા જ સમજો ને !' જેનીએ ઘડિયાળમાં જોયું.

'જો મામાશ્રી પાંચ જ મિનિટમાં નથી આવ્યા...' ફ્રાન્સીસે લગભગ ઊભા થઈ જતાં કહ્યું, 'તો હું જાતે જ જઈને તેમને ઘસડી...'

ત્યારે જ દ્વાર બેલનો રણકો દરૂજ્યો.

'જરૂર મિસ્ટર ફોરસીથ', લૂ એકદમ જ બોલી ઊઠી, 'આપણી વાતો સાંભળતા લાગે છે.'

જી હા. એ શ્રીમાન ડિન ફોરસીથ જ હતા. તેઓ દાખલ થયા કે તેમને લૂનો ઠપકો સાંભળવો પડયો, 'મોડા એટલે મોડા જ. ધન્યવાદમાં તમને ઠપકો જ મળવો જોઈએ.'

'કેમ છો મિસિસ હડલ્સન ! કેમ છે વહાલી જેની !' એ પ્રમાણે ક્રમશ: અભિવાદન કરતા તેમણે લૂના ગાલ પર ટપલી મારીને કહ્યું, 'અને કેમ છે અમારી ડાહી દાદી !'

પણ એ બધું જેમ લૂએ કહ્યું હતું તેમ યંત્રવત હતું, તેમના દિમાગમાં તો કોઈક બીજી જ વાતો ઘૂમરાતી હતી, અને એ વાતો આ સાંસારિક કૌટુંબિક વાતોથી સાવ પર જ હતી.

'અમને થયું મામાજી', ફ્રાન્સીસે ટહુકો કર્યો, 'આપ મુલાકાત ભૂલી ગયા કે શું ?'

'ખરું પૂછો તો હા', લેઈટ કમરે કહ્યું, 'ભૂલી જ ગયો હતો. એ માટે શ્રીમતી હડલ્સન આપે મને માફ કરવો રહ્યો, પણ ઘરમાં મિત્ઝ જેવી એક વ્યક્તિ છે ને તે બધી જ વાતો યાદ અપાવતી રહે છે. કહો કે યાદને ટકોરા મારતી રહે છે.

'એમ જ થવું જોઈએ.' લૂએ કહ્યું, 'તમે બધાં વડીલો સમજો છો શું તમારા મનમાં ?'

'ધીરે લૂ ધીરે', શ્રીમાન ફોરસીથે વિનંતી કરી, 'પણ મારું મન હમણાં એટલું રોકાયેલું રહે છે લૂ દીકરી.'

'શામાં રોકાયેલું રહે છે ? કોઈ નવી શોધમાં ?'

'એમ જ હશે કદાચ, હું કોઈક ગમ્મતભરી નવી શોધની ઝાપટમાં છું.'

'ઝાપટમાં તમે છો કે અમારા પિતાજી ?'

લૂના એ મંતવ્ય પર ચોંકી ઊઠ્યા શ્રીમાન ફોરસીથ અને આશ્ચર્યચકિત થઈને પૂછ્યું, 'શું ડૉક્ટરની પણ એ જ દશા કે દિશા ?'

'અમને તો આ બધી તમારી શોધખોળની મગજમારીમાં કંઈ સમજ જ પડતી નથી.' વાતનો દોર પોતાના હાથમાં લેતાં શ્રીમતી હડલ્સને કહ્યું. પછી એકાએક જ આ બે મહાનુભવો કોઈ વિવાદ છેડી બેસે નહિ, એ ખ્યાલથી એ ટોપીકને જ વળાંક આપતાં તેઓ કહે, 'લૂ, જાને બેટી તારા પિતાજીને જ...'

'ખેંચી લાવું ને ?'

'એમ જ, પણ હળવેથી.' હજી માતા પોતાનું વકતવ્ય પુરું કરે તે પહેલાં જ લૂ પતંગિયાની જેમ ઊડી અને ખરેખર ડૉક્ટર સિડની હડલ્સનને ખેંચીને જ લઈ આવી.

તેમની આંખો થાકેલી હતી, કપાળ પર કરચલીઓની રેખાઓ, કાન ખેંચાયેલા અને મુખમુદ્રા એવી કે હમણાં જ ફાટી પડશે.

બંને સ્પર્ધકોએ હાથ મિલાવી અભિવાદન કર્યો પણ બંનેના હાથ દરૂજતા હતા. બંને એકબીજાને જાણે કે કોઈ પ્રશ્ન જ પૂછતા હતા, પણ બંને કુટુંબો એક મહત્ત્વના નિર્ણય માટે ભેગા મળ્યા હતા એટલે બંને 'હે-હે-હે કરીને એકબીજાને પૂછી રહ્યા, 'હ- હ કેમ છો? કેમ છો ?'

'દો સિતારોં કા જમી પર હૈ મિલન આજ કી રાત'ની ગીત પંક્તિ મુજબ જમીન પર જ બે સિતારાઓના મિલનની વાત હતી. એ મિલનમાં બંને પક્ષ એક હતા, એટલે કોઈ લાંબી ચર્ચાને અવકાશ ન હતો.

બંને ખગોળશાસ્ત્રીઓ તો ધરતી પરની આ વાતથી જાણે અદ્ધર જ રહેતા હતા. વચમાં વચમાં હેં-હા-હા' કરી દેતાં. બંનેના વિચારો તો પેલા ધૂમકેતુ પાછળ જ ખોવાયેલા હતા. આંખને ખૂણેથી એકબીજા સામે જોઈ લઈને તેઓ મૌન પ્રશ્ન પૂછતા હતા, 'તને તો એનો પત્તો લાગ્યો નથી ને ?'

વડીલો હા-હું કરતા રહ્યા અને તેની વચમાંથી જ લગ્નની તારીખ પંદરમી મે નક્કી થઈ ગઈ. એ તારીખ એટલા માટે પસંદ થઈ કે નવયુગલના નવલગૃહને ફર્નિચર વગેરેથી ગોઠવી શણગારી શકાય, સ્નાનગૃહને સુગંધિત શોભિતો બનાવી શકાય, થોડાક નાના સરખા બાગબગીચા ઉગાડી શકાય. તાત્પર્ય કે ગૃહપ્રવેશ એવા અણનમ બની રહે કે ઘરમાં પ્રવેશતાંની સાથે જ તેઓ સ્વર્ગીય સંસાર શરૂ કરી શકે.

તિથિ કંઈક દૂર તો હતી જ પણ લૂ કહેતી હતી તેમ, 'મારો પોશાક તૈયાર થવા માટેય પૂરતો સમય મળી જશે.'

❑

# ૪

# એ શોધ મારી છે એ શોધ મારી જ હશે !

પ્રતિ,

પિટ્સબર્ગના સર્વોચ્ચ ખગોળશાસ્ત્રી,

પેન્સીલવેનિયા લેબોરેટરી, પેન્સીલવેનિયા

*વ્હેસ્ટન, માર્ચની ૨૪મી.*

*મહેરબાન સાહેબશ્રી,*

*નીચેની ધ્યાન ખેંચતી વિગતો તરફ આપ શિદર લક્ષ આપો એવી વિનંતી સાથે દરખાસ્ત કરું છું કે,*

*આ મહિનાની સોળમી (૧૬મી) માર્ચે મારા દ્વારા એક ધૂમકેતુની શોધ થઈ છે, જે અતિ વેગવંતી ગતિ સાથે આકાશના ઉત્તર ભાગમાંથી ધસમસી રહ્યો હતો. ઉત્તર-દક્ષિણ તરફની ક્ષિતિજ પર ૩° -૩૧' ને ખૂણે તેનું ગંતવ્ય દૃષ્ટિબિંદુ હતું. મારું એ માપ દરેક રીતે ચોક્કસ છે તેની ખાતરી રાખશો. જ્યારે મારા દૃશ્ય-કાચમાં દેખા દીધી ત્યારે સાત વાગીને સાડત્રીસ મિનિટ અને બાવીસ સેકન્ડ થઈ હતી. (૭:૩૭:૨૨) અને જ્યારે એ અદ્દભુત પદાર્થ દૃષ્ટિથી દૂર થયો ત્યારે સાત વાગીને સાડત્રીસ મિનિટ અને ઓગણત્રીસ સેકંડ થઈ હતી. (૭:૩૭:૨૯)*

*ફરીથી તેને લક્ષમાં લેવામાં મને સફળતા મળી નથી, જોકે મારા સતત પ્રયાસો ચાલુ જ છે અને હું તેની પાછળ લાગેલો જ છું.*

*મારી ખાસમાં ખાસ વિનંતી એ જ કે આપશ્રી આ વિગતો તત્ક્ષણ નોંધી લો અને મને તરત જવાબ આપો કે જેથી એ ધૂમકેતુ ફરીથી દેખા દે તો પ્રથમ વખત શોધી કાઢવાનો યશ મને જ મળે.*

હું છું આપનો

પરિશ્રમી પારદર્શક સંશોધક

**ડિન ફોરસીથ**

ઇલિઝાબેથ સ્ટ્રીટ

પ્રતિ,

સિનસિનાટી ઓહાયો ઓબ્ઝરવેટરીના

સર્વાધિકારી ખગોળશાસ્ત્રી

*વ્હેસ્ટન, માર્ચની ૨૪મી.*

*આદરણીય અવકાશી અધિકારીશ્રી,*

*૧૬મી માર્ચના રોજ સાત વાગીને સાડત્રીસ મિનિટ અને વીસ સેકન્ડ (૭:૩૭:૨૦)થી સાત વાગીને સાડત્રીસ મિનિટ અને ઓગણત્રીસ સેકંડ (૭:૩૭:૨૯) સુધી મને એક ધૂમકેતુનો પરિચય થયાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. આકાશની ઉત્તર ક્ષિતિજ તરફ ઉત્તર-દક્ષિણની કિનારી પર તેનું દૃશ્યગમન હતું. ૩° -૩૧' જેટલા કોણની પણ મેં ખાતરીપૂર્વકની નોંધ ટપકાવી છે.*

*ત્યારબાદ પરમપ્રિયશ્રી ! મારું દૃષ્ટિબિંદુ તેને ગુમાવી ચૂક્યું છે અને તેના ફરી દર્શનની ધન્યતા મેં અનુભવી નથી.*

*પણ ધારો કે એ ધૂમકેતુ ફરી દેખા દે, અને મને ખાતરી છે તેમ ફરીથી જરૂર દેખા દેશે જ, તો ન્યાયની રીતે એના એકમાત્ર શોધક તરીકે મને જ યશ આપવાની આગ્રહભરી વિનંતી છે.*

*આ પત્રનો આપ અચૂક જવાબ આપશો જ, એવી આશા સાથે...*

હું છું આપનો

ગંભીરતાપૂર્વકનો વિજ્ઞાનઘેલો

વિશ્વાસુ સંશોધક

**ડૉક્ટર સિડની હડલ્સન**

૧૭, મોરીસ સ્ટ્રીટ

❑

# ૫

# ધૂપલબ્ધિ હૂપલબ્ધિ કે સાચેસાચી ઉપલબ્ધિ !

ત્રણ ત્રણ સિલ સાથે રજિસ્ટર કરેલા ઉપરના બંને પત્રો પિટ્સબર્ગ અને સિનસનાટીની લેબોરટરીને પ્રાપ્ત થયા હતા, જેની પહોંચ તરત જ સાદર થઈ હતી. સાથમાં એવી બાંહેધરી આપવામાં આવી હતી કે તેનું યોગ્ય મૂલ્યાંકન થશે જ.

મોકલનાર પક્ષે ત્યારબાદ કોઈ પડપૂછ કરી નહિ અને ફરીથી ધૂમકેતુને પકડવા માટેનો પીછો શરૂ કરી દીધો. બ્રહ્માંડની કોઈક એવી દિશામાં એ ચાલ્યો ગયો હોય કે પૃથ્વીના ગુરુત્વાકર્ષણથી પર થઈ જાય એ વાત સ્વીકારવા તેઓ હરગીઝ તૈયાર ન હતા. એ ફરી દેખાશે જ નહિ, ના એ વાત શક્ય જ નથી. વિજ્ઞાનના જે ધારાધોરણ અને નિયમો સ્થાપિત થયેલા છે, એ મુજબ વ્હેસ્ટન ક્ષિતિજમાં તેણે આવવું જ રહ્યું અને આવશે જ.

ફરીથી એ ધૂમકેતુ આવશે જ એની ગણતરી, પુન:ગણતરી સાથે બંનેએ આગળ ઉપરની પ્રવૃત્તિ વધારી દીધી હતી. તેમને ખાતરી હતી કે એ ધૂમકેતુ તેમના નામને ખરેખરું ઝળહળતું બનાવી દેશે.

પ્રશ્ન એ હતો કે તેનો સાચો સંશોધક કોણ ? એટલે કે પ્રથમ કોણ ? પ્રશ્નનો જવાબ તો ડહાપણનો ભંડાર મનાતો સોલોમન પણ આપી શકે તેમ ન હતું. એક સ્ત્રીના બાળકના બે કટકા કરી એક એક સ્ત્રીને વહેંચી આપી સાચી માતા નક્કી કરનાર, જી હા ન્યાયપ્રિય ન્યાયશ્રેષ્ઠ પણ અહી સાચો ન્યાય કરી શકે તેમ ન હતું. કેમકે બાળકના પ્રશ્નમાં તો સાચી માતા પોકારી ઊઠી હતી કે, 'બાળકને મારશો નહિ. ભલે એ બાળક જીવિત સ્વરૂપે એની પાસે રહે.' પણ અહી તો કટકાનાય કટકાના ફટકાને ગાંઠે તેવા આ બે જણા ન હતા.

ધૂમકેતુ જ્યારે ફરી દેખા દે ત્યારે બંને હરીફ એક સાથે જ જોવા તત્પર હતા અને ધૂમકેતુનીય કોઈ મજાલ ન હતી કે એકની છૂપી રીતે બીજાને દર્શન આપીને આગળ વધી શકે. ધૂમકેતુની પૂંછડી ભલે પાછળ રહી, તેઓ ધૂમકેતુને મગરના મુખથી જ પકડી લઈ નામ જાહેર કરી દેવા માગતા હતા. એટલી અને એવી તેમની હતી અને તે માટેના ગમે તે જોખમ માટે તેઓ મરણિયા બન્યા જ હતા.

ફ્રાન્સીસ ગોર્ડન અને જેનીએ વડવાઓનો આ નિર્ણય જાણ્યો હોત તો તેમણે જરૂર સ્વર્ગની પ્રાર્થનાઓ શરૂ કરી દીધી હોત. પ્રાર્થનામાં એટલી હાર્દિક વિનંતી ભાવભરી અને ભારભરી રીતે કરવામાં આવી હોત કે 'હે આકાશી દેવતાઓ ! હે બ્રહ્માંડના ભભૂતો !! હે અકળ અવિચળ અવકાશના ઈશ્વરો !!! અમારાં લગ્ન પતી જાય નહિ ત્યાં સુધી તું એ અવળચંડા ધૂમકેતુને છુપાવેલો જ રાખજે.' એ પ્રાર્થનામાં શ્રીમતી હડલ્સન, લૂ તથા મિટ્ઝ અચૂક સામેલ થયાં જ હોત.

આકાશમાંથી ગમે ત્યારે તૂટી પડનાર અદૃશ્ય પાતળે તાંતણે લટકી રહેલ એ તલવારના ભયની સાથે જ પૃથ્વીવાસીઓ તો પોતાની તૈયારીમાં લાગી જ રહ્યા હતા. જે થવાનું હોય તે થાય, આપણે આપણું કામ કરે રાખો. આપણી પ્રાર્થનાઓ સાચી હશે અને પહોંચી હશે તો જે થવાનું છે તે નહિ જ થાય. આગળ વધો. આગળની વાત કરો. કાળની કલ્પના કરી કાળને નિરર્થક બનાવો નહિ.

આ લગ્ન શું કંઈ જેવી તેવી વાત છે ? કંઈક ધૂમકેતુઓ એની આગળ શી વિસાતના છે ? કંકોત્રીઓ શોધવી, તૈયાર કરવી, લખાણને શબ્દોની માવજત આપવી, તેનું મુદ્રણ કામ તપાસવું, મહેમાનોની યાદી તૈયાર કરવી, આમંત્રણપત્રિકાઓ સમયસર પહોંચાડવી, ભેટો, પોશાકો, પુષ્પો પસંદ કરવા, બધાંને શુભ મુહૂર્તના વિગતોની માહિતી આપવી, કંઈ રહી જતું નથી ને, એની ફરી ફરીને ચકાસણી કરવી, વાનગીઓ, રસોઈયા, પીરસણિયા તે માટેની ગ્રોસરી, ટેબલોની સજાવટ, હળવા સંગીતની પસંદગી, જીવંત સંગીતની સૂરાવલી સૂચવવી વગેરે વગેરે તો જવા દો, એટલે કે એ બધાં તરફ તો તાકિદનું ધ્યાન આપવું જ પડે, પણ સમયોચિત પોશાક, અલંકાર, શૃંગાર, હાથમોજાં, પગમોજાં, પગરખાં, હેર-સ્ટાઈલ, તેની તૈયારી. એ બધી છેવટની છણાવટ તો સમય, કાળજી અને ચીવટ માગી જ લે છે. ના, એમાં ઉતાવળ જરાય નહિ ચાલે. એ માટે તો દેવળ કે પાદરીનેય થોભવું પડે તો ...ના ના, એવી જરૂર ન પડે એ માટેનો બધો રઘવાટને !

તેમાંય એકલી લૂની તૈયારી ! લૂ જાતે જ કહે છે તેમ ઉપરના બધાં હરક્યુલીસના બાર પરાક્રમો, પણ લૂની છેવટની રૂપરેખા તો હરક્યુલીસનું તેરમું જ.

અત્યારથી, હા, અત્યારથી જ બધી તૈયારીઓ શરૂ કરવી જ પડે. બે વડલાઓ કે વડવાઓ કે વઢવાઓને એનું ભાન ભલે ન હોય, પણ લગ્ન કંઈ ખાવાના ખેલ નથી. એ કંઈ આકાશની કે આકાશી વાત નથી. એ ધરતીની સહુથી મોટી અચરજભરી ઉમંગભરી જીવન પ્રણાલી છે. ધૂમકેતુ એકાદ વખત આવીને સુરૂરૂ... થઈ શકે, જ્યારે લગ્ન તો લગ્ન છે. પૂછો કોઈ નવજુવાનિયાઓને, પૂછો કોઈ સાસુઓને, પૂછો કોઈ બહેનને, ખાસ કરીને નાની બહેનને.

તેમાંય 'મોટી દીકરીના લગ્ન તો ભૈ ભારે જંજાળ છે.' લૂ બોલી ઊઠી, 'ઝંઝટનો પાર નહિ, પણ એક વખત મોટી દીકરીનું હેમખેમ પતે પછી બીજીને માટે વાંધો નહિ, રિહસલ થઈ ગયા પછીના સ્ટેજ-શો જેવું. જ્યારે હું પરણું ત્યારે જોઈ લેજો, હા હા, જોઈ લેજો, બધું જ ડિસન્ટ, પ્લાનિંગ, ભવ્ય, અદ્ભુત, , સમય પણ વંદન કરીને સીધો ચાલે.'

એકદમ જ તેને અવરોધી ફ્રાન્સીસ કહે, 'તો અમારા લૂ-બહેને પરણવાનો નિર્ણય કરી લીધો છે, ખરું ? એ નસીબદારનું શુભનામ અમે જાણી શકીએ ?'

'ના. તમારે જાણવાની કોઈ જ જરૂર નથી.' લૂએ કહી દીધું, 'એમાં તમને કંઈ જ સમજ નહિ પડે. એ બધું કંઈ જુનવાણી અને રૂટીન નહિ જ હોય કદાચ, પણ હા, તમે તમારાં લગ્નની ચિંતા કરો, તમારા અને જેનીના. લગ્ન એ ચિંતાનો વિષય હશે એની મને ખબર જ નહિ, તમને પરણતાં જોઈ રહી છું ત્યાં સુધી. બાકી લગ્ન એટલે તો ઉત્તેજના, ઉશ્કેરાટ, ઉડ્ડયન, અચંબો, ચમત્કૃતિ.'

'લૂ', શ્રીમતી હડલ્સને કહ્યું, 'હજી તારે ઊડવાની વાર છે. હાલ તુરત તો ચાલ આપણે લેમ્બેથ શેરીમાં જઈએ અને આ લોકોનું પાંજરું...'

'પાંજરું ? હા-હા-હા-હા' લૂએ હસી દીધું.

'તારા પિતાજી તો એમના પાંજરામાંથી બહાર નહિ જ આવે કદાચ.'

'બધું તારી પર તો છોડી દીધું છે, વહાલી !' શ્રીમાન હડલ્સનનો જવાબ હતો, 'અને તું જે કરશે તે બધું ઓ.કે. જ હશે, એકદમ ઓ.કે.'

'જેની ફ્રાન્સીસ...' શ્રીમતી હડલ્સને કહ્યું, 'તમે... તો આવશો ને ? કે પિતાના પક્ષમાં ?' અને પછી એ બંને કે લૂ કંઈક બોલે તે પહેલાં જ દાદરનાં પગથિયાં પર પગ મૂકી ચૂકેલા પતિને પૂછ્યું, 'લગ્નને દિવસે તો ટાવર પરથી નીચે ઊતરશો કે નહિ ? એ પણ મેં જ ગોઠવેલા છે.'

'અરે ઊતરીશ જ, ઊતરીશ જ...' જોકે તેઓ ઉપર ચઢવા તરફ તત્પર હતા.

'અને સેન્ટ એન્ડ્રુઝ સુધી જેનીનો હાથ દોરીને પધારી શકશો ખરા ?'

'પધારીશ જ, પધારીશ જ. ઊંહ, એટલે કે આવીશ જ.' તેઓ હવે બીજે પગથિયે ઉપર હતા.

'અને..' આ વખતે લૂએ પુલ બાંધવા માંડ્યો, 'પાપા, આપનો કાળો રુઆબદાર સૂટ તથા સફેદ બગલા છાપ ધવલ વેસ્ટકોટ સજાવીને...'

'અરે, હા રે દીકરી હા...' કહેતાં વડીલશ્રી ત્રીજા ઉપરના પગથિયે હતા.

'પાપાજી, એકાદ વખત પણ આકાશ, ગ્રહ, નક્ષત્રો, ચાંદ, સિતારા ભૂલી જઈને ધર્મોપદેશક સંબોધશે તે ધ્યાન દઈને ગંભીરતાપૂર્વક સાંભળશો ખરા ?'

'ખરા જ, ખરા જ...' ઊંચા ચોથા પગથિયેથી હડલ્સને કહ્યું, 'પણ આજે ક્યાં લગ્નનો દિવસ છે ? આજે તો આકાશ એવું ચોકખું છે...'

અવકાશી માનવ ધરતીના લોકોને ધરતી પર છોડી દઈને આકાશી સ્વચ્છ દુનિયામાં પહોંચી ગયા, ઊડી ગયા, ખોવાઈ ગયા.

ડૉક્ટરને તેમના ટેલિસ્કોપમાં ખૂંપેલા મૂકીને શ્રીમતી હડલ્સન, જેની, લૂ તથા ફ્રાન્સીસ પોતાની નવી દુનિયાના નવા મકાનને જોવા માટે સિધાવી રહ્યા. તેમણે શ્રીમાન ડિન ફોરસીથને ઇલિઝાબેથ શેરીમાં પસાર કર્યા, તેમણે કોન્સ્ટીટ્યુશન સ્કવેરનું ચોકઠું પાર કર્યું, જ્યાં તેમણે નામદાર ધર્મોપદેશક માનનીય જજશ્રી પ્રોથને સલામી આપી. પછી તેઓ એક્સ્ટર સ્ટ્રીટ પસાર કરવા લાગ્યા, જ્યાં અગાઉ શેઠ સ્ટેનફોર્ડે, આર્કેડિયા વૉકરની રાહ જોઈ હતી. એમ વિહાર કરતાં કરતાં તેઓ છેવટે લેમ્બેથ સ્ટ્રીટમાં આવી પહોંચ્યા.

નિવાસ સ્થાન ખરેખર મનોહર હતું, ખરેખર. લગભગ તમામ આધુનિક સગવડોથી તે સજ્જ હતું. સંયુક્ત રીતે પણ કલાત્મક રૂપે સજાવેલા ડ્રોઇંગરૂમ અને ડાઈનિંગ રૂમમાંથી લીલોછમ બાગ સતત જોઈ શકાતો. એ બગીચો કંઈ મોટો ન હતો પણ તેમાં કેટલાંક અવનવાં આચ્છાદિત વૃક્ષો હતાં, અને પહેલી વસંતના નવપલ્લવિત પુષ્પો ખીલી ઊઠ્યાં હતાં. સ્ટોરરૂમ ભોંયતળિયે હતો જેમાં વધારાની સામગ્રીઓ હતી. પહેલો માળ અને નીચેનો ભાગ એક સરખા હતા. જેમ જેમ જેની ઘર જોતી જતી, તેમ તેમ તે પોતાના સગાંને અને ભાગ્યને ધન્યવાદ આપતી જતી. શ્રીમતી હડલ્સન પણ એવો જ સંતોષ આનંદ અનુભવી રહી હતી.

જ્યારે તેઓ ઠેઠ ઉપર પહોંચ્યા ત્યારે બધાં જ હર્ષાન્વિત થઈ ઊઠ્યા. ઉપરથી જાણે કે દુનિયા નિહાળવાની હોય એમ સરસ મઝાની અગાશી ખેંચાયેલ હતી. ત્યાંથી તેઓ દૂર દૂર સ્ટીલ-નગર સુધી જોઈ શકતા, અહીંથી જ કુમારી આર્કેડિયાએ સ્ટેનફોર્ડની મુલાકાત સાચવવા દોટ મૂકી હતી ને ! આખું વ્હેસ્ટન અહીંથી સ્પષ્ટ-અસ્પષ્ટ રૂપે જોઈ શકાતું હતું. જેમાં દેવળ, સમાંતર ઘરો, જાહેર ઇમારતો અને માથું ઝુલાવી ઝુલાવી આશીર્વાદ આપતાં ઊંચાં ઊંચાં વૃક્ષો સામેલ હતાં.

'જુઓ જુઓ, પેલો દેખાય કોન્સ્ટીટ્યુશન સ્કવેર' પોતાના ફિલ્ડ ગ્લાસમાંથી જોઈને જેની બોલી ઊઠી. ફ્રાન્સીસની સૂચનાથી તે એ દૂરબીન ખાસ લઈ આવી હતી, 'અને... મોરીસ સ્ટ્રીટ, મોરીસ સ્ટ્રીટ ...આપણું ઘર દેખાય છે, ટાવર અને ધ્વજની નિશાની સાથે, ત્યાં... ત્યાં... ઉપર કોઈક છે.'

'હશે જ,' લૂ બોલી ઊઠી. દૂરબીન ખેંચી લઈને તે કહે, 'પાપા સિવાય બીજું કોણ હોઈ શકે ? છે જ. હું એમને હજારોની વચમાંથી પણ ઓળખી શકું. પાપા ટેલિસ્કોપ આઘુંપાછું કરે છે, જાતેય આઘાપાછા થાય છે, પણ આ તરફ જોવાની તેમને જરાય ફુરસદ નથી. નેમ પણ નથી, સિવાય કે આપણે ચંદ્ર ઉપર હોઈએ.'

'અને લૂ,' બોલી ઊઠ્યો ફ્રાન્સીસ એવી જ રીતે, 'સાથે સાથે અમારા મામાજીનેય જોઈ લેજે. તેઓ પણ પોતાની હવેલી પર હશે જ ?'

'છે જ.' લૂએ કહ્યું, 'ઊભા રહો. જરા ટાવરને ધ્યાનથી જોઈ લઉં. દેખાયા દેખાયા, પણ સાથમાં બીજું કોઈક પણ લાગે છે, એમની એ ઉપરની દુનિયામાં.'

'ઓમિક્રોન, બીજું કોણ ?'

હવે શ્રીમતી હડલ્સને ટહુકા પૂર્યો, 'એ બધાં શું ફંફોળતાં હશે, એ તો કહેવા-પૂછવાની વાત જ નથી ને !'

'ઓ હો, પાપા... પાપા...' જેની બોલી ઊઠી, 'દીકરીથીય અદકેરું કોઈક તેમની દુનિયામાં હશે ? છે ?'

જેનીન અજંપો એ વાતનો હતો કે ટેલિમાં ખૂંપેલા એ બંને વિચિત્ર જીવો પાછા અંદર અંદર બાખડી પડે નહિ ! ભલું પૂછવું તેમનું !!

જ્યારે દરેક રીતે, દરેક ખૂણેથી ઉપરથી અને નીચેથી ઘરનું અવલોકન પૂરું થયું, જ્યારે લૂ દ્વારા એ નિવાસને પાસનો શ્વાસ અર્પણ થયો ત્યારે બધાં મોરીસ-સ્ટ્રીટ તરફ પરત આવવા નીકળી પડ્યા. બીજે દિવસે જ તેમણે ઘર માટેના દસ્તાવેજો પર સહી- સિક્કા કરવાનું નક્કી કરી નાખ્યું તરત જ તેઓ ખૂણાઓ, ગોળાકાર, દીવાલની ઊંચાઈ તથા જગાને બંધબેસતાં ફર્નિચરની તજવીજમાં લાગી જશે. તે સિવાયનું જે કંઈ કામ બાકી હોય તે ૧૫મી મે પહેલાં પૂરું કરવાની બધાંએ પ્રતિજ્ઞા જ કરી લીધી.

આ દરમિયાનમાં મિસ્ટર ડિન ફોરસીથ કે ડૉક્ટર હડલ્સને એક ઘડી ભરનો સમય પણ બગાડ્યો ન હતો. જે થાક તેમને તેમને તેમના એ પ્રયાસોથી લાગતો હતો એ જ થાક તેમને દરેક ક્ષણે નવી જ સ્ફૂર્તિ આપતો હતો કહી શકો કે આંખ મીચ્યા વગરના સતત સાતત્ય સાથેના તેમના નિરીક્ષણન હજી સુધી કોઈ જ સફળતા મળી ન હતી. એટલે કે પેલો દુષ્ટ, દુષ્ટ નહિ તો બીજું શું, ધૂમકેતુ ફરીને દેખાયો જ ન હતો. અરે અણસારનો સોમો સાર પણ નહિ.

'એ...એ...' સાસરા પક્ષના થોડાક સગાંઓના નામ લઈ ડિન ફોરસીથ અકળાઈ ઊઠ્યા, 'પાછો દેખાશે કે નહિ ?'

'દેખાશે જ,' ઓમિક્રોને ધરપત આપી, 'એને દેખાવું જ પડશે, એના બાપનો છૂટકો નથી. અને કહેવા દો કે એ આવી જ રહ્યો છે.'

'તો પછી આપણે જોઈ કેમ શકતાં નથી ?'

'કેમ કે એ દૃશ્યમાન નથી.'

'કોણ જાણે શું બકે છે તું ? દેખાતો નથી, દૃશ્યમાન નથી, દેખાશે જ, એના બાપનો છૂટકો નથી.' ડિન ફોરસીથની અકળામણ ચાલુ જ હતી, 'પણ ઓમિક્રોન ઓમિ ! જો એ આપણને ન દેખાતો હોય તો કોઈને જ નહિ દેખાય ને ? વ્હેસ્ટનમાં તો કોઈને જ નહિ દેખા દે ને ?'

'એ તો છે જ ને !' ઓમિભાઈએ આશ્વાસન ઉચ્ચાર્યું 'આપણને નહિ દેખાય તો બીજા કયા બાપાને તે દેખાવાનો છે ?'

આવા સામસામા સંભાષણો અને સ્વગતોક્તિમાં બંને અન્વેષકો અટવાયેલા ગૂંથાયેલ ગૂંચવાયેલા હતાં ત્યારે બીજી તરફ ડૉક્ટર હડલ્સનની પણ એ જ દશા હતી. તેઓ એકલા એકલા જ પગ પછાડી પછાડી નાચતા કૂદતા હતા અને અફસોસના ફુવારાઓ ઉડાડતા હતા.

બંને સંભવિત સંશોધકોને તેમના – તેમના પત્રોના જવાબ મળી ચુક્યા હતા. પિટ્સબર્ગ અને સિનસિનાટી લેબોરેટરીએ તેમના પત્ર લેખકને ખાતરી ઉચ્ચારી હતી કે, તેમની અટકળી-શોધની નોંધ વ્યવસ્થિત રૂપે લેવામાં આવી છે અને ૧૬મી માર્ચના તેમણે તેમના ટેલિસ્કોપમાંથી નિહાળેલા અગનગોળા, ગગનગોળા, ખરતા તારા, ધૂમકેતુની વ્હેસ્ટન ક્ષિતિજની માહિતી મુખ્ય દફતરમાં દર્જ કરી દેવાઈ છે પાકે પાયે.

જોકે બંને ઓબ્ઝરવેટરીએ પોતપોતાના પત્ર લેખકને વ્યક્તિગત રૂપે જ આ સ્વીકૃતિ પહોંચાડી હતી. એટલે કે બંને જણાને એકબીજાની માહિતીથી જ અજાણ જ રાખવામાં આવ્યા હતા. એથી ધારો કે કોઈક સુભગ પરિણામ આવે તો 'પહેલો કોણ ?' એ પ્રશ્ન તો ઊભો જ રહેવાનો હતો ! ઊભો થવાનો જ હતો !

બંને આશાસ્પદ અન્વેષકોને આ પ્રમાણેના આશ્વાસનથી જરાક ધરપત મળી હશે કે તરત જ તેઓ ફરીથી પોતાના નવા અન્વેષણમાં લાગી ગયા. પિટ્સબર્ગ અને સિનસિનાટીમાં તેમના કરતાં વધુ શક્તિશાળી ટેલિસ્કોપ હતા, અને જો પેલો ધૂમકેતુ ફરીથી ખરેખર દેખાયો હોત તો તેમને જાણ થયા વગર રહેત નહિ, સિવાય કે એ ધૂમકેતુ સિવાયનો બીજો કોઈ પદાર્થ હોય !

તેમ છતાં, મિસ્ટર ડિન ફોરસીથ અને ડૉક્ટર સિડની હડલ્સન કેમકે ચોક્કસ પ્રકારના વૈજ્ઞાનિકો હતા, એટલે ફરીથી વધુ ખાતરીપૂર્વકના પ્રયોગોમાં લાગી

ગયા. ઈર્ષાના સર્પનો સળવળાટ તેમના મનમાં દરુજારી પેદા કર્યા જ કરતો, જેની અસર બંને કુટુંબો પરના સંબંધો પર પડવી સ્વાભાવિક હતી.

ધરતીના પેટાળની કેન્દ્રીય હલચલ જેમ ઉપરના પડને કંપાવ્યા વગર રહેતી નથી, તેમજ બંને વડાઓની ચળ પ્રવૃત્તિ કુટુંબને ચંચળ બનાવી જ રહેતી. કુટુંબના સભ્યો કોઈક અજાણ્યા કંપની કંપારીથી વિના કારણ જ દરુજી રહેતાં.

એક જમાનામાં તો મિસ્ટર ડિન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સન વચ્ચે એટલી ગાઢ મૈત્રી હતી કે બંને એકબીજાને સૂચિત કર્યા વગર એકબીજાને ઘરે પહોંચી જતાં. ભલે અચાનક આવી પડયા હોય, તેમ છતાં સામા પક્ષને સમયસર આવેલા મુલાકાતીઓ જેટલો જ આનંદ થતો.

હા, બંને પ્રેમીઓ સતત મળતાં રહેતાં લગભગ રોજ, પણ બંનેના તન-મનમાં પેલી કંપારી કાયમ રહેતી.

જ્યારે ફ્રાન્સીસ, મોરીસ સ્ટ્રીટના સાસરવાસે હવે જતો ત્યારે ડૉક્ટર કંઈક અણગમો પ્રગટ કરતાં. જો કોઈ મિસ્ટર ડિન ફોરસીથનું નામ લેતું તો જેનીના પિતાશ્રી પહેલાં ફીકા અને પછી લાલ થઈ જતાં. પોતાની એવી અપ્રિય ઇચ્છા છુપાવવાનો પ્રયાસ કરવા છતાંય તેઓ કદીક તો ફાટી જ પડતાં.

એવો જ પ્રતિભાવ ફ્રાન્સીસના મામાજીનો રહેતો.

શ્રીમતી હડલ્સનના લાગણીપૂર્વકના સમજૂતીના પ્રયાસોને પણ કદી સફળતા મળતી નહિ. જવાબમાં પતિ મહાશય ઉચ્ચારી રહેતાં, 'તું નહિ સમજે એટલે નહિ સમજે. એ બાબતે તારી સાથે ચર્ચા કરવાનો કોઈ અર્થ જ નથી. તું એક વખત એ ફોરસીથિયાને બરાબર ઓળખે ત્યારે જ તને ખ્યાલ આવે કે હું...' વાત અધૂરી રહેવા સાથે જ હવામાનને અસર પહોંચી જતી.

ઓળખવાના કોને હતા ? ફોરસીથને કે ડૉક્ટરને ? બીજા તો બીજા, જેનો ડૉક્ટર પર પ્રભાવ હતો એ કડક લૂ પણ પિતાને સંભાળી કે સમજાવી શકતી નહિ. ક્યારેક તેને એવી ઇચ્છા થઈ આવતી કે તે શ્રીમાન ફોરસીથ પાસે પહોંચી જઈને બધી વાતનું સ્પષ્ટીકરણ અને નિરાકરણ કરે. તેનામાં એવી ક્ષમતા હતી જ, પણ ફ્રાન્સીસ તેને રોકતો. તે કહેતો, 'મામા પાસેથી પણ તને આજ જવાબ મળી રહેશે. બંને એક જ સિક્કાના બે ટિક્કા છે.'

એ અનુમાન ફ્રાન્સીસનુ સાચું હોય તેમ, શ્રીમાન ફ્રાન્સીસ અત્યારે મિત્ઝની સાથે એ જ બાબતે તતડી રહ્યા હતા.

'તું તારું કામ કેમ સંભાળતી નથી, મિત્ઝ ? શા માટે સંબંધ સંબંધનો કકળાટ કર્યા કરે છે ? સહુએ પોતપોતાની સીમામાં રહેવું જોઈએ ! અને જે વિષય ન

સમજી શકાય તેમાં ટાંગ અડાડવી નહિ જોઈએ. હું હંમેશા તારી કર્કશ-વાણી સાંભળું છું એનો અર્થ એવો નથી કે...'

'તું માથે ચઢી બેસે' જેવું પાછળનું વાક્ય નહિ બોલાયું હોવા છતાં સમજાઈ ગયું હતું.

મામાશ્રી જ્યારે આટલી હદે ખળભળી ઊઠ્યા હોય ત્યારે વાત જરૂર સીમા પાર કરી ગઈ હોવી જોઈએ, એવું ફ્રાન્સીસ વિચારવા લાગતો.

મિત્ઝને પોતાનો 'પગ' વચમાં ધર્યાનો અફસોસ જરૂર થતો. તે મામાશ્રીની સગી મા હોય એમ કહી દેતી. 'ભૂલ થઈ ગઈ બાપા. હવે કદી માથું નહિ મારું તમારા સંબંધોમાં. અને મારો પગ મારી પાસે જ રાખીશ, બરાબર છે ?'

સંબંધની જ જો વાત કરીએ તો ફોરસીથ અને મિત્ઝના સંબંધ માલિક-નોકરાણી જેવા હરગીઝ ન હતા. મિત્ઝે આટલી બોલતી શ્રીમાન ફોરસીથે જ કરી હતી, કેમકે તેઓ કદી લાંબા પ્રવચનને સહી શકતાં નહિ, અને તત્કાળ શરણાગતિ સ્વીકારી લઈને કહી દેતાં, 'તારી વાત સાચી છે મિત્ઝ ! બોલ હવે શું કહે છે ? મોઢામાં કોળિયો નાખવો છે કે નહિ ?'

મિત્ઝ એક વાત તો સારી પેઠે જાણતી હતી કે શ્રીમાન ફોરસીથના મૂડનો આધાર એમના ટેલિસ્કોપી અવલોકન પર રહેતો જો કંઈક અનુકૂળ જોવા મળે તો ખુશ, નહિ તો છુસ્સ. હા, ખરેખર છુસ્સ ! મિત્ઝ એ પણ સારી રીતે જાણતી હતી કે શ્રીમાનના ભેજાંની એકાદ નસ તૂટી જાય તો તેમને કોઈ વાંધો નથી પણ જો ટેલિસ્કોપનો દોર તૂટી જાય તો આભ જ આવીને નીચે પડે.

લાંબા, ઘણાં લાંબા સમયની સેવા બાદ મિત્ઝને ક્યારેક થતું કે પોતે વળી આવા ઘેલાવેલા વૈજ્ઞાનિકને ત્યાં ક્યાં આવી પડી ? પણ પછી વિચારતી કે માલિકોનો જે વ્યવસાય હોય તે બધાં પોતપોતાની ધૂનની ઘેલછા ધરાવતા જ હોય છે. વેપારી, ડૉક્ટર, વકીલ, શિક્ષક, લેખક કે ઈજનેર વળી સખણાં હોય છે એવું કોણે કહ્યું ? હ-હ ! નોકરી એટલે નોકરી. જ્યાં સુધી માન-સન્માન ટકાવી રાખીએ ત્યાં સુધી સારું હવે અહીંથી બીજે જવાનું ? ક્યાં છે ? એટલે જે છે તે જ સારું છે, સારામાં સારું છે. સલામતી, સુમેળ, સુલેહ, સંપ આપણે રાખવાના છે.

તેમ છતાં આ 'ભારેલા અગ્નિ'નો ફટાકો એક વખત ફૂટીને જ રહ્યો. કુટુંબના એક મજબૂત પાયા જેવા ઓમિક્રોને જ ખુલાસો કે આપણા શેઠશ્રીએ એક અદ્ભુત ધૂમકેતુને શોધી કાઢ્યો છે. એ શોધ અદ્ભુત અને અદ્વિતિય છે. શેઠસાહેબ પોતાની એ શોધથી અત્યંત ખુશ છે પણ તેમને ચિંતા રહે છે કે પેલા હડલસનિયા ડૉક્ટરે

પણ એવી શોધ કરી હશે તો ! બંને મિત્રો વચ્ચેના અંતર અને ઉચાટનું કારણ એટલું જ છે.

ઓ-હ-હો ! તો બંને દોસ્તોની વચમાં એક પથ્થર આવીને પડ્યો છે એમ ! એક આકાશી પથ્થર, આકાશમાં તરતો પથ્થર, આકાશમાં એક તરફથી બીજી તરફ દોડી જતો સરરર પથ્થર ! પણ ભલા એક પથ્થરને ખાતર બે કુટુંબોના સ્નેહસંબંધને કંઈ અવરોધી શકાય ? છોકરાંઓના ભવિષ્યનો કોઈ વિચાર ખરો કે નહિ ? શું ફ્રાન્સીસ જેનીના પ્રેમ, ઉત્સાહ, ઉત્તેજનાની વચમાં આવા પથ્થરને ઠોકી બેસાડાય ?

લૂને લાગ્યું કે બધાં ધૂમકેતુઓએ અદૃશ્ય થઈ જવું જોઈએ, આકાશના કોઈક એવા ખૂણામાં કે દુનિયાના કોઈ સંશોધક તેમને શોધી શકે નહિ.

દિવસો તો પસાર થતાં જ રહ્યા અને માર્ચ મહિનાનો અંત ભાગ આવી લાગ્યા. એપ્રિલની શરૂઆત થઈ ચૂકી. આગળ ધસમસવા લાગ્યો એપ્રિલ. લગ્નના દિવસને આવી પહોંચતાં કેટલી વાર ? શું એ પહેલાં આ વાતાવરણમાં કોઈ જ ફેરફાર નહિ આવે ?

અત્યાર સુધી તો ધારણા અને સંભાવના ઉપર જ ગાડું ખાડે ગયું છે, પણ જો ખરેખર કોઈક કંઈક દેખા દે અને બંને ડોસલાઓ સામસામા બાખડી જ પડે, માત્ર મોઢાના શબ્દોથી નહિ, હાથમાં કોઈક શસ્ત્ર લઈને ? તો તો શી પરિસ્થિતિ ઊભી થાય, તેની કલ્પના જ થઈ શકે નહિ.

આવા અજાણ્યા ભયની વચમાં પણ લગ્નકાર્ય તો ચાલુ જ રહ્યું જેમ અણગમતું થવાની શંકા હતી, તેમજ મનગમતું થવાની આશા પણ હતી જ.

લગ્નના મુહૂર્ત સુધીમાં બધું બરાબર તૈયાર થઈ જવાની ઉમ્મીદ હતી, લૂના વૈવિધ્યસભર વિશેષ પોશાક સહિત.

એપ્રિલના પહેલા પખવાડિયાનું હવામાન તદ્દન ખરાબ રહ્યું. ઘડીમાં વરસાદ, જોરદાર પવનો, વાદળોની દોડાદોડ અને ધૂંધળું વાતાવરણ, સૂરજ કે ચંદ્રને જોવાની તો કોઈ શક્યતા જ ન હતી. હવે એમાં પેલો પૂંછડિયો કે પૂંછડી વગરનો કોઈક પદાર્થ ક્યાંથી દેખાવાનો હતો ?

આવી અટપટી આબોહવાની શ્રીમતી હડલ્સન, જેની કે ફ્રાન્સીસને કોઈ ફરિયાદ ન હતી. જ્યારે લૂને તો આ સૃષ્ટિ ચટપટી કરાવતી હતી. થોડાં વાદળ, થોડો વરસાદ, નિયમિત પવન, વચમાં સહેજ તડકો ! ભૈ કેવી મઝા. કહો ને કે મઝા જ મઝા. લગ્ન માટેની જાણે ઉત્તમ મોસમ.

'લગ્નના દિવસ સુધી આવી જ આહ્લાદક મહેરબાની રહે, એવી મારી તો પ્રાર્થના છે ! હે હવામાનના ઈશ પૂરા ત્રણ સપ્તાહ સુધી આમ જ છવાયેલા રહેજો અને

બધું છે એમ રાખજો. સૂરજદાદાને આપી દો છુટ્ટી છુટ્ટી છુટ્ટી.'

લૂની પ્રાર્થના હવામાનના કોઈ ઈશ્વરે કે દેવદૂતે સાંભળી નહિ. ૧૫મી મે અને ૧૬મી મે વચમાંની રાત્રીએ ઉત્તરના પવને પોતાનું કામ શરૂ કર્યું. એ પવન વાદળોને ખેંચી જવા લાગ્યો, કોરાંઓને ઉડાડી મૂકવા લાગ્યો અને ફરફરને શાંત ખેંચી સંભાળી રમાડીને દૂર કરી દીધી. સૂરજ પોતાની પૂરી શક્તિથી ખીલી શકે એવી બધી તજવીજ પવનની મહેરથી થઈ ગઈ.

ખુશીમાં આવી જઈ શ્રીમાન ડિન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સન ફરીથી પોતાના ટાવરમાં ખૂંપી જવા લાગ્યા અને ટેલિસ્કોપને વ્હેસ્ટન/આકાશની ક્ષિતિજમાં ઠેઠ આમથી તેમ ઘુમાવવા લાગ્યા. હવે તો કોઈ અવરોધ કે આડસ હતી જ નહિ, તેમ છતાં કોણ જાણે કેમ તેઓ ૧૭મીની રાત સુધી અજાણ જ રહ્યા. બંનેમાંથી કોઈએ કંઈ જ જોયું નહિ કે જોવા પામ્યા નહિ. અને...

૧૯મી એપ્રિલના વર્તમાનપત્રમાં નીચેના સમાચાર પ્રગટ થયા :

'બરાબર પરમ દિવસે જ, રાતના નવ વાગ્યાની ૧૯ મિનિટ અને નવ સેકંડે (૯- ૧૯-૯) એક પ્રમાણમાં મોટા આકારના ધસમસતા ગગનગોળાએ પશ્ચિમના આકાશમાં એક ઝળહળતી લાલ રેખા દોરી દીધી હતી. વ્યક્તિગત રૂપે અને સ્વતંત્ર કક્ષાએ આ ધૂમકેતુ જેવા પદાર્થને વ્હેસ્ટનના બે અગ્રિમ અન્વેષકોએ સહુ પ્રથમ નિહાળ્યો હતો એટલે કે ધ્યાન ખેંચ્યું હતું. એ માટે વ્હેસ્ટન નગર ગર્વ લઈ શકે છે. પિટ્સબર્ગની ઓબ્ઝરવેટરી જણાવે છે કે ૨૪મી માર્ચના રોજ મિસ્ટર ડિન ફોરસીથે જે દિશા કોણ તથા ક્ષિતિજ તરફ ધ્યાન ખેંચ્યું હતું, તે જ કક્ષામાં એ ખરતો ખડક વિદ્યુત પ્રકાશ રેખાઓ દોરતો જણાયો અને જોવાયો હતો. અમને સિનસિનાટીની ઓબ્ઝરવેટરીના સત્તાવાળાઓ જણાવે છે તેમ, ડૉક્ટર સિડની હડલ્સને પણ તેમને તારીખ, વાર તથા આકાશી રૂપરેખા દ્વારા આ માહિતી આપી હતી. બંને અન્વેષકોની સંશોધકીય કાર્યવાહી જાગૃત પ્રકારની અને સચોટ કહી શકાય તેવી છે. અમે બંને વિજ્ઞાનલક્ષી કૌતુક ધરાવનાર એ નાગરિકોનું સન્માન કરીએ છીએ. તેમની શોધ તેમને જ નહિ, આ તરફની તમામ વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓને ઉપકૃત કરી શકશે એમાં કોઈ શંકાને સ્થાન નથી.'

❑

# ૬

# ધરતી કો આકાશ પુકારે આજા આજા પ્રેમ દુલારે !

એક બાળક કોઈક સંગીતરચના કરે અને તેના પિતાની જેમ જ એ શોધને બિરદાવે એવું કોઈ રાષ્ટ્ર દુનિયામાં હોય તો તે છે ઉત્તર અમેરિકા.

કોઈ રાજ્ય એવી અપ્રતિમ શોધ કરે તો એ રાજ્યનું માથે બેસાડી બહુમાન કરે એવું કોઈ બંધારણ હોય તો તે છે યુનાઇટેડ સ્ટેટ્સ.

કોઈ શહેર એવા અણધાર્યા ઓજસને પાથરીને ઝળહળતું બનાવી દે, અરે ધ્વજના એકાદ તારકને પણ ઝગમગતો કરી દે તો એ નગરને મહાનગરની જેમ ધન્યવાદ કરતો ધ્વજ સલામી બક્ષે છે. અને એ નગર છે વર્જીનીયા.

કોઈ પરુ કે નગર એવી ચકાચોંધ કરનારી ઇજ્જત બક્ષે તો, તેના નાગરિકો એવા સંશોધકને સમ્રાટ કે સરમુખત્યાર બનાવી દે છે, એ નગર છે વ્હેસ્ટન.

ખગોળિય આકાશની અવનિમાં વ્હેસ્ટનનો સિતારો ઊંચો ઊંચો ઊંચો દેખાઈને ઝળહળી રહ્યો હતો. સારાય રાષ્ટ્રમાં, ખંડ-ઉપખંડમાં વ્હેસ્ટન વ્હેસ્ટન થઈ રહ્યું હતું.

ઉપર મુજબનો અભિપ્રાય વ્હેસ્ટનના રહેવાસીઓનો હતો. સમાચારપત્રોમાં તેમણે જે કંઈ વાંચ્યું હતું એ વાંચીને તેમનો હર્ષોન્માદ હાથમાં રહ્યો ન હતો. તેમના જ ગામના બે નિવાસીઓ મિસ્ટર ડિન ફોરસીથ અને ડૉક્ટર સિડની હડલ્સને જે ખ્યાતિ ગામને અપાવી હતી એ જાણે કે તેમની પોતાની હતી. શોધ ! શોધ !! શોધ !!! શું વાત કરો છો, વ્હેસ્ટન પણ અનંત અમાપ અગાધ આકાશમાંથી અવરણનીય અદ્‌ભુત શોધ કરી શકે છે, હા ! વ્હેસ્ટન તો વ્હેસ્ટન છે, કોઈ જેવું તેવું નગર કે શહેર નથી.

ઘરેઘરમાંથી ઉત્તેજિત ટોળાંઓ બહાર નીકળી આવીને મોરીસ સ્ટ્રીટ અને ઇલિઝાબેથ સ્ટ્રીટ તરફ ધસમસવા લાગ્યા. જોકે આ ધસારો કરતાં ટોળાંને બંને સંશોધકો વચ્ચેની હરીફાઈ કે દુશ્મનાવટનો ખ્યાલ ન હતો. બંનેને સરખે ભાગે સન્માન, બહુમાન અને ધન્યવાદ આપવા માટે તેઓ પડાપડી કરતા હતા. તેમને મન એ બંને નામો ઈતિહાસનાં નામો હતાં, ધર્મપુસ્તકનાં નામો હતાં, દુનિયાને નવી દિશા ચીંધનારનાં નામો હતાં.

શ્રીમાન ડિન ફોરસીથ અને ડૉક્ટર સિડની હડલ્સન પોતપોતાના ટાવર પરથી આ લોકોના અભિવાદન સ્વીકારતા હતા, અને લાક એટલે શું લોકો ? વ્હેસ્ટનની વસ્તી આટલી અધધધ છે એનો તો કોઈને કદી ખ્યાલ જ આવ્યો ન હતો. કિડિયારું પણ શરમાઈ રહે એવા કસ્ટ સાથે તમામે તમામ પોતાના બુલંદ અવાજે ધન્યવાદના નારા લગાવતા હતા : 'ધન્યવાદ ધન્યવાદ, ઘણું જીવો ઘણું જીવો, અમર રહો અમર રહો, ઝિંદાબાદ ઝિંદાબાદ' દરેક નારાબાજની ઈચ્છા રહેતી કે તેનો નારો સહુથી વધુ બુલંદ રહે અને તે સંશોધકના કાન સુધી પહેલો પહોંચે.

ટોળાંઓ તો બંને સફળ વ્યક્તિઓના નામ એક સાથે જ લેતા હતા. તેમને એમાં વાંધો ન હતો. તેઓ બંનેને જુદા કે અલગ ગણતાં જ ન હતા, પણ મિસ્ટર ડિન ફોરસીથ અને ડૉક્ટર સિડની હડલ્સનની વાત જુદી જ.

પોતાના ઘર સામે પોતાના નામ સાથે હડલ્સનું નામ જોડાતું સાંભળી ફોરસીથ મનોમન ભડકી ઊઠતાં. તેઓ અત્યંત નારાજ થઈ જતાં. બોલીય ઊઠતાં કે, 'ખબરદાર જો એ ગધેડાનું નામ લીધું છે અહી તો' અને તેવી જ રીતે ડૉક્ટરના ઘરઆંગણનાં ટોળાં જો પોતાની સાથે ફોરસીથનું નામ જોડતાં, તો ડૉક્ટર બરાડી ઊઠતાં, 'કયા ખચ્ચરનું નામ જોડો છો મારી સાથે ?'

બંનેના અવાજ ટોળામાં ખોવાઈ જતાં. ટોળાં તો એમ જ સમજતાં કે અન્વેષકો આનંદ વરસાવી રહ્યાં છે, પણ અન્વેષકોનું અન્વેષણ બીજાને માટે પશુઓનાં નામ શોધવાનીય રાહ જોતું નથી. 'તમે જો એ ઊંટ, વાનર, શ્વાન, બકરાં, ઘેટાનું નામ મારી આગળ લીધું છે તો હું તમને બધાંને મારી નાખીશ, સૂટ કરી નાખીશ...' પણ ટોળાં હર પ્રકારની છૂટ લઈ ચૂક્યા હતા અને તેમને તો સંશોધકોના રોષમાં પણ આનંદ જ વરતાતો.

ઊલટું ફોરસીથ જ્યારે સિડનીનું નામ લેતાં ત્યારે પ્રશંસકો સમજતાં કે ફોરસીથ પોતાની સાથે સિડની હડલ્સનનેય યશ અપાવવાની ભલામણ કરે છે, અને જ્યારે ડૉક્ટર સિડની શ્રીમાન ફોરસીથનું નામ લેતાં ત્યારે ઉત્સવપ્રિયો સમજતાં કે, ડૉક્ટરશ્રી મિસ્ટર ફોરસીથનેય બિરદાવવા માગે છે. કેવા અભિન્ન અદકેરા અને પ્રિય મિત્રો છે બંને.

પણ આ બધી બહારના કોલાહલની વાત હતી. કોલાહલ ખુશીનો હોય શકે છે, [illegible]થી વિરુદ્ધનોય શક્ય છે.

અન્વેષકોના ઘર કુટુંબની અંદરની વાત બીજા જ પ્રકારની હતી.

ડૉક્ટરના ઘરે શ્રીમતી હડલ્સન અને જેની પડદાની પાછળ સંતાઈન આ દૃશ્યો નિહાળતા હતા. તેમને ડર હતો કે આ અભિનંદનને લઈને જ ઘટના દુર્ઘટનામાં

ફેરવાઈ અતિનંદન બની રહે નહિ તો સારું. આજ સુધી બે મહાપુરુષના અંતરનો દાહ, ભડકો થઈ જાહેરમાં આવી ગયો તો પછી ઈશ્વર બેલી.

તો તો પછી પરણવા તૈયાર થયેલી પુત્રીનું શું થાય ? અને જમાઈનું ? એ રોમિયો-જુલિયટ તો એવા એક તાન થઈને અધીરાં બન્યાં હતાં કે મિલનઘડીની ઘડીઓ ગણતાં હતાં.

લૂના આક્રોશની વાત ન પૂછો, તે તો બારીની બહાર ઊછળી પડી. મૂરખ બનેલા લોકો પર તૂટી પડવા માગતી હતી. તે આજુબાજુ કોઈક મોટો હોઝ-પાઈપ પણ શોધી આવી કે જેથી બહારના ધાડા પર ઠંડું પાણી વરસાવી તેમને ટાઢા બોળ કરી દે, પણ બાવરી બનેલી વ્યક્તિને ભાગ્યે જ કંઈ જડે છે. માતા તથા બહેન તેને વખતોવખત શાંત રાખવાના મિથ્યા પ્રયાસો કરતી, જેનો સણસણતો જવાબ તેમને સાંભળવો પડતો, 'હું શાંત રહું, શાંત રહું, આવા સંજોગોમાં ? પણ નહિ, હું એ બધાંને બદ્ધાંએ બદ્ધાંને ખતમ કરી નાખીશ. અહી ને અહી જ. કોઈ અહીથી પાછું નહિ જઈ શકે.'

ફ્રાન્સીસની દશા પણ લગભગ લૂ જેવી જ હતી. તેને થતું કે, મામાશ્રી અને ઓમિક્રોન જાતે જ ઉપરથી નીચે ઊતરી આવવું જોઈએ. શા માટે તેઓ મૌન કે શાબ્દિક હાવભાવ અને અભિનય ઉછાળ્યા કરે છે ! અને મિત્ઝ, વાંસવાળું લાંબું ઝાડુ લઈ બધાંની સફાઈ કરવા ઇચ્છતી હતી. જેમ એક બાજુ લૂને શાંત કરવી સરળ ન હતી, તેમજ આ બાજુ મિત્ઝને પણ ઝાલવી સહજ ન હતી. તેનો અવાજ તેના વાસણો કરતાં ઘણો મોટો હતો. જે વાસણોમાં આજ સુધી ચટપટી રસોઈ બનાવી તેણે ફોરસીથ કુટુંબને તૃપ્ત કર્યું હતું, એ જ વાસણોનો તે શસ્ત્ર સ્વરૂપે ઉપયોગ કરવા માગતી હતી. બિચારા ફ્રાન્સીસની, એ વાસણો મિત્ઝના હાથમાંથી પાછા મેળવવાની કવાયત મોટે ભાગે નિષ્ફળ જ જતી. ફ્રાન્સીસની દલીલ એટલી જ હતી કે, 'મિત્ઝ, એ બધાં મામાશ્રીનું અભિવાદન કરવા છે. શું કોઈ ખુશી વ્યક્ત કરવા આવે, તેમનું આપણે ઝાડુ કે વાસણથી સ્વાગત કરી શકીએ ?'

'સન્ની… સન્ની…' જાતે જ થાકેલી મિત્ઝ કહે, 'આ લોકો તો હવે ખરેખર ગાંડા જ થઈ ગયા લાગે છે.'

'હું સહમત છું તમારી સાથે મિત્ઝ, પણ લોકો તો લોકો છે.'

'અરે પણ આકાશમાં અટવાતા એક પથ્થર માટે આટલો ઉછાળો ? શું એવા નાના-મોટા ગોળ બેડોળ ચગડોળ પૃથ્વી પર નથી હોતા ?'

'હોય છે મિત્ઝ હોય છે, પણ આકાશમાં ઊડતાં દોડતાં સરરરર સરકતા.'

'સરરરર ને ફરરરર, એ ધૂમ… ધૂમક…'

'ધૂમકેતુ.'

'હા. એ ધૂમકેતુને બીજું કરવાનું શું ? આમથી તેમ અને તેમથી આમ. મને એમ થાય છે, થાય છે કે એ જાડો પાડો મોટો ધૂમ ગોળમટોળ પથ્થરિયો આ લોકો ઉપર જ શા માટે પડતો નથી ? આમાંથી અડધાં તો એ પ્રહારથી કચડાઈ મરે કે નહિ સની?'

'એથી વધારે.'

'તો પછી ભલે એ આકાશી જગનગોળો.'

'ગગનગોળો.'

'એ જે હોય તે, એ બધાં પર ફાટી પડતો નથી, અને આપણાં કુટુંબ ઉપર જ શા માટે નિશાન તાકે છે ?'

'એ વાત સાચી છે મિત્ઝ', ફ્રાન્સીસે કહ્યું, 'અને ઘણી મોટી છે. એ ધૂમકેતુની પૂંછડી આપણાં કુટુંબો પર આગ વરસાવે એ શક્ય છે.'

'હેઈ હોઈ ઓઈ, વાહ, ઢમ ચક ઢમ, ઢમ ધમાધમ ઢમ' ફ્રાન્સીસના શબ્દો લોકોના નવા નાચગાનના સ્વરમાં દબાઈ ગયા.

શા માટે બંને જૂના ગાઢ મિત્રો એ ગોળાના બે સરખા ભાગ કરીને અંદર અંદર વહેંચી લેતાં નથી ? એ દૂર જતો રહે કે હાથ લાગે, તોપણ એનાથી ફાયદો શો છે ? હાથમાં તો કોઈ લાડવા આવી જવાના નથી. ખાલી નામ ખાતર, પૂંછડે લગાડેલા નામ ખાતર આટલું વૈમનસ્વ ? એ ગોળાની એક બાજુ ફોરસીથનું નામ અને બીજી બાજુ ડૉક્ટરનું નામ ચોંટાડી દે તો શો વાંધો આવવાનો હતો ? આ શેરીનો પાટિયાંઓ ઉપર જ જુઓને, બે બાજુ બે નામ નથી હોતા ? અરે, બે શું ત્રણ-ચાર નામો હોય છે. કોણ જાણે, શું કામ. આ બંને શાણાઓ એક આકાશી પાણા પાછળ મારવા-મરવા પડ્યા છે ? અરે, રાહ જોઈને બીજો પાણો શોધી કાઢે !

વિચારવા બેસીએ મિત્ઝની જેમ, તો એ વાતેય ખરી હતી. એ સિવાય પણ આ ધૂમકેતુ દૃષ્ટિએ પડી ગયો એ એક સંયોગ હતો. સંયોગ જ વળી. અકસ્માત જ કહોને ! ટેલિસ્કોપમાં ચોવીસ કલાક આંખ ખૂંપાવીને બેસો તો કઈકનું કંઈક તો દેખાવાનું જ છે. રોજ રાતના આવા તો કંઈક સેંકડો હજારો પથરાઓ આકાશમાં આમથી તેમ દોડતા હશે. ગણ્યા ગણાય નહિ. દેખાય કે ન પણ દેખાય. ઘડીક ઝબકારો બતાવે અને પછી ક્યારેય જોવા ન મળે. એક રાતમાં પૃથ્વીના આકાશમાંથી આવા કંઈક ખરતા સરતા તારાઓ પથરાઓ પદાર્થો દોડ્યા કરતાં હોય છે. ઓમિક્રોનના કહેવા મુજબ તો આવા અગણિત ઝળહળતાં પદાર્થો અવનિમાં તરતા હોય છે. ન્યૂટનના કહેવા મુજબ તો દોઢ કરોડ જેટલા આવા પ્રકાશિત પદાર્થો છતી આંખે જોઈ શકાય છે.

'જ્યારે પરિસ્થિતિ આવી છે…' વ્હેસ્ટનના એકમાત્ર હાસ્ય-કટાક્ષ દૈનિક વ્હેસ્ટન-પંચ લખે છે, 'ત્યારે એકાદ ઝબકતો તારો પૂંછડી વગરનો કે પૂંછડીવાળો,

ગોળો કે ગગનગોળો, ધૂમકેતુ જ કહોને, શોધી કાઢવો એ કંઈ બહુ મોટી વાત નથી. ઘઉંના ખેતરમાંથી એકાદ મોટો ઘઉંનો દાણો છૂટો પડેલો હાથમાં આવી જાય તેવું જ કહી શકાય. અને આપણાં બે ગ્રામવાસી સંશોધકો જાણે કોઈ મોટી ધાડ મારી હોય એમ જોરજોરથી ઢોલ વગાડી રહ્યા છે. જે શોધમાં કઈ નવું શોધાયું જ નથી, એ શોધ માટેની આટલી હો-હા આપણી બુદ્ધિશક્તિનો ખ્યાલ આપે છે.'

પંચના પરિહાસની વાત જવા દો, કેટલાક ગંભીર વર્તમાનપત્રોએ તો એ શોધના વૈજ્ઞાનિક કારણ અને તારણ જ શરૂ કર્યા હતા. તેમણે તેમની વિજ્ઞાનની લેખમાળાઓમાં સચિત્ર સ્વરૂપે ખરતા તારા, તરતા પથ્થરો, દોડતા ધૂમકેતુઓ વિષે અભ્યાસી લેખો શરૂ કર્યા હતા. પોતાના વિજ્ઞાન-જ્ઞાનની આજ તક છે, અને એ જ્ઞાન બીજાઓ કરતાં ચઢિયાતું છે અથવા પરિપૂર્ણ છે, એ સાબિત કરવા તેમણે જૂના નવા કંઈક ધૂમકેતુઓને ઉપરતળે કરી નાખ્યા.

વ્હેસ્ટન સ્ટાન્ડર્ડના કેપ્લરે લખ્યું, 'કોઈક અવકાશી સંઘર્ષીય ઘટનામાંથી આ ઘસારામાંથી આવા પ્રકાશવંત પદાર્થો બ્રહ્માંડમાં ફેંકાતા હોય છે. તેમને મળેલા ધક્કા મુજબ તેઓ દડાની જેમ ફેંકાય છે, ફેંકાઈને ધસમસતા રહે છે. કદીક વધુ સમય તો કદીક થોડો સમય, પોત પોતાની શક્તિ મુજબ.'

પ્લુટાર્ક-ટાઈમ્સના પેન્ટવીલના અનુમાન મુજબ, 'આવા નાના મોટા ધૂમકેતુઓ કદીક જાણી-અજાણી અજબ-ગજબની કંઈક મિશ્રધાતુઓ ધરાવે છે. ગુરુત્વાકર્ષણનાં પરિબળો મુજબ એ ધાતુ પિંડો ખેંચાણ અનુભવે છે. તેમાં રહેલી ધાતુઓ પણ તેમના ગુરુત્વાકર્ષણની ગતિને નિર્ધારિત કરે છે. મોટે ભાગે તો આ પિંડો સર્વ સામાન્ય ધાતુઓ જ ધરાવે છે પણ તાંબાની બહુમૂલ્યતા કે અલગ પ્રકારના કાચા નીકલના જથ્થાનીય તેમાં સંભાવના ખરી જ. કેટલાક તો વળી પ્રાથમિક સ્વરૂપે સાવ લોખંડી-પોલાદી પદાર્થો જ ધરાવે છે. મૂળ પદાર્થના તૂટી પડેલા અહીંતહીં પડેલા ખંડોની ધાતુને કદી હવામાને પણ કાટ ચઢવા જેવી અસર કરી નથી. ધરતીના ભૂતળમાં જાણી-અજાણી જગાએ જાણી-અજાણી રીતે પટકાયેલા આ ધાતુપિંડો ક્યારેક બદામ-મગફળી જેવડા નાના હતા તો ક્યારેક રમતના દડા જેવડા મોટા રહ્યા છે, જે એટલા કઠણ સાબિત થયા છે કે કોઈક રીતે ભાંગી ફોડી તોડી શકાય નહિ.'

વ્હેસ્ટન સ્ટાન્ડર્ડ અને ડેઈલી વ્હેસ્ટનનું મંતવ્ય વિસ્તૃત અને લગભગ સમાંતર હતું :

એપોલોનિયાના ડાયોજીનસ નોંધે છે તેમ, વિચિત્ર આકાર પ્રકારનો ઘંટીના પડના વજનનો પદાર્થ એજોસ્પોટેમોસ નગરથી દૂર પડયો ત્યારે લોકો હચમચી ઊઠ્યા હતા. જો એવો જ ધાતુ-પથ્થર સેઈન્ટ એન્ડ્રુઝ દેવળ પર તેની પૂર્ણ ગતિથી પડે તો ઇમારતનું ટાવરિયા નિશાન ધરાશયી થયા વગર રહે નહિ. કદીક વળી આખા

દેવળનેય જમીનદોસ્ત કરી નાખે. અમને જો કહેવાની છૂટ મળે તો કહી શકીએ કે ખ્રિસ્તી-યુગ પહેલાં પણ આવા ગોળાઓ બ્રહ્માંડની અજાણી દિશામાંથી પૃથ્વી પર ઝીંકાયા છે. ત્યારે તેમને સળગતા દોડતાં પૂંછડિયા પથ્થરો તરીકે જ ઓળખવામાં આવતા. ગૅલેટિયાના સાયબેલમાં પડેલા આવા બળબળતા ગોળાનો ઉલ્લેખ છે, જેને પાછળથી રોમ અને સિરિયા લઈ જવામાં આવ્યા હતા. એ ઈશ્વરીય ચિહ્નો પછી તો 'સૂર્ય' સ્વરૂપે જ પૂજાતા રહ્યા. મક્કામાં જે કાળા પથ્થરની પૂજા થાય છે એ પવિત્ર પથ્થર પણ ન્યૂમાના શાસનકાળ દરમિયાન પૃથ્વીને ભેટ મળેલ ઈશ્વરીય પદાર્થ જ મનાય છે ને ! અંથમારની પૂજનીય તલવાર આવી અવકાશી ભેટનું જ એક વક્રાકાર રૂપ હશે !

ખ્રિસ્તી યુગની શરૂઆત સાથે તો એવા આકાશમાંથી આવી પડતાં ગોળા-પદાર્થોની નોંધ રાખવી પણ શરૂ થયેલી છે. આલ્સેઈસના એનશિશમ પરગણા પર આવી પડેલી બસો રતલની આવી કાળમીઢ શિલાનો ઉલ્લેખ છે. પ્રોવીન્સના મોન્ટ વેઈસન વિસ્તારમાં માનવીના માથાના આકાર-પ્રકારનો ગોળો ઝીંકાયો હતો તેનો વેગ પ્રચંડ હતો, તેનું વજન ભારે હતું. મેસેડોનિયાના લારિનિ લત્તા પર પટકાયેલા અદ્‌ભુત પદાર્થનું વજન તો બાવન રતલ જેટલું હતું, જેમાંથી વધુ પ્રમાણમાં ગંધકની ગંધ આવતી હતી. ૧૭૬૩માં ચારટ્રીસના લ્યૂસ સીમાઓ પર પડેલો ખરબચડો ગોળો એટલો તો ધગધગતો અને ગરમ હતો કે ધરતીમાં ઊંડે ધરબાઈ ગયા પછી પણ તેનો તાપ ઓછો થયો ન હતો. ૧૨૦૩માં લેઈગલના નોરમન નગરમાં ઝીંકાયેલા 'બર્નિંગ બોલાઈડ' _ સળગતા ધૂમકેતુનું વર્ણન આ પ્રમાણે છે :

બપોરે એક વાગે. આકાશ એકદમ સ્વચ્છ હતું. ત્યારે એક ઘણાં મોટા આકારનો ગગનગોળો દક્ષિણ-પૂર્વથી ઉત્તર-પશ્ચિમ તરફ હવાને વીંઝતો, પવનના નવાં મોજાંઓ ચીંધતો પસાર થઈ ગયો હતો. થોડા સમય પછી જ આકાશ વાતાવરણમાં એક પ્રચંડ ધડાકો થયો હતો જે દૂર દૂર સુધી સંભળાયો હતો. પાંચથી છ મિનિટ સુધી સર્જાયેલા કાળાં વાદળે વાતાવરણને ઘેરું બનાવી દીધું ક્યાં સુધી એ ઘુમ્મ કાળું વાદળ ત્યાં ને ત્યાં જ સ્થિર રહ્યું હતું. આ પહેલાં પ્રચંડ મુખ્ય ધડાકા પછી બીજા અનેક નાના-મોટા ધમાકા થયા હતા અને પછી લશ્કરી બંદૂકોની ગોળીઓ છૂટે એમ સરેરાશ અવાજો આવતા રહ્યા હતા. બે લશ્કરો સામસામા ગોળીબાર કરતા હોય એવો ભાસ થતો હતો. દરેક ગોળી વાદળની બહાર એક તિક્ષ્ણ-તીવ્ર આગ જેવી દિશા દોરી દેતી હતી. તે સિવાય બીજો કોઈ અગ્નિ દેખાયો વરતાયો પરખાયો ન હતો. કોઈ મુખ્ય પ્રચંડ અગનજ્વાળા નહિ. નાની નાની તપેલી લખોટી જેવડી હજારો ધાતુ-વાહિનીઓ ફેંકાતી રહી. એ પથ્થરિયા લખોટી આસરે ૧૧ કિલોમીટરના પ્રદેશમાં ફેલાઈ પછડાઈ હતી. તેમાંથી અગનઝાળ નીકળતી ન હતી પણ જરૂર બહાર આવતી હતી. થોડા દિવસ પછી એ પથ્થરિયા ધાતુની લખોટીઓ અદ્‌ભુત રીતે કઠણ અને સખત માલૂમ પડી હતી.

ધી ડેઈલી વ્હેસ્ટને આ ઘટનાને મુખ્ય બનાવી તેની પર વધુ વિગતો આપે રાખી અને તંત્રીલેખ પણ લખ્યો.

બીજા વર્તમાનપત્રો પણ પોતપોતાની રીતે આ આકાશી ઘટનાને જુદી જુદી રીતે ચગાવતા જ રહ્યા. છાપાંઓ સ્પર્ધા ખાતર પણ એક લખે તે લખવા, તેથી વધારે જણાવવા તત્પર રહેતા હોય છે. એક રીતે તો એ સમયગાળો ધૂમકેતુ-યુગ જ બની રહ્યો.

ડેઈલી વ્હેસ્ટન અને વ્હેસ્ટન ન્યૂઝે પડેલા એ ગોળાનો આકાર ચંદ્રથી બમણો જણાવ્યો. ઉપરથી માહિતી આપી કે ૧૨૫૪માં આવો જ દોડતા અગનગોળો હરવર્થ, ડર્લીંગટન, ડરહામ ડન્ડીના આકાશમાંથી પસાર થઈ ગયો હતો. તે ક્યાંય પડ્યાનો ઉલ્લેખ નથી પણ તેની લાંબી ઝગમગતી પૂંછડી હતી, સોનેરી રંગ, પહોળો આકાર, તીર જેવી નિર્ધારિત નિશાન-ગતિ અને આકાશી રંગની એવી વિરોધાભાસી રંગ પ્રક્રિયા હતી કે જોવામાં સ્પષ્ટતા અનુભવાતી હતી.

વધુમાં ફરીથી જણાવ્યું હતું કે એ હરવર્થ અગનગોળો ફાટ્યો ન હતો. તો ફ્રાન્સમાં ૧૪મી મેના રોજ નજરે પડેલી આવી જ અગનરેખા ફાટી હતી અને ફાટતી રહી હતી. માત્ર પાંચેક સેકંડ જ દેખાયેલા આ દોડતા દાવાગ્નિએ આકાશમાં દોરેલા છ ડિગ્રીના ધનુષની વિશાળતા લાંબે સુધી સંઘરાઈ રહી હતી. પહેલાં માત્ર આગ લાગતી એ જ્યોત રેખા પછીથી લીલી, ભૂરી નજરે પડી હતી અને અંતમાં ઝગઝગતાં ધવલ રંગમાં શોભી ઊઠી હતી.

ત્યારબાદ ધડાકો સંભળાયો ત્યારે અવાજની ગતિને લક્ષમાં લેતાં તે ૬૦થી ૭૦ કિલોમીટર દૂર હશે એવો અંદાજ કાઢી શકાયો. ત્યારનાં સાધનો વડે જે ગણતરી થઈ હતી તે મુજબ એની ગતિ સેકંડના ૧૩૦ કિલોમીટરની હતી, ધરતીથી આકાશની તેની ૧૫૦૦ ફૂટની ઊંચાઈ હતી. સૂર્ય ફરતે ધરતી ફરે છે, એ ગતિ કરતાં આકાશી પદાર્થની ગતિ ઘણી વધારે ઝડપી હતી.

પોતે રહી ગયા હોય એમ વ્હેસ્ટન મોર્નિંગ અને પછી વ્હેસ્ટન ઇવનિંગ પોતે વિશેષ માહિતી આપતાં હોય એમ વાચકોને જણાવ્યું હતું :

સાઈબિરિયામાં દેખા દીધેલા એક આવા જ પ્રકારના પથ્થરિયા ધાતુપિંડનું વજન ૧૦૦ કિલોથી જરૂર વધારે હતું. બીજાએ બ્રાઝિલમાં દેખાયેલા ધાતુગ્રંથનું વજન ૬૦૦૦ કિલોગ્રામ જણાવ્યું તો ત્રીજાએ એનું વજન ૧૪,૦૦૦ કિલોગ્રામ અંદાજી દીધું હતું. આ વજનની સાબિતી માટે ઓલિમ્પસના ટ્યુકુમાનનો હવાલો અપાયો હતો. વળી ચોથાએ મેક્સિકોમાં ડુરાન્ઝે ખાતે ઝટકાયેલા આવા પાષાણપિંડનું વજન ૧૯,૦૦૦ કિલોગ્રામ જાહેર કર્યું હતું.

વ્હેસ્ટોનિયનના વાંચકો પહેલાં તો કૌતુકથી બધું વાંચતા સાંભળતાં ચર્ચતા રહ્યા, પણ પછીથી એક જાતનો ભય પણ અનુભવતા રહ્યા. કોઈક પ્રકારની અણજાણી ચિંતાથી તેમના તન-મન દરૂજતા રહ્યા. પોતાની રીતે જ વિચારતા અને કલ્પનાના ઘોડા ઉડાડતા નાગરિકોની ધારણા હતી કે શ્રીમાનો ફોરસીથ અને હડલ્સને શોધેલો ધૂમકેતુ ટ્યુકમેન કે ડુરાન્ઝોથી મોટોય હોઈ શકે. સંભવ છે કે આજનો એ અગ્નિપિંડ આકાશની પંદરસો ફીટથી ઓછી ઊંચાઈએથી પણ પસાર થયો હોય ! અને જો એ ધૂમકેતુ વ્હેસ્ટન ક્ષિતિજ પરથી પસાર થયો હોય તો વ્હેસ્ટન તેની ભ્રમણકક્ષામાં ખરું જ. જો તેમજ હોય તો ધૂમકેતુનું પુનરાગમન નક્કી જ ખરું કે નહિ ?

ધારો કે, હા હા ધારો કે, એના એ ભ્રમણમાં એ કેટલાક મણનો કે મણમણનો ધૂમકેતુ જો વ્હેસ્ટન પર ત્રાટકે, તૂટી પડે તો... તો વ્હેસ્ટનનું શું થાય તે તો ભગવાન જ કહી શકે. એથી અત્યારે જ નગરવાસીઓને એના પરિણામ વિષે જણાવવું જ રહ્યું અત્યારે જ, કેમકે પછી ક્યારેક તો મોડું જ થયેલું કહી શકાય. આવા જીવંત ધસમસતા ગોળા કે અગનગોળા વિષે બધાએ માહિતગાર હોવું જ રહ્યું. અજાણ્યા ટિચાઈ મરે, જેવી ઉક્તિ અહી સાચી પડી શકે.

એટલે ફરીથી એ બધી વાતો તાજી કરવી, તાજી રાખવી જરૂરી છે.

એટલે જથ્થાને ગતિ સાથે ગુણવામાં આવે, સાથે જ જોરથી પડતા પટકાતા આકાશી પદાર્થના નિયમ કે કાનૂનને લક્ષમાં લેવામાં આવે ! ધારો કે આવી પડતો એ પદાર્થ ચાર હજાર કિલોમીટરની ઊંચાઈ પરથી પડે છે, અને તેની ઝડપ એક સેકન્ડના ત્રણ હજાર મીટર જેટલી હોય, એટલી તો હોય જ તો. જ્યાં તે પડે એ પૃથ્વીની સપાટીનું શું થાય ? માત્ર સપાટી જ નહિ, વર્તૂળાકાર વિસ્તારની સપાટી.

વ્હેસ્ટન પ્રેસે પોતાની એ નાગરિકી ફરજનો પણ ઉલ્લેખ કર્યો જ કે બીજા કોઈ વર્તમાનપત્રોએ આ ગણિતિક ઘટનાને ન્યાય કેમ આપ્યો નહિ હોય ?

આવી વાતો પ્રગટ થતાં જ વ્હેસ્ટન વસ્તીમાં ઉત્તેજના ફેલાઈ ગઈ. બધે એક જ વાત, ધૂમકેતુ ધૂમકેતુ એ આવ્યો. આ આવ્યો. આમથી આવ્યો, આ તૂટી જ પડ્યો સમજોને ! એ દ્વિધા ભરેલી ચિંતા ચોકઠે ચબૂતરે થતી જ અને ઘર કુટુંબમાંય થતી.

મહિલાઓ તો આવી પડનાર ધરતીકંપથી તૂટતાં મકાનો અને દેવળોનો જ ખ્યાલ કરી શકતી. સ્ત્રીઓ જ્યારે એવી ભયજનક જમીનદોસ્તી કલ્પના કરીને પુરુષોને પૂછતી, 'ત્યાર શું કરીશું ?' એટલે કે, 'કેવી રીતે બચીશું ?' ત્યારે પુરુષો ખભા ઉલાળતા, કેમકે તેમની પાસેય કોઈ જવાબ કે ઉપાય ન હતો. આવી અજાણી આકાશી આફત કદી આ ધરતી પર આવી જ ન હતી, તેમની હયાતિમાં તો નહિ જ.

અગાઉ જેમ અવકાશી સંશોધકો જ માત્ર ટેલિસ્કોપમાંથી જોતાં તેમ હવે પ્રત્યેક વ્હેસ્ટનવાસી આકાશી ક્ષિતિજ તરફ મીટ માંડવા લાગ્યા. દિવસ હોય કે રાત, નજર ઉપર. દિવસ કરતાં રાતના વધારે જાગૃતિ. આકાશ ચોક્ખું હોય કે વાદળ-છાયું, નજર તો ઊંચી ને ઊંચી જ. વળી કોઈક આકાશી હાલતાચાલતા પદાર્થને નિહાળી બૂમ પાડી ઊઠતું 'જુઓ તો ત્યાં, કંઈ આવે છે ?'

આ તરફના વિસ્તારમાં આટલા જથ્થામાં ફિલ્ડગ્લાસ કયારેય વેચાયા ન હતા. જે થવાનું હોય તે થાય, એમ વિચારીને વેપારીઓ દૂરબીનો ખડકવા લાગ્યા. નાના મોટા બધાંનાં ગળામાં દૂરબીન લટકતાં જ હોય અને કોઈક અણસાર થયો નથી કે બધાં આંખે દૂરબીન ચોંટાડી ઉપર જોતાં જ થઈ જાય !

એ પથ્થર, એ ગોળો, એ પૂંછડિયો અગન પ્રવાસી, એ ધૂમકેતુ પાછો ફરશે કે નહિ, તેની કોઈને ખબર ન હતી પણ બધાં હેબતાઈ ગયા હતા. ગમે ત્યારે ત આવશે, આવી શકે છે, એ ત્રાટક્યો જ સમજોને !

ના, માત્ર વ્હેસ્ટનની જ આ દશા ન હતી. આજુબાજુનાં ગામ નગરોનો ભય વિસ્તાર પણ વધતો જતો હતો. એ વર્તુળમય રેખા ધીમે ધીમે મોટી ને મોટી થતી જતી હતી. પણ કેન્દ્ર સ્થાન તો વ્હેસ્ટન જ. એટલા ખાતર કે ધૂમકેતુએ પોતાની પૂંછડી સહુ પ્રથમ વ્હેસ્ટન પર ઝાપટી ખંખેરી હતી.

અને તેમ છતાં પેલું એકમાત્ર છાપું આ આખી ઘટનાને ગમ્મતની રીતે નિહાળતું હતું, જેણે અગાઉ આ વિષયની મજાક ઉછાળી હતી. તેણે થોડાક હળવાશ સાથે પણ આરોપ મૂકી જ દીધો હતો કે વ્હેસ્ટનવાસીઓને માટે આ ભયનું વાતાવરણ ઊભું કરનાર પેલા બે કહેવાતા ખગોળશાસ્ત્રીઓ કે આકાશી સંશોધકો જ છે.

એ વર્તમાનપત્ર પંચે કેટલાક ધારદાર પ્રશ્નો પૂછ્યા હતા :

એ બંને શ્રીમાનોને આખો વખત સતત અને કામધામ છોડી દઈને ટેલિસ્કોપમાં ખૂંપી જઈ આકાશ તરફ જોયા કરવાની શી જરૂર હતી ?

એ હક્ક તેમને કોણે આપ્યો ?

તેમણે એ માટે કોઈ જરૂરી પરવાનગી લીધી હતી કે નહિ ?

જો ન લીધી હોય તો પોતાના દૂરદર્શનથી આકાશી તારા સિતારા ગ્રહોને અડપલાં કરવાનો તેમનો શો આશય હતો ?

એમણે સામે ચાલીને જ આકાશને છંછેડેલું નહિ કહી શકાય ?

એ કામ માટે બીજા કોઈ વધુ ક્વોલીફાઈડ અનુભવી તારક વિશેષજ્ઞો હતા ખરા કે નહિ ?

જો સરકારી ઓબ્ઝરવેટરી જેવા અધિકૃત નિપુણો એ કામ કરતા હોય તો પછી તેમનાં કામને અવગણીને, પોતે વધુ હોશિયાર છે એમ મનાવી આવા અજબ કામમાં એ મહા(?)પુરુષો, મહાન(?) વૈજ્ઞાનિકોને ટાંગ અડાડવાની શી જરૂર ?

કુદરત કુદરતનું કામ કરે જ જાય છે. કદી એમાં જરાય ચાંચૂં થઈ ? સૂરજ વધારે ઓછી ગતિથી દોડ્યો ઊડ્યો કે પડ્યો ? ચંદ્ર પોતાની ધરી છોડીને વધુ નજીક આવવા તત્પર થયો ? તારાઓ આંખ મિંચામણાં કરે છે, એ તેમનો સ્વભાવ છે, પણ કદી તેમણે આંખો કાઢી માનવજાતને ડરાવવાનો પ્રયાસ કર્યો ખરો ?

કુદરત એક વ્યવસ્થિત પ્રકૃતિ છે. શિસ્ત અને શરમાળપણું તેના સદ્‌ગુણો છે. તેને ગોદા મારી ઝાપટવાનો શો અર્થ ? જો તેમ કરવામાં આવે તો આકાશી વિશ્વ નારાજ થયા વગર રહે કે ? નારાજ કદાચ ન થાય પણ તેમની પ્રકિરયામાં તો ખલેલ પહોંચે જ ને ? અને એકાદ પદાર્થ છૂટો ન પડી શકે ?

હા, વ્હેસ્ટન ભયમાં છે સણસણતા સંકટમાં છે જ, સન્નિપાતને કારણ છે જ. આગ, તોફાન, વા-વંટોળિયો કે ચોરીલૂંટ માટે વીમા ઊતરે છે. આમ આભ ત્રાટકે તેને માટેનો વીમો કોણે ઉતાર્યો છે ?

ધારો કે, હા, આ બધી વાતો ફરી ફરીને ધારવી જ પડશે, જ્યાં સુધી સાચી આફત ન આવી જાય ત્યાં સુધી ધારણાના પારણામાં જ જગતને દરૂજ્યા કરવાનું રહ્યું. ધારો કે એ પથ્થર વ્હેસ્ટનના મુખ્ય દેવળથી દશ ગણો મોટો હોય, પહાડ જ કહોને ! હા, એ પહાડ પૂરી ગતિથી અકલ્પીય વેગીલી શક્તિથી જો વ્હેસ્ટન પર ત્રાટકે, ઝીંકાય, પટકાય, પેસીને બહારની સૃષ્ટિ સાથે જ જમીન અંદર ઊંડે ઊંડે ધસમસી જાય તો શું થાય ? હા હા, તો શું થાય ? અને ધારો કે એવા એક પહાડી પદાર્થ સાથે બીજા નાના મોટા અનેક ધાતુપંડો કે પાખંડી પાષાણો હોય, અને બૉમ્બ વર્ષની જેમ લશ્કરી ગોળીબાર સ્વરૂપે ધણધણે તો શું થાય ?

વિનાશને કોઈ નિવારી શકે તેમ નથી એમ જ લાગે છે, પ્રલય આવ્યો છે કે આવી જ રહ્યો છે. કદાચ ધર્મ પુસ્તકોએ પણ આવી પ્રલય આગાહી પોતાની રીતે કરેલી જ છે.

આ વિપ્લવકારી મહાવિનાશમાંથી બચવાનો ઉપાય દરેક જીવે પોતાની રીતે કરવો પડશે. કેમકે પેલા ખ્યાતિલોલુપ અન્વેષકો કંઈ જ કરી શકશે નહિ. એમને એ વિષેનું જ્ઞાન જ નહિ હોય. બિલાડી જો શિકાર પર ત્રાટકે છે તો પછી શું થશે, એ વિષય એનો નથી, જવાબદારીએ એની નથી. શીકું તૂટે, પડે, ભાંગે, ફૂટે, ઢોળાય, ખરડાય એની સાથે બિલાડીને શી લેવાદેવા ? આકાશી શીકું તોડનારે તોડી પાડ્યું. હવે તમે જાણો ને તમારી દુનિયા જાણે. સબ સબકી સમાલિયો મેં મેરી સમાલતા હૂં ! અને મૈં જો મારી જ નહિ સમાલી શકું તો પછી તમને શું સંભાળવાનો છું ?

ગામના જાગૃત લોકો ફરીથી એ જ સવાલ પૂછે છે. પેલા ડહાપણના ભંડારા શ્રીમાન ફોરસીથ અને હડલ્સનને ઘરમાં ભરાઈ રહેતા શું થયું ? ઘર સુરક્ષા અને શાંતિ માટે છે કે છાપરી ઉપર નાચવા માટે ? હાલતાં ડોલતાં નાચતા કૂદતા સળગતાં નહિ – સળગતાં પૂંછડાવાળા કે પૂંછડાં વગરના પથ્થરો પહાડો ધાતુપિંડો કે ખરતા તારાઓ આકાશમાં દોડાદોડી કર્યા કરે તો છો કરે. એમાં એ ફોરસીથિયા હડલ્સનિયાના પિતાશ્રીઓનું શું લૂંટાઈ જતું હતું ?

ગુનેગારો એ બે જણા જ છે. જો વ્હેસ્ટન વિનાશ પામશે કે ધરતી પરથી નાબૂદ થઈ જશે તો તેની બધી જવાબદારી એ દોઢ-ડહાપણિયાઓની રહેશે. શેતાન પણ જેવા સૂસવાટા ભરેલા શાપ ન વરસાવે. એવા સણસણતા શ્રાપ એ બે અદક પાંસળિયા અધીરા અધૂરા અન્વેષકોએ વરસાવ્યા છે.

અમે અમારા વ્હેસ્ટન પંચના સુજ્ઞ શાણા સન્માનનીય વાચકોને પૂછીએ છીએ કે ખગોળની જરૂર શી છે ? આકાશને નિહાળ્યા કરવાથી કયા લાડવા મળી જવાના છે ? તેમ ન કરવાથી આજ સુધી કોઈ નુકસાન થયું ખરું ? કેવા હેમખેમ અને મનમોકળા આનંદથી બધાં જીવતા હતા, વિચરતા હતા અને વિહરતા હતા ! કોઈ ભય નહિ, કોઈ શંકા નહિ, કોઈ ચિંતા નહિ, કોઈ ઉચાટ નહિ. મઝેથી ફરો હરો ચરો.

જવાબ આપશો તર્કવિદ્દો, વિચારકો, દેખીસૂણી જાણનારાઓ કે આકાશીદર્શન બંધ થવું જોઈએ કે નહિ ? કંઈ નહિ તો પેલા બે કહેવાતા આકાશી પટેલોના ટેલિશસ્ત્રો છીનવાઈ જવા જોઈએ કે નહિ ? તેમના એ વિનાશક હથિયારો જપ્ત કરી તેમને પકડી જકડી લઈ તેમની પર કામ ચલાવવું જોઈએ કે નહિ ?

સવાલ પૂછવાનો અર્થ નથી. પ્રશ્નો ઊભા કરનાર ભલે ઊભા કરે, આપણે જવાબ શોધવો જ રહ્યો. જવાબ આપનાર ફ્રેન્ચમેન બ્રિલેત-સાવરિનથી વળી બીજો ચઢિયાતો કોણ છ ? દરેક રીતે સર્વશ્રેષ્ઠ પારંગત પરિપૂર્ણ નિપુણ વિખ્યાત બ્રિલેતે તો ચોકખું જ કહ્યું છે. દરેક નવા તારાની શોધ શું માનવીને નવું સુખ આપી જાય છે ?

વિસ્તૃત ચર્ચા માગતું આ એક જ વાક્ય પૂરતું છે.

અને જુઓ કે એ સૂત્રને ભૂલી જઈને પેલા બે ખણખોદિયાઓએ આકાશને એવું ખોદી નાખ્યું કે આકાશી અગ્નિકણોની અગન-રજકણો ઊડી ઊડીને આપણી પર પડી રહી છે. એ અગનવર્ષામાંથી આપણને કોણ બચાવશે ? કોણ ?? કોણ ??? કોણ ????

અમસ્તી અને હેતુ વગરની કોઈ જાસૂસી માનવીનેય ગમતી નથી. જ્યારે આ તો ઈશ્વર છે, કહો કે કુદરત છે. પેલા અજંપિત અણવીતરાઓએ શા માટે તારાની જાસૂસી કરવી જોઈએ ? ભલેને એ સરતો હોય, ફરતો હોય, તરતો હોય કે ખરતો હોય !

માત્ર જાસૂસી ગમ્મતને ખાતર એ બંને બડેખાંઓ એવો જુગાર રમી બેઠાં છે કે આજે વિનાશ વિપ્લવ પ્રલય સિવાય બીજી કોઈ કલ્પના થઈ શકતી નથી.

આપણે ઈશ્વરને કદી જોયો નથી, એટલે કે એની કૃપાથી તો માહિતગાર છીએ, પણ એને ખૂલી આંખે કદી જોઈ શક્યા નથી, પણ શેતાનને તો જોઈ જ શક્યા છીએ, દુર્ભાગ્યે એક નહિ બે-બે શેતાનોને ! શું થશે હવે ? શું થશે ??

❑

# ૭

# થોભી જાઓ ધૂમકેતુ જ્યાં છે ત્યાં ઓ ધૂમકેતુ

વ્હેસ્ટન પંચના ઉપરના આક્ષેપાત્મક લેખનો શ્રીમાન ડિન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સને શો જવાબ આપ્યો હશે ? કંઈ નહિ. જાણે એ વિષે તેઓ કંઈ જાણતાં જ નથી, એવું કંઈ વાંચ્યું જ નથી. અજાણ હોવું, અજાણ રહેવું, અજાણ થઈ જવું એ અસહમતીનો એક પ્રકાર છે. અજાણ્યા દેખાવાથી થોડોક ઉચાટ થાય પણ જવાબ આપવાથી વધારે ઉપાધિ ઊભી થઈ શકે છે.

બંને સંશોધકો એ બધી વાતથી અલિપ્ત રહેતા હતા કે રહી શકતા હતા, પણ તેમનાં કુટુંબીજનોની વાત તો જુદી જ. મિત્ઝને તો આ બધી હોહાથી ઝાટકો જ લાગ્યો હતો. પોતાના શેઠ-માલિક ઉપર આવો બધો કાદવ ઉછાળી તેમણે ભયાનક ગુનો કર્યો હતો. શું ફોરસીથ મહાશયને લઈને જ વ્હેસ્ટન પર વિનાશ ઝિંકાયો હતો ? મારા બેટાઓ, એમના મનમાં સમજે છે શું ? મારું ચાલે તો, ચાલે તો... ! શ્રીમાન ફોરસીથે એવા આક્ષેપોનો વિરોધ કરવો જ જોઈએ અને માનહાનિનો દાવોય ઠોકી દેવો જોઈએ એથી લખનારને ખબર પડે કે જાહેરમાં ગમે તેમ બબડવું સહેલું નથી. જજ પ્રોથ એક નંબરના ન્યાયાધીશ છે. આવો પાયા વગરનો મેલ ઉછાળનારને તેઓ કદી માફ કરે નહિ. જેલમાંય પૂરી દે અને લાખ્ખોનું વળતર પણ અપાવે ! બીજી વખત એલફેલ લખવાની ખો જ ભૂલી જાય !

નાની પણ નાદાન નહિ, એવી લૂએ પણ વાતને ગંભીર સ્વરૂપે સ્વીકારી હતી, પણ અંદર ખાનેથી તે વ્હેસ્ટન પંચ સાથે થોડીક સહમત હતી જ. પિતાજી તથા ફોરસીથે અંતરાય ઊભો કર્યો ન હોત તો પેલો ધૂમકેતુય એની જ મેળે પસાર ન થઈ ગયો હોત ! એ કંઈ સામે ચાલીને બંને ઇચ્છુકોને ઓછો જ માહિતી આપવાના હતો ?

છાપાંએ ચીંધેલા મુદ્દાઓ મુજબનું નુકસાન તો થયું જ હતું. ખાસ કરીને બંને કુટુંબને અસર પહોંચી હતી. મોરીસ સ્ટ્રીટ અને ઇલિઝાબેથ સ્ટ્રીટને એ હોબાળાથી સ્પષ્ટ હાનિ થઈ હતી. લૂને અગાઉ જે અણસાર આવ્યો હતો એ આપત્તિ તો આવીને જ રહી હતી.

ઉપરના લેખે જે પ્રત્યાઘાતો આપ્યા હતા તેનું ખંડન પિટ્સબર્ગ અને સિનસિનાટી ઓબ્ઝરવેટરીએ કરીને તેનો જવાબ પણ આપી દીધો હતો બંને સરકારી

નિરીક્ષણ કેન્દ્રોએ અધિકૃત રીતે જણાવી દીધું હતું કે બંને અન્વેષકોને પોતપોતાની શોધનો અધિકાર છે. એમાં તેમણે કંઈ જ ખોટું કર્યું નથી અને આવી આકાશી બાબતમાં સરકારી આકાશી દર્શનને મદદરૂપ કાર્ય જ તેમણે કર્યું છે.

આ પ્રકારના ખુલાસા અને નિર્દોષતા તથા નિષ્કપટ પ્રમાણપત્ર પછી બંને અન્વેષકો પોતપોતાનાં કામે લાગી ગયા હતા. તેમને વર્તમાનપત્રોની પરવા ન હતી, તો પોતાનાં કુટુંબીજનોનીય પરવા ન હતી. એટલે સુધી કે ઘરમાં મહત્ત્વનો લગ્નપ્રસંગ આવી રહ્યો છે, એ વિષેય જાણે તેઓ ભૂલી ગયા હતા.

આવો પ્રમાણિત ખુલાસો કોઈ ઇનામ કે એવૉર્ડ ન હતો. તેમ છતાં તેમના આગળ ઉપરના સંશોધનને એથી વધુ પ્રોત્સાહન મળ્યું હતું. વચમાંની હવે કોઈ જ આડખીલી રહી નથી, જાણીને તેઓ અગાઉ કરતાં પણ વધુ તીવ્ર અને તિક્ષ્ણ આકાશદર્શનમાં લાગી ગયા હતા. અગાઉનું તારણ વધુ ચીવટ સાથે ચકાસીને ફરીથી આવનારા ધૂમકેતુની તેમણે ગણતરી પણ શરૂ કરી હતી. આ ઝનૂનનું કારણ મૂળ જે હતું તેના કરતાં વધુ તેજીલું હતું. ગણિતજ્ઞ બાબતોમાં બંનેમાંથી કોઈ એકબીજાની પાછળ રહી જવા માગતા ન હતા અને પહેલા નંબરની દોડ માટે હજી તેમની ઝંઝવાતી ગતિ તો ચાલુ જ હતી કે વધી હતી. બંનેમાંથી તેને જ તમાલ-તાજ મળી શકે તેમ હતું કે જે ગણતરીમાં આગળ રહે. આ તમાલ-તાજ અથવા પામ-મુગટનું મહત્ત્વ અખંડ સોનાના કોઈ વજનદાર મુગટ કરતાંય વધારે હતું.

પણ બંનેનાં સાધનો કંઈક ટાંચાં પડતાં હતાં. તેઓ જાણતા હતા કે આ વિષયની જે હોહા થઈ છે, એથી વધુ શક્તિશાળી સંશોધકો પણ સ્પર્ધામાં જોડાઈ જશે અને તેમનું કામ મુશ્કેલ બની જશે. ફાયદો એટલો જ હતો કે જે કંઈ થયું હતું, અને કદાચ થવાનું હતું તે વ્હેસ્ટન ક્ષિતિજમાં જ થવાનું હતું. બંનેને કોઈ ત્રીજા શક્તિશાળી સ્પર્ધકની પરવા ન હતી. બસ એ બેમાંથી કોઈ આગળ નીકળી જવું જોઈએ નહિ. એટલે કે બીજા કરતાં પોતે જ પ્રથમ પ્રથમ પ્રથમ રહેવાનું હતું.

ત્રીજાના ભયથી બંનેની ચિંતા વધી હતી અને બંને એકબીજાથી વધુ ઝઝૂમવાનો પ્રવાસ કરતા હતા, ઝઝૂમતા જ હતા, પણ સીમિત સંશોધન યંત્રોને લઈને તેઓ ધારી પ્રગતિ સાધી શકતા ન હતા અને અંદરોઅંદર જ હડખાયા બની રહેતા.

શ્રીમાન ફોરસીથે ઓછામાં ઓછો વીસ વખત ઓમિક્રોન પર બળાપો કાઢ્યો હશે, જેનો જવાબ ઓમિક્રોન પણ સાવધાની અને પડકારની સંજ્ઞામાં આપી રહેતો.

ડૉક્ટર હડલ્સન આવો કોઈ કોપ કોઈના પર ઉતારી શકે તેમ ન હતુ. એટલે તેઓ જાતે જ પગ ઠોક્યા કરતા અથવા ઊછળ્યા કરતા. પોતાની જાતને જ તેઓ એવા ઠપકારતાં જાણે તેઓ કોઈ બીજા પર શાપ વરસાવી રહ્યા છે. એક વખત તો હાથની મુઠ્ઠીને બદલે મુઠ્ઠીમાંનું કે મુઠ્ઠી સાથેનું કોઈક સાધન જ પોતાના માથામાં ઠોકી દીધું ત્યારે

બીજાએ તેમ કર્યું હોય તેમ તેમણે પડકાર દીધા, 'કોણ છે ? સીધા કરી નાખીશ બધાંને. તમે તમારા મનમાં સમજો છો શું ? હું ડૉક્ટર હડલ્સન છું, વ્હેસ્ટન ધૂમકેતુનો પ્રથમ સંશોધક.'

સરકારી ઓબ્ઝરવેટરીએ પોતાના ખુલાસા લાગતા વળગતા વર્તમાનપત્રોને પણ મોકલી આપ્યા હતા. એ વાતને ત્રણ દિવસ પસાર થઈ ગયા. સમયના મુખ્ય કેન્દ્રબિન્દુ ઘડિયાળ સૂરજદાદાએ બધાં સમક્ષ તારીખ ૨૨મી એપ્રિલ ધરી દીધી. બીજા વીસ દિવસ અને પેલી મહત્ત્વની તારીખ આવી પહોંચતી હતી. મહત્ત્વની અને સાંસારિક રીતે મહાન. જોકે લૂ ગમે તેવી અધીરાઈની વચમાંથી ઝંખતી હતી કે એ તારીખ કેલૅન્ડરમાં ન જ હોય, નીકળી જાય, ફાટી જાય, અદૃશ્ય થઈ જાય.

પૂરતી ચર્ચા બાદ શ્રીમતી હડલ્સને નક્કી કર્યું કે, તેઓ લગ્નના દિવસ સુધી તેમના પતિને કંઈ જ કહેશે નહિ. કહેશે ત્યારે પણ એટલું જ કહેશે, 'આ તમારી હેટ, આ તમારો કોટ, , આ તમારા મોજાં. સેઈન્ટ એન્ડ્રુઝ જવાનો સમય થઈ ગયો છે. ચાલો.'

જો તે જ વખતે ધૂમકેતુ પસાર થાય તો વાત જુદી, બાકી શ્રીમાન પતિદેવ પણ સામે કોઈ વિવાદ ઊભો કરવાના ન હતા.

ઇલિઝાબેથ સ્ટ્રીટના શ્રીમાન ડિન ફોરસીથના ઘરમાં આવું સાફસૂથરું વાતાવરણ ન હતું. મિત્ઝે જોરદાર પ્રયાસ કરવો જ રહ્યો, ઘોંઘાટ સહિતનો, અને તેને શેઠસાહેબ તરફથી સામો જવાબ અચૂક મળતો જ.

'ભાણિયાનાં લગ્ન છે, ભાણિયાના કંઈ ખબર પડે છે ?' મિત્ઝના એવા ઉત્પાતની કંઈ અસર થાય તેમ ન હતી.

એટલે બાવીસમી એપ્રિલે જ્યારે બંને જણા ડાઈનિંગ ટેબલ પર એકલા હતા ત્યારે વાતાવરણ મૌન પણ ધૂંધવાયેલું હતું. જેવા શ્રીમાન ફોરસીથે, ભોજન ઝડપથી આટોપી, દૂરબીન મજલે જવા પહેલે પગથિયે પગ મૂક્યો કે, શક્તિશાળી બૉમ્બ ફાટે એમ મિત્ઝે કહ્યું : 'મહેરબાન સાહેબશ્રી, મારે આપને કંઈક કહેવું છે.'

'કહેવું છે ?'

'યાદ અપાવવું છે.'

'હું ઉતાવળમાં છું. ઝટ...' આગળ તેઓ બોલ્યા હોત તો કહેત કે, 'ભસી મર.'

'ઉતાવળમાં હું પણ છું.' મિત્ઝ હવે પોતાના હક્કનું બરાબર પાલન કરવા લાગી, 'હા, હું પણ ઉતાવળમાં છું. મારે આ બધી રકાબીઓ ડીશો ટેબલ બધું જ સાફ

કરવાનું છે. તમારા ભૂંગળા રાહ જોઈ શકે છે.'

'ઓમિક્રોન મને ઉપર બોલાવે છે, જરૂર કોઈક તાકિદની વાત.'

'તાકિદની વાત મારી, એટલે અમારી, આપણી પણ છે જ. એ આકાશી સરતાજની ઐસીતૈસી. હા, મારું નામ દઈને કહેજો એ મોમિયાને, ઐસીતૈસી, આંધળો ઘોડોય સાથીના પલકારાને સમજી જાય છે.'

'એ ખરું પણ મારો ગોળો...'

'ગબડી જવા દો એને.' હવે વધુ સખત બની મુદ્દાસરની વાત પર આવતાં મિત્ઝે કહ્યું, 'એ ગોળો હોય, તોપગોળો હોય કે ગપગોળો હોય.'

'એ ધૂમકેતુ છે મિત્ઝ.'

'શો ફરક પડે છે એ ધૂમ્મકેતુ હોય કે ભુમ્મકેતુ હોય ? એ થોભી શકે છે છાપરે, ઓમિયાની સાથે મારો હુકમ છે કે આપ નીચે ઊતરો, ઊતરો નીચે.'

'પણ ઓમિક્રોન કે બીજા કોઈ એ પદાર્થને પહેલાં જોઈ જશે તો...'

'આકાશમાં વાદળ છે. ગાઢા અને ઘટાટોપ. કંઈ દેખાવાનું નથી કોઈનાથી. વરસાદ આ પડયો જ સમજો. તમારી જાતે તમારી હાંસી નહિ ઉડાવો. એ પાઈપમાં આંખો ખૂંપાવવાથી કંઈ વાદળ ક્ષણ એકમાં ખસી જવાના નથી. નીચે ઊતરો.'

સાચી વાત, ખરાબ હવામાન ફોરસીથ કે હડલ્સન કોઈને આગળ નીકળવા દે તેમ ન હતું. છેલ્લા કેટલાક દિવસથી આકાશ આવું જ હતું, ઘટ્ટ વાદળછાયું દિવસના સૂરજની એક જરા સરખી ઝલકેય જોવા મળે નહિ અને રાતના એક નાનો સરખો ઝબૂકિયો તારોય નજરે પડે નહિ. ભલેને આંખ ફોડી નાખો. તેમાં વરસાદ કે ફોરાંના પડદાઓ થોડે સુધી પણ જોવાની પરવાનગી ન આપે. જ્યાં સેઈન્ટ એન્ડ્રુઝ ન દેખાય, ત્યાં એને વિષેના વિચારો તો આવે જ ક્યાંથી ?

પોતાના તો ઠીક પણ બીજા કોઈના વધુ શક્તિશાળી ટેલિસ્કોપમાંથી પણ કંઈ દેખાવાની શક્યતા ન હતી. ખાનગી કે સરકારી કોઈ જ અન્વેષકોને આ વાદળાં ફાવવા દે તેમ ન હતાં. સમાચારપત્રોમાં પણ ધૂમકેતુ વિષયક કોઈ સમાચાર કે વરતારો ન હતા. કદાચ એવું પણ હોય કે આ ધૂમકેતુ એટલો મહત્ત્વનો નહિ જ હોય કે જેથી તેની પર સતત નજર રાખવામાં આવે. ઘટના જે હતી તે, તેની ઉપર શ્રીમાન ડિન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સનને જેટલો રસ હતો તેટલો કદાચ બીજા કોઈને ન હતો. ફરીથી તે દેખા દેશે કે નહિ, એ બાબતની ઉત્કંઠા કદાચ આ બે જણાને જ વધુ હતી, એકબીજાથીય વધુ.

મિટ્ઝને લાગ્યું, કે એના ધણિયામાં એમ કંઈ હાથમાં આવશે નહિ. એટલે એનો પ્રલાપ વધારી દઈ તે કહે, 'મિસ્ટર ફોરસીથ, આપ શાયદ ભૂલી ગયા છો કે આપને ફ્રાન્સીસ ગોર્ડન નામનો એક ભાણિયો છે.'

'ના મિટ્ઝ, એમાં ભૂલવા જેવું શું છે ? પણ તેનું છે શું ? એનું તંત્ર તો બરાબર ચાલે છે ને ?'

'ચાલે છે, ચાલે છે. પૃચ્છા બદલ આભાર મિસ્ટર ફોરસીથ મામાજી.'

'મેં એને હમણાંથી જોયો નથી.'

'શી જરૂર ? આપને તો ધોળે દિવસે તારા નિહાળવા મળે એટલે બસ.'

'એ તારી વાત સાચી મિટ્ઝ, પણ હું હમણાં હમણાંથી જરાક ભૂલકણો બની રહ્યો છું.'

'જરાક કે વધારે ?'

'તું કંઈક અગત્યની વાત કહેવા માગે છે, મિટ્ઝ. કહે કહે...'

'અગત્યની તો છે જ પણ તમારે માટે એ કેટલી અગત્યની હશે એ હું ન કહી શકું.'

'કહે.'

'આપનો ભાણો એટલે કે જેનું નામ ફ્રાન્સીસ ગોર્ડન છે, તે પરણી રહ્યો છે.'

'પરણી... પરણી રહ્યો છે ? શું કહે છે તું ?'

'સુકન્યાનું નામ તો આપ નહિ જ પૂછો ?'

'મિટ્ઝ ! મિટ્ઝ !! તું શું કામ મને મૂંઝવે છે ?'

'મૂંઝવું છું કે પજવું છું ?'

'બધું એક જ છે, વધુ સમય લે છે, કઈ વાત તરફ ધ્યાન ખેંચે છે તું ?'

'હું તમારી વર્તણૂક તરફ ધ્યાન ખેંચું છું મિસ્ટર ફોરસીથ, જો ખેંચી શકું તો ! આપ હડલ્સન કુટુંબ સાથે સારો વ્યવહાર નથી આચરતા, હડલ્સન કુટુંબ ! નામ તો યાદ છે ને ? ડૉક્ટર હડલ્સન જે મોરિસ સ્ટ્રીટમાં રહે છે. મિસિસ હડલ્સન તેમની પત્ની અને માતા, મિસ લૂ હડલ્સન બેમાંની નાની દીકરી, અને મિસ જેની હડલ્સન, જેના આપના ભાણાશ્રી સાથે લગ્ન નિર્ધારિત થયા છે તે જેની જેની જેની...'

અગાઉ જેમ મિસ્ટર શબ્દ પર ભાર મૂકીને મિત્ઝ પોતાના શેઠશ્રીને સંબોધતી હતી તેમજ દરેક વખતે હડલ્સન શબ્દ પર ભાર મૂકી મૂકીને મિત્ઝ વાતને ચગાવતી હતી કે વધુ ધારદાર બનાવતી હતી. હડલ્સન જેવો દરેક શબ્દ શ્રીમાન ફોરસીથને બંદૂકમાંથી નીકળેલી સણસણતી ગોળીની જેમ વાગતો હતો. ચારેક વખતના એ ગોળીબારથી વીંધાયેલા શેઠસાહેબે છાતી પર હાથ દાબી દીધો જોરથી. પણ તેમણે કોઈ જવાબ આપ્યો નહિ ત્યારે છંછેડાયેલી મિત્ઝે વધુ ગોળીબાર જેવો પ્રશ્ન પૂછ્યો, ‘આપ… આપશ્રી મને સાંભળી રહ્યા છો ?’

‘હા મિત્ઝ હા.’

‘તો પછી ?’ મિત્ઝનો સવાલનો સ્વર ઊંચો હતો.

‘તો પછી શું, ફ્રાન્સીસ હજી એ જ, એ જ, બલાને, એટલે કે એ જ કુટુંબની કન્યાને પરણવા માગે છે ?’

‘એ જ, એ જ, એ જ.’

‘ફરીથી કહે મિત્ઝ, શું મારા ભાણિયાનો, એ છોકરી… જેની સાથે પરણવાનો છેવટનો નીર્ધાર છે ? હડ હડ હડલ્સન – છોકરી સાથે જ ?’

‘છેવટનો નિર્ધાર શા માટે, એનો તો પ્રથમથી એ જ નીર્ધાર છે. એનો અને આપણાં બધાંનો. આપણે બધાંએ ભેગા થઈને એ નક્કી કર્યું છે. તમે જ કહો મહાન શ્રીમાન ફોરસીથ કે એને જેની સિવાય બીજી કઈ સારી કન્યા મળવાની હતી આ વાતાવરણમાં ?’

‘પણ એ જે જે જેનીનો બાપ કે જેનું નામ હું જીભ ઉપર પણ લાવી શકું તેમ નથી.’

‘એ કુટુંબ સાથે આપણો વર્ષો જૂનો પ્રેમ-સંબંધ છે.’

‘હું ઠોકરે મારું છું એવા પ્રેમને અને સંબંધને.’

આ શબ્દો મિત્ઝને માટે અસહ્ય થઈ પડયા. તે ખળભળી ઊઠી. તેણે પોતાના સેવા-એપ્રનની ગાંઠ છોડી. એ ‘રોબ’ ફગાવી દેતાં કહ્યું, ‘બસ, બહુ થયું. મિસ્ટર ફોરસીથ. પચાસ વર્ષની મારી સેવાને ખંખેરી નાખી હું કોઈક ખૂણામાં રખડતાં કૂતરાની જેમ મરવા તૈયાર છું, પણ એવા અવિશ્વાસુ ઘાતકી મતલબી સ્વાર્થી શેઠને ત્યાં નોકરી કરવા કે જીવવા હરગીઝ તૈયાર નથી કે જે પ્રેમ અને સંબંધને ઠોકર મારવા જેવી તુચ્છ ચીજ સમજે ! હું એક સામાન્ય જરૂરિયાતવાળી નોકરબાઈ હોઈશ, પણ હૃદય ભાવના લાગણી જેવી ચીજ મારેય છે. પ્રેમ અને સંબંધ જેવા સંસ્કારોને હુંય સમજી શકું છું, હુંય…’

'પણ મિત્ઝ, એ હડલિયાએ મારી સાથે શી હરકત કરી છે તે તું જાણે છે ?'

'શી ?'

'એણે મને લૂંટી લીધો છે, આખ્ખો ને આખ્ખો લૂંટી લીધો છે.'

'શું લૂંટી લીધું છે અણ આપનું સોનેરી ઘડિયાળ ? ભરચક્ક પાકીટ ? આપનો અજર અમર હાથરૂમાલ કે જેનાથી આપ નાક સાફ કરવાનુંય ભૂલી જાવ છો ?'

'ના ના ના.' શ્રીમાન ફોરસીથે ઊછળી કૂદીને છાતી પર મુક્કીઓ ફટકારતાં કહ્યું, 'એણે મારો ધૂમકેતુ ધૂમ્મક્કેત્તુ.'

'ઓહ ધ્ધૂમ્મ.' મિત્ઝે એવી જ રીતે કટાક્ષમાં કહ્યું, 'પેલો આકાશમાં દોડતો પથ્થર.'

'એને પથ્થર ના કહે મિત્ઝ.'

'ગોળો, આકાશમાં ગબડતો ગોળો.'

'એને ગોળો ના કહે મિત્ઝ.'

'ગોળો નહિ ને અગનગોળો, ગગનગોળો, જગનગોળો.'

'એ મારો ધૂમકેતુ છે.' શ્રીમાત ફોરસીથે જોરથી કહ્યું, 'પૂંછડિયા તારો, આકાશી તત્વ, બ્રહ્માંડનું રહસ્ય, ગ્રહોનક્ષત્રોની પરિચય પુસ્તિકા.'

'ઉપર તમારું નામ છે ? તમે એના કોઈ પૈસા ખરચ્યા છે ? તમે એને વેચાતો લીધો છે ? તમને એ વારસામાં મળ્યો છે ? તમારા મૂળ વતનનો છે ? તમને કોઈએ ભેટમાં આપ્યો છે ?'

'મિત્ઝ !'

'મારો મારો શું કરો છો ? આમથી આવીને આમ ગયો, તમારો થઈ ગયો ? એ જેટલો તમારો છે એટલો જ અમારોય છે, કોઈનો પણ છે, મારા કૂતરાનોય છે, મારો મારો મારો હા !'

'મિત્ઝ ! હવે જો એક પણ અક્ષર એ વિષે કહેશે તો...'

'કહીશ. હવે મેં પરવા છોડી દીધી છે. તમે જેમ પ્રેમ કે સંબંધની માયા છોડી દીધી છે તેમજ મેં પણ ! તમારા જેવા અણસમજુ આપખુદ ઇસમથી હવે શું ડરવાનું ? જેણે પોતાના ઘનિષ્ઠ આત્મીય મિત્ર પર એક પથ્થર ઝીંકી દીધો હોય, અસ્વસ્થ અને કંઈક વિપરિત સુગંધના વાયુ-તત્વોવાળો પહાડી પથ્થર જ ઝીંકી દીધો હોય, એનાથી હવે મારે શું ડરવાનું ? મારા તો શાપ છે જાવ કે એ પથ્થર જે પથ્થર તમે મારી દીધો છે

મૈત્રી અને વિશ્વાસ પર, જાવ, તમને નથી મળવાનો. નહિ જ મળે, તમારા હાથમાં તે નહિ જ આવે, તમને ફરીથી તે જોવાય નહિ મળે.'

'તારી જીભ પર કાબૂ રાખ મિત્ઝી ડોસલી ! નહિ તો તારી જીભ જ...'

'નહિ ખેંચી શકો તમે. શેતાનનું બળ માગી લાવો તોય નહિ ખેંચી શકો મારી જીભ. તમે શું તમે બંને, તમે અને જેને હું મારો તાજ કહું છું તે ઓમિયો, બંને વિલનો ભેગા થઈને પણ નહિ ખેંચી શકો એ ગોળો અને મારી જીભ ! પ્રેમનો વિનાશ એટલે દુનિયાનો વિનાશ, સંબંધનો વિનાશ એટલે સૃષ્ટિનો વિનાશ ! એ વિનાશ પછી ઊભા રહેજો પેલા કોણ, હા, એટલસની જેમ હાથમાં ગોળો પકડીને અનંત અનંત વર્ષો સુધી સાવ ઉઘાડા.'

શ્રીમાન ડિન ફોરસીથ હવે આથી આગળ કંઈ પણ સાંભળી શકે તેમ ન હતું સ્ત્રી બોલવા બેસે ત્યારે તેને કોઈ રોકી શકતું નથી. તેઓ જાણતા હતા કે તેમાંય મિત્ઝ જેવી સ્ત્રીની જીભ સળવળવા લાગે એટલે એનો અંત જ નથી હોતો ! એક ન ગમે તેવો ખ્યાલેય તેમને આવી ગયો કે પેલા ગોળાનો અંત હોઈ શકે, પણ મિત્ઝની જીભનો નહિ. ના ના. એ ઉપમા કે સમીક્ષાય તેમણે કાઢી નાખી.

આ બધાં વિપ્લવનો એક જ ઉપાય હતો. મિત્ઝને નોકરીમાંથી કાઢી મૂકવી. કહી દેવું કે, 'જતી રહે અહીંથી જતી રહે અને તારું બડબડિયું મોઢું કદીય બતાવતી નહિ.'

પણ શું શ્રીમાન ફોરસીથ તેમ કરી શકે ? એ વફાદાર વિશ્વાસુ શુભેચ્છક માતૃહૃદય મિત્ઝી મમ્મીને એવો જાકારો આપી શકે ? એ માટેનું ભલે ઉતાવળિયું રહ્યું પણ એ દુર્ગમ ર્ દુ:સાહસ તેઓ આચરી શકે ? મિત્ઝ વગરની જિંદગીની શું, તેઓ કલ્પના પણ કરી શકે ?

પચાસ વર્ષ સુધી જે વહાલસોયી વડીલ મહિલાએ તેમનું લાલનપાલન અને ઉછેર કર્યો હતો એ વાત કંઈ ભૂલી જવા જેવી હતી ? એના માતૃવત્સલ હાલરડાં-જિંગલ, લાડ-પ્યાર, હેત-હિલોળ, ઠેલણ-ગાડી, હીંચકા-હોડકાં, શું ભુલાય કહો ? દોડીને હમેશા જેની પાસે હાથ પહોળા કરીને સદાય ખીલ્યા હોઈએ, એને એક હાથ કે બે હાથ લાંબા કરી, 'જા' એમ કેમ કહેવાય ?

એમ તો 'જા ચાલી જા મિત્ઝડી !' જેવું અપમાનજનક જાકારું વેણ ઉચ્ચાર્યું હોત તોપણ મિત્ઝ કંઈ ઓછી જ જતી રહેવાની હતી ? જવા માટે પગલું ઊપડ્યું હોય તોય તે પાછું જ પડે ને ! પચાસ વર્ષથી જેને જાતે જ જણ્યો હોય, એ રીતે મોટો કર્યો હોય, તેને શું એકાદ કમનસીબ કાળમીંઢ પથ્થર ખાતર ત્યજી દેવાય ?

આ દૃશ્ય આમેય સમાપ્ત થવાનું જ હતું. બંને એકબીજાના એવા બંધનમાં જકડાયેલાં હતાં કે એ સાંકળનો કોઈ અંકોડો છૂટે તૂટે તેવો હતો જ નહિ.

સમજુ અન્વેષકે ખેલદિલી સાથે સ્વીકારી લીધું કે તેની હાર થઈ છે. તે કોઈક વળતા મોજાની રાહ જોઈ રહ્યો હતો અને સૂરજે તેને બચાવી લીધો. પહેલાં બહારના વૃક્ષો પર, બગીચા પર અને પછી બારીમાંથી સૂરજે પોતાનો સંદેશો મોકલ્યો.

જેવા શ્રીમાન ફોરસીથે રૂપેરી બારીને નિહાળી કે તેને પેલો તામ્રવર્ણો ડૉક્ટર દેખાયો. એટલે કે એને લાગ્યું, કે પોતાની આ પરિસ્થિતિનો લાભ લઈ એ હડલ્સનિયો છાપરે પહોંચી રહ્યો છે, અને વિરોધીને કોઈ રીતે ફાવવા નહિ દેવાની પ્રતિજ્ઞા આગળ તે ઘરગથ્થુ ગમે તેવી લડાઈ હારવા કે મેદાન છોડી જવા તૈયાર જ હોય !

જાણે હવા ભરાયેલો ફુગ્ગો ઊછળે એમ શ્રીમાન ફોરસીથ ઊછળ્યા, દોડ્યા દાદર તરફ, કેટલાંય પગથિયાં કૂદીને તેઓ ઘડીભરમાં ઉપર ટેલિ-રૂમમાં પહોંચી જાત. પણ...

મિત્ઝે તેમનો રસ્તો રોકી લીધો. માર્યો ધક્કો અને પડી જવા જોઈએ અન્વેષક, તેને બદલે ફસડાઈ પડી મિત્ઝ.

એમાં કોઈ દેખાવ કે બનાવટ ન હતી. મિત્ઝને એવી ચાલાકી આવડતીય ન હતી.

'શું થયું મિત્ઝ, શું થયું ?' કરતાં બેબાકળા બનેલા ફોરસીથે મિત્ઝને હચમચાવી નાખી.

'કોણ જાણે', મિત્ઝે વેદનામય વદન સાથે ધીમા શબ્દોમાં કહ્યું, 'મારા પેટમાં કંઈક ઉપરતળે થઈ રહ્યું છે ?'

'પેટમાં ? ઉપરતળે ??'

'હા મહેરબાન હા, અને માથું પણ જરાક અજાણ્યું બનતું લાગે છે.'

સાંભળતાં જ ફોરસીથે બામની શીશી શોધી, બામ કપાળે ઘસ્યો. બીજી એક પ્રવાહી ઉત્તેજક □□ષધી પણ બધે લગાડી. તેમ છતાં તેમને લાગ્યું કે દર્દીને વધુ ઘનિષ્ટ સારવાર આપવી જોઈએ. હાથના પંજા અને પગનાં તળિયાં પર □□ષધ જોરજોરથી ઘસતાં તેમને વિચાર આવ્યો કે મિત્ઝને માટે ચિકિત્સકને તત્કાળ બોલાવવો જોઈએ અથવા તેને એકદમ ઝડપથી નજીકના દવાખાને લઈ જવી.

તેઓ એ માટે ઓમિક્રોનને બૂમ પાડવા ગયા પણ ત્યાં જ ઉપરથી ઓમક્રિનનો જ સૂસવાતો સાદ આવ્યો, 'ધૂમકેતુ... શ્રીમાન મહેરબાન... સરતો તરતો

ધૂમકેતુ.'

થઈ રહ્યું. શ્રીમાન ફોરસીથે પડતી મૂકી મિત્ઝને. જ્યાં હતાં ત્યાંથી જ સીધા દાદરનાં પગથિયાં પર જમ્પ લગાવ્યો. ત્યાંથી તેઓ સીધા ચોથે પગથિયે કૂદ્યા કે... આવી સ્થિતિમાંય મિત્ઝે પડકાર ફેંક્યો, 'યાદ રાખજો મહેરબાન/શ્રીમાન ફોરસીથ, ફ્રાન્સીસનાં લગ્ન જેની હડલ્સન સાથે લેવાઈ ચૂક્યાં છે અને જે તે સ્થળ અને સમયે તે ચોક્કસ સ્વરૂપે પાર પડશે જ.'

અવકાશી સંશોધકે કે એમાંનું કંઈ જ સાંભળ્યું ન હતું, અથવા સાંભળવા થોભ્યા જ નહિ. બાકીનાં પગથિયાં એક્કી છલાંગે વંટોળી તેઓ ટેલિસ્કોપમાં પહોંચી ગયા હતા.

❑

# ૮

# મેરે દેશ કા આકાશ સોના ઉગલે...!

'એ જ ઓમિક્રોન, એ જ છે... એ જ છે... એ જ છે જ.' ચીસ પાડી ઊઠ્યા શ્રીમાન ડિન ફોરસીથ. જેવી તેમણે ટેલિસ્કોપમાં આંખો ખૂંપાવી કે તેઓ બોલી ઊઠ્યા, 'એ જ ઓમિક્રોન એ જ.'

એમિક્રોન ક્યારનો એ વાત કહેવા અધીરો બન્યો હતો. તેણે ટહુકો દીધો, 'એ જ માસ્ટર એ જ. હું તો કહેતો જ હતો, પણ અત્યારે પેલા હડલ્સન મહાશય એમના ઓબ્ઝી-ટાવરમાં ન હોય તો સારું.'

'અને ધારો કે હોય,' માસ્ટરે કહ્યું, 'તો એની નજરે ન પડે તો સારું એ ધૂમકેતુ પર.'

'આપણો ધૂમકેતુ' ઓમિક્રોને ઉમેર્યું.

'મારો ધૂમકેતુ', શ્રીમાન ફોરસીથે ભારપૂર્વકનો સુધારો મૂક્યો, 'મારો...'

'મારો-આપણો' વિષેની બંને ભ્રમણામાં હતા કેમકે તે જ વખતે ડૉક્ટર હડલ્સનનું ટેલિસ્કોપ દક્ષિણ-પૂર્વની દિશામાં તકાયેલું જ હતું, જે આકાશી ક્ષિતિજ પેલા કહેવાતા ધૂમકેતુની ભ્રમણરેખા હતી. શ્રીમાન ફોરસીથના કટ્ટર હરીફ ડૉક્ટર હડલ્સને પોતાની કાતિલ આંખો ટેલિસ્કોપમાં જ ખૂંપાવીને રાખી, એવી રીતે કે જેથી એક ક્ષણને માટે પણ એ મહામૂલો પદાર્થ દૂર થાય નહિ. દક્ષિણના ધુમ્મસમાં એ ચીજ અદૃશ્ય થઈ નહિ, ત્યાં સુધી છેલ્લી પળ સુધી ડૉક્ટરે આંખ તેમાં ખૂંપાવી રાખી.

જોકે આ વખતે વ્હેસ્ટનના આ બે સંશોધકો જ એક માત્ર નજર રાખનારા ન હતા. પિટ્સબર્ગ ઑબ્ઝરવેટરીએ પણ આ વખતે સાવધાની તાકિદ અને તીવ્રતા રાખી જ હતી.

ધૂમકેતુનું આ પરિભ્રમણ ખૂબ જ ઊંચી કક્ષાનો રસ પેદા કરનારું હતું. કદાચ ધારવા કરતાં એ પૃથ્વીની ઘણી નજીકની ભ્રમણકક્ષામાં હતું. એક વખત ખરરર કરતો ખરીને અદૃશ્ય થઈ જનારો એ ખરતો તારો લાગતો ન હતો, પણ પોતાની કોઈક ભ્રમણકક્ષા નક્કી કરી નિયમિત સ્વરૂપે ભ્રમણ કરનાર અચૂક ધૂમકેતુ જ હતો ! બીજો ઉપગ્રહ જ માની લો ને.' જો એમ જ હોય તો એને વિષે હવે વધુ સચોટ ઊંડી

અને ઝીણામાં ઝીણી ગણતરી કરવી જરૂરી હતી. એ વળી ફોરસીથ અને ડૉક્ટર હડલ્સનની નવી ઉત્તેજિત સ્પર્ધાનો વિષય હતો.

ધૂમકેતુ જેવો એ પદાર્થ આકાશી વિજ્ઞાનના કાયદા-કાનૂનનું પાલન કરતો હોવાથી ગણતરી થઈ શકે તેમ હતી. ગણતરી જ શા માટે બીજા અવલોકનોને પણ અવકાશ હતો જ.

એવી તત્પરતા બીજે પણ શરૂ થઈ ગઈ હતી, પણ વ્હેસ્ટનની તો વાત જ જુદી, જીવન-મરણની જ કહો ને ! જો કોઈક પકડ હાથમાં આવે તો બીજી કંઈક અને અનેક માહિતીઓ મળી શકે તેમ હતી. હા, તેને માટે તે પ્રકારના સાધનની જરૂર ખરી જ.

થોડા દિવસ પછી એ માહિતી મળવાય લાગી. પણ એ ગણિતજ્ઞ માહિતીઓ મેળવનાર શ્રીમાન ફોરસીથ કે ડૉક્ટર હડલ્સન ન હતા. પહેલી માહિતી ધૂમકેતુની ભ્રમણકક્ષાની હતી, જે ઉત્તર-દક્ષિણ દિશાની સીધી સપાટી અથવા સીધી લીટીમાં હતી. ઉપરોક્ત બંને અન્વેષકોથી જરા-જરાક ભિન્ન હતી. ૩૦°, ૩૧'ની સમકક્ષ કે નજીકની રૂપરેખા મિસ્ટર ડિન ફોરસીથે આપી હતી, એ વિષે પિટ્સબર્ગ ઓબ્ઝરવેટરીને પત્ર લખ્યો હતો, તે કંઈક ઉપર ઉપરની હતી એટલે કે ઉપલકિયા હતી.

એ ધૂમકેતુ, કે જે પદાર્થ હોય આપણે તો એને ધૂમકેતુ જ કહીશું. તે પૃથ્વીની સપાટીથી ૪૦૦ (ચારસો) કિલોમીટર દૂર હતો, અને તેની ઝંઝાવાતી ગતિ સેકંડના ૬,૯૬૭ (છ હજાર નવસો સડસઠ) મીટર જેટલી હતી. એટલે ધારો કે એ આકાશી પ્રવાસી ઉપરની ગણતરી મુજબ પૃથ્વીના ગોળાનું એક પરિભ્રમણ પૂરું કરે તો તેને એક કલાક, એકતાળીસ મિનિટ, એકતાળીસ સેકંડ અને સેકંડના નવસોત્રીસ જેટલા ભાગાંશનો સમય લાગતો હતો. (૧, ૪૧, ૪૧.૯૩૦) એ મુજબના મૂલ્યાંકને એ ધૂમકેતુ વ્હેસ્ટન પર ફરીથી ૧૦૪ વર્ષ, ૭૬ દિવસ, ૨૨ કલાક સુધી દેખાવાનો ફરકવાનો ન હતો. આ ગણિત વ્હેસ્ટનવાસીઓને એટલા માટે ઉપયોગી થતું હતું કે, તાજેતરમાં અથવા નજીકના ભવિષ્યમાં વ્હેસ્ટન પર કોઈ જ ઉલ્કાપાતનો ભય ન હતો.

'પણ એ નહિ જ તૂટી પડે એની શી ખાતરી ?' એવો પ્રશ્નો પૂછ્યો વ્હેસ્ટન મોર્નિંગ પેપરે, 'રસ્તામાં શું એ પદાર્થ બીજા કોઈ પદાર્થ સાથે અથડાઈ ના પડે ? શું એવા કોઈ બીજા ઓછી-વત્તી ગતિવાળા પદાર્થની કે તેવા અવરોધની ગણતરી થઈ છે ખરી ? વાત જો ગણતરીની જ કરીએ તો ઉપરની ગણતરીય કેટલી ચોક્કસ છે ? અથવા આસરાઓને આધારિત છે ?

જવાબ આપ્યો વ્હેસ્ટન ઈવનિંગ વર્તમાને, 'શક્ય છે, શક્ય છે કે એવા કોઈક બીજા પદાર્થો અવનિમાં અટવાતાય હોય, તે પડયા છે ખરા, પડે છે ખરા, પણ એ (બધાં) એટલા નાના હોય છે, એને પાણીમાં તરતા કાષ્ટ જેવા જ કહી શકાય, જેના

પડવાની શક્યતા ત્યારે જ ઊભી થાય જ્યારે પૃથ્વીનું ખેંચાણ એકદમ તીવ્ર બની જાય અથવા એ પદાર્થિકા પૃથ્વીના ખેંચાણબિંદુમાં આવી જાય !'

અત્યારે જે ધૂમકેતુની વાત છે તે એવો કે એ પ્રકારનો નથી જ. જેમ ચંદ્ર વર્ષાનુવર્ષથી પૃથ્વી પર ઝીંકાઈ પડતો નથી તેમજ એના પડવાનીય કોઈ સંભાવના નથી. જે તત્ત્વ એક વખત નિયમિત ભ્રમણકક્ષા મેળવી લે છે તેના પડવાની શંકા ઓછી રહે છે, બલકે નહિ જેવી જ. અત્યારે આને તો આપણે જોયો અને ઓળખ્યો પણ નહિ – દેખાયેલા અને નહિ ઓળખાયેલા આવા કંઈક પદાર્થો પૃથ્વીના પરિભ્રમણમાં નહિ ફરતાં હોય શું ? એક વખત કોઈક પદાર્થ બીજા ઉપગ્રહનું સ્વરૂપ ધારણ કરી લે તો એ સૅટેલાઈટ પોતાની રીતે ફર્યા કરે છે.

ચાલો બીજો પ્રશ્ન. એનું વજન કેટલું છે ? એનો જથ્થો કેટલો છે ? એની લંબાઈ પહોળાઈ ગોળાઈ કેટલી છે ? એની સ્વભાવગત પ્રકૃતિ કેવી છે ? એનામાં ઉપરનીચે અંદર કયાં કયાં તત્ત્વો છે ? એ તત્ત્વોમાં ચિરંજીવી કેટલા અને ઘસારો પામનારા કેટલા ?

ઉપરનો પ્રશ્ન પૂછ્યો હતો વ્હેસ્ટન સ્ટાન્ડર્ડે.

'અત્યારે જે રીતની, જે મુજબની, જે સાધનો દ્વારા ગણતરી થયેલી છે, તે મુજબ તેનો આકાર પ્રકાર પાંચસો મીટર જેટલો હોવો જોઈએ. પણ એના સ્વભાવ તથા પ્રકૃતિ વિષે હજી કંઈ જ જાણી શકાયું નથી. સારા એવા શક્તિશાળી ટેલિસ્કોપમાંથી ધ્યાનથી અવલોકતાં એનો ઝળહળાટ ઘણો ભારે છે. આટલું તેજસ્વી સ્વરૂપ હાલમાં તો ઘર્ષણમાંથી જ ઊભું થયું હશે, એમ માની શકાય. જોકે એટલી ઊંચાઈએ હવામાનનું તરફી કે વિરોધી ઘર્ષણ એટલું ન જ હોઈ શકે. એટલે એમાંના કોઈક તત્ત્વો જ એવાં હોય કે જે એને તેજોમય બનાવી શકે. અત્યારે તો એવી જ ગણતરી છે કે એ ધૂમકેતુ અનેકવિધ પ્રકારના વાયુઓનો જથ્થો જ હોય ! અથવા એમાં કોઈ એવી ધાતુય હોય કે જેને લઈને બધું ઝળકી ઊઠતું હોય ! એ ધાતુ કે ધાતુસમૂહ અથવા ધાતુમિશ્રણ શું હશે, કે કેવું હશે, તે વિષે અત્યારે તો કંઈ જ જાણી શકાયું નથી.

'હાલ તુરત તો એટલું જ કહી શકાય કે આકાર પ્રકાર વજન વ્યાસ પરિઘ અને ગતિની રીતે એ કંઈ બહુ વિશિષ્ટ નથી. નજીકથી પસાર થાય છે, એ જ એની ખૂબી છે. સરકારી સાધનો તો બસ આવું જ અને આટલું જ તારણ કાઢી શકે છે. હા, આપણા લીન-તલ્લીન દ્વિ-સંશોધકોની વાત જુદી. મિસ્ટર ડિન ફોરસીથ અને ડૉક્ટર સિડની હડલ્સન એટલી હદે પાછળ પડી ગયા છે કે તેઓ કંઈક નવું ધ્યેય પાર પાડે તો નવાઈ નહિ.

વ્હેસ્ટન સ્ટાન્ડર્ડના વિજ્ઞાન મુજબ ધૂમકેતુમાં ખાસ કોઈ વિશેષતા છે જ નહિ, એવું મંતવ્ય શોધકોને જરીય તકલીફ આપતું ન હતું. બીજી બાજુ વિજ્ઞાનથી

અજાણ નાગરિકોનેય એની કંઈ ઝાઝી તમા ન હતી. સરેરાશ વાચકો તો 'પંચ'ના કટાક્ષોથી પણ ખાસ કંઈ હલચલ મચાવતા નહિ. અમુક વર્તમાનપત્રોએ મિસ્ટર ડિન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સન વચ્ચેનો વિવાદ શોધી કાઢ્યો હતો અને તેને જ ચગાવવા માંડયો હતો. એ વિવાદ સાથે અટકળો અને અફવાઓ સામેલ થતી જ રહી. જેમ બને છે તેમ અજાણી રીતે જ, લોકો બે ભાગમાં વહેંચાઈ ગયા છે. દરમિયાનમાં લગ્નની તારીખ તો નજીક ને નજીક આવતી જ ગઈ. મુખ્ય પાત્રો બની રહ્યા એક પક્ષે શ્રીમતી હડલ્સન જેની અને લૂ, તથા બીજે પક્ષે ફરાન્સીસ ગોર્ડન અને મિત્ઝ. બંને પડખાની ચિંતા અને દ્વિધા વધતી જ જતી હતી. તેમને એમ હતું કે એ બે જિદ્દીઓ જો સામસામા મળી ગયા કે ભેટી ગયા તો વિપ્લવ સર્જાયા વગર રહેશે નહિ. બે ભરચક્ક વાદળો આકાશમાંના ઘર્ષણથી ગડગડાટ અને વીજળી પેદા કરી દે છે તેવું જ આ અથડામણનું પરિણામ કલ્પી શકાય. જાણવા છતાં કે ડૉક્ટર હડલ્સન ક્વચિત જ ફાટી પડે તેવા છે, પણ જ્વાળામુખી, જીભ અને જીવ ઉપર જ લઈને ફરતાં મિસ્ટર ફોરસીથનું શું ? જો ફોરસીથનો બડબડાટ અને ગડગડાટ સ્વાભાવિક જ વધી જાય તો શાંત પ્રકૃતિના ડૉક્ટર ક્યાં સુધી શાંત રહી શકે ?

આકાશ એમ તો સ્વચ્છ અને આનંદદાયક હતું. હવામાન એવું ચોકખું કે ઉમંગભર્યો આહ્લાદ જ માણી શકાય ! વ્હેસ્ટન ક્ષિતિજ અણીશુદ્ધ અને આવકારપ્રિય હતી. બંને અન્વેષકો કોઈ પણ જાતના ખતરા વગર પૂરા ઉમંગથી પોતાનું અન્વેષણ કાર્ય આગળ વધારી શકે તેમ હતું. તેમની તક અનેકગણી વધી ગઈ હતી કેમકે છેલ્લા ચોવીસ કલાકમાં જ ધૂમકેતુએ કુલ ચૌદ (૧૪) વખત દેખા દીધી હતી. તે બંનેની નજર સામેથી એવો નાચતો કૂદતો પસાર થતો હતો કે, આમંત્રણ જ સમજી લો, 'ઓળખી લો, પારખી લો, મેળવી લો, પ્રાપ્ત કરી લો.'

આ બાબતમાં સરકારી શોધના મુદ્દાઓ પણ તેમને ઠીક ઠીક ઉપયોગમાં આવતા હતા.

ધૂમકેતુ જે ઊંચાઈની રેખા પરથી પસાર થતો, એમાં જો નાનુંમોટું પરિવર્તન આવતું તો સમાંકનમાં પણ ફેર પડી જ જતો. પણ ધૂમકેતુનું પરિભ્રમણ હવે વધ્યું હોવાથી એ વધારાના ફેરાનો અનુસંધાનમાં લાભ જરૂર મળી રહેતો. કોઈક વખત વળી વધુ નજીકથી પસાર થઈ જતો અને ત્યારે ઘણો બધો ફાયદો મળી જતો. એટલે એકાદ વખત ન દેખાયો હોય કે દૂરથી પસાર થઈ ગયો હોય તોપણ હૈયે ધરપત રહેવા લાગી હતી.

ખેડૂત જેમ ખેતરમાં ખેતી કરે, તેમજ આ બંને ધૂમકેતુના હળ વડે આકાશની ખેતી જ કરવા લાગ્યા હતા. તેમાં ખેતર કરતાં હળનું માહાત્મ્ય વધારે હતું. પોતાની આંખ ધૂમકેતુ પર કેન્દ્રીત રાખી બંને જણા જ્યારે જ્યારે કોઈક અનુસંધાનિક

ઉદ્‌ગારો કાઢતાં ત્યારે એ ધૂમકેતુ પોતાનો હોય એમ જ સંબોધી રહેતા. શ્રીમાન ફોરસીથ એને ફોરસીથ-ધૂમકેતુ કહેતા અને ડૉક્ટર એને હડલ્સન-ધૂમકેતુ કહેતા. પોતે એને શોધ્યો છે, એ રીતે નહિ પણ પોતે જ એને જન્મ આપ્યો છે, એ રીતે બંને તેને પોતાના સગા દીકરાનું જ નામ આપતાં. એ ઉચ્ચાર તેઓ વારંવાર કરતા અને કરે રાખતાં. પાછલી ઉંમરમાં પહેલી વખત પિતા બનેલા આધેડ યા વૃદ્ધ જેવો તેમનો ઉત્સાહ હતો. એકદમ નાના બાળકને જેમ હુલામણા નામે બોલાવવામાં આવે તેમજ તેઓના ઉદ્‌ગાર નીકળી આવતાં, 'મારા લાલ, મારા બચૂડા, મારા ભૂલકા, મારા ટબૂડાં, મારા વ્હાલૂડા, મારા વારસ, મારા ભાવિ...' ક્યારેક તો વળી બાળકને ચાલતાં શીખવતા હોય તેમ સલાહ આપતાં, 'આમથી આવ, આ બાજુથી મારા દીકરા, જરાક આમ, જો હવે કેવી મઝા છે ? આમ, જો, પાછા આમ જવાનું ?'

બંનેએ સિનસિનાટી અને પિટ્સબર્ગ ઓબ્ઝરવેટરીને પોતપોતાની વિજયગાથા લખી જણાવી દીધી. તે પ્રમાણે જણાવતા જ રહ્યા. એ શરત સાથે કે એ ધૂમકેતુ પર પહેલો હક તેમનો જ છે, બીજાનો નહિ, બીજા કોઈનો જ નહિ.

હવે આ આત્મીય સ્પર્ધા છૂપી રહી શકતી ન હતી. પોતાના અંતરમાં છુપાયેલ સગપણ વગપણ બનીને બહાર ફૂટી નીકળવા લાગ્યું તાત્પર્ય કે ઈર્ષાના ભાવ હવે કોઈ અવરોધ કે શરમ વગર ભડકા સાથે પ્રગટ થવા લાગ્યા. 'આવી જા, હવે તો' એ પ્રકારનું દ્વન્દ્વ લગભગ જાહેર જ થઈ ગયું. જે થવાનું હોય તે થાય, ભલે.' દ્વન્દ્વને વિપ્લવમાં કે યુદ્ધમાં ફેરવાઈ વાઈ જતાં ક્યાં વાર લાગે છે ?

વ્હેસ્ટન સ્ટાન્ડર્ડમાં એક વખત આક્રમક અને આક્ષેપાત્મક લાગે તેવું લખાણ છપાયું ડૉક્ટર હડલ્સન સામે તકાયેલું એ તીર મિસ્ટર ફોરસીથ પ્રેરિત હોય તેવું લાગતું હતું. વાંચો :

'કેટલાક માણસોની આંખ જ્યારે બીજાના કાચમાંથી જુએ છે ત્યારે જ જોઈ શકે છે. તેઓ અગાઉ દેખાય ચૂકેલું જ દેખે છે. પછી ભલે તેઓ એવો દાવો કરે કે એ બધું તેમણે જોયું છે અને પહેલી વાર જોયું છે.'

એનો જવાબ વ્હેસ્ટન ઇવનિંગમાં આવનારે આ રીતે આપ્યો :

કેટલાક માનવીઓના ચશ્માં તથા જેમાંથી તેઓ જુએ છે એ કાચ, એવા મેલા અને ગંદા હોય છે કે કાચ પરના એ ડાઘાં ટપકાં ધાબા ઘચરકા પણ તેમને ધૂમકેતુ જ લાગે છે. ફરી ફરીને ભલે જુએ પણ જે દેખાય છે એ તો એનું એ જ રહે કેમકે જેમનાં મન સાફ નથી, એ વળી કાચ ક્યારે સાફ રાખવાના પ્રયાસો કરે છે ?

ઉપરના બંને વિવાદ-વર્તુળોનો જવાબ પંચે પોતાની રીતે આપ્યો. વ્યંગચિત્ર માટે વિખ્યાત પંચમાં જે વ્યંગચિત્ર છપાયું તેમાં બે વિરોધીઓને વિશાળ પાંખો અપાયેલી

હતી, ખૂણાખૂંચાવાળી. બંને માનવપક્ષીઓ એકાદ ધૂમકેતુ જેવા પદાર્થનો પીછો કરતા હતા. બંનેની પાછળથી હવા નીકળી જતી હતી. ઊડનાર પંખી-માનવ હતો, એનું મોઢું તો ઝીબ્રા જેવું બનાવાયું હતું, જેની જીભ બહાર નીકળી પડી હતી.

આ વ્યંગચિત્રને લઈને જ બંને પ્રથમ મનાતા અને કહેવાતા પ્રથમ અન્વેષકોનો રોષ અણુબૉમ્બની જેમ ફાટી પડયો. પણ વ્યંગચિત્ર ન છપાયું હોત તોપણ તેઓ પ્રજ્વલિત થવાની રાહ જોતાં ટાઈમ બોમ્બ જેવા તો બની જ ચૂક્યા હતા. આક્ષેપ- વિક્ષેપના નવા-નવા ટોળ-તરીકા શોધવામાં મગનમસ્ત બંને વિજ્ઞાન-માનવો સામાન્ય સમાજ-જ્ઞાન પણ ભૂલી બેઠા હતા. તેમને એ વાતનો તો ખ્યાલ પણ રહ્યો ન હતો, કે તેમનાં કુટુંબમાં લગ્ન આવી રહ્યા છે, અને તે માટે કોઈક તૈયારીની જરૂર છે. હવે જ્યારે કામની જ ખબર નથી ત્યારે સમયની ખબર તો હોય જ ક્યાંથી ? એટલે જે દિવસે ફરાન્સીસ – જેની લગ્નની સુવર્ણ-ગાંઠથી બંધાવાના હતા, તે દિવસ સુધી તેમનું ધ્યાન તો એકબીજાને ઉતારી પાડવાના સુવર્ણાક્ષરો જ શોધતું રહ્યું.

એપ્રિલના છેલ્લા દિવસો એમ જ પસાર થઈ ગયા. હડલ્સન કુટુંબમાં ભોજન પ્રસંગ મૌન બની રહેતો. કોઈ કંઈ બોલતું નહિ. માતાની સૂચનાથી લૂ પણ મોંમાંથી એકે શબ્દ બહાર કાઢતી નહિ, પણ તે જે રીતે ભોજન પર છરી-કાંટા ખૂંપાવતી, એ ઉપરથી એવું લાગતું કે તે કોઈક ધૂમકેતુનો ભાંગીને ભુક્કો કરી રહી છે, કે ટીપી-પીટીને તેનો છૂંદો બનાવી રહી છે. જેનું હૃદયવિદારક દૃશ્ય તો જોવા જેવું જ હતું, એકાદ વખત પણ પરમ પિતાની નજર એ તરફ ગઈ હોત ! પણ ખાતાંપીતાં કે ડીશ-બાઉલ આઘાપાછા કરતાં ડૉક્ટરશ્રીના ખ્યાલ તો વિરોધીને ખતમ કરી દેવાના જ બની રહેતા. તેઓ ભોજન પર છે, જમી રહ્યા છે, એ વાત પણ તેઓ ભૂલી જ જતા.

સ્વાભાવિક રીતે જ ફરાન્સીસ ભોજન ટાણે હાજર રહેતો નહિ. તેની દૈનિક મુલાકાત ડૉક્ટર હડલ્સન જ્યારે ટાવરમાં ખૂંપેલા હોય ત્યારે જ થતી. તેને પોતાને ઘરે ભોજન પ્રસંગ કદી ઉત્સાહભર્યો નીવડતો નહિ. મામાશ્રી ફોરસીથ તો કંઈ બોલતાં જ નહિ, અને જ્યારે કોઈક વાત કે વાનગી માટે તેઓ કંઈક પૂછતા કહેતા, ત્યારે મિત્ઝ હા કે નામાં જ જવાબ આપતી, તે પણ ‘હં’ અને ‘નં’ની રીતે !

એક વખત મામાએ પૂછ્યું, ‘ભાણાભાઈ, હજી તમે પેલા હડલ્સનને ત્યાં જાવ છો કે ?’

‘જાઉં જ છું મામાજી.’ ફરાન્સીસમાં હવે કોઈક નિર્ણયાત્મક હિંમત આવી હતી.

‘અને એ શું કામ ન જાય ?’ આ વખતે મિત્ઝ બોલી ઊઠી. અત્યાર સુધી ભરી રાખેલી નિ:શબ્દ નારાજી ફાટી પડવા જતી હતી.

'મિત્ઝ' બરાબરના ગુસ્સા સાથે મામાશ્રી ફોરસીથે કહ્યું, 'મેં કંઈ તને પૂછ્યું નથી.'

'મને જ પૂછો ને માલિક', મિત્ઝે કહ્યું, 'ક્યારેક પાળેલી બિલાડી પણ રાજા સામે ઘૂરકિયું કરી જાય છે, એ જાણો છો ને ?'

એવી બિલાડીને હાંકી કાઢતા હોય એમ ફોરસીથશ્રીએ ભાણિયા સામે ફરીથી જોયું. ભાણિયાએ એ દૃષ્ટિનો જવાબ પણ આપ્યો જ નહિ : 'ત્યાં રોજ જાઉં છું, દરરોજ અગાઉની જેમજ.'

'એ ડૉક્ટરિયાએ મારી શી દશા કરી છે, એ જાણ્યા છતાં ?'

'શું કર્યું છે એમણે ?'

'એ પાજી એવો દાવો કરે છે કે શોધ એની પોતાની છે.'

'જે શોધ તમે કરી છે, એમ તમે કહો છો.' ફ્રાન્સીસે તેમને અવરોધીને જ કહેવા માંડ્યું, 'શું દરેક વ્યક્તિને પોત-પોતાની શોધ કરવાનો અધિકાર નથી ? વ્હેસ્ટનના આકાશમાં જોઈએ તેટલા પદાર્થો છે, કોઈ પણ તેની શોધ કરી શકે છે.'

'કોઈની વાત નહિ કર મૂરખ ભાણિયા.' મામાશ્રી ફોરસીથે કહ્યું, 'તું શું એ વાત સાથે સહમત નથી થતો કે જે ધૂમકેતુની શોધ તારા મામાએ કરી છે, પહેલી કરી છે, સહુ પ્રથમ કરી છે, એની પાછળ મામા-ફોરસીથનું નામ લાગી રહ્યું છે, અને જેને લઈને આ કુટુંબના માન-પાન-નામ આસમાને જઈ રહ્યા છે, આ કુટુંબનાં જ નહિ, આ લત્તાના, આ પરગણાના, આ નગરના ! એ બધું ભૂલી જઈને શું તું પેલા હડ-હડ-હડલ્સનિયાને ત્યાં...'

'જાઉં છું અને જઈશ' ફ્રાન્સીસે પોતાનો નિર્ધાર વ્યક્ત કર્યો. એટલે તો મામા દરૂજી ઊઠ્યા અને દરેક શબ્દ બેવડાવીને ભડકી ઊઠ્યા, 'હવે જો તું એ હડ-હડ- હડલ્સનિયાને ત્યાં ગયો છે, ગયો છે, હું તને સ્પષ્ટ આદેશ આપું છું કે તારે ત્યાં નથી જવાનું, અને નથી જ જવાનું.'

'તમારા એ આદેશ કે હુકમ કે ફરમાનની અવગણના થાય તો માફ કરશો, અથવા માફ નહિ કરશો તો પણ હું ત્યાં જઈશ જ.'

'હા હા, એ જશે જ.' આ વખતે મિત્ઝ પણ વચમાં બોલી ઊઠી, 'તમે એના રાઈ- રાઈ જેવડા ટુકડા કરશો તો પણ...'

'ચૂઉઉઉપ !' શેઠજી ફોરસીથજી બરાડી ઊઠ્યા, 'તને ચૂપ રહેવાનું અગાઉ મેં કહ્યું છે કે નહિ, મિત્ઝડી !'

'શી ભાષા છે માલિકશ્રી શેઠસાહેબ વડીલશ્રી અને...' મિત્રે જવાબ આપ્યો, 'અને સતત આકાશ સાથે વાત કરતાં વૈજ્ઞાનિક-શ્રેષ્ઠની.'

એ તરફ લક્ષ આપ્યા વગર મામાશ્રીએ ભાણાભાઈને પૂછ્યું, 'તો તું તારા નિર્ણયમાં અફર છે ?'

'એમ જ સમજો મામાજી.'

'અને તું એ ચોર લૂંટારા ડાકુની દીકરી સાથે પરણીને જ રહેશે ?'

'એ બધું અગાઉથી નક્કી જ છે, મામાજી.'

'નક્કી હતું, નક્કી છે નહિ.'

'નક્કી હતું, નક્કી છે, નક્કી રહેશે. એ નક્કી નિર્ણયમાંથી મને કોઈ જ ફેરવી શકશે નહિ, પાછો ખેંચી શકશે નહિ.'

'ભાણિયા...!' મોટેથી ઘાંટો પાડ્યો મામાશ્રીએ. પાછી ખુરસી પછાડી, ઊભા થઈ જતાં કહ્યું, 'જોઈશ, જોઈ લઈશ, જોઈ જ લઈશ.'

એ શબ્દો સાથે જ તેમણે એ જ રીતે ટાવર દાદર પર પહોંચવાનું દ્વાર પછાડયું અને તેઓ મોટા અવાજ સાથે ટાવરનાં પગથિયાં ચઢી ગયા.

ફ્રાન્સીસ તે દિવસે સાંજે નિયમ મુજબ મોરીસ સ્ટ્રીટ તરફ ગયો. ત્યારે તેને એવુંય લાગતું હતું કે શ્રીયુત ડૉક્ટર મહાશય પણ તેનું, એ જ રીતે સ્વાગત કરીને કહી દેશે, 'ગેટ આઉટ, ગો...' પણ એ ગુસ્સેબાજો ધરતી પરથી આકાશમાં વધુ રહેતા હતા, એ સારું જ હતું. તેણે શ્રીમતી હડલ્સનને કે તેમની દીકરીઓને પોતાને ઘરે શી ઘટના બની છે, એ વિષે અણસાર પણ આવવા દીધો નહિ. જે મુશ્કેલી એ અનુભવતો હતો, એ મૂંઝવણ આ કુટુંબ પર ઠાલવવાનો કોઈ અર્થ ન હતો. પરિસ્થિતિ અહીં પણ એવી હોઈ શકે, એ વિષે તો તે કલ્પના કરી જ શકતો હતો. પણ પોતાની દૃષ્ટિને આગળ ફેંકતાં તેને લાગતું હતું કે, એ બુઢ્ઢાઓ આ લગ્નપ્રસંગ હરગીઝ રોકી શકે તેમ નથી, સિવાય... સિવાય કે ડૉક્ટર હડલ્સન, જેનીના પિતા, નામદાર પાદરીશ્રી ઓ'ગાર્થને તેમ કરવાની વિનંતી કરે.

વાતાવરણ તો ઘૂંધવાયેલું જ રહ્યું, પણ બંને પક્ષ પોતપોતાના આશાવાદ સાથે આગળ વધતા રહ્યા.

આકાશી હવામાન ચોકખું રહ્યું વાદળોએ પણ ખાસ કોઈ અંતરાય ઊભો કર્યો નહિ. ક્યારેક વ્હેસ્ટનના આકાશમાં સવારે ધુમ્મસ છવાતું પણ સૂરજના ઉદય સાથે જ તે પાછું વિખેરાઈ જતું. સાંજનું ધુમ્મસ પજવે તેવું ન રહ્યું, અને ધૂમકેતુય કૃપા કરીને નિયમિત રૂપે અન્વેષકો સાથે વાતચીત કરી જતો.

બંને સંશોધકો પોતાના પાઠમાં ગરકાવ રહ્યા અને મિત્ઝ નારાજ થતી રહી. આ ઉઘાડા આકાશ તરફ તે આકાશને અને ધૂમકેતુને મુઠ્ઠીઓ વીંઝી, રાતના સૂતી વખતે ધમકી આપતી, 'બસ કરો હવે તમારો ખેલ, બસ કરો.' પણ આકાશના ખેલને કોણ પડકારી શકે ? અને પેલા આકાશી પ્રવાસીને પણ કદાચ તેના પ્રવાસના ખેલમાં મઝા પડી હતી.

નાગરિકોને નવા વિજ્ઞાન કરતાં વિજ્ઞાનના વિવાદમાં વધારે રસ હતો. જેમ વર્તમાનપત્રોના પક્ષો પડી ગયા હતા, તેમજ વાચકો પણ બે પક્ષમાં વહેંચાઈ ચૂક્યા હતા. એમાંથી વળી ચકમક ઝરી જતી અને લોક ટોળાઓ સામસામેય આવી જતાં. પરિણામ સ્વરૂપે વચગાળાના બુદ્ધિશાળી ડહાપણવીરો સમાધાનના અમુક મુદ્દાઓ લઈ આગળ આવ્યા. જેમાં બંને વચ્ચે જ્ઞાની-વિજ્ઞાનીઓની હાજરીમાં જાહેર ચર્ચાનાં આયોજનનો ઠરાવ પસાર થયો. આ બધી વાતની ભાષા તો અવૈજ્ઞાનિક જ બની રહેતી.

બંને લગ્નઈચ્છુક પ્રેમીઓ શું કરવું, એ વિષે જાતજાતની વિચારણા કરતા રહ્યા. જોકે વિજ્ઞાન વિષયક વાતાવરણ તો ટીચાતું જ રહ્યું અને વધુ ને વધુ ઉગ્ર બનતું રહ્યું. બંને અન્વેષકો માટે તો પ્રશ્ન જીવન-મરણનો જંગ હતો. હવે તો વળી મરવાનીય પરવા ન હતી. મૃત્યુ પછી પણ ધૂમકેતુનું નામ તેમની સાથે જોડાય તો એ તેમની જીત જ હતી, અને તો જ તેમના મૃતાત્માને શાંતિ મળતી હતી.

જ્યારે ચોઘડિયા પર આ રીતે તડીધુમ્મ ચાલતું હતું, ત્યારે જ એક ઘટના એવી બની કે જેથી ધૂમકેતુ માત્ર વ્હેસ્ટનનો જ નહિ, સારાય અમેરિકાનો અને તેથીય બહોળા લોકોનો બની રહ્યો. તેમાંય પેલો વિપ્લવ તો હતો જ.

ના. ધૂમકેતુ તૂટી પડયો ન હતો, ફાટ્યો ન હતો કે અદૃશ્ય થઈ ગયો ન હતો, પણ ટેલિગ્રાફ અને ટેલિફોન દ્વારા અમુક એવા સમાચાર પ્રસારિત થયા હતા કે ચોગરદમ ઉત્તેજના ફેલાઈ જાય તે સ્વાભાવિક જ હતું. એ ચમકાવનારા સમાચાર ફોરસીથ ટાવર પરથી પ્રસારિત થયા ન હતા, કે હડલ્સન હાઉસ તરફથીય ફેંકાયા ફેલાયા ન હતા. એ સમાચાર બૉસ્ટન ઓબ્ઝરવેટરીના ન હતા કે તેની સાથે સિનસિનાટી સિનેરિયોને પણ કંઈ લાગતું વળગતું ન હતું.

આ વખતે પેરીસે સારાય વિશ્વને હચમચાવી નાખ્યું હતું. ફરેન્ચ વર્તમાનપત્રના સમાચાર આ પ્રમાણે હતા :

'વર્જિનિયા સ્ટેટના વ્હેસ્ટન નગરના બે સન્માનનીય નાગરિકોએ સિનસિનાટી અને પિટ્સબર્ગ ઑબ્ઝરવેટરીનું ધ્યાન દોર્યું હતું, એ ધૂમકેતુ પરિપૂર્ણ નિયમિતતા સાથે પૃથ્વીનું પરિભ્રમણ પાર પાડે છે. આખી દુનિયાનું વિજ્ઞાનક્ષેત્ર પોતાના તિવ્રતમ શક્તિશાળી સાધનો દ્વારા દિવસ-રાત તેના સતત અવલોકનમાં સક્રિય છે. જેણે પોતાની આકાશી ખગોળ વિદ્યામાં તથા સૂરજ ચાંદ તારાઓ અને

બીજા ગ્રહો ઉપગ્રહો સાથે જિંદગી વિતાવી છે, એવા નિપુણ વૈજ્ઞાનિકો સ્વેચ્છાએ એ માટે નિયુક્ત થયા છે.

'આવા ભવ્ય અને ઉદ્દાત અભ્યાસી સમર્પણ છતાં કેટલાક અને અમુક પ્રશ્નો તો જવાબ વગરના જ રહી જવાના છે. તેમ છતાં ખ્યાતનામ પેરીસ ઓબ્ઝરવેટરી એક મુદ્દા પર છેવટના નિર્ણય પર આવી જ છે. ધૂમકેતુના સ્વાભાવિક પદાર્થગત અથવા ધાતુગત બાબતનો ક્યાસ તેમને મળી ગયો છે.

'દોડતા ધૂમકેતુના આભાસી ઉજાસી 'સ્પેક્ટ્રમ'ના કિરણોનું ભાજન વિભાજન કરતાં જાણવા મળ્યું છે કે, એ ગોળો વાયુગત વાયુમિશ્રિત અથવા વાયુવિવિધતા ધરાવતો નથી. એ બીજા ઉપગ્રહોની જેમ માત્ર હવાઈ-વર્તુળ નથી, તેમજ કેટલાક રસાયણનો ગઠ્ઠો પણ નથી. મોટા ભાગની ઉલ્કાઓ આવા જ પ્રકારની હોય છે.

'આ ધૂમકેતુ સોનાનો બનેલો છે, ચોકખા સો ટચના સોનાનો. તેની ગતિ વખતે લાલ-સોનેરી પ્રકાશ પ્રપાત વધુ માત્રામાં ફેંકાય છે. સંપૂર્ણપણે સુવર્ણ-ઘટ્ટ ધાતુ-પ્રકારના એ ધૂમકેતુનું કદ જાણી શકાયું નથી, એટલે કે એકદમ જાહેર થઈ શકે એ રીતે જાણી શકાયું નથી.'

ઉપરની સમાચાર માહિતી સારાય વિશ્વમાં પ્રસારિત કરી દેવામાં આવી. વિશ્વભરની એ માટેની સાચી પ્રક્રિયા હજી તરતોતરત જાણી શકાઈ નથી. એક આવા અપાર મોટાઈ તથા ઘનત્વ ધરાવતા ભારોભાર સુવર્ણ-જથ્થાનું મૂલ્ય લાખ્ખો કરોડોમાં તો શું પણ અબજો અને ખર્વોમાં જ ગણવાની ફરજ પડે. કોઈ નવી ગણતરી શોધવી પડે, ત્યાં સુધી, એને અધધધ સુવર્ણ-કળશ કહેવામાં વાંધો નથી. એમ જ કહીશું અધધધ કે અધધધધ કે અધધધધધ... પ્રમાણે ગણ્યા સિવાય આપણો છૂટકો જ ક્યાં છે ? પૃથ્વીની ફરતે આ પ્રકારનો સુવર્ણ-કિલ્લો નિયમિત સ્વરૂપે ફરતો રહે છે, એ પૃથ્વીનું કેવું સૌભાગ્ય છે. સાહિત્યમાં વખતોવખત રાંક પ્રજાને ગરીબજનોને કે ઉપેક્ષિતોને કહેવામાં આવે છે કે કુદરતના ન્યાયમાં 'દેર છે, અંધેર નથી' એકાદ વખત જોજો સુવર્ણનો સૂરજ જરૂર ઊગશે જ એ શ્રદ્ધા સાચી પડેલી જ કહી શકાય ને ! સુવર્ણનો સૂરજ નહિ, તો સુવર્ણ-પિંડ અથવા નાનો સૂરજ તો ખરો જ ને !

ઉપરના સમાચારથી અને એ પ્રકારની સુવણીર્ય કલ્પનાથી દુનિયાના તમામ દેશો ઝળહળી ઊઠયા છે, અને વ્હેસ્ટનની તો વાત જ ન પૂછો. આ શોધ તો એ જ નગરીની છે ને !

વ્હેસ્ટનના નગરવાસીઓ કૂદકા મારે અને ઊછળે એ સ્વાભાવિક છે. તેમનો હક્ક છે. તેમાંય પેલા બે સંશોધક નાગરિકો તો જાણે કે અમર થઈ ગયા. ડિન ફોરસીથ અને ડૉ. સિડની હડલ્સને જાતે અમર થઈને વ્હેસ્ટન નગરને અમરત્વ બક્ષી દીધું.

*મેરે દેશકી ધરતી સોના ઉગલે*

*ઉગલે હીરે મોતી*

*મેરે દેશકી ધરતી...*

જેવા ગીતને બદલે કવિઓ, અધક ર્ વિઓ, જોડકણાંકારો અનુષ્ટુભ છંદની જેમ ગાતા થઈ ગયા.

*મેરે દેશકા આકાશ સોના ઉગલે*

*ઉગલે હીરે મોતી*

*મેરે દેશકા આકાશ...*

ડગલે ડગલે, પગલે પગલે, ઢગલે ઢગલે, સોનું જ સોનું. આજુબાજુ ચારે બાજુ હરતું ફરતું દોડતું ભાગતું આંખને તેજસ્વી અંજનોથી આંજી જતું સોનું... સોનું... સોનું !

❑

## ૯

# આકાશની ખેતી ધૂમકેતુનું હળ

સોનાનો બનેલો છે. શું સાચેસાચ એ પદાર્થ ચોકખા ચટ્ટ અને ઘટ્ટમ ઘટ્ટ સોનાનો જ બનેલો છે ?!?

કેટલાક લોકો માનતા હતા કે જોવા-નિહાળવામાં કંઈક ભૂલ થઈ હશે. રંગ પારખવામાં ગોથું ખાધું હશે. કેટલાક વળી એને આખેઆખું ગપ્પું જ માનવા લાગ્યા. કોઈક ઉસ્તાદ ભેજોએ આખી દુનિયાને ખરેખરી બેવકૂફ બનાવી છે. તમે જોજોન એનો ખુલાસો આવ્યો જ સમજો. પેરીસ ઓબ્ઝરવેટરી જ એનો ખુલાસો બહાર પાડશે.

પણ કોઈ ખુલાસો બહાર આવ્યો નહિ. ઉપરથી તમામે તમામ દેશના ખગોળશાસ્ત્રીઓએ અને અવકાશી અવલોકનકારોએ 'ફ્રેન્ચ પ્રમાણ'ની વધુ ને વધુ સચોટ ખાતરી કરી જોઈ તો જાણવા મળ્યું કે તથ્ય અને સત્ય બરાબર છે. એમાં કોઈ મીનમેખ છે જ નહિ. ફ્રેન્ચ ઓબ્ઝરવેટરીને એવી મજાક કરવાની જરાય આદત નથી, અને આ મજાક કરવા જેવી વાત જ નથી. જે જે દેશોને ખાતરી થઈ તેમણે ફ્રેન્ચ વૈજ્ઞાનિકોના તારણનો ભારોભાર આભાર માન્યો.

એથી તો આખી દુનિયા, દુનિયાનો દેશેદેશ, ખૂણે ખૂણો ઉત્તેજનામાં આવી ગયો. બધાં જ એ નાકાથી સુવર્ણ-ગોળાને નિહાળવા ફાંફાં મારવા લાગ્યા. પરિશ્રમ કરીને નિહાળવા જ લાગ્યા. આકાશના એ સુવર્ણીય ઈશ્વરનાં દર્શન માટે દૂરબીન કે દૂરબીન જેવા જે પદાર્થો હાથમાં આવ્યા તે ખરીદવા લાગ્યા. રાતોરાત દૂરબીન ઉત્પાદનનો ધંધો જોરમાં આવી ગયો. કરિયાણાની, પગરખાંની, પોશાક-વસ્ત્રોની,મીઠાઈની, તાંબા-પતરાંની, કાટમાળની, તેલ-ઘી તથા ચા-કૉફીની દુકાને તથા લારીઓમાં પણ દૂરબીન મળવા લાગ્યા. હરપ્રકારના દૂરબીનોનો એ ધંધો રાતોરાત એટલો વિકાસ પામ્યો કે આકાશમાં સોનું ભલે હોય કે ન હોય, તેમને ત્યાં તો સોનું ખડકાવા જ લાગ્યું, સોનું નહિ તો ચાંદી ખરી જ. તેઓ એવી પ્રાર્થના કરતા કે સોનાનો એ રથ ભલે આકાશમાં લાંબો સમય દોડતો જ રહે.

જે રીતે, જે કોઈ જોતું દેખાય કે ન દેખાય અથવા ઝલક જેવું લાગે તોય જોનાર પોતાની જાતને ધન્ય માનવા લાગ્યું.

આજે કોઈ રાજા-મહારાજાની, અભિનેત્રી કે અભિનેતા, સંત-મહંતના ક્લાસ ન હતા. આજનો ભગવાન આકાશમાં દોડતો સોનાનો પહાડ હતો. એ ગોળાનીય જેવી

તેવી, જાત જાતની અને ભાતભાતની છબીઓ છપાઈને વેચાવા લાગી. લેનાર એ છબી માટેય પડાપડી કરવા લાગ્યા. પોતાના ઘરમાં ભગવાનની છબી સાથે તેને ગોઠવી દઈ પૂજા-આરતી ગાવા લાગ્યા, શબ્દો જોડી જોડી થાળ ધરવા-ધરાવવા લાગ્યા. કેટલાક શિદર કવિઓએ એ માટેના પ્રશંસા કાવ્યોય જોડી દીધા તો કેટલાક જાતે જ રાતોરાત કવિ બની ગયા. ફિલ્મીગીતોમાં જ્યાં જ્યાં અભિનેત્રીની રૂપપ્રશંસા કરવામાં આવી હોય ત્યાં સુવર્ણ-કળશ, સુવર્ણેશ્વર, સુવર્ણપ્રવાસી જેવાં નામો ગોઠવાવા લાગ્યાં.

આ સુવર્ણ-મુસાફર સાથે કદાચ કુદરતેય જોડાયેલી હશે ! કેમકે આકાશ ચોકખું રહેતું હતું. જાણે દર્પણ બનીને આકાશ એ સુવર્ણ-પ્રભુનાં દર્શન કરાવતું હતું.

એ સંજોગોમાં બીજા તો બીજા અને ખાસ તો પેલા મિસ્ટર ડિન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સનને તો બીજું કામ જ ન રહ્યું. લોહચુંબકની જેમ તેઓ ટેલિસ્કોપને જ ચોંટી રહેવા લાગ્યા. એમાં થોડીઘણીય નવી શોધ કોઈ બીજા ઉમેરી જાય, એ વાત તેમને માન્ય ન હતી. આજ સુધી એ ઉલ્કા કુલ્કા કે ધૂમકેતુ જે હોય તે, દૂરનો પદાર્થ હતો, પણ હવે તો તેમની મિલકત હતી. મિલકતનું રક્ષણ કોણ નથી કરતું ?

વિશ્વના ખૂણેખૂણામાં, અણુએ અણુમાં, રજે રજમાં, બિંદુએ બિંદુમાં ગરીબ અમીર ભૂખ્યા ટળવળતાં ઘર વગરના. તમામ લોકોની આ જ વાત હતી, રમત હતી, ઝંખના હતી, પણ ગેઓલ પ્રકારના અમુક પ્રદેશ અને લોકો ડરતાય હતા. તેમને તેમનાં જ્યોતિષીઓ, શાસ્ત્રીઓ, પંડિતો, ભૂવાઓએ જણાવી દીધું હતું કે પ્રલય આવ્યો છે, આજ પ્રલય છે, ઉપરથી આ પહાડ પડે એટલી જ વાર, ધરતી પર કોઈ નહિ બચે, કોઈ નહિ, ચલિયુંય નહિ. ભગવાન જ્યારે માનવીને મારે છે, ત્યારે સોનાના મોતે જ મારે છે. એ પ્રદેશોમાં સુવર્ણ-સારથીને જોવા પર પ્રતિબંધ હતો. લોકો ઘરમાં ભરાઈ જઈને ઇષ્ટદેવની પ્રાર્થના કરવા લાગ્યા અને પ્રલય ક્યારે ત્રાટકે છે તેની રાહ જોવા લાગ્યા.

હા, હજીય એવા અજ્ઞાની અંધારિયા, અધૂરા લોકો છે ખરા. પણ તે સિવાયના તમામ લોકો એક જ ભજન ગાવા લાગ્યા : 'એ સોનું પ કે તેમાં કેટલું સોનું હશે ? તેની કિંમત કેટલી હશે ? હાથ જેટલા પહોળા થાય તેટલા કરી કરીને તેઓ કિંમતનો અંદાજ લગાવતા, પણ ગોળાના વ્યાસ-પરિઘ તથા ઘનતાના ક્યાસ વગર ગણતરી કરવી કેવી રીતે ? એ પ્રશ્ન થોડાઘણા જાણકારોનો હતો. થોડુંઘણુંય તેનું વાયુ-વર્તુળ હશે, એનો ખ્યાલ આવે અથવા એ વાયુમંડળ ખસી જાય તો વળી ચોક્કસ આંકની વધુ નજીક જઈ શકાય.

ત્રીજી મેને દિવસે વ્હેસ્ટન સ્ટાન્ડર્ડે લોકોની એ ઇચ્છાનોય પડઘો પાડ્યો. વ્હેસ્ટનના સમાચાર લેખનું તારણ આ પ્રમાણે હતું :

'ધારો કે માની લઈએ કે આજુબાજુનું આવરણ બાદ કરતાં ફોરસીથ-હડલ્સન ધૂમકેતુનું જે હોય તે વર્તુળ દશ મીટર હોય, અને એ ગોળો જો લોખંડી હોય તો તેનું વજન ત્રણ હજાર સાતસો ત્રેસઠ ટન જેટલું થઈ શકે (૩,૭૬૩ ટન) અને જો એ ગોળો ચોકખો સોનાનો જ હોય તો તેનું વજન દશ હજાર ત્યાંસી ટન સંભવી શકે (૧૦,૦૮૩). જેની ડૉલરના આંકમાં ગણતરી કરીએ તો સાંઠ હજાર લાખ ડૉલર થઈ શકે. (૬૦ હજાર x લાખ).'

'શું એટલી કિંમત સાચી હોઈ શકે ?' સમાચાર-લેખ વાંચ્યા બાદ ઓમિક્રોને પોતાના માલિક શેઠસાહેબને પૂછ્યું.

'હોઈ જ શકે,' અભ્યાસમાં ખૂંપેલા શ્રીમાન ડિન ફોરસીથે કહ્યું, 'ચાલોને આપણે જ ગણીએ', તેમણે આંગળીઓ અને કાગળ કલમ તરફ ધ્યાન ચીંધ્યાં. 'તારે જથ્થાનો ગુણાકાર સોનાની કિંમત વડે કરવાનો છે. એટલે કે આજે સોનાનો ભાવ કિલોના પાંચસો ચુમ્મોતેર (૫૭૪) ડૉલર છે. હવે જથ્થો એટલે ધાતુની ઘનતા ગુણ્યા તેનો ફેલાવો. એટલે ૧૯,૨૫૮. ફેલાવા માટેનું પ્રમાણ છે : $V = \pi D^3/6$

જાણે સમજી ગયો હોય એમ ઓમિક્રોન કહે, 'હા હા, બરાબર છે, સમજાય છે, સમજાય છે.'

'લેખે ગણતરીનો સરસ પ્રશ્ન ઉઠાવ્યો છે.' શ્રીમાન ડિન ફોરસીથે કહ્યું, 'પણ મને એ નથી સમજાતું કે એ લોકોએ પેલા ગધેડાનું નામ શા માટે મારી સાથે જોડી દીધું ?'

પદાર્થમાં કેટલું સોનું હશે તેનો અંદાજી હિસાબ કાઢતાં ડૉક્ટર હડલ્સને પણ એ જ વેણ ઉચ્ચાર્યું, 'એ ડુક્કર, સુવ્વર, ખચ્ચરનું નામ મારી સાથે ?'

કુમારી લૂ પણ એ ગણતરી લેખ વાંચીને આંગળાં ગણવા લાગી હતી અને ઉચ્ચારી ઊઠી, 'આ લોકોને કંઈ ભાનબાન છે કે નહિ ?' આગળ કહ્યું, 'હવે તો આવી જ બન્યું અમારા ડોસલાઓનું અને અમારું.'

દરેક વર્તમાનપત્ર અને તેનો લેખક પત્રકાર બીજાઓ, સામાવાળા કરતાં પોતાની જાતને વધુ હોશિયાર જ ગણતો-સમજતો હોય છે. વ્હેસ્ટન ઈવનિંગ મોરીસ સ્ટ્રીટની તરફેણ કરતાં એ તરફના દૃષ્ટિબિંદુથી જે લેખ પ્રસારિત કર્યો તે :

'ગણતરીમાં સ્ટાન્ડર્ડનું સ્ટાન્ડર્ડ કેટલું ગરીબ છે તે દેખાઈ આવે છે. સાચી રીતની અને તર્કબદ્ધ ગણતરી કરવામાં આવે તો હાથ જરા વધુ પહોળા કરવા પડશે. અમે હડલ્સન-ધૂમકેતુનું ડાયામીટર એક સો (૧૦૦) મીટર જેટલું અંદાજીએ છીએ. તેના વાયુ-ઘેરાવા સિવાય એ લક્ષ્યાંક ધ્યાનમાં લઈએ તો એ સોનાના ગોળાનું વજન સો-લાખ, ત્રાણું હજાર, ચારસો અઠયાસી ટન સંભવી શકે (૧૦૦ લાખ, ૯૩ હજાર, ૪૮૮

ટન). તેની આજની કિંમત સાથે ગણતરી કરીએ તો છ હજાર અબજ (૬ હજાર અબજ) ડૉલર જેટલી તો થાય જ થાય.'

મમરો મૂક્યો વ્યંગપત્ર પંચે, 'સેન્ટમાં ગણતરી નથી કરી એનો પાડ માનો.'

ગણતરી જે થતી હોય તે, વ્હેસ્ટનના બંને સંશોધકો તો ફુલાઈને ફાળકો થતા હતા એટલે કે વધુ ને વધુ અમીર બનતા જતા હતા. કુબેર જ કહોને.

બંને વધુ ઝનૂનથી શોધ-સંશોધનમાં ખૂંપી ગયા.

પાંચમી અને છઠ્ઠીની વચમાંની રાતે તો ડિન ફોરસીથને લાગ્યું કે સફળતા તેની આંગળીઓને સ્પર્શી રહી છે.

ધૂમકેતુ એકદમ ચોકખો ઝબકતો અને તેજસ્વી સ્વરૂપમાં નજરે પડયો.

'ઓમિક્રોન... ઓમિક્રોન...' અવાજના ઉછાળા સાથે રાડ પાડી શ્રીમાન ડિન ફોરસીથે.

'જી, જી સાહેબ.'

'દેખાય છે ? દેખાય છે ને ?'

'દેખાય છે, દેખાય જ છે, સાહેબશ્રી.' ઓમિક્રોને પોતાના શેઠજીનો ઉત્સાહ બેવડાવ્યો.

'હવે આપણા હાથમાં છે, આપણા જ હાથમાં જ.'

'ઓહ, અરરર' ઓમિક્રોન બોલી ઊઠ્યો, 'પાછો સંતાઈ ગયો.'

'પરવા નહિ. મેં જોયો એટલે જોયો જ. સ્પષ્ટ જોયો એટલે સ્પષ્ટ જ જોયો ! એનો યશ મને જ મળવો જોઈએ અને મળશે જ. કાલે પહેલું કામ આપણે પિટ્સબર્ગ ઓબ્ઝરવેટરીને તાર કરવાનું કરીશું. પેલો શિખાઉ નિશાળિયો આ વખતે માથું નહિ જ ઊંચકી શકે.'

'નહિ જ ઊંચકી શકે.' ઓમિક્રોન હા-જી-હા ભણતો હતો.

શું શ્રીમાન ડિન ફોરસીથે તેમના હરીફ ડૉક્ટર હડલ્સન ઉપર આ વખતે વિજય મેળવ્યો ખરો ? એ જાણી શકાયું નહિ અને પેલો તાર પણ પિટ્સબર્ગ ઓબ્ઝરવેટરી મોકલાયો નહિ. કારણ ?

બીજા દિવસના તમામે તમામ છાપાંઓમાં આ પ્રકારના સમાચાર માહિતી પ્રગટ થઈ હતી :

'ગ્રીનવીચ ઓબ્ઝરવેટરી પ્રિય પ્રજાજનોને એ જણાવતાં આનંદ અનુભવે છે કે, વ્હેસ્ટનના જે બે હોંશીલા વિજ્ઞાનલક્ષી નાગરિકો અને પેરીસ ઓબ્ઝરવેટરીએ જે ધૂમકેતુનો ઉલ્લેખ કર્યો છે, એ સંપૂર્ણત: સોનાનો જ હોવાનું ફલિત થાય છે. પૂરેપૂરી કાળજી, ગણતરી અને સમર્પિત સંશોધકો તથા આંકડાદારોની મદદથી એ જાણી શકાયું છે કે એ સુવર્ણ-ગોળો ૧૧૦ મિટર ડાયામીટરનો છે. તેનું કદ એકંદરે છસોછન્નું હજાર ક્યુબિક મીટર જેટલું છે (૬,૯૬,૦૦૦).

'આ પ્રકારના સુવર્ણ-ગોળાનું વજન ૧૩૦ લાખ ટન જેટલું સંભવી શકે છે. પણ ગણતરીઓ ધ્યાનથી અને ચીવટથી કરતાં લાગે છે કે એનો આંક ઉપરની સંખ્યાના સાતમા ભાગનો જ હોઈ શકે, એટલે કે દશ લાખ, આઠસો, સડસઠ હજાર ટન (૧૦,૦૦,૮૬૭ હજાર ટન) હોઈ શકે, તાત્પર્ય કે સત્તાણું હજાર ક્યુબિક મિટર (૯૭,૦૦૦) ધારતાં અંદાજે તેનું કદ સત્તાવન (૫૭) મિટરનું સંભવી શકે.

'ઉપરની વાતો લક્ષમાં લેતાં આપણે એવા તારણ પર આવી શકીએ કે પદાર્થનું રસાયણિક બંધારણ કંઈક કંઈક જાણી શકાયું છે. ગોળાના અંદર બાહ્ય ભાગમાં ધાતુજન્ય નાની મોટી તિરાડો અવશ્ય હશે, અથવા ધાતુ કોઈક પ્રકારના મિશ્રણ સ્વરૂપમાંય હોઈ શકે.

'થોડીક ગૂંચવણભરી ગણતરીઓને લક્ષમાં લેવાની સાથે આપણે એવા પરિણામ પર આવી શકીએ કે અત્યારના સોનાના ભાવ મુજબ તેની કિંમત બસોત્રીસ હજાર પાંચસોવીસ (૨,૩૦,૫૨૦) મિલિયન સ્ટર્લિંગથી જરાય ઓછી હોઈ શકે નહિ. મિલિયન એટલે દશ લાખ ગણવા.'

એટલે કે વ્હેસ્ટન ઇવનિંગની ગણતરી પ્રમાણેનું ડાયામીટર સો મિટર જેટલું ન જ હતું. તે સ્ટાન્ડર્ડની અપેક્ષા કરતાં દશ મિટર વધારે હતું. તથ્ય બે વિચારધારાઓની વચમાં હતું. તાત્પર્ય કે ભરપૂર સ્વચ્છ ધાતુના અંદાજની વચમાં થોડાક કાટ, થોડાક કચરા, થોડોક સૂકો કાદવ, થોડીક તિરાડો, થોડીક હવા, થોડીક શૂન્યતા વગેરેને અવકાશ હતો, અને તેની ગણતરી પણ સામેલ કરવી રહી.

જ્યારે શ્રીમાન ફોરસીથે ધૂમકેતુની સાચી કે સત્ય નજીકની કિંમત જાણી લીધી ત્યારે તેઓ બરાડી ઊઠ્યા :

'મેં એની શોધ કરી છે. પેલા મોરીસ સ્ટ્રીટના બબૂચકે નહિ. એટલે એ ધૂમકેતુ મારો મારો અને મારો જ છે. એટલે કે જો એ સુવર્ણ પહાડ ધરતી પર પડે છે તો એનું સંપૂર્ણ સોનું મારું છે, વાલે વાલ, રતીએ રતી. બીજા કોઈનું નહિ, કોઈનું જ નહિ.'

બીજી બાજુ ડૉક્ટર હડલ્સને ઈલિઝાબેથ સ્ટ્રીટ તરફ જોઈને કહ્યું, 'એ મારી માલિકીની મિલકત છે. મારા બાળકોનો વારસો છે. જે પૃથ્વીની ફરતે પરિભ્રમણ

કરે છે એ સુવર્ણ પદાર્થ મારો છે, મારો જ છે. જો એ પૃથ્વી પર પડે તો એ સુવર્ણ પિંડને મારા સિવાય કોઈ હાથ નહિ લગાવી શકે. એકલો હું એટલો અમીર થઈ જઈશ એટલો... અહાહાહા...!'

તાત્પર્ય કે આજ સુધીના વિશ્વ-બ્રહ્માંડના ધનકુબેરો વન્ડરબિટલ્સ, એસ્ટોર્સ, રોકફેલર્સ, પિપરમોન્ટ મોર્ગન્સ, મેકેટ્ઝ, ગોલ્ડ્સ તથા બીજા બધા. હા હા, રોથચાઈલ્ડ્સ સહિત બધાં જ ડૉક્ટર હડલ્સન અને મિસ્ટર ડિન ફોરસીથ સામે વામણાં લાગતા હતા, ઠિંગુજી, વહેંતિયા, એટલી હદે ક્ષુદ્ર કે ક્રમશ: એક એકના તો ક્લાસ જ નહિ, સમસ્ત ભેગા થઈને પણ ફોરસીથ-હડલ્સનમાંથી એકાદનો મુકાબલો કરી શકે નહિ.

ડિન ફોરસીથ અને ડૉ. હડલ્સન જોઈ શકતા હતા કે મંઝિલ બે દિશાએથી આગળ જઈ રહી છે, પણ પ્રશ્ન એ હતો કે દિશાઓ બે હોય કે એક, બંને હરીફો બીજાનો સામનો કેવી રીતે કરી શકે અને સામાને આગળ વધતો કેવી રીતે રોકી શકે ? એક માર્ગે બંને સામસામા બેસીને મામલો પતાવી શકે, પણ શું એવી વાટાઘાટો, ધાંટાઓ અને ચાંટાઓ સિવાય શક્ય હતી ? ઘરમાંના લગ્ન સમારંભની વાત તો એ બંને જણાં ભૂલી જ ગયા હતા. લગ્ન ફગ્ન જવા દો, એ સિવાયના બીજા કોઈ ધર્મ- સંસ્કારોનીય તેમને પરવા ન હતી. તેમના ભેજામાં તો એક જ ભૂસું ભરેલું હતું. એ ભૂસાંને છાપાંઓ ભડભડ સળગાવે રાખતા હતા.

લેખો એવા કપરા, કટાક્ષમય, બીજી દિશાના, માહિતી કે નિરાશાજનક બની રહેતાં કે વાતાવરણમાં ઉશ્કેરાટ સિવાય બીજું કોઈ તત્ત્વ રહેતું નહિ. છાપાંઓ જમાના પર કેવા સંસ્કાર સીચી શકે છે, તેનો અહી પ્રત્ય દાખલો જોવા મળતો હતો. તેમાં પંચના પંચ અને વ્યંગચિત્રો તો પંચ જ ફટકારી દેતા હતા. બે પક્ષો શાંત થાય એ કદાચ તેને ગમતું જ ન હતું. વાતાવરણ શાંત થવા લાગે તો પંચ આગમાં તેલ નહિ, ઘાસલેટ જ છાંટી દેતું.ું વાત એટલી આગળ વધી કે બંને ખગોળશાસ્ત્રી, અન્વેષકો દ્વન્દ્વ લલકારી દે તો જ વિવાદનો અંત આવી શકે. જો એમ થાય તો કદાચ સગપણ થયેલા યુગલનો આગળ ઉપરનો માર્ગ મોકળો થઈ જાય ખરો.

બંને સંશોધકો ઊછળતા રહેતા ભલે. તેમના ગાંડપણ તરફ લોકોએ લગભગ ધ્યાન આપવાનું જ છોડી દીધું એક બીજીય વિચારધારા શરૂ થઈ. તે એ કે એ આકાશી ગોળો કદી પૃથ્વીના ગોળા પર પડવાનો જ નથી. અને ઉલ્કાપાત થાય જ નહિ તો પછી પ્રલાપ-પાતનો આશય જ શો રહ્યો ? કોઈ નહિ, ના, કોઈ નહિ તે મેળવી શકે કે પામી શકે. ચાંદો કોઈના હાથમાં આવ્યો નથી તેમજ ધૂમકેતુય હાથમાં નહિ આવે. ઊભા રહેનાર ભલે હાથ પહોળા કરીને ઊભા રહે.

સ્વર્ગીય એ 'શિશમ' એક સમાંતર અંતરે પૃથ્વીથી દૂર જ રહેતો હતો. તેની ગતિ સ્થિર રહેતી હતી. અગાઉ એક વખત વ્હેસ્ટન સ્ટાન્ડર્ડે લખ્યું હતું તેમ, 'તેની ગતિમાં કે આકાર પ્રકારમાં ફેર પડવાનું કારણ જ શું છે ?'

આ પ્રકારના વર્તમાનપત્રોના વર્તમાને મામલાને શાંત કરવામાં અજાણી મદદ કરી ખરી. ત્યાર પછી ઉત્તેજના અને ઉગ્રતા ક્રમશ: ઓછી થતી ગઈ. જોકે બંને હરીફો હાથમાંના એ ગોળાને કોઈ સંજોગોમાં ગબડાવી દેવા માગતા ન હતા. પણ એ ગોળો કોઈનાય હાથમાં હતો ખરો ?

૯મી મેના અંકમાં પંચે વળી પાછો એક પંચ ફટકાર્યો : એક અજબગજબની આશ્ચર્યચકિત કરી દેનારી અવકાશી ઘટના સાથે આપણો પાનો પડયો છે અને લોકો આવી શાંતિ કેવી રીતે રાખી રહ્યા છે ? પેલા બે વ્હેસ્ટનિયા વૈજ્ઞાનિકો ગાંડા અને ઘેલા નથી જ, પણ પ્રજાજનો જ પાગલ છે. ભ્રમિત ભૂમિજનો જ હાથમાં આવેલા આવા લાડવાથી હાથ ખંખેરી ચૂપચાપ બેસી રહ્યા છે.'

પોતાના વ્યંગ આગળ વધારતા તે કહે: 'જો આખો મામલો ઊભો કરેલો હતો તો એ ઊભા કરનાર બંને જણાને શાંતિથી શા માટે ઊભા રહેવા દેવામાં આવે છે ? વ્હેસ્ટનની જે બરબાદી અને બદનામી એ બંને જણાએ નોતરી છે, તેમને લોકો શું એમ જ છૂટી જવા દેશે કે જેથી બીજી વખત તેઓ બીજો કોઈક તુક્કો ઉછાળી પ્રજાજનોની શાંતિનો ભુક્કો બોલાવી દે ? એ બે મહા(?)નુભાવોએ કુદરત પરની, આકાશ પરની, ઈશ્વર પરની માનવીની શ્રદ્ધાને ચકનાચૂર કરી નાખી છે. વ્હેસ્ટન હવે ઇજ્જત આબરૂનું ખંડિયેર છે. બીજું કંઈ લાગે છે કોઈને ?

'હમણાં જ એ બધાં લાખ્ખો કરોડો અબજો ખર્વો પર્વોની વાતો કરતા હતા. જાણે આકાશમાંથી સુવર્ણનો વરસાદ જ વરસી રહ્યો છે. લૂંટો લૂંટાય એટલું સોનું. અને હવે ? ગરીબો કેટલા ગરીબ બન્યા હશે એનો ખ્યાલ છે કોઈને ? હવાઈકિલ્લા બતાવી જરૂરિયાતવાળાનાં સપનાંઓ છીનવી લેવાનો તેમને શો અધિકાર છે ?

'જો તેમના ચગાવ્યા માનવી ચગી શકે, તો તેમના ભાંગ્યા તેઓ ભાંગી ન શકે ? તેમના પર તૂટી ન શકે ? તેમનો છૂંદો-રોટલો ન કરી શકે ?

'જેટલા સુવર્ણ સપનાંઓ એ બે તરંગબાજોએ લોકોને બતાવ્યા છે, એટલો જ એમને દંડ થવો જોઈએ. એટલી જ અધધધ રકમ વસૂલ કરી જમીનદોસ્તોને સમૃદ્ધ કરવા જોઈએ શ્રીમાન ડિન ફોરસીથ અને ડૉક્ટર સિડની હડલ્સનની છેલ્લામાં છેલ્લી પાઈ છીનવી લઈ હતાશ લોકોમાં વહેંચી દેવી જોઈએ.'

એ વાત લક્ષમાં લીધા વગર જ ઉપરોક્ત બંને વ્હેસ્ટન-વિહારીઓ પોતપોતાના લક્ષમાં વિહરતા જ રહ્યા. ફોરસીથ-હડલ્સન જોડકા-હરીફોનું માનવું હતું કે હજી

બાજી હાથમાં જ છે. બાજીની એ રાજી ચીજોને હાથમાં લેવા તેઓ વધુ વેગથી, વધુ આવેશથી મંડી પડયા.

❑

# ૧૦

# બૂમ લગાવો, હાથ ફેલાવો હાથમાં આવશે

## ધૂમકેતુ

'ઝેફરીન ઝીરદાલ ! વાહ, કેવો ગજબનો માનવી છે.' વ્યવહારુ ભાષામાં લોકો ઝીરદાલ વિશે એમ જ કહેતા, પણ તે ભારે વિચિત્ર હતો, એ વાત તો ખરી જ. અંદરથી બહારથી ઉપરથી નીચેથી, ગમે તે બાજુથી જુઓ, તે કોઈક નવી જ ધરતીનો માનવી લાગી રહે. તેના વાળ, તેનો પોશાક, તેના પગરખાં, તેની ચાલ, તેની સિસોટી, તેની રહેણીકરણી, તેનું વર્તન… બધું જ અલગ તરી આવે.

લાંબો અને બેફિકર, તેના ખમીસને કદી કોલર હોય જ નહિ અને બાંહીને છેડે કફ નહિ. તેનું પાટલૂન બરાબર ચાડિયા જેવું જ લાગે, તેના વેસ્ટકોટને બટન જ નહિ, અથવા ગમે ત્યાં બંધ કરી દેવાયેલા, તેના ઘણાં મોટાં ઘણાં ગપ્પાં ગજવામાં ઘણું બધું ભરેલું જ હોય, શું ? તે એ જ જાણે. કોટ સહિત બધાં જ વસ્ત્રો કીમતી લાગે પણ પહેરવાની પરવા જ નહિ, અથવા એવા પહેરે કે સામાન્યજનને હસવું આવી જાય. મેલખાઉ પ્રકારનું જ કાપડ પસંદ કરનાર ઝેફરીન ઝીરદાલ એક વખત એક પોશાક પહેરે કે પછી ક્યારે તે બદલે તેનું ઠેકાણું જ નહિ.

એને કંઈ બહારના લોકોની પડી ન હતી. આમ જુઓ તો 'બહાર' શબ્દ સાથે જ તેને લેવાદેવા ન હતી. બલકે 'બહાર'ની વચમાં પણ તે 'આંતરિક' બની રહેતો. દુનિયાને કે લોકોને તે કદી જોતો નહિ. કોઈ તેને જુએ છે એની તેને જરાય ચિંતા ન હતી.

તેની લંબાઈને તેના ઘરમાં જ વાંકા વળીને જવું પડતું. તે સિવાય પણ તેની ચાલ એ પ્રકારની વાંકીચૂંકી જ રહેતી. તેના ઘણાં લાંબા હાથ પરના વાળના જથ્થા તરફ તેનું ધ્યાન કદી ગયું જ ન હતું. તેના એ હાથ ઓરડામાંની છત સુધી પહોંચતાં અને તે બેઠો બેઠો હાથ લંબાવી ઘણી આમતેમની ચીજવસ્તુઓ મેળવી શકતો.

તેનો ચહેરો બીજા સંજોગોમાં રૂપાળો કે વ્યવસ્થિત લાગે પણ તેની જીવનશૈલીથી તેની મુખમુદ્રા ભારે બેડોળ બની ગઈ હતી. જોકે એ બેડોળ ચહેરા પર બે તિક્ષ્ણ આંખો હતી, ઘુવડ જેવી. બંધ રહેતી જ નહિ, છતાં બંધ હોય ત્યારેય ચકળવકળ થતી રહેતી.

ચહેરાનો આકાર ગોળ, લંબગોળ નહિ, પણ કંઈ ચોરસ પ્રકારનો હતો, એટલે સુધી કે તેની દાઢીય ચોરસ આકારની લાગતી. તેના જાડા હોઠની વચમાંથી જ્યારે દાંત દેખાતા ત્યારે તે હસતો જણાતો અને કોઈનેય હસવું આવતું. તેનું નાક જાડું મોટું પહોળું ફેલાયેલું અને કાનનો આકાર તો સાવ નિરાળો, જાણે બધું જ સાંભળવા માટે બનાવ્યા હોય તેવા એ કાન તેના અંદરના વિચારો સાથે ખેંચાયા કરતાં.

એનું સમગ્ર વર્ણન કરવાથી એની રૂપરેખા કોઈ સમજી વિચારી શકે નહિ. તેમાંય એનું વિશાળ કપાળ ભવ્ય કહેવું જ પડે. એ કપાળ એના આંતરિક વિચારનો આયનો હતું. આંખ, નાક અને કપાળ જ્યારે એક થતાં ત્યારે ઘડિયાળના સમયની જેમ તેનું હવામાન જાણી શકાતું.

આવા આ ઝેફરીન ઝીરદાલનું જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું. જોનારને તે ક્યાં તો બહુ બુદ્ધિશાળી લાગતો કે એકદમ મૂરખ ભાસતો.

ફરીથી કહીએ કે આ ઝેફરીન ઝીરદાલ દુનિયાથી સાવ અલગ પ્રકારનો માનવી હતો. તે કોઈ જાહેર શાળા મહાશાળામાં ભણ્યાની માહિતી નથી પણ ઘરે જ ભણ્યો હોય તોપણ તેની બુદ્ધિ-પ્રતિભા તીક્ષ્ણ હતી. નાનપણથી જ પોતાની રીતે અભ્યાસ કરીને, પ્રવૃત્તિઓ પાર પાડીને, તેણે નક્કી કર્યું હતું કે તે પોતાની રીતે જ જીવશે, ભલે તેને એકલવાયા જીવવું પડે. તેની નિર્ણયશક્તિ એટલી દૃઢ હતી કે તેના વડીલોને તેનું ધાર્યું કરવા દેવા સિવાય બીજો કોઈ છૂટકો ન હતો.

પરિણામ કંઈ ખાસ ખરાબ ન હતું, નકારાત્મક તો ન જ હતું. જ્યારે છોકરાંઓ શાળાઓમાં ભણતાં રમતા હોય ત્યારે એ જ ઉંમરમાં તે ગમે તે પરીક્ષાઓ પસાર કરી દેતો. તેને સમય આપો અને દૃઢતા તેની પાસે હતી જ. હા, વિષય તેની રુચિનો હોવો જોઈએ. પહેલા રહેવું, સહુથી અલાયદા અને આગળ રહેવું એ તેનો શોખ જ ન હતો, તેની ધૂન હતી, કહો કે તેનું ધ્યેય હતું. પોતાની એ નિપૂણતા પ્રાપ્તિ કોઈને દેખાડવા બતાવવા માટે નહિ, પણ તેને પોતાને આનંદ આપતી. મહાશાળાઓની કંઈક પ્રવેશ- પરીક્ષાઓમાં ઉત્તિર્ણ થઈ તેણે દાખલા મેળવ્યા હતા, વિષય હાથમાં લે પછી પહેલા જ આવવાની તેની નેમ રહેતી અને તે આવતો જ. તેની ગ્રાહ્ય શક્તિ એટલી તીવ્ર હતી કે અધ્યાપક શીખવે તે પહેલાં જ તે આગળનું વિચારી લેતો. એ વિષયને અંગિકાર કરીને શિખવનારનીય આગળ નીકળી જતો.એ રીતે એક વિદ્યાપીઠમાંથી બીજીમાં, બીજીમાંથી ત્રીજીમાં, એમ કંઈક વિદ્યાપીઠની વિદ્યા તેણે ભેજામાં ભરી દીધી હતી. ભણવા માટે તેની કોઈ ઉંમર ન હતી, જ્યારે તેની ઇચ્છા કે કુતૂહલ વૃત્તિ જાગે ત્યારે જે તે વિષયમાં નિષ્ણાત થવા તે અભ્યાસ શરૂ કરી દેતો. પછી એ વિષયનો તે કૂરચો કાઢી નાખતો અથવા એ વિષયમાં પુસ્તકોએ તેને જ પૂછવું પડતું.

જોકે પહેલા નંબરની આ પઢાઈ તેના કશા ઉપયોગની ન હતી, કેમકે તે ભારે ભૂલકણો હતો. ભણેલુંય તે વળી ભૂલી જતો. તેની ધારદાર યાદદાસ્તની એક ખાસિયત હતી. તેને આંચકા પ્રકારની કે અલપઝલપ યાદદાસ્ત કહી શકાય. તરતોતરત તે ભૂલી જતો, પણ જ્યારે યાદ આવે ત્યારે સંપૂર્ણ પાઠ યાદ આવી જતો.

અઢારમે વર્ષે તેનાં માતાપિતાનું અવસાન થયું ત્યારે સરેરાશ માસિક પંદર હજાર ફ્રાન્કની આવક તેને વારસામાં મળી હતી. પોતે તો એ સંખ્યાના હિસાબ રાખી શકે તેમ ન હતો, એ માટેની તેને તમા ન હતી, એટલે જેટલા દસ્તાવેજો સામે રજૂ થયા તે બધાં ઉપર તેણે તેના બૅન્કર કાકાને સહી કરી આપી. કાકાશ્રી રોબર્ટ લસર બૅન્કિંગ વિદ્યાના ખાં હતા, હિસાબકિતાબના એક્કા અને શેર બજારના શેર એટલે કે સિંહ હતા. ભત્રીજા ઝેફરીનને તેઓ જ સારી રીતે ઓળખી શકતા એટલે તેનો ખ્યાલ રાખતા. ભરપૂર હેત વરસાવતા, જરૂર પડે અને ભત્રીજાભાઈ ત્યારે જે વિષે કૌતુક દાખવે તે વિષેનું માર્ગદર્શન આપતા. કાકાશ્રી ઝેફરીનના પિતા કરતાં વધુ પિતા હતા અને જવાબદાર વહાલસોયા ગોડફાધર હતા.

ઝેફરીનનો દુનિયા સાથેના સંપર્ક કાકાના માધ્યમ દ્વારા જ થતો. તે જાતે તો કંઈ જ કરતો નહિ, એટલે કે પોતાની રૂચિ બહારનું કંઈ કરતો નહિ. હા, મનપસંદ વિદ્યા પ્રાપ્ત કરવા તે ખોવાઈ જતો.

પેરીસના વિખ્યાત પુરાણા રૂકેસલના છઠ્ઠા માળે ઝેફરીન પોતાની બે ઓરડીમાં જીવન પસાર કરતો. તેને વધારે બહોળા પહોળા નિવાસની જરૂર ન હતી. જોકે સમય સાથે અને વિષયાંતરના શોખને લઈને એ બંને ઓરડીઓ કે ઓરડાઓ ચીજવસ્તુ અને પ્રયોગાત્મક સાધનો-યંત્રોથી એવા ખડકાઈ ગયા હતા કે એમાંથી રહેનારે રહેવાની જગ્યા તારવવી પડે. અહી તે એકત્રીસ વર્ષની ઉંમર સુધી રહેતો હતો, કદાચ આજીવન એ નિવાસ બદલવાની તેની કોઈ ઈચ્છા ન હતી. એવો વિચાર તેને આવતો નહિ, ફાવતોય નહિ.

આ બે ખંડોમાં શું શું હશે તેનો જરા ખ્યાલ કરી લઈએ. જાતજાતના યંત્રો, વિદ્યુતના તમામ સાધન પ્રસાધનો, ડાયનેમાઓ, બેટરીઓ, આકાશી અને દૂરના અંતરાલને પામવા માટેના દર્શનીય દૃષ્ટિ-શ્રાવ્ય વિશેષ વૈવિધ્યો, પિરામિડો, નળાઓ, ત્રિકોણો, ચોરસો, ષટકોણો, અષ્ટકોણો વગેરે ઘણું તૈયાર મેળવેલું અને જાતેય બનાવેલું. તે વિષેનાં પુસ્તકો, ચોપાનિયા, ફાઈલો, દૈનિક વર્તમાનપત્રો ! કાગળ, પૂંઠા, પતરાં, લાકડાં, વ્હેર, પાવડરો વગેરેનો પાર નહિ. બધું ઠઠ નીચેથી ઉપર સુધી પહોંચતું હોય ! ખુરસી અને ટેબલ ખરા પણ શોધવા પડે. બંને દરેક રીતે ભરચક. જ્યારે તેને કામ કરવું હોય ત્યારે ખુરસીમાં થોડીક જગા કરીને બેસે અથવા ટેબલ પર જગા થઈ શકે તો ત્યા બેસી જાય. જયારે તેને બધું બહુ અગવડરૂપ લાગે ત્યારે ખુરસી કે ટેબલ

પરનો ઢગલો ભીત તરફ ફેંકે, જ્યાં કોઈ જગા હોય જ નહિ. આ રીતે જ્યારે ખુરસી-ટેબલ ખાલી થાય ત્યારે તે ખરેખર આનંદમાં આવી જાય અને એવો કામે લાગી જાય કે સમયનું ભાન જ રહે નહિ.

કલ્પના કરો જોઈએ કે ઝેફરીન ઝીરદાલનો વ્યવસાય શો હશે ? તેનો મુખ્ય વ્યવસાય સપનાંઓ જોવાનો હતો. મોઢામાં મનગમતી પાઈપ ધરી રાખીને તે બસ સપનાંઓ સાથે રમ્યા કરતો, પણ સપનાં જોતો તે એવો ગેલમાં આવી જતો કે સપનાં સાર્થક કરવાના પ્રયાસમાં તે લાગી જતો. સપનાં સાર્થક કરતો પણ ખરો. પછીથી નવાં સપનાં, નવું કાર્ય, એ જ એનો વ્યવસાય. એક તર્ક કે તરંગ મનમાં આવ્યો કે ખુરસી-ટેબલ પરનો બધો સામાન ફેંકી ઉવેખીને તે કામે લાગી જતો. એ કામમાં પછી ચાર કલાક લાગે, ચાળીસ કલાક લાગે કે ચાળીસ દિવસ, તેની ગણતરી નહિ, અને પરવાય નહિ. જ્યાં સુધી એ શોધકાર્ય સંપૂર્ણ ન થાય ત્યાં સુધી એ જંપે નહિ અને જેવું પરિણામ હાથમાં આવ્યું કે બધું જેમનું તેમજ રહેવા દઈ ઊંઘ ખેંચી લે. જતે દિવસે એ શોધપત્રો ઉપર બીજી શોધો જમા થતી જાય અને અગાઉની શોધ દબાઈ જાય. ભલે ! એને મજા પડતી નવી નવી અવનવી શોધોમાં.

આ પ્રકારની શોધવૃત્તિમાં તેણે કંઈ કેટલીય ગમ્ય-અગમ્ય શોધો દબાવી દીધી હતી. ગણિત, ભૂમિતિ, ભૌમિકી, રસાયણ, ફિલસૂફી, વિજ્ઞાનની જે હાથ લાગે તે શાખાઓ, છાપકામ, ચિત્રકામ, છબીકલા, ચિકિત્સા વગેરે વગેરે જેવી કોઈ વિદ્યાથી તે દૂર રહી શકતો નહિ. અભ્યાસ તેનો આનંદ હતો. અભ્યાસમાં ખૂંપી જવાનું જ તેનું જીવન હતું. કામના પ્રારંભમાં નહિ, પૂર્ણાહુતિમાં તેને રસ હતો. શોધની શરૂઆતમાં નહિ, શોધની સિદ્ધિ જ તેની મંઝિલ હતી. દાખલો ગમે તેટલો અટપટો હોય, તેનો જવાબ આવવો જ જોઈએ, એ માટે પ્રકરણ ભરાય કે પુસ્તક તૈયાર થાય, તેનો તેને રજમાત્ર હર્ષશોક નહિ.

ક્યારેક એક શોધકાર્ય કરતાં, તેની બીજી શાખા હાથ લાગી જતી. ગાડી ફંટાઈ જતી, પણ જ્યારે ફરીથી પહેલો અધ્યાય હાથ આવી જતો, ત્યારે તેનું ધ્યેય સંપૂર્ણ થઈને જ રહેતું.

કંટાળો શી ચીજ છે, એ તે જાણતો નહિ. થાકવાનું તે સમજ્યો ન હતો. તેનું ભેજું જ કોઈ એવી કરામતનું હતું કે એક વખત વિષય શરૂ થયો કે તેમાંના આગળ ઉપરના આનંદમાં તે ખોવાઈ જતો. કામનો આનંદ તેની સ્ફૂર્તિ હતી, તેની સ્ફૂર્તિ તેની તાજગી હતી, તેની તાજગી તેનો ઉત્સાહ હતો, તેનો ઉત્સાહ તેની ઉત્તેજના હતી. જ્યારે પરિણામ હાથ લાગતું ત્યારે 'હે-ઈ' કરીને તે કાગળિયા ઉડાડતો.

ઊડેલા, ઊડીઊડીને આમતેમ ફેલાયેલા, પથરાયેલા, દટાયેલા કાગળોમાં તેની કંઈક શોધો પડી હતી. તેની અનુપમ સિદ્ધિઓ એ કાગળોમાં ફેલાઈ પથરાઈ હતી. પણ

હા, તેને ભેગી કરવી પડે.

પગ નીચે દબાતી, ઠોકરો ખાતી, અગણિત શોધ તેની પ્રેરણા હતી. તે દરેક વખતે નવી દિશા, નવી શોધ તરફ દોડી જતો. એ શોધ દ્વારા નામ, દામ કે કીર્તિ કમાવાની તેને જરાય ઝંખના ન હતી. તે એવા પ્રલોભનોથી એકદમ ઉપર હતો.

તેના કોઈક મિત્ર તેને ઠપકો આપીને કહેતા, 'સિદ્ધિઓનો આ તે કેવો બગાડ ? શોધો તરફનું આ તે કેવું દુર્લક્ષ ?'

'ઊભો રહે,' ઝીરદાલ કહેતો અને તે આમતેમ પડેલાં કાગળો શોધવા મંડી પડતો. પછી જે હાથ લાગે તે આપી દઈને કહે, 'આ બધું તારું બસ. જા તારું નામ લખી દેજે. તને જે ફાયદો થાય તે મેળવી લેજે.'

'પણ તું ?'

'તું આ શોધનો ઉપયોગ કરશે ત્યાં સુધીમાં મેં એથી આગળની કંઈક શોધ કરી હશે.'

એનું કંઈ પણ લૂંટાઈ જવાની, ખોવાઈ જવાની, ચોરાઈ જવાની તેને કદી પડી જ ન હતી.

આવી વખતે પોતાના નફાની વિરુદ્ધ તે જઈ રહ્યો છે, એવું તેને ક્વચિત્ પણ લાગતું નથી.

પૈસા ? શી ચીજ છે એ ? શું કરવા છે એને ? રાખવા-સંઘરવા જ શા માટે જોઈએ ?

જ્યારે એને જરૂર પડતી ત્યારે એ પોતાના ગોડફાધર જેવા ગોડઅંકલ બૅન્કરને ફોન કરી દેતો. મોન્સ્યુર રોબર્ટ લસર એવા શુભેચ્છક હતા કે તેને કોઈ જ કારણ પૂછતા નહિ. વગર પ્રન્શ્રે જોઈએ તેટલી રકમ તેને મળી જતી. 'આટલાથી નહિ ચાલે' એવું કહીને વધારાની સગવડ પણ કરી દેતા. કેટલા વપરાયા છે, કેટલા વાપરવાના છે, કેટલા જમા છે, કેટલાં વર્ષો ચાલશે ? એવી કોઈ પ્રશ્નોત્તરી બંને વચ્ચે થતી જ નહિ. ઝીરદાલ આવતો, જોઈતી જરૂરિયાત જણાવતો ગણ્યા વગર લઈને જતો રહેતો.

પૈસાની બાબતમાં ઝેફરીન ઝીરદાલ એકદમ સુખી માનવી હતો.

૧૦મી મેના રોજ આ સુખી માનવી પોતાની એકાકી ખુરસી પર બારી બહાર પગ લંબાવીને બેઠો હતો. મનગમતી પાઈપની લિજ્જત તે માણતો હતો. કરિયાણામાં આવેલી એક થેલી પરના આંકડા તથા અક્ષરો તે જોતો સ્મરતો ઉકેલતો હતો. એ ધૂનમાં જ તેણે કોથળી ઉછાળી અને લંબાવેલા ડાબા હાથમાં જે આવ્યું તે ખેંચ્યું. એક જૂનું

છાપું, અઠવાડિયા પહેલાંનું જર્નલ હતું. સમય અને કાળ સાથે ઝેફરીનને લેવાદેવા ન હતી. તેણે પહેલું પાનું જોયું ન-જોયું ઉથલાવ્યું. બીજું પાનું, ત્રીજું પાનું, એ જ રીતે છેલ્લા પાના સુધી જર્નલ ફેરવી નાખ્યું. છેલ્લા પાના પરની કોઈક જાહેરાત પર તેનું અચાનક જ ધ્યાન ગયું. ફરીથી પાનાં ફેરવીને એક લેખ વાંચવાની શરૂઆત કરી. ખોવાઈ ગયો શબ્દોમાં. વાંચી નાખ્યો લેખ અને બોલી ઊઠ્યો :

'તો એમ વાત છે ત્યારે.' એ બધાં જ શબ્દો જુદા પડી જતા હતા. સામે મોટો પ્રેક્ષક સમૂહ હોય એમ જોરથી વાત કરવા તે ટેવાયેલો હતો. ટોળામાં તે એકલો રહી શકતો, એકલતામાં તે ટોળું અનુભવી શકતો.

ઉપર ઉપરથી પણ ફરીથી જર્નલમાંનો એ લેખ તેણે ધ્યાનથી વાંચ્યો.

વ્હેસ્ટન ધૂમકેતુની પરિભ્રમણ ગાથા.

એવા મથાળા સાથેના એ લેખમાં આજની ચર્ચાવાળા ધૂમકેતુની, તે પ્રથમ દેખાયો ત્યારથી અત્યાર સુધીની વિગતો કંડારવામાં આવી હતી. ઉલ્કા, ખરતા તારા, ધૂમકેતુ, આકાશી તરતા પ્રકાશવંત પદાર્થો વગેરે વિષે જે કંઈ લખી શકાય તે એમાં જણાવવામાં આવ્યું હતું.

ઝીરદાલની વૃત્તિ જ અભ્યાસુ હતી. જે વિષયમાં તેને મઝા પડી જાય તે એ ફરી ફરીથી વાંચ્યા વગર છોડે નહિ. જ્યારે ફરીથી એ બધી માહિતી તેણે વાંચી ત્યારે તે બોલી ઊઠ્યો, 'છે રસપ્રદ પણ...'

એ 'પણ'ના બે કારણો હતાં. એક તો લેખ લખનારને ધૂમકેતુઓ વિષયક સંપૂર્ણ જ્ઞાન ન હતું. અને બીજું, આ બધી ઘટના વિષે તેને જ ખબર ન હતી ?

'કેવો છે તું તો.' કહીને બારીમાંના પગ પછાડી અંદર લીધા. જગા કરી ટેબલ પર જ ગણતરીથી માંડીને સંશોધન સુધીનું કાર્ય શરૂ કર્યું. જેમ જેમ તે આગળ લખતો ગયો, પ્રયોગ કરતો ગયો, તેમ તેમ તેની ત્વરા વધતી ગઈ. હાથ વીઝી તેણે આકાશ-દર્શનનું એક સામયિક ખેંચી કાઢ્યું. સાથમાં 'સાયન્સ રિવ્યુ' રાખ્યું. તે જે જાણવા માગતો હતો એ પાનાં ફેરવીને જાણતો રહ્યો. કોઈક દૈનિક પત્ર કરતાં 'સાયન્સ રિવ્યુ' જરૂર વધારે માહિતી આપી શકે. એમાં ફરતી તરતી સરતી ઉલ્કાઓની કક્ષા, ગતિ, કદ, જથ્થો, સ્વભાવ, વજન વિષે જાતજાતની અટકળો, અનુમાન, અનુભવ સામેલ હતા. ઊડતા કે ઝીકાતા એ પદાર્થના સ્વભાવ વિષે પણ તર્ક સાદર હતા. ગણિત, બીજગણિત, ભૂમિતિ, ત્રિમિતિના દાખલાઓ તથા દલીલોય ઘણી ઘણી હતી.

ઝીરદાલ કંઈક સમજ્યો, થોડાક તર્ક આગળ ચલાવ્યા અને પછી આકાશ તરફ જોયું, 'ચાલ, આપણેય એ શ્રીમાનને જોઈએ તો ખરા.' કહીને જોવા માટેની, ધ્યાનથી જોવા માટેની ગોઠવણ કરી દીધી.

થોડીક જ ક્ષણોમાં આજુબાજુનાં છાપાંઓનો ઢગલો ઉડાડી તે કહે, 'ગજબ કહેવાય, જ્ઞાન આપણી પાસે સામે ચાલીને જ આવતું હોય છે.'

તેણે પોતાના શિખાઉ પણ શક્તિશાળી ટેલિસ્કોપને ઉપર નીચે બધેથી સાફ કર્યો. ધૂળ ખંખેરી સ્વચ્છ કાપડથી પોતું કર્યું. અહી વળી સ્વચ્છ જેવો શબ્દ ક્યાંથી ! તેણે પોતાના વસ્ત્રનો જ ઉપયોગ એ માટે કર્યો.

બારીની બહારથી બરાબરની ઊંચાઈ સુધી જોઈ શકાય એ રીતે તેણે ટેલિસ્કોપ ગોઠવ્યો. તેણે પોતાની રીતે જે ગણતરી કરી હતી એ તરફ નિશાન કેન્દ્રિત કર્યું, અને પછી પોતાની આંખોને ખૂંપાવી દીધી.

'અલ્યા ! વાત એકદમ સાચી છે !' તે ઉત્સાહમાં બોલી ઊઠ્યો. પછી પોતાની હેટ માથા પર ગોઠવી, છ દાદરના છ-છ પગથિયાં કૂદતો તે નીચે પહોંચ્યો, અને એવી જ સ્ફૂર્તિથી તે રૂ દ્રો તરફ આવેલી મોન્સ્યુર લસરની બૅન્ક તરફ ધસી ગયો. રૂ દ્રો અને બૅન્ક બંનેની ભારે ખ્યાતિ હતી.

બૅન્ક સુધી પહોંચવાની તેની એક જ ખાસિયત હતી. ટ્રાયકાર નહિ, કેબ નહિ, ફીટન-ઘોડાગાડી નહિ. એ બધાં કરતાં તેના લાંબા પગ તેને વધુ જલદીથી લઈ જતાં. કસરત ગણો, મોજ ગણો, વ્યવહારુ ગણો, જે ગણવું હોય તે ગણો, તેના પગના વાહન આગળ બીજા કોઈ વાહનની ગતિ પહોંચી શકતી નહિ.

પોતાની ચાલ વખતે આજુબાજુ કંઈ જ જોતો નહિ. કોઈ અવાજ કે ખડખડાટ તેને ખલેલ પહોંચાડી શકતા નહિ. સામે પણ નીચું જોઈને જ્યારે તે કૂદતો ઊછળતો ચાલતો ત્યારે બંને ખભા ઊંટની જેમ ઊછળતા રહેતા. શેરીમાંથી તે એવી રીતે પસાર થતો ત્યારે રણ પાર કરતો હોય તેવી તેની ગતિવિધિ હતી. વાહનો કે પગે ચાલનાર તરફ તે સહેજ સરખીય નજર નાખતો નહિ. અલબત્ત હાંકનાર જોનાર તેને જોતાં અને જોઈને જાતે જ આઘાપાછા થઈ જતાં. કહેનારા એને મૂરખ, ઢબ્બુ, જોકર, ઊંટડો જેવા કંઈક વિશેષણોથી નવાજતા, જે તે સાંભળતો નહિ, લક્ષમાં લેતો નહિ. એ બધું કોને માટે કહેવાયું છે, તેનોય તેને અંદાજ આવતો નહિ. ફિટન-ઘોડાગાડીવાળા તો રસ્તા વચ્ચે અટવાતા એ શ્રીમાનને વળી વધુ તેજીલી જબાની ચાબુક ફટકારતા. પણ એના પગલાં તો નિર્ધારિત લક્ષ તરફ આગળ વધ્યે જ જતા. આવી મેંઢકીય કૂદ સાથે માત્ર વીસ મિનિટ પૂરતી હતી અને તે રૂ દ્રોની લસર બૅન્કમાં હાજર હતો.

'મારા કાકાશ્રી અંદર જ હશે ને ?' ઊભા થઈ સ્વાગત કરતાં બૅન્કના પોલીસને તેણે પૂછ્યું.

'જી હા, મોન્સ્યુર ઝીરદાલ, તેઓ છે જ.'

'એકલા જ છે ને ?'

'જી હા. એકલા જ છે.'

બારણાને ધક્કો મારી ઝીરદાલ અંદર દાખલ થઈ ગયો.

'અરે ! તું ? અહી ?' બૅન્કરે આશ્ચર્યથી પૂછ્યું.

'તમે મને જુઓ છો હું અહી છું, એટલે છું જ,' ઝેફરીન ઝીરદાલે કહ્યું, 'તમારો પ્રશ્ન બીનહેતુ છે. એના જવાબની આશા રાખવાને બદલે આપ પ્રત્યક્ષ જોઈ શકો છો કે હું છું જ.'

હસીને બૅન્કર વડીલ લસર કહે, 'એક જ શબ્દ હામાં તું આ વાત કહી શક્યો હોત ભત્રીજા, ઠીક, હવે તારા મહામૂલા આગમનનું કારણ હું જાણી શકું ?'

'વડીલ તરીકે, બૅન્કર તરીકે આપને તે જાણવાનો...'

'મારો બીજો પ્રશ્ન પણ એટલો જ નિરર્થક છે. કેમકે મારો અનુભવ કહે છે કે માત્ર પૈસાની જરૂર જ તને અહી સુધી ખેંચી શકે છે.'

'જી હા. બૅન્કર પાસે ગ્રાહક અને ભત્રીજો શા માટે આવે? જોકે આવવા માટે...'

'ત્રાહિત વાત ન કરીએ ઝીફરાલ, એક સલાહ આપવાનું મન થાય છે.'

'જ્યારે એવું કોઈ મન થાય ત્યારે...'

'મારી સલાહ છે કે તારે આટલા કંજૂસ અને કરકસરિયા બનવાની જરૂર નથી ઝીફ ! મારી પાસે, અમારી બૅન્કમાં તારા કેટલા પૈસા પડેલા છે, એનો તને કંઈ ખ્યાલ છે ખરો ?'

'મારે શા માટે એવો કોઈ ખ્યાલ જ રાખવો જોઈએ, જ્યારે એ માટે આપ...'

'એ રકમ અધધધ થાય તેવી અને તેવડી છે. તારા સગા શુભચિંતકો તારે માટે દર મહિને તું પંદર હજાર ફ્રાન્ક ઉપાડી શકે તેવી ગોઠવણ કરી ગયા છે. એમાંથી તું માંડ ચાર હજારનો જ ખર્ચ કરે છે. તું એ બધાં પૈસાનું કરશે શું ?'

'અભ્યાસ કરીને કહીશ. આપ તો જાણો છો કે અભ્યાસ વગર કંઈ થવું જોઈએ નહિ. હું તો અભ્યાસ વગર કંઈ જ...'

'હું તો કહું છું કે વાપરવા માંડ, વા-પ-ર-વા-જ માંડ.'

'કેવી રીતે ?'

'આપીને, આપવા માંડ. આપવાથીય કદાચ એ અધધધ રકમ ઓછી નહિ થાય.'

'આપું ? કોને ? કારણ કે આપવા વિષેય મારે ખાસ્સો વિચાર કરવો પડે.'

'ચાલ, જવા દે, દરેક વાતનો અભ્યાસ વિચાર કારણ તારણ, જિંદગીમાં તારું કોઈક કામ એ જ દ્વિધાઓને લઈને વિલંબમાં ન પડી જાય તો સારું. હા, મુદ્દા પર આવીએ. આજે કેટલા ? દર વખતની જેમ બે હજાર ફ્રાન્ક ?'

'દશ હજાર' ઝેફરીન ઝીરદાલે કહ્યું.

'દ-દશ હજાર ?' બૅન્કરે તાજ્જુબી પામીને કહ્યું, 'મારી સલાહનો તું એકદમ જ અમલ કરવા લાગ્યો કે શું ? નારાજ તો નથી ને ? શું કરવા માગે છે એ રકમનું ?'

'પ્રવાસ.'

'આ વિચાર તારો સારો છે, ખરેખર સારો છે. કયા દેશનો ?'

'ખબર નથી.'

મોન્સ્યુર લસર પાછા ખુરસીમાં ફેંકાયા. જોકે તેમને મઝા જરૂર પડી જ. તેમણે પોતાના ભગવત-પુત્ર અને ગ્રાહકને કહ્યું જ, 'એ સરસ દેશ છે. ખબર નથી જેવા પ્રદેશનો પ્રવાસ તું જ કરી શકે.' ઝડપથી વિધિ પતાવી તેઓ કહે, 'આ રહ્યા તારા દશ હજાર.'

'એટલું પૂરતું નથી.'

'એથી વધારે શું ?'

'એક જમીનનો ટુકડો.'

'જમીનનો ટુકડો ? કેટલો ?? કેવો ???'

'લગભગ બીજી જમીન જેવો જ. આસરે બેથી ત્રણ કિલોમીટર.'

'એટલી જમીન એક સાથે ? કદાચ બુલેવર્ડ કે ઈટાલિયાનામાં મળી શકે.'

'ફ્રાન્સમાં નહિ જ.'

'તો પછી ક્યાં ?'

'ખબર નથી.' ઝેફરીન ઝીરદાલે શાંતિથી કહ્યું, કદાચ ખરેખર તેને ખબર ન હતી.

મોન્સ્યુર બસરને હાસ્ય રોકવામાં મુશ્કેલી પડતી હતી. તેમણે કહ્યું, 'આ વખતે તેં સાચું વિચાર્યું છે, અભ્યાસ કરીને જ ને ? પણ મારા વહાલા ભત્રીજાપુત્ર ઝેફ, તું કહેશે ખરો કે તું થોડોક ઘેલો કે ગાંડો નથી ? તું કહેવા કરવા શું માગે છે ?'

'મારા મનમાં અમુક ધ્યેય છે. ચોક્કસ ખ્યાલ છે મારા, પોતાના આકાશી સપનાંઓ સમજાવતા એ સ્વપ્નદૃષ્ટા યુવાને કહ્યું.

'ધ્યેય ? ખ્યાલ ? જમીન પર ?'

'હા. સપનાં જમીન ઉપર જ ઉતારી શકાય છે. તો જ એની મઝા છે. સપનાંનો વેપાર જે કરી જાણે એ જ કરી જાણે. એ વેપાર એવો છે કે એમાં લાખ્ખો કરોડો અબજો અબધિઓની વાત જ નહિ.'

'અધધધ.'

'થોડાક બીજા ધ વધારો.'

ઝેફરીન ઝીરદાલના આ શાંત દૃઢ વ્યક્તવ્ય પર ઊછળી ઊઠીને બૅન્કર બાપુએ પૂછ્યું, 'તું શું સોનાનો વરસાદ વરસાવવા માગે છે ?'

'એમ જ. કેમકે જમીન ઉપર તાત્પર્ય કે સારીય પૃથ્વી પર તો એટલું સોનું છે નહિ. એટલે એ સુવર્ણીય વરસાદ આકાશમાંથી જ વરસાવવો રહ્યો.'

'અને વરસાવશે ક્યાં ?'

'અહી નહિ. ના. અહી નહિ જ. અહીથી ચારસો કિલોમીટર દૂર.' ગણતરી સાથે ઝીરદાલે એક ઉપરછલ્લો નકશો દોરી તેમાંથી સીધી રેખા દોરી બતાવી કહ્યું.

જે રીતે બેટમજી સ્વપ્નસેવી રેખાઓ દોરતા હતા, એ રેખાઓ પરથી જ પારખી જઈને છાપાંઓમાંની ચર્ચા યાદ આવતાં આર્ય-ઋષિએ કહ્યું, 'તું પેલા ધૂમકેતુની વાત તો નથી કરતો ને ?'

'એ જ વાત કરું છું. તમારી સમજશક્તિ બદલ માન થયું. સારું થયું, મારા વડીલોએ આપના જેવા સમજુ શુભેચ્છકને જ મારા ગોડફાધર નિયુક્ત કર્યા.'

બૅન્કરો પાસે, ખાસ કરીને તેઓ ફરજ ઉપર હોય ત્યારે આવી ઠાલી વાતો માટે સમય હોતો નથી. બીજો હોઈ હોત તો તેમણે કર્મચારીને બોલાવીને આ શ્રીમાનને બહાર લઈ જવાનું ફરમાન કર્યું હોત, પણ આ તેમનો ભત્રીજો હતો, અધધધ ભત્રીજો, અને ગમે તેવી ઘેલી વાતો એ કરે છતાં એમાં તથ્ય રહેતું. એના વિચારોમાં ચોક્કસ આચાર છુપાયેલો રહેતો.

'તારે... તારે શું એ ધૂમકેતુને બાથમાં લેવો છે ?'

'એમાં અશક્ય જેવું શું છે ?'

'પણ... આ દોડતો ઊડતો... ઊંહ... વજનદાર પથરો... ઊંહ... પૃથ્વીની સપાટીથી ચારસો કિલોમીટર દૂર છે, ઊંચા આકાશે. શું તું એને જ બાથમાં લેવા માગે છે

?'

'હા.'

'કેવી રીતે ?'

'હું એને પાડીશ.'

'પા...ડી...શ...?'

'એટલે કે જમીન પર ઉતારીશ.'

'તારી પાસે શું સીડી છે ? દાદર ? પગથિયાં ?'

'એની જરૂર નહિ પડે.'

'શું તું ત્યાં સુધી તારા હાથ લાંબા કરીશ ?'

'થઈ શકે.' ઝેફરીન ઝીરદાલને સમય વેડફાતો લાગ્યો. તેણે ઊઠવાની પેરવી કરતાં કહ્યું, 'મારા પરમ પૂજ્ય કાકાજી, એ બધું તમને નહિ સમજાય. હું સમજાવવાથી પણ તમને સમજાવી નહિ શકું. એ કંઈ બૅન્કિંગના સરળ હિસાબો જેવું. ગણિત નથી.'

'બૅન્કિંગના હિસાબોને તું સરળ ગણિત કહે છે ?'

'જુઓ ત્યારે,' એમ કહી ઝીરદાલે ઉપર ઉપરથી પોતાની થિયરી સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ બૅન્કરના કપાળ પર વધુ ને વધુ જાડી ઘટ્ટ ઊંડી રેખાઓ દોરાતી ગઈ. વચમાં જ પોતાનું વિજ્ઞાન પ્રવચન રોકી લઈ ઝીરદાલ કહે, 'નહિ સમજાય, તમને નહિ સમજાય...' પછી ઊઠતાં કહ્યું, 'તમારે સમજવાની જરૂર પણ શી છે ? એ બધું મારી પર છોડી દો.'

'છોડી દો.' શબ્દ ફરીથી બોલીને બૅન્કરે હાથમાંના દસ્તાવેજો છોડી દીધા, પણ તેમને એટલી તો ખાતરી હતી જ કે બેટમજી જે વિચારે છે તે ભવ્ય જ વિચારે છે, અને મોટે ભાગે ખોટું નથી વિચારતા ? પણ આ તરંગ ?'

તરંગ જ હતો. ઝેફરીન ઝીરદાલને માટેય એ તરંગ જ હતો, પણ એ તરંગ જો ઊર્જા-તરંગ હોય ! હા, ઊર્જા, ઘણી ઊર્જા, મોટ્ટી ઊર્જા, અઘઘઘ ઊર્જા, થોડાક વધારે ઘ સાથેની, ઘણાં ઘ સાથેની.

તેણે એક વૈજ્ઞાનિક પૃથક્કરણ હાથમાં લીધું હતું. જો પદાર્થના ભાગલા પાડવામાં આવે તો તેમાંથી અણુઓ છૂટા પડે, અણુમાંથી પરમાણુ, પરમાણુમાંથી પરમ-પરમ-અણુ અને તેમાંથી પરમ પરમ પરમ.

તે ગીત ગાવા લાગ્યો, 'ટરમ ટરમ ટરમ.'

— જો આ જ પરમ ટરમને ગતિ આપવામાં આવે તો એ ઊર્જા છે, એ ઊર્જાને વધુ ઊર્જામય બનાવવામાં આવે તો, વધુ વધુ વધુ ગતિય ઊર્જા, ઝંઝાવાતી, તોફાની, વાવંટોળી ઊર્જા પણ નિયંત્રિત !

માનવીનો આકાશી સંપર્ક માત્ર ભાવનામય રહ્યો છે. ઝંકૃતિ ભરેલી લાગણી. આકાશી પદાર્થને તેણે જેમ છે એમ જ સ્વીકારી લીધો છે. એથી આકાશ માનવીથી દૂરનું દૂર જ રહ્યું છે, પણ જો માનવી એ આકાશી પદાર્થોની દોસ્તી કરે, હા, તેને દોસ્ત બનાવે, એ દોસ્તની ખાસિયતો જાણી લે, તેના હલનચલન વલણને પિછાની લે.

સૂરજ પોતાનો પ્રકાશ અને ઉષ્મ ઊર્જા પોતાની મેળે આપે છે, ચંદ્ર દ્વારા તે પરાવર્ત કરે છે. પણ માનવીને જો સૂર્યની એ સીધી અને પરાવર્તિત ઊર્જાનું જ્ઞાન થઈ જાય. થવું જ જોઈએ.

બહ્માંડ પાસે બેસુમાર ઊર્જા છે, ઊર્જા જ ઊર્જા છે. ગુરુત્વાકર્ષણની, શૂન્યતાની, શૂન્યાવકાશની, સ્થિરતાની અગણિત ઊર્જા. એ બધાં પર જો માનવી હકૂમત જમાવી શકે, યા કાબૂ પામી શકે, યા એની દોસ્તી કરી શકે !

આપણી આ ભૌતિક સૃષ્ટિ પાસે અપાર ઊર્જા છે. એને જો દ્વિગુણિત, ત્રિગુણિત, અનેકગુણિત કરીને જો એને અમલમાં મૂકવામાં આવે, પૃથ્વીના કે બીજા કોઈ પણ ગોળાને જો ડાયનેમિક સ્ફિયરનું રૂપ આપવામાં આવે તો માનવી બીજી રમતોની જેમ એ દડાઓ સાથે રમી શકે. એક વખત જથ્થો, ગતિ, ધક્કો, દિશા નિશ્ચિત કરીને ઊર્જાની રમત રમવામાં આવે, તો માનવી તેના વધુ લાભ મેળવી શકે. માનવી આટલો નિષ્ક્રિય કેમ રહ્યો છે ? જે મળે છે એ મળવીને જ તેણે સંતોષ કેમ માન્યો છે ? આપનારે ઘણું ઘણું આપ્યું છે, અને તેને પોતાની શકિતનો ખ્યાલ જ નથી. માનવી પોતાની બુદ્ધિશકિતની ઊર્જાથી અલભ્ય પરિણામો પર હકૂમત જમાવી શકે છે.

મોન્સ્યુર લસર આ બધું સાંભળી રહ્યા. અદ્ભુત હતું બધું. પણ ભત્રીજો જ્યારે વાત કરતો ત્યારે સહજ લાગતું. સમજાતું ન હતું, પણ સાવ નકામું ન હતું. તેનેય લાગ્યું કે માનવી સદીઓથી ખરેખર ગાફેલ જ રહ્યો છે. બૅન્કમાંથી દર મહિને તે પંદર હજાર ફ્રાન્ક ઉપાડી શકે છે, અને તે માત્ર ચાર હજાર જ ઉપાડે છે કે બે હજાર.

'નહિ સમજાય તો ચિંતા કરવાની જરૂર નથી.' ઝીરદાલે કહ્યું, 'હું ઊર્જાનો થોડોક ઉપયોગ કરીને, અથવા ઓછી-વત્તી જરૂરી ઊર્જાનો ઉપયોગ કરીને હું આકાશના ધારેલા પદાર્થને આઘોપાછો કરી શકું, ધીમો-ઝડપી કરી શકું, પૃથ્વી પરની મારી નિર્ધારિત જગામાં હું તેને પાડી શકું. ના પાડવું શબ્દ યોગ્ય નથી. પડવાની એ કિરયા તો આજ સુધી એને મેળે જ થઈ છે. હું એને દિશા ચીંધી શકું અને સ્પંજ અથવા બફરનું રક્ષણ આપી શકું. દાખલો એકદમ સરળ છે, જે સમજે તેને માટે.'

'તારી પાસે ઊર્જાને મુક્તિ અપાવનારા અ સાધનો છે ખરા ?' બૅન્કરે પૂછ્યું.

'સાધનો શી ચીજ છે ? બૅન્કમાં એકાઉન્ટ ખોલો એટલે જમા-ઉપાડ શરૂ. જો મોટો હિસાબ હશે તો મોટું વિથડ્રોવલ પણ થઈ શકશે. કઈ બૅન્ક રોકશે આપણને ?'

'એનો અર્થ કે દૈવી નિયમિત ક્રિયાઓને, યા તો દૈવી વર્તુળોને હચમચાવવાની તારી પાસે શક્તિ છે ?'

'દૈવી શબ્દ શા માટે વાપરો છો, કાકાજી ! માનવી પાસે જે સાધનો છે, તેનો તે ઉપયોગ કરી શકે તો એ વાત માનવીય બની જાય છે. અત્યારે મારી પાસે જે યંત્રો છે, મિકેનિઝમ છે, એ નાના પરિણામો લાવી શકે છે, પણ નાના યંત્રો પાસે મોટું કામ લઈ શકાય એ સૂઝનો પ્રયાસ થવો ઘટે. જો તેમ થાય તો ભલે ને આકાશ એ ઉલ્કા હજારો ટનની હોય, આજ્ઞાંકિત દડાની જેમ આપણી નેટમાં આવી શકે છે, માછલી જે રીતે જાળની ગરણીમાં આવે છે તેમ.'

'તો તું એ ઉલ્કાનો ઉલ્કાપાત કરવા જ માગે છે, ખરુંને ?'

'હું તેને પાડવા માગતો નથી. ઉતારવા માગું છું. હળવે રહીને, સાચવીને, નિશ્ચિત જગાએ, જે જમીન મારી હોય.'

'તારી જમીન ? કઈ ?'

'જે તમે મારે માટે ખરીદશો તે. તમે એ વિષે વિચારો હું મારા ઓજારોને ઉદ્યમ આપવાના ઉદ્યોગમાં લાગી જાઉં છું. પણ જે જમીનની આપણને જરૂર પડે એ માત્ર જમીન જોઈએ, રણભૂમિ જેવી વિરાન. જ્યાં જમીનની કોઈ કિંમત જ ન હોય ! ઓછા ભાવે, મફતના ભાવે ઘણી બધી જમીન મળી જાય ! આ તમારી પૃથ્વીની વાત છે એટલે આટલી દસ્તાવેજી માથાકૂટ કરી રહ્યો છું, બાકી આકાશ તો આપણાં બાપનું છે. અને કાકાશ્રી, જે જમીન જુઓ તે દેશ આવાગમનની ઝાઝી પડપૂછવાળો ન હોય.'

'એ જવાબદારી મારી પર છોડ', બૅન્કર અનકલે કહ્યું, 'આ બધી વિકટતાઓના ઉપાય માટે જ ટેલિગ્રાફની શોધ થયેલી છે ને ? મારા તરફથી ખાતરી રાખ કે તારું કામ થઈ જશે, તારી ઈચ્છા અને જરૂર મુજબ.'

ઉપર મુજબની કાકાશ્રીની ખાતરી અને દશ હજાર ફ્રાન્ક સાથે ઝેફરીન જેટલો જલદી આવી શકાય એટલો જલદી ઘરે આવી પહોંચ્યો. સંજોગવશાત ટેબલ અનુકૂળ હતું. ત્યાંનાં સાધનો સાથે તે એકદમ જ કામે વળગ્યો. તેના સ્વભાવ મુજબ તે મંડી પડયો એટલે મંડી પડયો. રાત ક્યાં પસાર થઈ તેનીય તેને ખબર પડી નહિ. આંકડાઓ, આકૃતિઓ, રેખાઓ, અક્ષાંશ-રેખાંશ, લંબાઈ, પહોળાઈ, ગોળાઈ... વગેરે વગેરે બધી રીતે તે સંપૂર્ણપણે નિશ્ચિંત થયો. ધૂમકેતુની અત્યારની ગતિ કેટલી છે, વધુ

કેટલી ગતિની જરૂર પડશે, કેટલી અને કેવી ઊર્જાશક્તિથી તેને વિચલિત કરી શકાય, અથવા હાલમ-ડોલમ દ્વારા દરુજારી પહોંચાડી શકાય. દિશા, અંતર અને નિર્ધારિત નિયંત્રણો સાથે કેવી રીતે તેનું યોગ્ય સંચાલન સાધી શકાય, એ બધી વિદ્યા વિષે તેણે કોઈક નિર્ણય કરી લીધો. ગણતરી મુજબ ધૂમકેતુને ક્યાં પાડવો, કેવી રીતે પાડવો અથવા ઉતારવો, એ નીચે આવવાની કિરયામાં કયું કેટલું સલામતી સાધન ઉપયોગમાં લેવું. એ વિષેની ચોક્કસ વિશ્વાસપૂર્વકની માહિતી તૈયાર કરી એ લેખ એક પરબીડિયામાં બીડ્યો, તે પર મોન્સ્યુર લસરનું સરનામું કરી મોટે પગલે નીચે જઈ ટપાલપેટીમાં નાખી આવ્યો. હવે તેની પાસે કોઈ જ સમય ન હતો. પરત આવી તેણે પોતાની જાતને પોતાના સંશોધન ક્ષેત્રમાં બંધ કરી દીધી.

જેવું તેણે પોતાના વિજ્ઞાનખંડનું દ્વાર બંધ કર્યું કે તે એક ખૂણામાં ગયો. ત્યાં તેણે આગલી સાંજે તાજા છાપાંઓનું બંડલ ફેંક્યું હતું. એ છાપાંઓએ જ તેના ટેલિસ્કોપને ઢાંકી દીધો હતો. હવે ફરીથી એ છાપાંઓને ઉવેખીને તેણે દૂર ફેંક્યા. મદારી ટોપલામાં હાથ નાખે એમ ઊંડો હાથ નાખી તેણે એક પેટી સંશોધી. હા, કાળી મજબૂત મોટી કાટવાળી એ પેટીને બહાર ખેંચી કાઢતા ઝેફરીનને શ્રમ પડ્યો. એ પેટી તેણે બહાર ખેંચી કાઢી અને ખાસ જગા કરી બારીની સામે ગોઠવી દીધી.

પેટી આમ તો સામાન્ય લાગતી હતી, પણ એ કાષ્ટપેટી એક વિશેષ પ્રકારનું યંત્ર હતું, જેની શોધ ઝેફરીનની પોતાની હતી. એ પેટીમાં ઘણાં બધાં બોબીન્સ હતા, જે અમુક પ્રકારના તાર વડે સંખ્યાબંધ બલ્બ સાથે જોડાયેલા હતા. એ બલ્બની અંદરની બે-બે ફિલામીન અણી-દડીઓ તાંબાના સૂક્ષ્મ પણ મજબૂત તારથી સંલગ્ન હતી. પેટીની ઉપર એક ધાતુપ્રદ મેટેલિક રિફ્લેક્ટરની રચના હતી, જેની દૃષ્ટિ સીધી આકાશ સામે દૂર દૂર સુધી રહેતી. એ રિફ્લેક્ટર સાથે ધ્યાન ખેંચાય એવી રીતે એક છેલ્લો બલ્બ ગોઠવાયો હતો, જેના છેડા હેઠળ કન્ડક્ટરના બધાં જોડાણો એકબીજાને સ્પર્શ ન પામે એ રીતે સંધાયેલા કે સંતાયેલ હતા.

રાતભર જે ગણતરી કરી હતી, એ મુજબ એ ધાતુય રિફ્લેક્ટરને ઝેફરીને ખૂબ જ ચોક્કસ જગાએ ગોઠવ્યું. દિશા, નિશાન, ખૂણો, ધ્યેય ગોઠવતા વાર થઈ. પછી એક ટ્યુબનું એવી રીતે સાંધણ કર્યું કે જે સ્વયં ઝળહળતી રહે. બધું પૂરેપૂરી કાળજી અને નિપુણતાપૂર્વક ગોઠવીને, સંતોષ થયો હોય એમ હાથ ખંખેરી તેણે પ્રવચન આપ્યું. એવી તેને આદત હતી. તે એકલો બોલતો ત્યારેય જાણે વિશાળ પ્રેક્ષકાલય સમય બોલતો હોય એવી તેની આદત હતી. તેણે કહ્યું :

‘સાંભળો ઓ લોકો આ શ્રીમાન, એટલે કે આ યંત્ર ઝીરદાલિયમ છે. એ કોઈ સામાન્ય ચીજ નથી. રેડિયમ કરતાંય તે સો-ગણી રેડિયો એક્ટીવ ઊર્જા છે. આજે હું એ આપના સમક્ષ સાદર કરું છું. એ સંક્ષિપ્ત સંશોધનમાં એટલી અદ્‌ભુત હા અદ્‌ભુત જ,

કે જેથી પૃથ્વી પરની તમામ ઊર્જા એ ગ્રાહ્ય તથા નિગ્રાહ્ય કરી શકે છે, કરે જ છે. ધરતી પરના તમામ સાગર મહાસાગરને ખારા કરવા જેમ એક નાની સરખી મીઠાની કણીની જરૂર પડે, તેમજ અહીંની એક નાની ઝીણી અણુની, અણી રૂપે જ તમે એને સમજી શકશો. હા તો અણુની કણી સારાય આકાશી દરિયામાં હલચલ મચાવી શકે છે. હું એ માટેનો અત્યારે તો માત્ર પ્રયોગ જ તમારી સમક્ષ રજૂ કરું છું.'

વૈજ્ઞાનિક ગુરુની જેમ બોલતાં બોલતાં એ રિફ્લેક્ટર યંત્ર સાથે બે કેબલોનું એલિમેન્ટ સાથે જોડાણ કર્યું. પછી ડ્રેસર પર મૂકીને પાછું શરૂ કર્યું :

'ન્યૂટર હેલિયોકોઈડલ કરન્ટ્સ, શ્રોતાજનો, ન્યૂટ્રલ હોવાથી તે તમામ પદાર્થોને પોતાની રીતે, રીપીટ પોતાની રીતે આઘાપાછા કરવાની ક્ષમતા ધરાવે છે. એ વિદ્યુતીકરણની રીતે પોઝીટીવ છે કે નેગેટીવ તેનો કોઈ મહિમા નથી. જોકે બંને વિરોધી શક્તિઓનો પોતપોતાનો ઝાટકો છે, એટલે કે ઉપયોગ છે. એમ સમજો કે હેલિયોકોઈડલ હોવાથી તે હેલિયોકોઈડલ ફોર્મ શોધી કાઢે છે. એક વિજ્ઞાન-ઉત્સુક બાળક પણ આ વાત સમજી શકે છે. નસીબજોગે આ શોધ કરવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું છે. નસીબ એટલા માટે કે એ તમે પાછળથી જાણી શકશો. આ શોધ ભયંકર છે અને ઉપયોગી છે. નવીનતમ તો એકદમ જ છે. આ ધરતી પરની દરેકે દરેક ચીજને, તેના સૂક્ષ્મ અણુના રૂપમાં વધારેમાં વધારે શક્તિ સહિત ઉપયોગમાં લઈ શકાય છે.'

વિદ્યુત સરકીટ બંધ થઈ, એક ધીમો ઉંઉંઉં જેવો હમિંગ ધ્વનિ સંભળાવા લાગ્યો, કંઈક વિચિત્ર પ્રકારની પ્રકાશરેખાઓ પ્રતિધ્વનિત થવા લાગી. જે બલ્બમાંથી એ શાંત પ્રકાશધ્વનિ આવતો હતો, તેણે પહેલાં ગોળાકાર ગતિનું રૂપ ધારણ કર્યું. દરેક પળે એ ગતિમાનમાં વધારો થતો ગયો. પછીની ગતિ માપી કે પામી શકાય નહિ એટલી તીવ્ર હતી. ઝેફરીન ઝીરદાલ એ પ્રકાશ-ધ્વનિની ગતિશક્તિને અથવા ઊર્જાશક્તિને થોડી વાર સુધી નિહાળતો રહ્યો. પછી એ રિફ્લેક્ટરની ધરી એવી રીતે ગોઠવી કે જેનું નિશાન અવકાશની શૂન્યતા હોઈ શકે. જે ત્વરિત ગતિ અહીં હતી તે અસહ્ય અમાપ અતિન્દ્રેય હતી.

આમ જુઓ તો શરૂઆતમાં આ યંત્ર કોઈ ખાસ ધાડમારુ યંત્ર છે એવું લાગતું ન હતું. તેની કોઈ એવી અસર પણ વરતાતી ન હતી, પણ વૈજ્ઞાનિક સૂક્ષ્મ દૃષ્ટિથી જોવામાં આવે તો કોઈક અજાણી ઊર્જારેખા દૂર દૂરનું સાન્નિધ્ય સાધતી હતી, અથવા તેની પાર જઈ તેને નિશાન બનાવતી હતી. એ ગતિરેખામાં જે કંઈ, જે કોઈ આવતું તે આઘુંપાછું થઈ જતું કે ફેંકાઈ જતું. જે પદાર્થ નાના યા મોટા કે જેની સાથે આ અદૃશ્ય શક્તિરેખા સ્પર્શતી, ઝીકાતી કે ફેંકાતી એ પદાર્થ ફટકારાયેલા દડાની જેમ ક્યાંનો ક્યાં વીઝાઈ જતો. આ રિફ્લેક્ટરમાં અવકાશી ધૂમિલ કણો તથા અદૃષ્ટ રજકણોને એકત્રિત કરી, તેનું હથિયાર બનાવવાનીય છૂપી ક્ષમતા હતી. યંત્રથી

બે-ત્રણ વાર દૂર જ આવી ધૂમિલ રજકણોનું એક નળાકાર સિલિન્ડર તૈયાર થઈ જતું. તેની પહોળાઈ એક બે ઇંચ જેટલી હોઈ શકે પણ તે એવા શસ્ત્રનું રૂપ ધારણ કરી લેતું કે સાથેના પવનોને પણ નિર્ધારિત નિશાનની દિશામાં ખેંચી જતું.

'મને એ કહેતાં આનંદ થાય છે,' ઝીરદાલે પોતાના મૂક શ્રોતાઓને જણાવ્યું, 'કે બધું જ બરાબર કામ કરી રહ્યું છે એક્ઝેટલી ! જે ફરજ જે અણુ કણ કે ઊર્જા-સૂક્ષ્મને સોંપાયેલ છે, તે બધું એની પૂરી ક્ષમતા સાથે કામ કરે છે. પ્રયોગ સફળ રહ્યો છે, અને આ કાર્ય અવિરત રીતે ચાલુ જ રહેશે.'

પાસેની ખુરસીમાં જેટલા લાંબા કરી શકાય તેટલા પગ લાંબા કરી પૃથ્વી પરનો અત્યારને અગમ્ય અવકાશશાસ્ત્રી નિરાંતે પોતાની પાઈપના દમ મારવા લાગ્યો.

થોડી થોડી વારે એ યંત્ર બંધ કરતો, ચાલુ કરતો. સતત ઓગણીસ દિવસ સુધી તેણે એ પ્રયોગ સાધનાને ચકાસી જોઈ. નિશાન વિવિધ કોણ અને દિશામાં ફેરવી ફેરવી જોઈને તેણે જાતજાતની ખાતરી પણ કરી લીધી.

વીસમી તારીખે ફરીથી યંત્ર ચાલુ કરીને એ નિરાંતે પાઈપ માણવા લાગ્યો. ધૂમ્રસેરના વિચારોમાં જ તેને પોતાની શોધની પ્રક્રિયા જોવા મળી. એમાંથી એને પદાર્થના મટી જવાનો ખ્યાલ વધુ દેખાવા લાગ્યો. એના ભેજાંની પ્રકૃતિ મુજબ ખતમ થતાં તત્ત્વોને ફરી ઉપયોગમાં લેવાનો વિદ્યુત ખ્યાલ તેને આવ્યો. અમુક વીજળીક પ્રયોગો બાદ વિલિન થતાં સત્ત્વને ફરીથી સત્ત્વશીલ બનાવવાની કામગીરી પર તેણે ધ્યાન આપ્યું. દૃશ્ય અને અદૃશ્ય, પ્રગટ અને અપ્રગટ, ભેદી અને અભેદી એવા તમામ સૂક્ષ્મ અસૂક્ષ્મ, તથ્યોને તત્ત્વોને નવી જોશીલી ઊર્જાના રૂપમાં રૂપાંતર કરવાનું ધ્યેય એણે હાંસલ કર્યું.

'ઊર્જા..... વધુ ઊર્જા... વધુ વધુ ઊર્જા...' તે બબડયો, 'થઈ શકે, થઈ શકે. થઈ જ શકે.' તેણે પોતાની જાતને કહ્યું.

એક એકાકી સીધી ઊર્જારેખા, જથ્થાબંધ રેખાને કેવી રીતે અસર કરી શકે, કેવી રીતે એ સમૂહનું ફરી ફરીને અવનવી ઊર્જામાં રૂપાંતર કરી શકે તેનો પ્રયોગ તેણે આદર્યો અને પૂરો કર્યો. જાણે સૂર્યનાં તમામ ઊર્જાકિરણો એક કેન્દ્રિય તેજસ્વી રેખામાં રૂપાંતર પામે એવો તિવ્ર-તિક્ષ્ણ ઝળહળાટ તેની આંખોને ચકિત કરવા લાગ્યો.

પરિણામ નિહાળી તેણે ફરીથી પોતાની જાતને અને અદૃશ્ય વિશાળ શ્રોતા સમૂહને કહ્યું, 'જોઈ લો, જુઓ છો ને ? એ બધું જ પુન: પુન: શક્ય છે.'

પછી આદત મુજબ માથે હટ ગોઠવી તે ઘરના છ-છ પગથિયાં કૂદતો, છ માળ નીચે ઊતરી ગયો અને થોડે દૂરની ટેક્નિકલ મિકેનિકની દુકાને પહોંચ્યો. ત્યાં તેણે એ વિદ્યુત પ્રસાધનના અનુભવી કર્મચારી સાથે ગંભીર પ્રકારની વાત શરૂ કરી. ધાતુની

એક્સલ પર ફરતાં એક ત્વરિત ચકરની જરૂર હતી, જેની સાથે સત્તાવીસ (૨૭) બલ્બ સંલગ્ન હોય નાના. તેણે આકૃતિઓ દોરીને સમજાવ્યું કે આ ચકર, આ અણિદાર બલ્બો તથા સિલિન્ડરને ઘનિષ્ટ રીતે વીંટાળાયેલા વાયરો જે પ્રકાશરેખા ફેંકે તે સીધી તીણી ઝીણી તથા અપાર શક્તિશાળી હોવી જોઈએ. ચકરથી બલ્બ, બલ્બથી પ્રકાશરેખા જેવું સંચાલન એકબીજાને પૂરક પ્રેરક ઉત્તેજક હોવું જ જોઈએ, હશે જ.

આ બધું તરત જ થવું જોઈએ, એકદમ ચોક્કસ અને વ્યવસ્થિત રીતે. એ પ્રસાધનનો ફાઈનલ ઓર્ડર આપી તે થોડેક અંતરની રસાયણિક ઉત્પાદન શાળામાં ગયો. ત્યાં જતાંની સાથે જરૂરિયાત મુજબની સત્તાવીસ (૨૭) બરણીઓ પસંદ કરી લીધી. નળાકારી એ બરણીઓ કર્મચારીએ લાકડાની એક પેટીમાં સારામાં સારી રીતે ગોઠવી આપી. અંદરથી બરાબર પેક થયેલ એ પેટીને પકડવાનું એક હેન્ડલ પણ હતું.

ખૂબ રાજી થઈ પોતાના એ પારસલ પેકિંગ સાથે તે સિસોટી વગાડતો બહાર આવ્યો હશે કે તેને તેનો એક મિત્ર મળી ગયો. બેક્ટેરિયા વિષયક નિષ્ણાત અભ્યાસમિત્રને ઝીરદાલે તો જોયો નહિ, પણ બેક્ટેરિયાલૉજીસ્ટે તેને જોયો. બૂમ પાડી, ‘અરે ઝીરદાલ કે ? હા, ઝીરદાલ જ. અલ્યા ! તું મળી જશે એની તો મેં કલ્પનાય કરી ન હતી.’

કોઈક પરિચિત મનગમતા અવાજને સાંભળવા ઝીરદાલ રોકાયો. પછી બહારની દુનિયામાં તે અચાનક જ ફેંકાયો હોય તેમ કહે, ‘કોણ ? માર્શલ લેશે ?’

‘અરે હા રે હા ઝીર, હું એટલે હું જ.’

‘ગજબની મુલાકાત’ ઝીરદાલે કહ્યું, ‘ક્યારેક તું યાદ આવે છે બહુ જ, અમુક અટપટા પ્રયોગો વખતે. તને મળીને ખરેખર અત્યંત આનંદ થયો. પણ તું આવ્યો ક્યાંથી ? જાય છે ક્યાં ?’

‘ટ્રેઇનમાંથી સીધો ઊતરીને આવ્યો છું. જુએ છે ને, પીઠ પરના અને ખભા પરના ત્રણ થેલાઓ…’

‘એમાં છે શું ?’

‘ત્રણ સ્નાન-ટુવાલો, બીજા નાના ટુવાલો, થોડીક જરૂરી ચીજવસ્તુઓ ! હું દરિયાકિનારે જાઉં છું.’ તોફાની અને આનંદી પ્રકારના એ મસ્તાન મિત્રે એકાદ ગીતપંક્તિ લલકારી દીધી : ‘સાગરકા કિનારા હો, મૌજકા મિનારા હો, ખૂલી હવાકા નારા હો, તારા □□ર સિતારા હો ?’

‘વાહ મસ્તાન ! હજી ગીતો જ જોડે છે ખરું ? પણ દરિયામાં જઈને તું કરવા શું માગે છે ?’

'હવા, તાજી હવા. એકદમ તંદુરસ્ત તાજી તોફાની દરિયાઈ હવાથી મારા ફેફસાં ભરી દેવા માગું છું. પૂરા એક અઠવાડિયા સુધી હું દરિયાને નહિ છોડું, દરિયો મને...'

'વાહ નસીબદાર શ્વાન.'

'તને કોણ રોકે છે, એ નસીબદાર શ્વાન બનવામાંથી ઝીરદાલ ! કહું છું, ચાલ દોસ્ત, એક સે ભલે દો. દરિયા પાસે ઘણી મોકળાશ હોય છે, ચાલ કહું છું, ચાલ જ.'

'તું મને ઉશ્કેરી રહ્યો છે, માર્શલ !'

'કોઈ ખાસ રોકાણ તો નથી ને, ઝીર !'

'ના.'

'વિચારી જો.'

'ન-ન-ના. ખાસ કંઈ નહિ.'

'કોઈક તારા અવનવા પ્રયોગો ? તારો બીજો ધંધો શો ? પ્રયોગો પ્રયોગો પ્રયોગો...'

ઝેફરીન ઝીરદાલે વિચારવાનો પ્રયાસ કર્યો, પણ સ્પ્લીટિંગ મેમરી(આંચકા ખાતી યાદદાસ્ત)ના એ વૈજ્ઞાનિકને કંઈ જ યાદ ન આવ્યું, 'ના' તેણે કહી દીધું, 'કંઈ યાદ આવતું નથી, એટલે કે ખાસ કંઈ હોય તેવું...'

'ત્યારે ચાલ એઈ ! યાદ કરવાની માથાકૂટ ઊંચી મૂક અને ચાલવા લાગ મારી સાથે સાગરકા કિનારા હો, મૌજકા મિનારા હો, તાજી હવાકા નારા હો ! એઈ ઝીર દરિયાની આ હવા તારી યાદદાસ્તને પણ પુષ્ટ કરી દેશે. અફાટ રેતી, બેફામ દરિયો, હવામાનના સૂસવાતા ઝંઝાવાતો.'

'હા યાદ આવ્યું,' ઝીરદાલ પર જાણે દરિયાઈ હવામાને અસર પહોંચાડી, 'મારા દરિયાઈ મોજાંની ઉર્જાશક્તિના પ્રયોગો પણ અધૂરા જ છે. ઠેઠ સુધી પહોંચ્યો અને પછી...'

'હવે પછીની ઐસીતૈસી. ચા-લ્લ ! તારે કંઈ લેવાનું તો નથી ને ?'

'એવા વળગણોની મને આદત નથી.' ઝીરદાલ પોતાના જોશમાં આવી ગયો. પોતાની પાસે ૨૭ બલ્બની મોટી પેટી હતી જ. 'જીવન આ જ રીતે જિવાવું જોઈએ, જેમ છે એમ જ. વિજ્ઞાને ચારે બાજુ ઊર્જા પાથરી છે, એ ઊર્જા પાસે જે ધારીએ તે મેળવી શકીએ છીએ.'

બંને મિત્રો હાથમાં હાથ લઈ દોડવા લાગ્યા. દરિયા તરફ વહેલી તકે લઈ જનારા વાહન તરફ. તેમનું દ્વન્દ્વગીત એકી સ્વરમાં વહેતું હતું, 'સાગરકા કિનારા હો, મૌજકા મિનારા હો, તાજી દરિયાઈ હવા કા નારા હો.'

એક અદીઠ ઊર્જા તેમને દરિયા તરફ ખેંચી જતી હતી. ત્યારે ઝીરદાલ કહે, 'તને યાદ છે મિત્ર, એક વખત આપણે આપણી ચારે બાજુ વિચરતી વિહરતી નકામી ઊર્જાને નિયંત્રિત કરી, તેના ઉપયોગની શોધ...'

'ઊર્જા તો બેક્ટેરિયા પાસે પણ છે.' મિત્ર માર્શલે કહ્યું, 'એ ઊર્જાઓનો હજી તમને બધાંને ખ્યાલ જ નથી. ખતમ ન થવું, ધરતીના ઊંડાણથી માંડીને આકાશના અંતિમ પોલાણ સુધી હરગીઝ ખતમ ન થવું, એ બોધ છે બેક્ટેરિયાનો પણ અત્યારે સાગરકા કિનારા હો...'

પછીનો ધ્વનિ વાહનો અને માનવીઓના અવાજોમાં દબાવા લાગ્યો ઝીરદાલને તેની પરવા ન હતી. તે પોતાના પ્રયોગની વિશેષતા વિસ્તારથી માર્શલને સમજાવે જ રાખતો હતો. વચમાં બંને છૂટા પડી જતાં તો જે કોઈ સાથે ચાલતું હોય એ માર્શલ જ છે, એમ સમજીને ઝીરદાલ તો પોતાનું વિજ્ઞાન વિવેચન હાંકે જ રાખતો.

લોકટોળાં, વાહનો, ઘોંઘાટની વચમાંથી દરિયાઈ મંઝીલે લઈ જનારી ટ્રેઈનમાં બંને બેસી ગયા. એ ટ્રેઇનના ગતિ-મોજાં બંને દરિયા તરફ ખેંચી જતા હતા ત્યારેય ઝીરદાલ તો પોતાનું મોજાં-ઊર્જાનું સંશોધન-પેપર મૌખિક રીતે પ્રેક્ષકો સમક્ષ રજૂ કરતો જતો હતો. એ ભૂલીને કે...

હા, એ ભૂલીને કે રૂ કેસલના છઠ્ઠા માળની ઓછા પ્રકાશની એક ઓરડીમાં અપાર શક્તિશાળી પ્રયોગમાં લીન એવું એક યાંત્રિક સ્વયંસંચાલિત સાધન પોતાના બી-૫ બી-૫ સાથે અનુપમ રિફ્લેક્ટર દ્વારા અદ્‌વિતિય તેજરેખા ફેંકે રાખતું હતું. અવકાશમાં આવતા તમામ ધુમિલકણોનું ઊર્જા-સિલિન્ડર બનાવી અનંત અમાપ અદીઠ અવનિમાં પોતાનું નિશાન ફેંકે રાખતું હતું.

બંધ કરવાનું ભૂલી ગયેલા ભૂલકણા વૈજ્ઞાનિક ઝીરદાલ અત્યારે પોતાની મસ્તીના મોજામાં મગરૂબ હતા, ત્યારે પોલીસ-ગાડી પરની ચકરમાન બત્તીઓ જેવું વિશ્વભરનું અજબ સાધન પોતાની ભેદી ઊર્જા ફેંકી ફેલાવી રહ્યું હતું. બી-૫ બી-ઈ- ૫, બી-૫ બી-ઈ-૫ !

❑

# ૧૧

# ઘડીક આમ, ઘડીક તેમ ઘડીક અજાણી નેમ

હવે તો ધૂમકેતુથી બધાં જ પરિચિત થઈ ગયા હતા. કંઈ નહિ તો વિચારોથી એ વિષે બધાં જ માહિતગાર થઈ ગયા હતા. તેની ભ્રમણરેખા, ગતિ, જથ્થો, સ્વભાવ, આકાર-પ્રકાર હવે ચર્ચાનો મુદ્દો રહ્યો ન હતો, બલકે મૂલ્યાંકન વિષેય પૃથ્વીવાસી અટકળ કરવા લાગ્યો હતો. એક સરખી ગતિ અને કક્ષાને લઈને તથા અંતરના સાતત્યને લઈને, હવે તે પડશે નહિ તેનીય લોકોને ખાતરી થઈ ચૂકી હતી. ભય ઓછો થયો હતો કે રહ્યો જ ન હતો. કહોને કે ધીરે ધીરે એ વિષેનું કુતૂહલ રહ્યું ન હતું. જાણે સૂરજ-ચંદ્રની જેમ એકાદ વધુ પદાર્થ નિયમિત ધરતી ફરતે ફરવા આવ્યો છે, ભલે ફરે રાખે.

કેટલીક અને અમુક ઓબ્ઝરવેટરીઓએ એ સોનેરી ધૂમકેતુના 'રિડિંગ્સ' તો નોંધે રાખ્યા, પણ તેમાં આંખ ખૂંપાવીને બેસી રહેવાનું છોડી દીધું. તેઓ હવે એનાથી વધુ ચઢિયાતા કોઈક કૌતુક-વિજ્ઞાન તરફ પડી ગયા. પૃથ્વીને એક વધુ ઉપગ્રહ મળ્યો છે, એવી નોંધ તેમણે દફતરમાં ટાંકી લીધી. ઉપગ્રહ સોનાનો છે કે તાંબાપિત્તળનો યા કોઈ બીજી ધાતુનો, તેની આપણે શી લેવાદેવા છે ?

આ જ વાત શ્રીમાન ડિન ફોરસીથ તથા ડૉ. હડલ્સનને ગમતી ન હતી. જોકે તેમનો પોતાનો એ બાબતનો રસ તો જરાય ઓછો થયો ન હતો. રસની જ વાત લઈએ તો કદાચ ઓછો થવાનો જ ન હતો. કેમકે જે વસ્તુને આપણી માની બેઠા છીએ, તેનાથી વિમુખ તો કેમ થવાય ? તેઓ અગાઉની જેમ જ તલ્લીનતાથી, કાળજીથી, ચીવટથી પોતાના ધૂમકેતુને નિહાળે જતા હતા. જ્યારે જ્યારે ધૂમકેતુ પસાર થતો ત્યારે એ બંને પોતાના ટેલિસ્કોપમાં હોય જ. દિવસ હાય કે રાત, તેમનું એ જીવન કર્તવ્ય બન્યું હતું, જીવન કર્તવ્યનો અર્થ શ્વસન-કર્તવ્ય. તાત્પર્ય કે એ જ તેમનો શ્વાસ હતો. ક્યારેક ભ્રમણરેખા નજીક વરતાતી તો પાછો ઉત્તેજનામાં ઉછાળો આવી જતો અને વધુ આત્મીયતાથી તેઓ એને પકડવા મંડી પડતાં.

ખુશખુશાલ વાતાવરણ તેમના તન-મનના હવામાનને વધુ આકર્ષક રહેતું. તેમાં પાછો ધૂમકેતુ ચોવીસ કલાકમાં બાર ફેરા ફરતો, એટલે ઈસુદર્શન ડઝન વાર થયાનો ભક્તને આનંદ થાય, તે આનંદ તેમનો હતો. એ ધરતી પર પડશે કે નહિ, તેની

ખાસિયતો તે ચિરંજીવી રૂપ ધારણ કરશે કે કેમ, એ વિષેના તેમના કૌતુકો તો ચાલુ જ હતા. સહુથી વધારે એ ધૂમકેતુ સાથે પોતાનું નામ જોડાય છે કે નહિ એ ઝંઝાવાતી પ્રશ્ન હતો.

ધૂમકેતુ એક એવા પૂર્વગ્રહની જેમ તેમના સંબંધોની વચમાં આવી પડયો હતો કે ફરીથી મેળમિલાપ થવાની આશા તો રહેતી જ ન હતી. વિરોધ, કડવાશ, અંતર વધે જતું અને બંને વધારે જતા.

શ્રીમતી હડલ્સન અને નવજવાન ફ્રાન્સીસ ગોર્ડન આ અંતર વધુ ને વધુ સ્પષ્ટ નિહાળી શકતા હતા. ફ્રાન્સીસને તો ખાતરી જ થઈ ગઈ હતી કે મામાશ્રીને આ કુટુંબ- લગ્નની વાત હવે તો જરાય ગમશે નહિ, તેનો ઉલ્લેખ પણ થવો જોઈએ નહિ. શ્રીમતી હડલ્સનનેય લાગવા માંડ્યું હતું કે છેલ્લી ઘડીએ પણ પતિદેવ આ તરફ દેખા દેશે નહિ.

વાગ્દત્તા પ્રેમીયુગલની હતાશા-નિરાશાની તો વાત જ ન પૂછો. લૂ જેવી લૂ છંછેડાયેલી માખી બની હતી, પણ શું કરે ? લગ્ન કદાચ તૂટી નહિ જાય તો ખેંચાવાથી તેમાં તાણ તો જરૂર આવે જ.

આ પરિસ્થિતિ સુધરવાને બદલે વધુ બગડવાની હતી. કેમકે ૧૧મી મેની સાંજે, પોતાની આંખ ટેલિસ્કોપને સમર્પિત કરી દેનાર ડિન ફોરસીથ ઝડપથી કાગળ ઉપર કંઈક ટપકાવવા લાગ્યા. જોતાં, લખતાં, ફરી જોતાં, ફરી લખતાં, લેખિત અભ્યાસનો એ ક્રમ, તે વખતે ધૂમકેતુએ દેખા દીધી ત્યાં સુધી ચાલુ જ રહ્યો એ નોંધ સાથે શ્રીમાન ફોરસીથ એકદમ ફિક્કા પડી ગયા, પૂણી જેવા સફેદ. શ્વાસ લેવામાંય તકલીફ પડવા લાગી.

ઓમિક્રોનને લાગ્યું કે શેઠસાહેબને કોઈક તકલીફ ઊપડી છે, એટલે તે તેમની મદદે દોડી ગયો. પણ ખગોળશાસ્ત્રીએ તેને રમતના દડાની જેમ હડસેલી દીધો. પોતે લગભગ પડી ગયા, તેમ છતાં આંખો કાચમાં ખૂંપાવી દીધી.

ત્યારબાદ પૂરા ત્રીસ કલાક સુધી શ્રીમાન ફોરસીથ એ ખંડમાં બંધ જ રહ્યા, પૂરા ત્રીસ કલાક. ખાવાપીવાની વાત નહિ, ઈચ્છાય નહિ, જરૂર જ નહિ.

એક વખત ફ્રાન્સીસને મામાશ્રીનું દ્વાર ઉઘડાવવામાં સફળતા મળી. પણ એ દ્વાર એટલું તો ન જ ખૂલ્યું કે તે દાખલ થઈ શકે. એટલી જગામાંથીય ભાણાભાઈ મામાનું રૂપ જોઈ આભા બની ગયા. ગભરાયા પણ ખરા જ.

મામાશ્રીએ છાશિયું જ કર્યું, 'જોઈએ છે શું તારે ?'

'ચોવીસ કલાકથી આપ બંધ બારણે સતત લાગેલા છો.' ફ્રાન્સીસે કહેવા જ માંડ્યું, 'હું તમારે માટે થોડુંક ખાવાનું લાવું ? મને તમારી ભારે ચિંતા.'

'જો ચિંતા જ થતી હોય તો...' ગુસ્સે થયેલા ફોરસીથ મામાએ કહી દીધું, 'મહેરબાની કરીને મને શાંતિ આપ, જો મને જરાય ખલેલ પહોંચાડી છે તો...'

આ રૂપ, આ ફિટકાર, આ વિનંતી, આ મક્કમતા ફ્રાન્સીસ માટે પૂરતા હતા. આજ્ઞાપાલન સિવાય બીજો કોઈ રસ્તો જ ન હતો. કેમકે દ્વાર એટલા જ વેગથી બંધ થઈ ગયું હતું – ફડાખ્ખ.

૧૩મી મે લગ્નને હવે બે જ દિવસની વાર હતી. ઈચ્છુક વરરાજાએ શ્રીમતી હડલ્સનને ઘટનાઓની તાજી માહિતી આપી.

હજી ફ્રાન્સીસ બોલી રહે તે પહેલાં જ શ્રીમતી હડલ્સને શરૂ કર્યું, 'મને જ કંઈ સમજાતું નથી, એ બંને લગભગ એક જ પ્રકારનું વર્તન દાખવે છે.'

'તો શું ?' ચમકીને ફ્રાન્સીસે પૂછ્યું, 'આ તરફ પણ કંઈ થયું છે ?'

'હા', શરૂ કર્યું શ્રીમતી હડલ્સને, 'આ અમારા એટલે આપણાં ડૉક્ટરશ્રીનું પણ એવું જ. કોઈકને વળી ઘેલછાની આંકડી વહેલીમોડી આવતી હશે. એ પોતાની વિજ્ઞાનશાળામાં એવા ભરાયા છે કે નીકળવાનું નામ જ નથી લેતા, કલાકોની ગણતરી તો હવે રહી જ નથી, દિવસો જ ગણોને ! મારા નવયુવાન સાથી મિત્ર, આપણી મુશ્કેલીઓનો તો પાર નથી.'

'શું એનો કોઈ અંત જ નથી ?'

'તારા મામાશ્રીના વર્ણન પરથી અને અહીંના અનુમાન પરથી લાગે છે કે બંનેએ જરૂર કોઈક નવી તાજી પ્રક્રિયા શોધી કાઢી છે. એ જડ નિશ્ચેત ગોળાએ આ બંને જણાને પણ પથ્થર બનાવી દીધા છે. હવે વળી પાછા કોઈ નવા ઉછાળા, નવા બખાળા, નવા ફૂંફાડા...'

'જો હું કર્તાહર્તા હોત...' લૂ બોલી ઊઠી.

'તો શું કરત તું લૂ ?' ફ્રાન્સીસે પૂછ્યું.

'શું કરત ? હું એ ગબડતા ગગડતા ગોળાને આકાશમાં એવા જોરથી ફંગોળી દેત કે તે અનંતની પાર પહોંચી જાય અને ફરી કદી આ તરફ આવવાનું, નામ જ લે નહિ. ધરતી પરનો કોઈ અપાર શક્તિશાળી ટેલિસ્કોપ તેને જોઈ શકે નહિ.'

શ્રીમાન ડિન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સનને તેમના પાંજરામાંથી બહાર કાઢવાનો એ જ એક ઉપાય હતો. કદાચ ધૂમકેતુના અદૃશ્ય થવા સાથે જ બંને વચ્ચેના વેરભાવ અદૃશ્ય થઈ શકે, પણ એવું થતું દેખાતું ન હતું. ધૂમકેતુ લગ્નની સવારે દેખાવાનો હતો, ત્યાર પછીના દિવસે દેખાવાનો હતો અને ત્યાર પછીના ત્યાર પછીના... દિવસો સુધી નિયમિત ભ્રમણ કરીને બધાંનાં માથાં ભમતાં રાખનાર હતો.

સ્વર્ગમાંથી કોઈ દેવદૂત પધારે એમ તેમને માટે તો એ સ્વર્ગલોકમાંથી શેતાન જ પધાર્યો હતો.

'હવે બે દિવસમાં જ…,' ફ્રાન્સીસે કહ્યું, 'આપણે કંઈ નક્કી કરવું પડશે, એ બંનેને બાંધીખેંચીને આપણી તરફ લાવવા પડશે.'

ઈલિઝાબેથ સ્ટ્રીટ તરફ એ પાછો ફર્યો ત્યારે મનોમન પ્રાર્થના કરતો રહ્યો. અને પ્રાર્થના ફળી કે શું ? મામાશ્રી ફોરસીથ પોતાની કાળ-કોટડીમાંથી બહાર આવી ગયા હતા અને શાંતિપૂર્વક કહી શકાય તે રીતે પેટ ભરીને ભોજન પણ માણ્યું હતું, એ બધું પતાવી તેઓ ઘસઘસાટ ઊંઘી ગયા હતા. પણ ઊંઘવા જતાં પહેલાં તેમણે ઓમિક્રોનને એક સંદેશ આપી દઈ દોડાવી મૂક્યો હતો.

'ઊંઘવા જતાં પહેલાં તમે મિત્ઝ, મામાશ્રી સાથે વાત કરી હતી ?'

'ભૂત સાથે કોણ વાત કરી શક્યું છે, સની ?'

'તેમણે ખાધું ?'

'અરે ભુખાળવાની જેમ. બખ્ખે બખ્ખા મોઢામાં સીચીને ગળા નીચે ઉતારી ગયા. મુખ્ય ખોરાક પછી બટાકા, ફળ, ચટની, સોસ, કેચપ, પુડિંગ બધું જ સાફ, હોઈયાં.'

'તેમના રૂપરંગ કેવા હતા ?'

'ખાસ કંઈ ખરાબ નહિ. પણ ચહેરાનો રંગ ઊડી ગયેલો જોઈ શકાય, આંખો રાતી અને તે ફરતે કુંડાળા. મેં તેમને ઠંડા-ઉના પાણીથી સ્નાન કરી થાક ઉતારવા કહ્યું. એમણે મારી સામે એવી રીતે જોયું…'

'મારે માટે કોઈ સંદેશો મિત્ઝ ?'

'ના રે દીકરા, તારે માટે નહિ, બીજા કોઈ માટેય નહિ. ભોજન તેમણે મોઢું ઉઘાડયા વગર જ કર્યું અને પડયા પથારીમાં. છેલ્લે તેમણે મારા સરતાજને વ્હેસ્ટન સ્ટાન્ડર્ડ જવાનો ફરીથી ઘાંટો પાડ્યો હતો. પણ એ તો તે પહેલાં જ…'

'વ્હેસ્ટન સ્ટાન્ડર્ડ ?' ખળભળી ઊઠ્યો ફ્રાન્સીસ, 'ત્યારે તો જરૂર એમણે નવી કોઈ પ્રક્રિયા શોધી હશે ! હવે નવો વિરોધ, નવો વિવાદ ! છાપાંઓને મસાલો મળે પછી જોઈએ શું ?'

ફ્રાન્સીસનો તર્ક સાચો હતો. બીજા દિવસે સ્ટાન્ડર્ડે મામાશ્રી બાબતની સમાચાર કહી શકાય તેવી સામગ્રી છાપી જ હતી. જે બંને અન્વેષકોના સંબંધોની ખાઈ વધુ ઊંડી કરે તેવી હતી. ઉપરાંત પ્રેમીઓના પ્રેમસંબંધને વધુ દુ:ખમાં નાખે તેવી હતી.

એનો ઉદ્વેગ ત્યારે □□ર વધી ગયો. જ્યારે વ્હેસ્ટન મોર્નિંગે ડૉક્ટરનો એવો જ અહેવાલ પ્રગટ કર્યો હતો.

શરૂઆતમાં એક જ પ્રકારની વાત કહેતા, બંને પત્રો પોતપોતાના તારણમાં વિરોધાભાસી દેખાય એ સ્વાભાવિક જ હતું. જે પ્રશ્ન ચર્ચવામાં આવ્યો હતો, તે માત્ર વ્હેસ્ટનનો જ ન હતો, પણ સારીય દુનિયાને લાગુ પડતો હતો. ટેલિગ્રાફ તથા ટેલિફોન દ્વારા એ સમાચારની ચારે દિશામાં ચર્ચા શરૂ થઈ ગઈ હતી.

શ્રીમાન ડિન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સન જણાવતા હતા કે તેમની સતત નિઘરાણીએ ધૂમકેતુના પરિભ્રમણમાં સહેજ ફેર તારવ્યો છે. તેણે અત્યાર સુધી જે ઉત્તર-દક્ષિણ ભ્રમણરેખા જાળવી રાખી હતી, તેમાં ફેર પડીને હવે ધૂમકેતુએ ઉત્તર-દક્ષિણને બદલે દક્ષિણ-પશ્ચિમ તરફનો પોતાનો ઝોક શરૂ કર્યો છે. એ સાથે જ પૃથ્વી સાથેના તેના અંતરમાં પણ ફેર વરતાયો છે. હવે એ અંતર કંઈક ઓછું થયું હતું. તેમ છતાં ગતિ અને ઝડપમાં કોઈ જ ફેર જણાતો ન હતો.

બંને ખગોળશાસ્ત્રીએ છેવટનો ક્યાસ કાઢતા જણાવ્યું હતું કે દરેક રીતે સાવધાનીપૂર્વકનો અભ્યાસ કરતાં, ધૂમકેતુ કોઈક જગાએ પડવા તરફ જઈ રહ્યો છે. પડશે જરૂર, પણ પૃથ્વીના કયા ભાગમાં તે પડશે તે અત્યારે જાણી શકાયું નથી.

અહી સુધી બંને વિરોધી-મિત્રો સહમત થતા હતા, પણ આગળ ઉપર તેમનો સૂર એકદમ વિરોધાભાસી હતો. એક મહાશયનું માનવું એવું હતું કે ધૂમકેતુ ૨૮મી જૂને જાપાન તરફના કોઈક પ્રદેશમાં ત્રાટકશે, જ્યારે બીજાનું અનુમાન હતું કે ધૂમકેતુ ૭મી જુલાઈના રોજ ધરતી પર આવશે અને એ સ્થળ પેંટેગોનિયા હશે.

રસ લેનારને પોતાના અભિપ્રાયની છૂટ હતી. અત્યારે તો પૃથ્વીવાસીને એ જ વાત લાગુ પડતી હતી કે ધૂમકેતુ પડી રહ્યો છે. તે સાથે જ પૃથ્વી અધધધ સોનાથી વજનદાર બની જશે. સોનાના એ વરસાદની ધરતીવાસીને જરૂર હતી જ. અલબત્ત એ ક્યાં પડે છે એની ખેંચાખેંચ તો રહેવાની જ.

આ સમાચારથી સોનાના ભાવ અને બીજા સંલગ્ન બજાર ઉપર વીજળી પડી જ.

અત્યાર સુધી જેઓ સોનું સંઘરીને બેઠા હતા, તેમને ચિંતા થવા લાગી કે આટલું અઢળક સોનું પૃથ્વી પર ઝીકાતા તેમનું સોનું રાખ થઈ જશે. ગરીબો મનોમન મલકાતા હતા કે આપણા હાથમાં એકાદ નાનું ઢેકું આવી જાય તો સારું.

ઉપરતળે થતો હતો ફ્રાન્સીસ ગોર્ડન, સોનાના ભાવ વધે કે ઘટે, પૃથ્વી અમીર બને કે ગરીબ, તેની સાથે તેને કોઈ જ લેવાદેવા ન હતી. તેને તો હાંસલ કરવી હતી સુવર્ણપરી જેની. જેની કિંમત એવા કંઈક ધૂમકેતુઓથી ઘણી વધારે હતી.

તે જ્યારે મોરીસ શેરીમાં ગયો ત્યારે જોયું તો ત્યાં પણ એ સમાચાર પહોંચી જ ગયા હતા. એ ઢમ્મ કરીને પડનાર ધૂમકેતુ તેમના સોનેરી સંસાર પર કેવો વજ્રાઘાત પાડશે, તેના જ હાહાકારમાં સહુ માથું પકડીને બેઠા હતા.

બધી સંચિત યોજનાઓ પર પાણી ફરી વળતું જોઈ, જેની એ પાણીમાં પોતાની આંખના ધોધમાર પાણીનો ઉમેરો કરતી હતી, લૂના ધમાકાની કોઈ સીમા જ ન હતી. માતા અત્યારે જ ધૂમકેતુના ત્રાટકવાથી પૃથ્વી જે રીતે કંપી ઊઠી હતી, એ ધરતીકંપથી થરથર ધ્રૂજતી હતી.

ફ્રાન્સીસ તેમને આશ્વાસન આપવા પ્રતિજ્ઞા લેતો હતો કે ધૂમકેતુ ધરતીને છિન્નભિન્ન કરી નાખે તોપણ તે પોતાની વહાલી જેનીને પરણીને જ રહેશ. જોકે, એવું કંઈ થાય અને ધરતી જ્યારે આવા આકાશી આઘાત-પ્રત્યાઘાતથી જમીનદોસ્ત થતી હોય છે, ત્યારે એવું કંઈ થાય છે જ. તે વખતે કે તે પછી. શ્રીમાન ફ્રાન્સીસ ગોર્ડનને તો આજીવન કુંવારા જ રહી જવું પડે તેમ હતું, વાંઢા જ કહોને !

❑

# ૧૨

# બલૂન, સલૂન આભલાતૂન !

આ ખાસ સવારે જજ પ્રોથશ્રી પોતાની બારીએ ઊભા હતા અને સેવિકા કેઈટ પોતાની કાર્યવાહી પતાવી રહી હતી. જજશ્રીને પેલા ધૂમકેતુ સાથે ખાસ કોઈ લેવાદેવા ન હતી. વ્હેસ્ટન ઉપરથી તે પસાર થાય તોય ભલે અને પસાર થાય તોય ભલે. તેઓ તો રોજની જેમ કોન્સ્ટીટ્યુશન સ્કવેરની દિશામાં જ નજર કરીને ઊભા હતા. દૃશ્ય હૃદયંગમ હતું.

પણ જજ મહાશયનેય જે વાત મહત્ત્વની ન લાગતી હોય તેવી વાત કેઈટને માટે તો અપરંપાર કૌતુકની હતી જ.

'આખો ને આખો ગોળો સોનાનો જ કે, સાહેબ ?' કેઈટે ધર્મોપદેશકને પૂછ્યું.

'એવું કહેવાય છે ખરું, કેઈટ.'

'આપના પર એની કોઈ જ અસર નથી ?'

'મારી અસર તેની પર પહોંચાડવાની મારી કોઈ ઈચ્છા નથી.'

'એ સોનું, લાખ્ખોનું નહિ હોય ?'

'લાખ્ખો લાખ્ખોનું કેઈટ. આપણા માથા પર એવો અપ્રતિમ સુવર્ણ-ગોળો મંડરાઈ રહ્યો છે.'

'એ અમૂલખ ગોળો પડેય ખરો ને ?'

'લોકો તો એમ જ કહે છે.'

'ત્યારે તો સાહેબશ્રી, દુનિયામાં કોઈ જ ગરીબ નહિ રહે.'

'રહેશે. છે એટલા જ કે વધુ.'

'પણ આ બધું સોનું...'

'તને સમજતા વાર લાગશે ભલી કેઈટ. તું કલ્પના કરી શકે છે કે અબજ ખર્વ ગર્વ પર્વ... એટલે કેટલા થાય ?'

'એટલે કે આટલા... આ-ટ-લા... આ...ટલા ?'

‘હજ્જારો લાખ્ખો કરોડો…’

‘ઓ બાપ રે ! એટલા બધા ?’

‘હા. તને જો પૂરા સો વર્ષનું આયુષ્ય આપવામાં આવે તોપણ તું એ ન ગણી શકે, ભલે રોજના દશ કલાક સુધી તું ગણતી રહે.’

‘એક સો વર્ષ પણ ગણવા માટે ઓછા પડે ?’ એ પ્રમાણે બબડતી તે ઘરનો ખૂણેખૂણો સાફ કરવા લાગી. પછી થોભી જઈને પૂછયું, ‘સાહેબશ્રી, તો ધરતીના દરેક માનવીને ભાગે કેટલા આવે ?’

‘શું વહેંચવું છે તારે ?’

‘પેલો સોનાનો ગોળો.’

‘એની તો ગણતરી કરવી પડે માડી.’ અને તે માટે પ્રોથશ્રીએ કાગળ-કલમ હાથમાં લીધા.

મીડાઓ, મીડાઓ, મીડાઓ, ગુણાકાર ભાગાકાર, સરવાળા-બાદબાકી માંડીને પરમ ઉદ્‌બોધક કહે, ‘માની લઈએ મા ! કે ધરતી પર અત્યારે પંદર હજાર લાખ માનવીઓ વસે છે, તો દરેકને ભાગે આસરે ૭૧૫ (સાતસો પંદર) ડૉલર આવી શકે.’

‘એટલા જ ?’ નિરાશ થઈને કેઈટ બોલી ઊઠી.

‘અટે લા જ.’ ભગવાનના માણસે કહ્યું અને કેઈટે આકાશમાં જોઈ કપાળ કૂટ્યું.

કંઈક બબડતી બબડતી તે બહારની બારીઓ સાફ કરવા ગઈ. તેના જોવામાં જે આવ્યું એ તરફ સાહેબશ્રીનું ધ્યાન ખેંચવું જરૂરી લાગ્યું. એક્સ્ટર સ્ટ્રીટ તરફ આંગળી ચીંધી તે કહે, ‘પેલી બે મહિલાને આપ જોઈ શકો છો સાહેબ ? કોઈની રાહ જોતી લાગે છે.’

‘મને દેખાય છે, કેઈટ.’

‘‘એમાંની એક તરફ ધ્યાન આપો તો… સહેજ ઊંચી અને રાણી જેવી. પોતાના પગ પછાડે રાખે છે.’

‘હા, એ પ્રભુત્વવાળી મહિલા પગ ઠોકે છે ખરી, પણ આપણે એને ઓળખતાં તો નથી ને ?’

‘પેલી તો નહિ, જે ઘોડા પર બેસીને એના મુરતિયાને પરણવા આવી હતી, પેલા રાજકુમાર જેવા.’

'મિસ આર્કેર્ડિયા વોકર', જજશ્રી બોલી ઊઠ્યા.

'હવે શ્રીમતી આર્કેર્ડિયા સ્ટેનફોર્ડ નહિ ?'

'બરાબર છે, એ મહિલા એ જ છે.'

'પણ એ બાનુ પાછા આ તરફ શું કામ આવ્યા હશે ? શું ફરીથી...'

'આપણે કેમ કહી શકીએ ? અટકળ જ કરવી રહી.'

'ફરીથી કહું છું તો ખરી, ફરીથી વિધિ માટે...'

મરક મરક હસીને ન્યાયાધીશ ધર્મોપદેશક કહે, 'એ શક્ય નથી ભલી કેઈટ કેમકે આપણા આ પ્રદેશમાં બીજાં લગ્ન માન્ય નથી.' બારી બંધ કરતાં તેઓ આગળ કહે, 'પણ ભલી માડી, મારો કોર્ટમાં જવાનો સમય થઈ ગયો છે, જાણે છે ને ? આજે તો વળી એક ખાસ અગત્યનો કેસ છે, પેલા ધૂમકેતુ બાબતનો જ. એ બાનુ જો આ તરફ પધારે તો કહેજે કે હું આજે નહિ મળી શકું. એટલે કે બીજા અગત્યના રોકાણને લઈને સમય આપી શકું તેમ નથી. એ બધું વિવેકથી નમ્રતાથી ન્યાયની રીતે કહેજે. તું પણ ન્યાયનો એક ભાગ જ છે ને માડી !' કહીને શ્રીમાન જ્હોન પ્રોથ ઝડપથી પણ વ્યવસ્થિત તૈયાર થયા અને ધર્મ તથા ન્યાયને અનુરૂપ પગલાં માંડતા દાદર ઊતરવા લાગ્યા. તેમણે સોલોમન સ્ટ્રીટ તરફનું નાનું દ્વાર હળવેથી ખોલ્યું અને નગરના ન્યાયાલય તરફ જવા રવાના થઈ ગયા. કેન્દ્રીય ન્યાયાલય થોડેક અંતરે દેવળની સામે જ હતું, કહો કે દેવળના એક ભાગ રૂપ જ, પણ સ્વતંત્ર હતું.

કેઈટની કાંઈ ભૂલ થતી ન હતી. એ શ્રીમતી આર્કેડિયા સ્ટેનફોર્ડ જ હતી. તે દિવસે તે પોતાની સહાયિકા સાથે વ્હેસ્ટન પધારી હતી. બહેનપણી જેવી બર્થા અને મહારાણી જેવી આર્કેડિયા, એકસ્ટર શેરી તરફ જોતી અધીરાઈ સાથે આંટા મારતી હતી.

નગર ટાવર ઘડિયાળે દશના ટકોરા શરૂ કર્યા.

'જો તો, જો તો બર્થા, એ શ્રીમાન હજીય પધારતા દેખાતા નથી.' શ્રીમતી આર્કેડિયા વ્યગ્ર થઈને બોલી ઊઠી.

'તેઓ મુલાકાતનો દિવસ તો નહિ ભૂલી ગયા હોય ને ?' બર્થાએ શંકા પ્રગટ કરી, ડરતાં ડરતાં.

'ભૂલી જાય ? મુલાકાત ? એ એના મનમાં...'

'ના ના, ભૂલે તો નહિ પણ ધારો કે વિચાર બદલાયો હોય.'

'બર્થા !' એ નામ મોટેથી બોલી, ઊંચી એડી ટપ-ટપ ટપકારતી રાણીસાહેબા કહે, 'જરા આઘીપાછી થઈને, ઊંચી થઈને જો તો ખરી બર્થા !'

'ના મેડમ.'

'હજી નહિ ? ઓહ ! હજી નહિ ?'

'ના બહેનબા.'

'જે કંઈ અમારી વચમાં નક્કી થયું છે, તેમ છતાં ? આજે તારીખ તો ૧૮મી જ છે ને ?'

'હા. અને મંગળવાર જ.'

'હમણાં જ સાડા દશ વાગ્યા જ સમજોને !'

'દશ મિનિટ બાકી છે.'

'મારી કસોટી થઈ રહી છે, બર્થા ! હું આવી ઘડીપળથી ટેવાઈ નથી, તું જાણે છે ને ? છતાં હું આખો દિવસ રાહ જોઈશ, પૂરા ચોવીસ કલાક. જે કંઈ નક્કી થયું હોય તેનું પ્રાણપણે પાલન થવું જ જોઈએ, એ મારી ટેક છે.'

કોન્સ્ટીટ્યુશન સ્ક્વેરના હોટલ-રસોઈયાઓ માટે આ નવાઈની વાત હતી જ. કેમકે આજ મહિલાને તેમણે ઘોડા પર બેઠેલી નિહાળી હતી, અને આવી જ અધીરાઈ સાથે તે સહઘોડેસવાર નવયુવાનને દેવળ તરફ દોરી જતી હતી. બંને ઘોડેસવારો ત્યારે અધીરા અને ઉત્સુક હતા અને ધર્મોપદેશક ન્યાયાધીશ સમક્ષ લગ્ન માટેની ઉતાવળ દાખવી રહ્યા હતા.

ફેર એટલો જ હતો કે ત્યારે ઘોડેસવાર નવયુવાનની દશા આવી અજંપિત હતી, આજે રાણીજીની, અને તેઓ પાછા પગપાળા હતા. ભવ્ય સ્વરૂપે પણ પોતાના પગ ઉપર.

પરિસ્થિતિ એવી હતી કે પસાર થતાં સ્ત્રી-પુરુષ બાળકો વૃદ્ધો એ મહિલાને આશ્ચર્યથી નિહાળતા ખરા પણ થોભતાં નહિ. આગળ વધી જતાં, કેમકે આજે ન્યાયાલયમાં એક વધુ સંઘર્ષમય મુકદમો આવી રહ્યો હતો. જેમાં બધાંને રસ હતો. જી હા, મામલો પેલા ધૂમકેતુને લગતો જ હતો. તે સુવર્ણઘટ હવે પડું પડું થઈ રહ્યો હતો અને જેની પર વ્હેસ્ટનના બે પ્રતિસ્પર્ધીઓ દાવો કરતા હતા.

કહે છે કે આકાશી ગ્રહો માનવીના જીવનને અસર પહોંચાડે છે. એ માન્યતા સાચી હોય કે ખોટી, અને પેલો સોનેરી ધૂમકેતુ ગ્રહ હોય કે નહિ, પણ તે તમામ લોકો પર અસર પાડતો જ હતો. આવો આકાશી સુવર્ણ-ગોળો અહીં આપણે ત્યાં જ પડવાનો હોય અને તેને માત્ર બે જ જણા લૂંટી લેવાના હોય, તેમાં ભાગ પડાવવાય લોકો દોડતા

હતા. થોડી વારમાં તો એટલા લોકટોળાં ભેગા થઈ ગયા કે આ તરફ આટલી માનવીય વસ્તી છે, તેનીય તેમને ખબર ન હતી. કદાચ અહીં સિવાય આજુબાજુનાય ઘણાં હશે જ.

પોતાની આજુબાજુથી કિડિયારાની જેમ માનવીઓ ધસી જતા હતા અને મિસિસ આર્કેડિયા પોતાના જ ખ્યાલોમાં ખોવાયેલી હતી. તેણે પાછું પૂછ્યું, 'જરા વધુ ઊંચે જઈને જો ને બર્થા, એ દેખાય છે કે નહિ ?'

'ના બહેનજી ના.'

ત્યારે જ લોકટોળાં લગભગ એક સાથે બોલી ઊઠ્યા, 'જુઓ આવે, જુઓ જુઓ...'

મિસિસ સ્ટેનફોર્ડ કહે, 'હા, આખરે શ્રીમાનનું આગમન થયું ખરું.'

'ના બહેનજી ના.' બર્થા બોલી ઊઠી, 'તેઓ આપણા વિષે નથી વિચારતા.'

ખરી વાત. આજની આ માનવભરતીને મન રાણી કે અમીર મહિલા મિસિસ આર્કેડિયા સ્ટેનફોર્ડની કોઈ ખેવના ન હતી. ત્યારે શું તેમણે પેલા તથાકથિત ધૂમકેતુને પ્રત્યક્ષ નિહાળ્યો હતો ? અને તેને સલામી આપતા હતા ?'

જી ના. ધૂમકેતુનું તો અત્યારે પોતાના આકાશી પ્રવાસમાં તન્મય હતા. તેઓ કદાચ બીજી દિશામાં હતા.

'બલૂન, મેડમ જુઓ બલૂન...' બર્થા બોલી ઊઠી, 'સેઈન્ટ એન્ડ્રુઝ દેવળના પાછળના ભાગમાં...'

બર્થાની વાત સાચી હતી. આકાશમાંથી હળવી ગતિએ નયનરમ્ય ઝૂલા ઝૂલતું બલૂન નજરે પડયું.

ટોળાંએ નવાજ પ્રકારની ચિચિયારી પાડી બલૂનનું સ્વાગત કર્યું.

આટલી ઉત્તેજના શા માટે ? શું તેમને બલૂનના ઉત્તરાયણમાં ખાસ રસ હતો ? પ્રજાજનો આટલો ભવ્ય આવકાર આપવા પાછળનું ખાસ કોઈ કારણ ખરું ?

હા. એ માટેનું કારણ હતું જ. આગલી સાંજે જ બલૂને વિખ્યાત અવકાશયાત્રી વૉલ્ટર રેગ અને તેના સહાયક સાથે નજીકના ગામે ઊતરવાના સમાચાર સાંભળ્યા હતા. અત્યારે આવી પહોંચેલા આ બલૂનને એક ખાસ કામગીરી સોંપાઈ હતી. બલૂને પેલા કૌતુકપ્રદ ધૂમકેતુનો પીછો કરવાનો હતો. તેની સાથે રહેવાનું હતું. તેને વિષે નજીકથી કંઈક જાણવાનું હતું. આ એક સાવ નવો જ પ્રયોગ હતો. લોકો એ પ્રયોગનું પરિણામ જાણવા માટે જ આટલા બેચેન હતા.

એ બલૂન જ્યારે આ તરફ આવવા ઊડતું હતું, ત્યારે જ શ્રીમાન ડિન ફોરસીથે તેમાં સવારી મેળવવાના પ્રયાસો કર્યા હતા. તેમની સાથે આ વખતે મિત્ઝ હતી. ડરપોક મિત્ઝ.

બરાબર ત્યારે જ ડૉક્ટર હડલ્સન પણ ઊપડતાં બલૂનને પકડવા આવી પહોંચ્યા હતા. તેમની સાથે શ્રીમતી હડલ્સન હતાં.

અવકાશી ચાલક માટે પરિસ્થિતિ વિકટ હતી કેમકે બલૂનની બાસ્કેટ-કારમાં માત્ર એક જ જગાનો અવકાશ હતો. એટલે એ બંને પક્ષને વિવાદમાં મૂકીને તેમણે ત્રીજા જ એક પ્રવાસીની પસંદગી કરી લીધી, જે એ બંને જેટલા જ ઉત્સુક હતા. એ ત્રીજા શ્રીમાન તેમને ખૂબ જ મદદરૂપ થઈ પડે તેવા ચપળ, ચબરાક અને નવજુવાન હતા.

વ્હેસ્ટન સ્ક્&વેરના ચોકઠામાં બલૂને કાળજીપૂર્વકનું ઉતરાયણ કર્યું. બલૂનની બાસ્કેટ કારને ટોળાઓ વીટળાઈ વળ્યા. બલૂનમાં પધારેલા પ્રવાસીઓને ઊતરવાનીય તકલીફ પડી. અવકાશયાત્રી વૉલ્ટર રેગેજ આ વખતે સાથીને કહ્યું, 'તમે ઝડપ કરો. તમારે ઝડપની જરૂર છે. સમયને પકડવા માટે.'

એ શ્રીમાને ક્યારની ઝડપ કરી જ હતી. બાસ્કેટમાંથી જ નહિ. માણસોના માથા પરથી પણ કૂદકો માર્યો હતો.

દોડીને શ્રીમાન શેઠ સ્ટેનફોર્ડ સીધા શ્રીમતી આર્કેડિયા વોકર પાસે પહોંચી ગયા. એકદમ નજીક જઈને કહ્યું, 'લો, હું હાજર છું, મહામના.'

'દશને પાંત્રીસ થઈ.' લેડી આર્કેડિયાએ ટાવરક્લોક તરફ સમય બતાવતા કહ્યું.

'આપણી મુલાકાત દશને ત્રીસ મિનિટે જ હતી. મને ખબર છે.' આગંતુકે પૂરી નમ્રતા સાથે કહ્યું, 'પણ માફ કરી શકાય એને, કેમકે આ હવાઈ-યાન આપણી મરજી મુજબ ઊડી શકતું નથી. એને હવામાનનો આસરો લેવાનો હોય છે.'

'એટલે કે, મારી ધારણા જ સાચી.' લેડી આર્કેડિયાએ કહ્યું, 'આપ શ્રીમાન મિસ્ટર વૉલ્ટર રેગ સાથે બલૂનમાં હતા, ખરું ?'

'ખરું.'

'અને આવા સ્ટંટનું કારણ જણાવશો, શ્રીમાન ?'

'સ્ટંટ ? નહિ જ. સાદું કારણ, અને આ પ્રવાસ નવીનતમ લાગ્યો. મને થયું કે મારે મારી મુલાકાત આ જ રીતે પાળવી જોઈએ. આજ્ઞાંકિત રહ્યો. મારે એ માટે શ્રીમાન વૉલ્ટર રેગને ઘણી મોટી રકમ ચૂકવવી પડી. બીજા બે સ્પર્ધકોને લઈને જરાક

મોંઘું પડયું. પણ વૉલ્ટરશ્રીને મારી મુસાફરીનું કારણ ગમ્યું અને તેમણે મને બરાબર ૧૦- ૩૦ વાગે મુલાકાત જળવાઈ રહેવાની ખાતરી આપી. મને લાગે છે કે પાંચ મિનિટનો વિલંબ માફ કરી શકાય છે, જો ન્યાયપૂર્ણ રીતે જોવામાં આવે.'

'માફી માન્ય' શ્રીમતી આર્કેડિયા સ્ટેનફોર્ડે કહ્યું, 'આપ શ્રીમાન આવ્યા જ છો એટલે સ્વાગત, પણ આપનો નિર્ણય તો બદલાયો નથી ને ?'

'જરા પણ નહિ, જરા પણ નહિ.'

'આપનો અભિપ્રાય ચોક્કસપણે એ જ છે ને કે આપણે છૂટા થઈને જ બંનેનું હિત જાળવી શકીશું ?'

'જી. મારો અભિપ્રાય એ જ છે.'

'મને લાગે છે કે આપણે એકબીજા માટે સરજાયા જ નથી. વી આર નોટ મેઈડ ફોર ઈચ અધર.'

'હું તમારા એ વિધાન સાથે સહમત છું.'

'તેમ છતાં મિસ્ટર સ્ટેનફોર્ડ, મને તમારા અમુક ગુણો ગમે છે.'

'મને પણ તમારા અમુક સદ્&ગુણો બહુ જ ગમે છે, આર્ક.'

'કેવી અજબ વાત છે નહિ ? બંને એકબીજાને અમુક ટકા પસંદ કરીએ છીએ, પણ અમુક ટકા એકબીજાને રીઝવી શકતા નથી. પ્રેમ અને પસંદગી બે અલગ છેડાઓ હશે ? માત્ર આદર, વિવેક અને એકબીજાનું સન્માન, પ્રેમમય લગ્નજીવન માટે પૂરતાં તત્ત્વો નહિ જ હોય ?'

'એમ જ હશે આર્ક, તમારા તર્ક સાથે સહમત થવું મને હંમેશા ગમ્યું જ છે.'

'એનો અર્થ કે આપણે એકબીજાને પ્રેમ તો કરતા હતા, એ પ્રેમ જો ચાલુ રાખ્યો હોત...'

'તો ખુશીની વાત હતી જ.'

'પણ ના, આપણી વચમાં પ્રેમ હતો જ નહિ.'

'તમે કહો છો તો સ્વીકારું છું આર્ક, પણ...'

'આપણે એકબીજાંને પૂરતા ઓળખ્યા વગર જ પરણી ગયા અને ફાવ્યા નહિ. જો આપણે થોડીક સંજ્ઞાઓ, સહનશકિત, તર્કબુદ્ધિ, ધીરજ વાપરી હોત...'

'ના ના, તમારી જેવી એકદમ સ્વતંત્ર મિજાજની મહિલાએ મારા જેવાને ખાતર આપનું સર્વસ્વ લૂંટાવી દેવાની જરૂર ન હતી.'

'મને એમાં કાંઈ જોખમ દેખાયું નથી મિસ્ટર સ્ટેનફોર્ડ, તમેય ક્યાં તમારી સ્વતંત્રતાને જોખમે સાહસ આદરી મને બચાવી લીધી ન હતી.'

'ઉતાવળ મારે પક્ષે જ થયેલી કહેવાય ને, આર્ક.'

'પૂરતો સમય જ ન મળ્યો. આપણે એકબીજાથી અજાણ્યા હતા અને રહ્યા.'

'કોઈ હુકમ, દબાણ, આગ્રહથી આપણે બચતાં રહ્યા કે ડરતાં રહ્યા ?'

'વિચારો, વર્તન, શીખ અને પ્રવાસની બાબતમાં તો આપણે કેટલા એક...'

'માત્ર મંઝિલ માટેનો જ વિવાદ કે વર્ગ મીડિયા રૂટ માટેનો ?'

'મારે દક્ષિણ થઈને પશ્ચિમ જવું હોય ત્યારે તમે સીધા પશ્ચિમનો આગ્રહ રાખો.'

'સાચી વાત. હું સીધા માર્ગ, સીધી વાત, સીધું શિસ્ત પસંદ કરનારો સીધો માણસ છું.'

'અને તેમાં આ ધૂમકેતુએ પૂંછડી ફટકારી.'

'જરાક જોરથી જ ફટકારી.'

'તો શું હજી તમે શ્રીમાન ડિન ફોરસીથની જ તરફેણ કરો છો ?'

'કરું જ છું. સીધી વાત.'

'ધૂમકેતુનું પતન થાય ત્યારે જાપાનમાં હાજર રહેવા માગો છો ?'

'મને એ જ ગણતરી સાચી લાગે છે.'

'મને ડૉક્ટર સિડની હડલ્સન પર વધુ વિશ્વાસ છે. તેઓ અવકાશી વિશેષજ્ઞ ખગોળશાસ્ત્રી જ નથી, એ વિષયના ડૉક્ટર છે.'

'એથી આપે પેરેગોનિયા પક્ષ પસંદ કર્યો છે, દૃઢતા સાથે ?'

'જે માનું છું તે માનું છું મિસ્ટર સ્ટેનફોર્ડ, જે કરું છું તે કરું છું. જ્યાં મને ઠીક લાગે ત્યાં પ્રવાસ મારી નેમ રહી છે.'

'તો સમાધાનની કોઈ શક્યતા નથી, અર્ક !'

'નથી જ.'

'ત્યારે તો એક જ માર્ગ ઉઘાડો રહે છે.'

'હા. એક જ માર્ગ સ્ટેન જજ સમક્ષ હાજર થઈ જવું.'

'હું આપની સેવામાં હાજર છું, મેડમ આર્કિડિયા, આજ્ઞાંકિત.'

બંનેએ સંમતિ સહિત એક જ ફાઇલ તૈયાર કરી હતી. એ સાથે બંને શ્રીમાન પ્રોથના દેવળગૃહ તરફ આગળ વધ્યા.

અહી ઈશ્વરીય ન્યાયની અદાલત બહાર સ્વાગત કર્યું ભલી પણ કુતૂહલપ્રેમી કેઈટે.

'મિસ્ટર પ્રોથ ?' શ્રી અને શ્રીમતી સ્ટેનફોર્ડે એક સાથે જ પૂછ્યું.

'તેઓ અગત્યનાં કામે બહાર ગયા છે.' કેઈટે કહ્યું, 'ઘણા અગત્યનાં કામે...'

બંને અરજદારોએ એકબીજાની સામે જોયું.

'એમને આવતાં શું ઘણું મોડું થશે ?' લેડી આર્કેડિયાએ પૂછ્યું.

'ખાણાના સમય પહેલાં તો તેઓ નહિ જ આવે.' કેઈટે કહ્યું.

'અને તેમના ખાણાનો સમય ?'

'એક વાગ્યાનો.'

'ત્યારે તો અમે એક વાગે જ આવીશું.' શ્રી અને શ્રીમતી સ્ટેનફોર્ડે એક સાથે જ કહી દીધું. તેઓ જવા માટે તત્પર બન્યા.

આવી વખતે ક્યાં જવું ? એ પ્રશ્ન થતો જ હોય છે, પણ હજી લોકો વૉલ્ટર રેગ તરફ ધસમસતા જ હતા.

'આપણે રોકડા બે કલાક રાહ જોવી પડશે.' શ્રીમતી આર્કેડિયાએ કહ્યું.

'બે કલાક અને પિસ્તાળીસ મિનિટ' શ્રીમાન સ્ટેનફોર્ડે કહ્યું.

'આપણે બંને એકબીજાની સાથે એટલો સમય રહી શકીશું ?'

'જો તમારો સાથ અને સહકાર હોય...'

'નદીની સહેલ વિષેનો ખ્યાલ કેવો છે ?'

'હું જ સૂચન રજૂ કરવાનો હતો.'

પતિ-પત્ની એકસ્ટર શેરી તરફ પગલાં માંડતા હતા કે તરત જ બંને રોકાઈ ગયા.

'મને કંઈ કહેવાની છૂટ છે, આર્ક ?'

'કહેને.'

'આપણે પહેલી જ વખત એક નિર્ણય પર સહમત થયા છીએ.' હસીને કહેવાયેલી પતિની એ ગમ્મત પર પત્નીએ કહ્યું, 'અને છેલ્લી વખત.'

ટોળું વધુ ને વધુ વિસ્તરતું હતું અને શ્રીમાન શ્રીમતી સ્ટેનફોર્ડને એ ગિરદીમાંથી જ માર્ગ કરવો પડતો હતો. બલૂન તરફ એ ગીચતા વધતી જતી હતી. પણ જે ધક્કાઓ અને હડસેલાઓનો પ્રવાહ હતો તે વ્હેસ્ટન ન્યાયાલય તરફનો હતો. કોર્ટ ઑફ જસ્ટીસના દ્વાર ખૂલવાની રાહ જોતાં અપાર સંખ્યામાં લોકો જમા થઈ ગયા હતા. જેવા દ્વાર ખૂલ્યા કે ભરતીના પાણીની જેમ માનવ પ્રવાહ કોર્ટના પ્રેક્ષકાલયમાં પહોંચી ગયો. આજનો મુશ્કેલીભર્યો મુકદમો લોકો માટે બલૂન જેટલો જ આકર્ષક હતો. બધાં જ જાણતા હતા કે આજે જજની ખરેખરી કસોટી થવાની છે.

જ્યારથી પેરીસ ઓબ્ઝરવેટરીએ જાહેરાત કરી હતી કે ધૂમકેતુ આખ્ખે આખ્ખો સોલીડ સોનાનો છે, ત્યારથી તમામ લોકોની ઉત્તેજના ખૂબ જ વધી ગઈ હતી. એમાં શ્રીમાન ડિન ફોરસીથ તથા ડૉક્ટર હડલ્સને એવી જાહેરાત કરી હતી કે ધૂમકેતુ પડશે જ, એથી તો ઉત્તેજના ઉશ્કેરાટમાં જ ફેલાઈ ગઈ હતી. કેટલાક લોકો તો એ સમાચાર સાંભળીને જ ગાંડાઘેલા થઈ ગયા હતા. આંખો પીળી થઈ જવી, મોઢું પહોળું રહી જવું, ગળામાંથી સ્વર બહાર નહિ આવવા જેવા કેટલાક અનુમાનો સાથે અમુકને તો પાગલખાને લઈ જવાયા હતા. ધીમે ધીમે પાગલખાના ઓછા પડવા લાગ્યા હતા.

દીવાનાઓમાંના સહુથી વધુ દીવાના પાગલ હતા બે સંશોધકો. અત્યાર સુધી બંને પોતપોતાના નામ જોડવા માટે લડતા હતા, પણ ૧૧મી અને ૧૨મીની વચ્ચેની રાત દરમિયાન તેમને જે જાણકારી મળી, એ પછીથી તો, જ્યારે એ સુવર્ણકળશ ધરતી પર આવે ત્યારે કોની માલિકીનો બની રહે, એ જ ખેંચતાણ અગત્યની હતી.

'એ સુવર્ણઘટ્ટ મારો મારો અને મારો જ હોઈ શકે.' શ્રીમાન ડિન ફોરસીથે ઘાંટો પાડીને કહ્યું હતું, 'કેમકે એની સહુ પ્રથમ શોધ મેં કરી હતી, મેં...'

'એ સુપર્ણસ્વર્ગ મારા સિવાય બીજા કોઈનુંય ન જ હોઈ શકે.' ડૉક્ટર હેડલ્સને એવી જ ઉગ્ર ગર્જના સાથે કહ્યું, 'કેમકે એની પહેલી એટલે કે એકદમ પહેલી શોધ મારી જ હતી, મારી જ...'

આ માલિકી હક્ક છાપાંઓ દ્વારા ચગાવ્યા પછી પણ સંતોષ ન થતાં બંને વિરોધી શત્રુમિત્રોએ, છેલ્લી ઘડી સુધીના કાયદાના દ્વાર ખટખટાવવાનું નક્કી કર્યું હતું, એટલા જોરથી કે ન્યાયના દ્વાર તૂટી જ જાય. તે અગાઉ છાપાંઓમાં અને વ્યક્તિગત રીતે જે આક્ષેપ-વિક્ષેપો થયા હતા એમાં ભાષાકિય બધાં જ શબ્દકોશો ફાટી ગયા હતા.

આ સંજોગોમાં એ બે આખલાઓને ઘરના કુટુંબ-લગ્નની ્ તો યાદ જ શેની રહે ? ૧૫મી મે કોઈ જ શુભ સમાચાર વગર પસાર થઈ ગઈ. ફ્રાન્સીસ અને જેની હજી સગાઈથી જ જોડાયેલા રહ્યા. તાત્પર્ય કે તેમને વિવાહિત સંબોધનથી અળગા જ રહેવું પડયું હતું.

ભાણાભાઈએ તક તારવી મામાશ્રીને ફરીથી પલાળવાના પ્રયાસો કરી જોયા, જેનો મામાશ્રીનો જવાબ હતો, ‘એ ડૉક્ટરિયાને હું ગુંડો લુચ્ચો ડુક્કર સુવ્વર કહું છું. હું દુષ્ટાત્માની દીકરી સાથે તારા લગ્નની સંમતિ કદી આપીશ નહિ. કદી નહિ, કદાપિ નહિ.’

એ જ વખતે ડૉક્ટર હડલ્સન પણ પોતાની વહાલસોયી દીકરીની આજીજી વિનંતીને ફગાવી દેતા કહેતા હતા, ‘ફ્રાન્સીસનો એ મામિયો મતલબી છે, સ્વાર્થી છે, દગાબાજ છે દગાબાજ. એ ફોરસીથિયાનાં કુટુંબમાં મારી દીકરી નહિ જાય, નહિ જાય, નહિ જ જાય, સાંભળી લીધું બદ્ધાંએ ?’

અનોખા અવકાશયાત્રી વોલ્ટર રેગ તરફનો જુસ્સો ઓછો થયો હતો. ઓછો થયો ન હતો પણ એ જ ભરતીનાં પાણી ન્યાયાલય તરફ ધસમસી ગયા હતા કેમકે બંને પ્રતિસ્પર્ધીઓ છાપાંઓ તથા શબ્દકોશ દ્વારા કોઈ નિર્ણય પર આવી શક્યા નહિ અને તેમણે કોર્ટ-કચેરીના કાનૂન-ન્યાયનો આસરો લીધો હતો.

કોર્ટ દ્વારા બંને પક્ષોને ૧૮મી મેના રોજ સમય થતાં કોર્ટમાં હાજર થવાના સમન્સ બજાવવામાં આવ્યા હતા. નામદાર ન્યાયાધીશ જજશ્રી જ્હોન પ્રોથની કોર્ટમાં બંને પક્ષ પૂરી તૈયારી સહિત હાજર હતા. પોતપોતાના નામની આલબેલની રાહ જોતા હતા.

પહેલાં નાજર શિરસ્તેદારે અને પછી બેલિફે બાંગ પોકારી, ‘ફોરસીથ વિરુદ્ધ હડલ્સન અને હડલ્સન વિરુદ્ધ ફોરસીથ.’

‘શ્રીમાનોને આગળ આવવા દો પ્લીઝ.’ જજસાહેબે સહુને વિનંતી કરી.

પોતપોતાના પક્ષકારોના જથ્થામાંથી શ્રીમાન ડિન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સન આગળ આવ્યા. બંને એકબીજાની સામે જોઈને ‘હં-હૂં’ ફૂંફકારતા હતા અને મુક્કીઓ ઉછાળતા હતા.

‘આપના વિવાદનો મુદ્દો શો છે ?’ જજ પ્રોથશ્રીએ જાણવા થતાં શ્રીમાનોને પૂછ્યું.

પહેલા તૂટી પડયા શ્રીમાન ડિન ફોરસીથ, ‘હું મારા હક્કોના રક્ષણ માટે અહી હાજર થયો છું.’

'અને હું મારા...' ડૉક્ટર હડલ્સન વચમાં જ બોલી ઊઠ્યા.

તરત જ બંને વચ્ચે એવા આક્ષેપો વિક્ષેપો, આરોપો વિરોપો શરૂ થયા કે જાણે આ ન્યાયાલય નથી, માછલી બજાર છે.

નામદાર ન્યાયાધીશે, સંગીત ઓરકેસ્ટ્રાના સંચાલકની જેમ, તેમની સામે સિસમની લાંબી કલમ હલાવતાં કહ્યું, 'શ્રીમાનો, સજ્જનો, મહાનુભવો ! બંનેને વારાફરતી પોતાનો પક્ષ રજૂ કરવાની તક મળશે જ. અંગ્રેજી એબીસીડી મુજબ શ્રીમાન ફોરસીથ પોતાની રજૂઆત પહેલાં કરશે, પછી ડૉક્ટર હડલ્સનને તેમનો પૂરો સમય મળશે.'

એ હુકમ મુજબ શ્રીમાન ફોરસીથે પોતાની વાતની શરૂઆત કરી, જેના શબ્દે શબ્દે ડૉક્ટર હડલ્સન હુંકારતા ફુંકારતા રહ્યા.

પહેલા વક્તાએ રજૂઆત કરી કે કેવી રીતે ૧૬મી માર્ચના રોજ સાત કલાક, સાડત્રીસ મિનિટ અને વીસ સેકંડના ચોક્કસ સમય (૭-૩૭-૨૦) ઈલિઝાબેથ શેરીના તેમના ટાવર-વિજ્ઞાન-કક્ષમાંથી પૂરતા શક્તિશાળી ટેલિસ્કોપ દ્વારા એક ધૂમકેતુનાં દર્શન કર્યાં હતાં, એ ગગનગોળો આકાશના ઉત્તરથી દક્ષિણનો માર્ગ કાપી રહ્યો હતો. તે અગાઉ અને ત્યાર પછી અત્યાર સુધી સતત એ ધૂમકેતુને તેમણે લક્ષમાં રાખ્યો હતો. તરત જ એ માહિતી તેમણે વિનાવિલંબ પિટ્સબર્ગ ઓબ્ઝરવેટરીને પહોંચાડી દીધી હતી કે જેથી એ શોધના પ્રથમ અને એકમાત્ર દાવેદાર તેઓ જ છે, એની નોંધ લેવામાં આવે.

જ્યારે ડૉક્ટર હડલ્સનને પોતાનું વક્તવ્ય રજૂ કરવાનું સૂચન થયું ત્યારે તેમણે બરાબર ઉપર જેવી જ હકીકત સાદર કરી.

બંનેની પ્રથમ કેફિયત પરથી કોર્ટ કંઈ જ પામી શકી ન હતી. એથી જજશ્રીએ બંને પક્ષને પોતપોતાની વધુ વિગતો વિસ્તારથી આપવાની આજ્ઞા કરી.

બંને પક્ષો જ્યારે પોતાની વાતો કહેતા હતા ત્યારે સંપૂર્ણ શાંતિથી સાંભળતા ન્યાયાધીશ વચમાં વચમાં કંઈક જરૂરી નોંધો તૈયાર કરતા જતા હતા. એ ઉપરના તારણ સાથે તેમણે જણાવ્યું.

'એક પક્ષ, એટલે કે મિસ્ટર ડિન ફોરસીથ જણાવે છે કે, ૧૬મી માર્ચની સવારે સાત કલાક સાડત્રીસ મિનિટ અને વીસ સેકંડે (૭-૩૭-૨૦) વ્હેસ્ટનની આકાશી ક્ષિતિજમાંથી તેમણે એક ધૂમકેતુ જેવા પદાર્થને પ્રથમ વખત નિહાળી, તેની શોધ કરી.

'બીજી બાજુ ડૉક્ટરશ્રી હડલ્સન પણ એવી જ કેફિયત રજૂ કરે છે કે તેમણે એ જ તારીખે, બરાબર એ જ સમયે એક ધૂમકેતુ ઉલ્કા કે ગગનગોળાને પ્રથમ વખત

નિહાળી તેની પ્રથમ શોધ કરી.'

'હા-હા' ઊછળી ઊઠ્યા. કોર્ટમાં ડૉક્ટર હડલ્સન. તેઓ જોરજોરથી મુઠ્ઠીઓ વીઝતા હતા.

'ના-ના' શ્રીમાન ફોરસીથ કૂદી પડયા. તેઓ પોતાના હાથ અને પગ બંને ઠોકતા હતા.

'પણ બંને વચ્ચેનો વિવાદનો જે મુદ્દો છે, તે મિનિટ અને સેકંડનો છે, ઉપરાંત વિશેષ વિજ્ઞાનની ગહનતા પણ તેમાં છુપાયેલી છે.

'આ પ્રકારની સૂક્ષ્મ, અણિશુદ્ધ, સચોટ આકાશી પ્રાથમિકતાનો નિર્ણય લેવાની આ કોર્ટની ક્ષમતા નથી. આ અગાઉ આવો કોઈ કેસ ભૂતકાળના રેકોર્ડ ઉપર પણ નથી કે જેનો રેફરન્સ લઈ શકાય.

'એ પ્રકારની બધી જ બાબતોનો વિચાર કરતાં, આ વિવાદના નિકાલ માટે પ્રતિસ્પર્ધીઓ આગળ ઉપરની ઊંચી કોર્ટનો આસરો લે, એવી વિનંતી કરવામાં આવે છે.'

આ નાગરિકી રાજ્ય ન્યાયાલયે તો પોતાનું જજમેન્ટ આપી દીધું, પણ બંને પક્ષો જાણતા હતા કે આગળની, તેની આગળની, તેની આગળનીય કોઈ કોર્ટ આ મામલાનો કોઈ નિવેડો લાવી શકશે. તેઓ તથા તેમના સાથી પક્ષકારો આ કેસ આ રીતે ફેંકાઈ જાય તે માટે તૈયાર જ ન હતા. અસંતોષનો અવાજ ગણગણાટમાં પરિણમ્યો અને આ નિર્ણય સામે બે અવાજ ઉપર ઊઠ્યા.

'હું મારા બોલવાના અધિકારનો ઉપયોગ કરવા માગું છું.' આ વાક્ય શ્રીમાન ડિન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સને લગભગ એક સાથે જ ઉચ્ચાર્યું હતું.

'જોકે હું આ કેસ ફરીથી શરૂ કરવા માગતો નથી.' ન્યાયાધીશે ઉમંગભર્યા સ્વરમાં કહ્યું, 'તેમ છતાં હું બંને શ્રીમાનો ફોરસીથજી અને ડૉક્ટર હડલ્સનજીને થોડાક શબ્દો બોલવાની છૂટ આપું છું, સિવાય કે બંને જણા એક સાથે ન બોલે.'

આ શરત બંને સ્પર્ધકો વચ્ચે વધારે પડતી હતી. પ્રયત્ન કરવા છતાં બંને એક- એકી રીતે બોલી શકતા નહિ. બંનેએ એકબીજાને માથે જાહેર ન્યાયાલયમાં જે માછલાં ધોયા એથી જજશ્રી પ્રોથ મનોમન રાજી થયા કે પોતાને ખરેખરી સદ્&બુદ્ધિ સૂઝી હતી.

અત્યાર સુધી જે બોલવા નહોતું મળ્યું, એ બધું જ ભસી મારીને બંને જણા અગત્યમાં અગત્યની છૂપી માહિતીઓ પણ ઓકવા લાગ્યા. એટલે સુધી કે જ્યારે પથ્થર પડે ત્યારે તે કોનો હોય એ આપમેળે જ નક્કી થઈ રહે.

'એ સોનું શ્રીમાન ફોરસીથનું છે.' એક બાજુથી કોરસ દ્વનિ આવ્યો.

'ડૉ. હડલ્સન સિવાય બીજા કોઈના બાપનું નથી.' બીજા પક્ષનો નારો હતો.

મરક મરક હસતા મેજિસ્ટ્રેટશ્રી લાંબે ગાળે શાંતિ મેળવી શક્યા. તેમણે કહ્યું, 'શ્રીમાનો, સજ્જનો, શાણાઓ ! મારી એક નાની સરખી સલાહ માનશો ? કે જો એ ધૂમકેતુ પડે છે...'

આ વખતે પ્રેક્ષકો સામેલ થઈ ગયા, 'પડે છે નહિ, પડે જ છે.'

'એ પડે એમાં મને કોઈ વાંધો નથી.' ઉપકૃત કરતાં સ્મિત સાથે ન્યાયવિદે કહ્યું, 'ભલે પડે, પણ... એ મારા દેવ બગીચાના સુંદર મનોહર સુકોમળ સુગંધી ફૂલો પર ન પડે.'

ન્યાયાલયમાં નવીનતાભર્યું હાસ્યમોજું ફરી વળ્યું. એ તકનો લાભ લઈ જજશ્રીએ આગળ કહ્યું, 'હા, તો જો એ ધૂમકેતુ પડે છે...'

'પડે જ છે, પડે જ છે.'

'હમણાં અહીં કહેવાયું તેમ કે એની પાસે પુષ્કળ...'

'અધધધ...'

'હા. અધધધ સોનું છે.' પ્રોથશ્રીએ કબૂલ કરતાં કહ્યું, 'તો શું આપ બંને મહાનુભવો તે વહેંચીને, તમારી રીતે સરખે ભાગે...'

'કોઈ સંજોગોમાં નહિ જ.'

પ્રાર્થના જેવા સ્વરમાં જાણે બધાં જ એકી અવાજ બોલી ઊઠ્યા. વહેંચણી ? નહિ જ. સંમતિ ? નહિ જ. શ્રીમાન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સન પોતાના વિવાદમાં એક થઈ શકે ખરા ? નહિ જ. પોતપોતાના દાવાઓની જો બંને જણા શાંતિમય વહેંચણી કરે તો એકેકને ભાગે આસરે અને લગભગ છસો હજાર નહિ, છ હજાર હજાર લાખ ડૉલર હાથમાં આવી જતા હતા. ગણતરી કરવીય શક્ય ન બને !

પણ બંને એ સોનાના ઇંડા મૂકતી અપ્રતિમ મરઘીને કાપી નાખવા તૈયાર હતા, ઇંડા વહેંચવા નહિ જ, ભલે એ ઇંડા ભારે ભરખમ સોનાના હોય !

સળવળાટ અને ગણગણાટ ફરીથી શાંત પડવા દઈ ન્યાયપ્રમુખે કહ્યું, 'હવે જ્યારે કોઈ જ પ્રકારનું સમાધાન શક્ય જ રહ્યું નથી ત્યારે...' તેમણે ઈશારત વડે જણાવ્યું, 'કોર્ટ તેનો ચુકાદો જાહેર કરે છે.'

જાદુ થયો હોય એમ બધાં એકદમ શાંત થઈ ગયા. કોઈ કંઈ બોલતં જ ન હતું તેવા વાતાવરણમાં ન્યાયાધીશે પોતાના કારકુનને ચુકાદો લખાવવા માંડ્યો :

'કોર્ટે બંને પક્ષોને ધ્યાનથી અને ફરીફરીને સાંભળ્યા બાદ, આ ન્યાયિક નિર્ણય પર આવે છે કે...

'વાદી-પ્રતિવાદીઓના હક્ક-દાવા તમામ રીતે એક સરખા હોવાને નાતે...

'ધૂમકેતુની માલિકી કોઈ એક જ પક્ષની હોવાનું જરાય સાબિત થતું નહિ હોવાથી...

'કાયદો અહી મૌન ધારણ કરવું ઉચિત માને છે, કેમકે આ બાબતે અગાઉના કોઈ કેસનું તારણ ઉચ્ચારણ માર્ગદર્શન મળતું નથી.

'એટલે ન્યાયતંત્ર પોતાનો ચુકાદો અનામત રાખે છે.

'અહીના મુદ્દાઓને ધ્યાનમાં લઈ વાદી-પ્રતિવાદી ધારે તો આગળ ઉપર, અહીથી વધુ ચઢિયાતા ન્યાયની અપેક્ષા સાથે, ઊંચી અદાલતના દ્વાર ખટખટાવી શકે એ હેતુથી...

'કહેવાતો ધૂમકેતુ પડે કે ન પડે, અથવા પડે અને કોઈક ત્રિસાગરિય પાણીમાં પડે તો...

'આગળ ઉપર આ કેસ ખુલ્લો રહે છે, એ રીતે અહી બંધ કરવામાં આવે છે. ફૂલ- સ્ટોપ.'

છેલ્લા શબ્દોના પૂર્ણવિરામ સાથે નામદારશ્રી પ્રોથ ન્યાયની ખુરસી પરથી ઊભા થઈ ગયા.

કોર્ટ બરખાસ્ત થઈ. શ્રોતાઓ રાજી થયા. થોડાક ગણગણાટ સાથે પણ ન્યાયાધીશની પ્રશંસા કરવા લાગ્યા 'આજ ન્યાય હોઈ શકે. બરાબર છે. પ્રોથમહાશય ખરેખર ઉચ્ચકક્ષાનું ન્યાય-જ્ઞાન ધરાવે છે. હા, વળી એ પથ્થર જો અજાણ્યા પાણીમાં પડે અને કોઈના હાથમાં નહિ જ આવે બરાબર છે. ચુકાદો વાજબી જ કહેવાય.'

અંદરોઅંદર એ પ્રકારની વાતો કરતાં કૌતુક-ટોળાં વીખેરાવા લાગ્યા. કોર્ટમાં શાંતિ થઈ.

જી ના. બંને લડાયક વીરો તો લડવાના મુદ્દામાં લડવા જ લાગ્યા. એકબાજુથી શ્રીમાન ડિન ફોરસીથ ઊંચા, ઘણાં ઊંચા અવાજ બરાડી ઊઠ્યા, 'હું આ ચુકાદો હરગીઝ સ્વીકારતો નથી. આ તે ન્યાય છે કે ઉલાળિયું...'

'મનેય આ ચુકાદો મંજૂર નથી', ડૉક્ટર હડલ્સને સામો લલકાર ફેંક્યો, 'આ તે ચુકાદો છે કે બાળોતિયું...'

ન્યાયાધીશ મહાશયે ક્યારની વિદાય લીધી હતી અને કોર્ટ હોવા છતાં શિસ્ત ઊંચી મુકાઈ ગઈ હતી !

'કહે છે કે ધૂમકેતુ નહિ પડે.'

'મારા ધૂમકેતુને માટે કહે છે કે નહિ પડે.'

'હું જ્યાં કહું છું, ત્યાં જ એ પડશે, ત્યાં જ...'

'મેં નિર્ધારેલી જગા નક્કી જ છે.'

'મને અહી ન્યાય નથી મળ્યો તેથી શું...'

'હું જિંદગીના આખરી શ્વાસ સુધી મારા હક્કો માટે લડતો રહીશ.'

'શ્વાસની બહાર જઈને પણ મારો ખજાનો હું મેળવીશ.'

ડિન ફોરસીથે રાડ નાખી, 'હું એ માટે જાપાન જઈશ.'

'હું પૅટેગોનિયા જઈશ.' ડૉક્ટર હડલ્સને હણહણાટ કર્યો.

'હુ-ર-ર-ર-રે...' બાકી જે રહી ગયા હતા, જતાં જતાં જેઓ થોભી ગયા હતા, હજી કંઈક બાકી છે, જાણીને પાછા ફરનારા પાછા ફર્યા હતા. તેમણે વગર વિનયનો વિજયઘોષ ઉચ્ચાર્યો : 'હુ-ર-ર-ર-રે...!'

શેરીમાં આવી ગયા પછી પણ રકઝક, ખેંચાખેંચી, મારામારી, બંને પક્ષોમાં અને બંને હરીફોમાં ચાલુ જ રહી. એ માટે પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવાયો જ હતો એટલે વાતાવરણ પ્રદૂષિત થયું નહિ.

હા પાડનારા બૂમો પાડતા જ રહ્યા.

'ડિન ફોરસીથ ઝિંદાબાદ.'

'ડૉક્ટર હડલ્સન ઝિંદાબાદ.'

પછી કોઈક બોલી રહ્યું, 'ચલો સ્ટેશન તરફ.' અને બધાં 'ચલો સ્ટેશન... ચલો સ્ટેશન' જેવા સંમતિસૂચક સ્વરમાં સ્ટેશન તરફ વહેવા લાગ્યા.

ડિન ફોરસીથનું સરઘસ કોન્સ્ટીટ્યુશન સ્ક્વેરથી વેસ્ટ સ્ટેશન તરફ જવા લાગ્યું. કેમકે ત્યાંથી જ સાનફ્રાન્સીસ્કો થઈને જાપાન તરફનો માર્ગ હતો.

જયારે ડૉક્ટર હડલ્સનની ટુકડી ઈસ્ટ સ્ટેશન તરફ જવા લાગી, જ્યાંથી ન્યૂયોર્ક થઈ પૅટેગોનિયાનો માર્ગ મોકળો થતો હતો.

ટોળાંને વીખેરાતાં જોવામાં શ્રીમાન જ્હોન પ્રોથને પણ રસ હતો. મરક મરક મરકતા, ભોજનટાણું થતાં, તેઓ જેવા પોતાના નિવાસસ્થાન આવવા લાગ્યા કે...'

'માફ કરજો જજસાહેબ,' વિવેકી શબ્દાવલિ ગુંજી ઊઠી, 'અમે આપને જરા ડિસ્ટર્બ કરી શકીએ ?'

'જરૂર શ્રી અને શ્રીમતી સ્ટેનફોર્ડ...'

'જ્યારે અમે પહેલી વખત આપને મળ્યા, બે મહિના પહેલાં નામદાર...' શેઠ સ્ટેનફોર્ડે શરૂ કર્યું, 'ત્યારે પરણવા માટે મળ્યા હતા.'

'હું મારી જાતને ધન્યવાદ આપું છું.' શ્રીમાન પ્રોથે કહ્યું, 'હું આપને જિંદગીના યાદગાર લગ્નબંધનમાં બાંધી શક્યો.'

'આજે હવે અમે...' સ્ટેનફોર્ડે કહ્યું, 'એ બંધનમાંથી મુક્ત થવા માટે આવ્યા છીએ. છૂટાછેડાની અરજી સાથે.'

થોડીક ક્ષણો મૌન રહી, આવી બાબતના અનુભવી શ્રીમાન પ્રોથે વિચારી લીધું કે, અત્યારે તરતોતરત સમાધાનની વાતનો કોઈ અર્થ સરસે નહિ. તેમણે કહ્યું, 'તેમ છતાં મારી સેવાને સન્માન્ય ગણવા બદલ હું આપને ધન્યવાદ આપું છું. આપણે અંદર જઈશું ?'

'એ શું જરૂરી છે ?' બે મહિના પહેલાંની જેમજ સ્ટેનફોર્ડે આજે પણ કહ્યું.

બે મહિના પહેલાંની જેમજ શ્રીમાન પ્રોથે પણ કહી દીધું, 'બિલકુલ નહિ. આપના પેપર્સ તો તૈયાર જ હશે ?'

'આ રહ્યા મારા દસ્તાવેજ.' શ્રીમાન સ્ટેનફોર્ડે કહ્યું.

'અને આ મારા...' શ્રીમતી સ્ટેનફોર્ડે દસ્તાવેજ આગળ ધર્યો.

ધ્યાનથી કાગળિયા તપાસી, તેમાંના શબ્દાંકનની મનોમન વાહવાહ કરી શ્રીમાન પ્રોથ કહે, 'બધું બરાબર છે. અગાઉની જેમજ. આ રહ્યા ડિવોર્સ-પત્ર, ટાઈપ કરેલા તૈયાર. એ પર આપના નામઠામ તથા સહી દસ્ખત. પણ મને લાગે છે, બધું અહી નહિ પતાવી શકીએ.'

'હું જો આપને મારી આ સ્ટાઈલોગ્રાફ દસ્તાવેજી પેન સાદર કરું તો ?' મિસ્ટર સ્ટેનફોર્ડે કહ્યું.

'અને આ ફાઈલ', શ્રીમતી આર્કેડિયા સ્ટેનફોર્ડે કહ્યું, 'આપને પેડની સગવડ આપશે.'

'ધન્યવાદ,' નામદારશ્રીએ જણાવ્યું, 'ખરેખર આપની પાસે દરેક મૂંઝવણનો ઉકેલ છે જ.'

બધી કાર્યવાહી ત્યાં જ પતી ગઈ. શ્રી અને શ્રીમતી જરાય અચકાયા વગર, દસ્ઝયા વગર, વિચલિત થયા વગર, પરિપૂર્ણ સહી કરીને પતિ-પત્ની મટી ગયાં.

'આ આપની ફી.' પાંચસો ડૉલર વિનમ્ર ભાવે રજૂ કરતાં બંને પક્ષે કહ્યું.

'અને આ... ગરીબોને માટે.' બીજી એટલી જ રકમ ધરી દઈ કુમારી આર્કેડિયાએ કહ્યું.

બંને વખતોવખત ન્યાયવિદને નમન કરતાં રહ્યાં. પછી એકબીજાને વંદનીય હાથે વિદાય આપી, છૂટા પડયા, સામસામી દિશાએ જવા માટે.

શ્રીમાન પ્રોથ ભોજનના ટેબલ પર ગોઠવાતા હતા ત્યારે કહ્યું, 'કેઈટ, આપણા ઘરની બહાર શેનું પાટિયું મૂકવાની જરૂર છે, જાણે છે ?'

'હું ક્યાંથી જાણું, સાહેબ ?'

'આજ કે... અહીં લોકો ઘોડા પર બેસીને પરણવા આવે છે અને છૂટાછેડા લઈને પગપાળા વિદાય લે છે.'

❑

# ૧૩

# આત્મીય ઓડકાર પરિષદને પડકાર !

હડલ્સન કુટુંબ અને ફ્રાન્સીસ ગોર્ડનના ઉચાટની તો વાત ન પૂછો. ફ્રાન્સીસ ધારત તો એના મામાને છોડી શકત પણ ડૉક્ટર હડલ્સનનું શું ?

પતિનું સમર્થન મેળવવાના શ્રીમતી હડલ્સનના બધા પ્રયાસો નિષ્ફળ ગયા હતા. લૂની વિનંતીઓ, પ્રાર્થનાઓ, આંસુઓ અને દરુસકાઓ પણ નકામા જ સાબિત થયાં હતાં. અકડું ડૉક્ટરને કોઈ જ સમજાવી શક્યું ન હતું.

હવે બંને વડીલો વિદેશ ઊપડી ચૂક્યા હતા.

એ બેવડી યાત્રા કેટલી નકામી હતી, એ વિષે શું કહી શકાય ? એવી જ રીતે મિસ્ટર અને મિસિસ સ્ટેનફોર્ડના છૂટાછેડાનો પણ કોઈ અર્થ ન હતો. જો એ ચાર વ્યક્તિઓ માત્ર ચોવીસ કલાક થોભી ગઈ હોત તો પરિણામ કોઈક જુદું જ નિર્માણ થયું હોત !

બીજા દિવસના વર્તમાનપત્રોમાં, બોસ્ટન ઓબ્ઝરવેટરીના વડા નિષ્ણાત સંશોધક જે. બી. કે. લોવેન્થોલની સહી સાથે જે કંઈ છપાયું હતું એ પરિસ્થિતિને ધરમૂળથી ઉવેખી નાખતી હતી અને આ બધી વાતો તરફ નવેસરથી દૃષ્ટિપાત કરવાની ફરજ પાડતી હતી. અલબત્ત પેલા વ્હેસ્ટનના બે હરીફો માટે તે પ્રોત્સાહક ન હતી.

'વ્હેસ્ટનના બંને બીન-વ્યવસાયી ખગોળશાસ્ત્રીઓના અહેવાલને' પ્રેસ-રિપોર્ટમાં કહેવાયું હતું, 'ફરી એક વખત સાવ નવી દૃષ્ટિથી જોવાની જરૂર ઊભી થઈ છે. તેમનો એ અહેવાલ અગાઉથી પરિપક્વ નિષ્ણાતોની ચકાસણી બાદ જ પ્રગટ થવાની જરૂર હતી. એવા અધિકૃત નિપુણ તજજ્ઞોની આપણે ત્યાં કંઈ ખોટ નથી.

'આ પ્રકારના અવનવા પદાર્થોના આકાશી પરિભ્રમણ પ્રથમ દર્શને જોનારને જરૂર ઉત્તેજિત કરી શકે. પણ એમાં શિખાઉ ખગોળશાસ્ત્રીઓનું દૃષ્ટિબિંદુ જરૂર ટૂંકું પડે. કેમકે વિસ્તૃત ગણિતજ્ઞ ગણતરી વગર એ વિષેની કોઈ પણ જાહેરાત ઉતાવળ જ બની શકે. ભૂલ થવાનો સંભવ ખરો જ. પ્રશ્ન એ જ છે કે આવી ઉતાવળ થવી જ શા માટે જોઈએ ?

'એ ખરું કે એ ભ્રમણાધિન આકાશી પદાર્થ કોઈને પણ ઉત્તેજિત કરી શકે, પણ શ્રીમાન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સને એક જ વખત નિહાળેલા અને પ્રથમ

દર્શનીય ખેંચાયેલા અનુમાને ઘણી ભૂલ કરી હતી. જો ૧૧મી મેના કે ૧૨મી મેની સવારે લીધેલા તારણો અવલોકીએ તો પણ ફેર આવવાનો જ. કેમકે કહેવાતો એ ગગનગોળો માત્ર ૧૧મી કે ૧૨મી મે એ જ દેખાતો બંધ થયો ન હતો. એનું દેખાવાનું ચાલુ જ હતું અને ખરી વાત તો એ છે કે સહુ પ્રથમ એ આકાશી ગોળો ૧૦મી મેના રોજ જ દેખાયો હતો તથા હજી તેનું દેખાવાનું ચાલુ જ છે.

'આ ઉતાવળ કે રઘવાટ કે ખલેલે એક બાજુ ધૂમકેતુને પૃથ્વીની સપાટીની નજીક લાવી દીધો છે તો બીજી બાજુ એની ભ્રમણકક્ષામાં પણ પરિવર્તન આવેલું જોઈ શકાય છે, જે સાતથી આઠ કિલોમીટર ઓછી છે, અને જેનું માપ છે. ૦'-૫૫''.

'આ બેવડો તફાવત પહેલી વખતે ન જ વરતાયો હોય એ સ્વાભાવિક છે, પણ એની ગણતરી જો દશમી તારીખથી શરૂ થઈ હોત તો જ જાણવા મળત.

'અત્યાર સુધી ધૂમકેતુના આ પરિવર્તનો નથી. આકાશમાં કોઈ એવી ઘટના બની નથી કે તેની અસર આ પદાર્થની ગતિ-ભ્રમણ પર પડી શકે. અન્વેષણ ચાલુ જ છે, અને આ પ્રકારનું ઘનિષ્ટ સંશોધન જ સાચી વાતો બહાર લાવી શકે, લાવીને જ રહેશે.

'એ જે હોય તે, ધૂમકેતુના પડવા વિષે હાલ તુરત કોઈ પણ અટકળ કરવી અગાઉ જેવી જ ઉતાવળ કહેવાશે. તેવી જ રીતે એ ક્યાં પડશે, ક્યારે પડશે, કેવી રીતે પડશે, જેવા તર્કો પણ પાયાવિહિન જ સાબિત થશે.

'જો પેલી અજાણી શક્તિને પિછાની શકાય કે જે ધૂમકેતુના પતનનું કારણ બની રહેલ છે, તો જરૂર કોઈક નિર્દેશ તરફ ધ્યાન કેન્દ્રિત કરી શકાય. પણ અત્યારે એવી કોઈ અસરકારક ઊર્જાશક્તિની એંધાણીનો ખ્યાલ આવતો નથી.

'અત્યારે ધૂમકેતુની ઝડપ અગાઉ કરતાં વધી છે, કેમકે તેનું પરિભ્રમણ વર્તુળ નાનું થયું છે. જો એ જ ખેંચાણ ઓછું થાય તો ધૂમકેતુથી પાછો દૂર જઈ શકે, અને પડવા-પટકાવાની તો સંભાવના જ ન રહે.

'માની લઈએ કે ધૂમકેતુ પડશે જ, તોપણ એ વિષે કોઈ સમયકાળ નિર્ધારિત થઈ શકે નહિ, કેમકે પરિભ્રમણમાં ખાસ્સો ફેરફાર વરતાઈ રહ્યો છે, અને અનિયમિતતા જ એક નિયમ બનતી ભાસે છે.

'અંતમાં અમે કહેવાની રજા લઈએ છીએ કે ધૂમકેતુ પડશે. એના પડવાની શક્યતા ખરી, પણ નિશ્ચિત નહિ જ. એ બધું આગળ ઉપરના પ્રવાહો પર આધાર રાખે છે. એથી અમારી જાહેર જનતાને વિનંતી છે કે આતંકિત થવાની કોઈ જરૂર નથી. છતાં અમે જ કંઈ થઈ રહ્યું છે, થતું રહે છે, એ બધી જ વાત સચોટ અભ્યાસપૂર્ણ રીતે તારવીને વખતોવખત અને તત્કાળ જણાવતાં રહીશું.'

શ્રીમાન શેઠ સ્ટેનફોર્ડ તથા કુમારી આર્કેડિયા વોકરે આ ખુલાસો વાંચ્યો-સાંભળ્યો કે નહિ, તેની ખબર નથી. પણ પેલા બે શિખાઉ અને બીનવ્યવસાયિક ખગોળશાસ્ત્રીઓએ તે વાંચ્યો જ. શ્રીમાન ડિન ફોરસીથને તેની જાણ સેઈન્ટ લૂઈસમાં થઈ અને ડૉક્ટર હડલ્સનને એ વિષે ન્યૂયોર્કમાં જાણવા મળ્યું. બંનેના આરોહ-અવરોહ અને ઊઠકબેઠકની તો વાત ન પૂછો. એક રીતે બધું શરમજનક જ હતું ને ! બદનામી જ હતી પણ સ્વીકાર્યે છૂટકો ન હતો, કેમકે જે. બી. કે. લોવેન્થોલ જેવા સર્વોચ્ચ અને ચોક્કસ વૈજ્ઞાનિકને પડકારી જ કેમ શકાય ? બલકે તેઓ ખોટા પણ ભાગ્યે જ હોઈ શકે !

પરિણામે એ શી ! અને ખાઉ ! અન્વેષકોને પીછેહઠ કરવી જ પડી. શ્રીમાન ડિન ફોરસીથે પોતાની ટિકિટનું સાનફ્રાન્સીસ્કોને બલિદાન આપી દીધું અને ડૉક્ટરશ્રી હડલ્સને પોતાની કૅબિન બ્યુનોસ આયર્સને સમર્પિત કરી દીધી.

ઘરે પધારતાંની સાથે જ બંને જણા ઝડપથી પોતપોતાની વિજ્ઞાન-કુટીરમાં ગયા. અભ્યાસમાં જોરદાર લાગી ગયા. તો તેમને જાણવા મળ્યું કે બોસ્ટન અવકાશી સંશોધકની વાત સાચી હતી. તેમણે જ્યારે તેમના નામધારી એ ધૂમકેતુને અત્યારે નિહાળ્યો ત્યારે તે પોતાની કક્ષામાં ન હતો. એ દુષ્ટ બેવફા દગાબાજ ધૂમકેતુને તેઓ જે કંઈ સંભળાવી શકાય તે સંભળાવતા રહ્યા.

શ્રીમાન ડિન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સનને પોતાની ઉતાવળ અને પોતાની ભૂલનો ખ્યાલ આવી ગયો. ધૂમકેતુને બદલે તેઓ જાણે જાતે જ આકાશમાંથી જમીન પર પટકાઈ પડ્યા હતા. ઓહ ! કેટલી લોકપ્રિયતા !! કેવી પ્રશંસા !!! કેટલી ખ્યાતિ ? અને સપનાંઓ, સોનેરી સપનાંઓ, સોનાના ટકોરાબંધ રણકતા ખનકતાં સપનાંઓ !?!

જજશ્રી પ્રોથે કોઈક ત્રીજા ઉમેદવારનો ઈશારો કર્યો જ હતો. એ માત્ર હવે ઈશારત રહી ન હતી પણ તેને ચોક્કસ સ્વરૂપ મળ્યું હતું.

એ ત્રીજો ઉમેદવાર કે હક્કદાર હતો. દુનિયા આખીનો માણસ. એટલે કે આખી દુનિયા, જેનું પ્રભુત્વ એટલું વધારે હતું કે સામનો કરવાની હિંમત જ ન થઈ શકે. એકબીજા પર દોષારોપણ અને આક્રમણ કરવાને બદલે તેમણે વિચારવા જેવું હતું કે દુનિયાભરની વિવિધ સરકારો તેમાં રસ લેતી થઈ શકે. આવા લખલૂટ ખજાનાને કોણ જતો કરે ? અણસાર આવવાની જ વાર ને !

આ સોનાના ગચિયા એ સોનાના જ નહિ, બીજા તમામ પ્રકારના વૈશ્વિક ભાવાંકમાં એવો તો તરખાટ મચાવી દીધો કે તમામ દેશોને એક થવાની, એક થઈને વિચારવાની જરૂર ઊભી થઈ જ. આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સની જોરદાર આલબેલ પોકારાઈ.

તરતમાં જ ભાવિ સંમેલનની ઘોષણા થઈ, પ્રતિનિધિઓ પસંદ કરાયા અને વૉશિંગ્ટન ખાતે એક તાકિદની પ્રથમ બેઠકનું એલાન થઈ ગયું. તારીખ એવી રાખવામાં આવી કે દૂરદૂરના તમામ દેશો અમેરિકાની આ પાટનગરી સુધી સમયસર પહોંચી શકે.

ઉતાવળ હતી, સમય ઓછો હતો, મામલો તાકિદનો હતો. એટલે મહાસંમેલન પહેલાં જ કેટલાક વિશેષ મહાનુભવોને તારવીને પ્રથમ પહેલાંની પ્રથમ બેઠક યોજવાનું નક્કી થયું. અમેરિકન સરકારના પ્રભુત્વવાળી આ બેઠક એવી તૈયારી કરી રાખે કે એ રૂપરેખા મુજબની કામગીરી, પ્રતિનિધિઓ આવે કે તરત જ શરૂ કરી શકાય.

તમામ દેશો તથા આગંતુક અતિથિઓના નામ આપવાની ઉતાવળ કરવા જેવી નથી કેમકે આવા દરેકને માટે મહત્ત્વના અને મહામૂલા સંમેલનમાં ભાગ્યે જ કોઈ આવ્યા વગર બાકી રહે. કોઈ સામ્રાજ્ય, કોઈ પ્રજાસત્તાક, કોઈ શાસક બાકી રહેવાની વાત ન હતી, બાકી રાખવાનીય વાત ન હતી.

રશિયાએ પોતાના દૂત તરીકે રીગાના મોન્સ્યુર ઈવાન સ્ટ્રેટોફને મોકલ્યા હતા તો ચીન તરફથી નામદારથી લી-માઓ-તેહ કેન્ટનથી સીધા જ નિયુક્ત થયા હતા. સાન મેરિનો તથા અન્ડોરાના હક્કોનું રક્ષણ કરવા મોન્સ્યુર બેવરજી તથા રામોન્ચો નીકળી પડયા હતા. બધાંને આશા હતી, બધાં જ ઉત્સુક હતા. કોઈ એકબીજાની ઉપેક્ષા કરી શકે તેમ ન હતું, કેમકે સોનેરી ધૂમકેતુ ગમે ત્યાં પડી શકે તેમ હતું, ભલે એ રાજ્ય નાનું સરખું હોય !

પૂર્વતૈયારી રૂપ પહેલી બેઠક વૉશિંગ્ટન ખાતે ૨૫મી મેના રોજ યોજાઈ. પ્રથમ તબક્કામાં જ ફોરસીથ હડલ્સનના હક્કની ચર્ચા થઈ, જેને ક્ષણ એકના વિલંબ વગર ફગાવી દેવામાં આવ્યા. પોતાના હક્ક-દાવા પેશ કરવા માટે સહુથી પહેલા પધારેલા બંને કહેવાતા હક્કદારો ફોરસીથ-હડલ્સનને ત્યાં બેઠકે સાંભળવાની પણ ચોકખી ના જ પાડી દીધી. તેઓ બંને ઠેઠ વ્હેસ્ટનથી પધાર્યા હતા એટલે તેમનો રોષ સમજી શકાતો હતો. આશ્ચર્યની વાત તો એ હતી કે અહીં તેમનો પક્ષ લેનાર કોઈ જ ન હતું, એકે પત્રકાર કે એકે વર્તમાનપત્ર કે એકાદ પરિચિત પણ નહિ. અગાઉની ભારોભાર પ્રશંસાને બદલે અહીં તો તેમને હઠહઠ શટ-અપના જાકારા જ મળતા હતા.

શા માટે એ બંને બબૂચકો-વિદુષકો વૉશિંગ્ટન દોડી આવ્યા હશે ? તેમણે એ ધૂમકેતુ તરફ લોકોનું ધ્યાન દોર્યું હશે, ભલે દોર્યું, એથી થયું શું ? એવા અકસ્માતથી જ એ સુવર્ણગોળો શું તેમના હાથમાં મૂકી દેવાય ? સોનું પડે તો ભલે પડે, તેમાં એ બંને જણા શેના તૂટી પડે છે ?

જ્યારે દેશો અને દુનિયા સમૃદ્ધ થઈ રહી હોય ત્યારે વ્યક્તિગત રીતે કોઈક પોતાનો સ્વાર્થી હક્ક આગળ કરે, એ તેમને માટે શરમની વાત નથી ?

એક યા બીજા સ્વરૂપે તમામ માધ્યમોનો ઉપર મુજબનો એક જ સૂર હતો.

કહેવાતા એ પ્રથમ હક્કદારોને પાણીચું આપી દેવાની સાથે જ સંમેલનની કામગીરી શરૂ થઈ.

પહેલાં એક યાદી એવી તૈયાર થઈ કે જેમાં માન્યતા પ્રાપ્ત પ્રતિનિધિઓને જ સ્થાન મળે. કંઈ કેટલાનું પ્રતિનિધિત્વ હતું જ નહિ. કેટલાકના દસ્તાવેજો કે દાખલા અપૂર્ણ હતા. કેટલાક વળી જરૂરી ખુલાસાઓ આપી શક્યા ન હતા.

મુદ્દાસરની ચર્ચા શરૂ થાય તે પહેલાં આવી તારવણી જરૂરી હતી. આ સિવાય હંગરી અને ફિનલૅન્ડ સીધું પ્રતિનિધિત્વ માગતા હતા, જેનો ઓસ્ટ્રિયા તથા રશિયાએ વિરોધ કર્યો. ફ્રાન્સ અને તુર્કી ટ્યુનીસ બાબતે લડી પડયા. જેમાં જે કોઈ વચમાં પડતા ગયા તે લડાઈને વધુ ઉશ્કેરતા ગયા. જાપાને કોરિયાનો મુદ્દો ઉપસ્થિત કરી જ દીધો હતો. બીજા કેટલાક દેશો તથા રાજ્યો ખંડિયા હતાં, આશ્રિત હતાં, આધારિત હતાં.

આવી બધી બાબતોને લઈને મુદ્દાસરના અને માન્યતા પ્રાપ્ત પ્રતિનિધિઓની નિયુક્તિ પાછળ જ સાત બેઠકો ખર્ચાઈ ગઈ. પહેલી જૂન આવી લાગી તો ચિંતા કરનારાઓ ચર્ચકો સામે એક નવો જ પ્રશ્ન આવીને ઊભો રહ્યો.

અગાઉ ખાતરી આપ્યા મુજબ શ્રીમાન જે. બી. કે. લોવેન્થોલ રોજેરોજનો ધૂમકેતુનો ગતિવિધિ અહેવાલ આપતા જ હતા. વર્તમાનપત્રો એ દૈનિક અહેવાલની રાહ જોતા અને પોતાની રીતે તેને મહત્ત્વ આપતા. શરૂઆતના પ્રોગ્રેસ રિપોર્ટમાં જણાવાયું કે ધૂમકેતુનું પરિભ્રમણ જે રીતે ચાલે છે, તે ચાલુ જ છે. થોડો ઘણો આમ- તેમ ફેર પડે છે ખરો પણ એથી ચોક્કસપણે તે ક્યાં પડશે, તેની દિશા કેન્દ્રિત થઈ શકી નથી, થઈ શકતી નથી. એની ગતિ ક્યારેક એવા પ્રકારની વિચિત્ર હોય છે કે ગણતરી આઘીપાછી કરી નાખે છે. એ પડશે જરૂર. એના પડવાની પૃથ્વીલોક રાહ અવશ્ય જોઈ શકે.

પણ પહેલી જૂને પ્રગટ થયેલો અહેવાલ અગાઉના બધાં પ્રોગ્રેસ રિપોર્ટથી કંઈક વધુ પ્રોગ્રેસિવ હતો. તાત્પર્ય કે ધૂમકેતુનું પરિભ્રમણ એવું અનિશ્ચિત, અટકચાળું અને અણવીતરું હતું કે શ્રીમાન લોવેન્થોલની દશા પણ શરૂઆતના ફોરસીથ હડલ્સન જેવી થવા લાગી હતી.

એકદમ જ, કંઈ પણ કહી દેવું મુશ્કેલ એટલા માટે બને છે.' લોવેન્થોલનું કથન હતું, 'વિજ્ઞાન પણ ક્યારેક વિજ્ઞાનની વિરુદ્ધ વર્તે છે. અથવા કુદરત પાસે હજીય એવું રહસ્ય છે જ કે જે માનવીય વિજ્ઞાનની સમજમાં ન આવ્યું હોય, ન આવતું

હોય. અથવા માનવીય સાધનો ટાંચાં પડતાં હોય, અથવા ઊંચામાં ઊંચાં સાધનોની પરની કોઈક પ્રક્રિયા સામે આવતી હોય.

'અમારા અગાઉના અહેવાલમાં કહેવાયું હતું કે વ્હેસ્ટન ધૂમકેતુ સતત અને એકધાર્યું પરિભ્રમણ પાર પાડે છે. એ માટેય તરતોતરત કોઈ સિદ્ધાંત પ્રતિપાદિત કરાયો ન હતો. વૈજ્ઞાનિકો સ્વર્ગને એકાદા પુસ્તકની જેમ વાંચી શકતા નથી. અમુક રીતે બધું સ્વીકારાયે જતું હોય છે, પછી તે જ સિદ્ધાંત બની જાય છે. જેમકે ગ્રહણો વિષેની માહિતી હજારો વર્ષ પહેલાં મળી હતી, જેની આજેય આપણે બરાબર આગાહી કરી શકીએ છીએ. જાણે માનવીય આજ્ઞાઓનું તેઓ પાલન ન કરતાં હોય.

'એટલે ધૂમકેતુની ગતિ-વિધિમાં કોઈ ફેર વરતાય તો એ આપણી જ્ઞાનની સીમાની લઘુતા જ મનાશે.

'પરમ દિવસથી ધૂમકેતુએ કોઈક નવી જ રેખાઓ અંકિત કરવા માંડી છે, જે આપણાં પ્રસ્થાપિત સિદ્ધાંતોથી વિરુદ્ધની છે. જેનું કોઈ સંતોષકારક કારણ-તારણ શોધવું અત્યારે વહેલું કહેવાશે.

'૩૦મી તારીખે બપોર પછી જ્યારે ધૂમકેતુ પોતાના બીજા ભ્રમણમાં હતો ત્યારે, તા. ૧૦મી મે મુજબ પૃથ્વીની નજીક આવવાની તેની પ્રક્રિયા ચાલુ રહેવી જોઈએ, તેને બદલે અને એથી વિરુદ્ધની પ્રક્રિયા દાખવતી હતી. વીસ દિવસ સુધી જે ગતિ-રેખા ઉત્તર-પૂર્વ દક્ષિણ-પશ્ચિમની હતી, તેમાં એકાએક પરિવર્તન આવ્યું હતું.

'આ નોંધ આશ્ચર્યકારક હતી જ, તેમાં ગઈ કાલના સવારના તેના ચોથા ફેરા વખતે ફરીથી અગાઉનું ઉત્તર-દક્ષિણ વલણ દેખાયું હતું. એનું પરમ દિવસનું પૃથ્વી વચ્ચેનું અંતર તો એનું એ જ રહ્યું હતું.

'અત્યારનું, તારણ આ છે. જે કોઈ સ્થિર ગતિ છે તેનુંય તથ્ય આપણી પાસે નથી, અને જે પરિવર્તન દેખા દે છે, તે માટેય આપણું અત્યારનું વિજ્ઞાન-જ્ઞાન અપૂર્ણ સાબિત થાય છે.

'અમારા અગાઉના ડિસ્પેચમાં જણાવવામાં આવ્યું હતું કે ધૂમકેતુના પતનની આગાહી થઈ શકતી નથી પણ તેનું પડવાનું નક્કી જ છે. હવે અમે એકદમ હકારાત્મક સ્વરૂપે અને મક્કમતાથી કંઈ જ કહી શકીએ તેમ નથી. અમારા અજ્ઞાનનો અમે સ્વીકાર કરીએ છીએ.'

વિશ્વ પરિષદ પર કોઈક કટ્ટર ત્રાસવાદી દ્વારા અણુબૉમ્બ ઝીકાયો હોત, તોપણ જે તરખાટ ન મચ્યો હોત, તે રઘવાટ અને ગભરાટ આ લોવેન્થોલ વિધાનથી ફેલાઈ રહ્યો. માધ્યમોએ પોતાના કારણ-તારણથી એ વાતને ચગાવી મૂકી. સંસદગૃહમાંય પ્રતિનિધિઓ જાતજાતની ચર્ચા-વિચારણાનો ઊહાપોહ મચાવતા રહ્યા.

બીજે દિવસે તો વળી લોવેન્થોલ પરિપત્રની હવા જ છવાયેલી રહી. આગંતુકો પોતપોતાના ભૂત-અનુભૂત અભિપ્રાયો આપતા રહ્યા. કોઈ સંગીતકાર પોતાની જાદુઈ સંગીત લાકડીથી ઓસ્કારનું સંચાલન કરે, એ જ રીતે આકાશી ધૂમકેતુનો બધાં પર પ્રભાવ હતો. હવે ધૂમકેતુ ત્રણ અંશ પૂર્વ તરફ ઝોક દાખવી રહ્યો છે. અત્યારે વળી ચાર ડિગ્રી પશ્ચિમનું રૂખ તેણે ધારણ કર્યું છે. એકદમ નજીક. દૂર દૂર ઘણે દૂર ! ચીની કોયડાની જેમ તેનો કોઈ ઉકેલ જ ન હતો.

વિશ્વ સંમેલનની આ દશા હતી. કોઈ પોતાના અંતરતમ તન-મનથી કામ જ કરતાં ન હતા. સમય સરકતો જતો હતો. વધુ ને વધુ પ્રતિનિધિઓનો વૉશિંગ્ટન તરફ ધસારો વધી ગયો હતો. બધાં પૂરી સંખ્યા અને હાજરી સહિત ભલે ભેગા થાય પણ ચર્ચાનો કોઈ સ્થિર મુસદ્દો તૈયાર જ થઈ શક્યો ન હતો. પ્રાથમિક સમિતિએ છેવટે એકાદ રૂપરેખા તૈયાર કરી, જે માટે આઠ બેઠક કરવી પડી. જેમાં પ્રતિનિધિત્વ અને સંખ્યા જ નક્કી થઈ શકી.

કુલ બાવન (૫૨)નો આંક નિર્ણાયક રહ્યો. જેમાં પચીસ યુરોપીય દેશો, છ એશિયાના આરાધકો, આફ્રિકાના ચાર સભ્યો, તથા અમેરિકાના ૧૭ પ્રતિનિધિઓ. એમાં બાર સામ્રાજ્યો, બાર વંશવારસાગત રાજ્ય સત્તાઓ, બાવીસ પ્રજાસત્તાક તથા લોકશાહી દેશો, છ સ્વતંત્ર શાસન-પ્રણાલિગતો. આ બાવન સામ્રાજ્યો, લોકશાસકો, વંશવારસાગતો, સ્વતંત્ર શાસકો. પોતાની જાતે જ માન્યતાઓ રજૂ કરતા હતા કે પ્રજાજનોના પ્રમાણપત્રો પેશ કરતા હતા ! આ બાવન પ્રતિનિધિઓ તો અહીં વૉશિંગ્ટનમાં જ હતા અને હજી બીજા અનેકનો ધસારો રોજબરોજ ચાલુ જ હતો.

૧૦મી જૂને વિશ્વ પરિષદની પહેલી કાર્યકારી બેઠક બપોરે બે વાગે મળી. પ્રમુખશ્રી હતા મોનાકો શાહીલોકશાહીના મહાસાગરવિદ, મોન્સ્યુર સોલીસ. તેઓ ઉંમરમાં સહુથી મોટા હતા. તેમની અધ્યક્ષતામાં અધિકારીઓ, સંચાલકો, સંવાદકો, સેવકો, કારકુનો, કાર્યકર્તાઓ, ટેક્નિકલ કાબેલિયતો વગેરેને પસંદ કરવાની કાર્યવાહી શરૂ થઈ.

નવા અધ્યક્ષ સ્વરૂપે અમેરિકાના નિષ્ણાત વયોવૃદ્ધ અનુભવી ન્યાયવિદ્ શ્રીમાન હારવેની નિરીક્ષકીય નિમણૂક થઈ. કેટલાક દેશોએ વિરોધ કર્યો પણ બહુ ફાવટ આવી નહિ. નાયબ અધ્યક્ષની વરણીમાં ઝાઝી ખેંચતાણ થઈ નહિ, અને રશિયાના મોન્સ્યુર સારાટોફની પસંદગી થઈ ગઈ. ઇંગ્લૅન્ડ, જાપાન, ફ્રાન્સના પ્રતિનિધિઓની મહામંત્રી તરીકે નિમણૂક થઈ.

ઑફિસિયલ રીતે બંધારણ તૈયાર થઈ જતાં હવે ખરી બેઠક તૈયાર થઈ અને અધ્યક્ષશ્રીએ સ્વાગત તથા હેતુવિષયક પ્રવચન આપ્યું. જેમાં આર્થિક, ન્યાયિક,

વાસ્તવિક, વ્યવસાયિક, ભૌગોલિક રૂપરેખા તારવવામાં આવી તથા સહુના સહકારની અપેક્ષા માટે અપીલ કરવામાં આવી.

અધ્યક્ષના પ્રવચન પરની આભારવિધિ શરૂ થાય તે પહેલાં જ એક અધિકૃત રક્ષક સેવક સૈનિકે અધ્યક્ષશ્રી સમક્ષ એક ટેલિગ્રામ રજૂ કર્યો.

શ્રીમાન હાર્વેએ એ તાર વાંચ્યો અને તેમના ચહેરા પર રાતા પીળા રંગો પ્રકાશ ફેંકી ગયા. તેમણે આશ્ચર્યચકિત સ્વરૂપે હાથમાંના તાર-સંદેશ સાથે ખભા ઊંચક્યા, જે કોઈ સારું લક્ષણ મનાતું નથી. તેમણે પોતાની શાંતિ માટેની ઘંટડી ભારપૂર્વક રણકાવી, જેથી સભાગૃહ સતર્ક થયું અને શાંતિપૂર્વક અધ્યક્ષશ્રીને સાંભળવા ઉત્સુક બન્યું.

'શ્રીમાન સજ્જનો !' અધ્યક્ષશ્રીએ કહ્યું, 'અત્યારે જે ટેલિગ્રાફ-સંદેશ મારા હાથમાં આવ્યો છે, તે વાંચી સંભળાવવાની મારી ફરજ છે. એ કોઈ ગાંડાઘેલા કે ધૂની માનવીનું કાવતરું લાગે છે. આપણને બધાંને એક સાથે કોઈક મૂરખ બનાવી રહ્યાનો ભાસ છે. એમાં સંદેશા સાથે મોકલનારનું નામ નથી :

*'માનનીય અધ્યક્ષશ્રી,*

*હું આપની વિશ્વ પરિષદને તાકિદ કરવા માગું છું કે, જે ધૂમકેતુ વિષે આપ જાહેર ચર્ચા યોજી રહ્યા છો, તે વિષે આ પ્રકારની ચર્ચા કરનારનો દુનિયાને કે દુનિયાના દેશોને કોઈ અધિકાર નથી. કેમકે એ ધૂમકેતુ મારી વ્યક્તિગત માલિકી છે. તેમ છતાં જો આપ સહુ એ વિષે આગ્રહ કે જીદ રાખશો તો આપને સરિયામ નિષ્ફળતા જ મળશે, એની ખાતરી રાખશો. મારી હકૂમતથી જ એ ધૂમકેતુ ધરતી ફરતે ફરી રહ્યો છે, મારી કૃપાથી જ તેનું અસ્તિત્વ છે, મારા નિર્દેશથી જ તે પૃથ્વી પર પડશે, કેમકે ધૂમકેતુ મારો અને માત્ર મારો જ છે.'*

'એ તાર-સંદેશ ઉપર કોઈની સહી નથી ?' ઇંગ્લૅન્ડે પૂછ્યું.

'ના. નથી જ.'

'તો પછી એ તરફ ધ્યાન આપવાની આપણે કોઈ જરૂર નથી.' જર્મનીએ જાહેર કરી દીધું.

'હું પણ એમ જ માનું છું.' અધ્યક્ષશ્રીએ કહ્યું, 'આપ સહુની સંમતિથી હું એને પરિષદીય પ્રમાણિત ફાઈલમાં ફાઈલ કરું છું. બરાબર છે, સાથીઓ ? તો ચાલો આપણે આગળ ઉપરની કામગીરી તરફ જઈએ.'

❑

# ૧૪

# દૂર હઠો એ દુનિયાવાલે યે ધૂમકેતુ હમારા હૈ !

કેટલાક એવું માને છે કે નૈતિકતાના વિજય સાથે પાપ ઓછા થશે. એ સાથે જ સામાજિક રિવાજોમાં પરિવર્તન આવશે. ગરીબી તથા પછાતપણું દૂર થઈ જશે. જિંદગીના આરોહ-અવરોહ પણ રહેશે નહિ. બસ, કાયમી સમાનતા અને લીલા લહેર ! પણ એવું હોતું નથી. એવું થતું નથી. ઈચ્છા પ્રમાણે જિંદગી જિવાતી નથી.

એક જમાનામાં વિધવા ટિબોટ મહિલા પાસે સારી એવી સંપત્તિ હતી. પતિ મોટા વેપારી હતા અને ટિબોટ બાનુ પણ ઊંચી કક્ષાના સંચાલિકા હતા. પણ અત્યારે ટિબોટબેન મોન્સ્યુર ઝેફરીન ઝીરદાલની ચારવુમન હતી. જેને આપણે ગૃહરક્ષિકા, રખેવાળનું નામ આપી શકીએ. બીજા દેશોમાં તો એને કામવાળી જ કહી શકાય. અહીં એ પ્રકારની કામ કરનાર સન્નારીનું પણ એક સ્ટેટસ હોય છે. પોતાની મિલકત હોય છે અને એ મિલકતમાં ભાડે યા બીજી રીતે રહેતાં લોકોનું ધ્યાન પણ રાખવાનું હોય છે.

વિધવા ટિબોટના સેવાકાર્યમાં ધૂની અને વિચિત્ર વૈજ્ઞાનિક ઝીરદાલ શ્રીમાનની ઓરડીઓ ચોકખી રાખવાની કામગીરીમાં સામેલ હતી. આ કાર્ય જરાય સરળ ન હતું. જે છાપાંઓ પસ્તીઓ સામયિકો પુસ્તકો સાધનો પ્રસાધનોના ગંજ કાયમ ખડકાયેલા રહેતા, ઉમેરાયેલા રહેતા, તેની સફાઈ હરક્યુલીસના તેરમા પરાક્રમ જેવી બની રહેતી. ગમે તેટલો પરિશ્રમ કરો તોય અમુક ખૂણાઓ તો જેવા ને તેવા જ રહેતા. બીજી ઓરડીમાં તો ટિબોટબાઈને જવાની ચોકખી મનાઈ હતી. કોઈ કાગળ કે ટાંકણીનેય હાથ લગાવવાની છૂટ ન હતી. જ્યાં જમીન દેખી શકાય કે શોધી શકાય, ત્યાંથી જ સાફસફાઈ કરવાની રહેતી.

પોતાના સારા દિવસોથી ટિબોટી માડીને એકદમ ચોકખા રહેવાની આદત હતી. ગંદકી સહેજ પણ ગમતી નહિ. કચરાના ઢગ ખસેડી ખૂણેખૂણો વાળીઝૂડીને ચોકખું ચંદન કરવાની તેની નેમ રહેતી. તો જ તેને પોતાનાં કામનો આનંદ થતો.

એક વખત એવી ચોકખાઈને આગ્રહ રાખ્યા બાદ, સિસોટી વગાડતા શ્રીમાન ઝેફરીન ઝીરદાલનું આગમન થયું. અતિશય સ્વચ્છ ખંડ જોઈને ઝીરદાલ એવા તો ઊકળી ઊઠ્યા કે લાંબા સમય સુધી સુધી સુધી તેમણે સિસોટી વગાડી ન હતી. તેના ક્રોધ, ગુસ્સા, ઘાંટાઓથી ટિબોટી એવી તો થરથરી ગઈ કે એ કંપ દૂર થતાં સપ્તાહથી

વધુ સમય લાગ્યો. ત્યાર પછી ટી કરી જઈ ટિબોટી શુભેચ્છિકાએ નાક-કાન પકડી પ્રતિજ્ઞા લીધી કે તે એ સીમામાં કદી પ્રવેશ કરશે નહિ, કદી નહિ.

પણ એવો ખ્યાલ કર્યા બાદ તો ટિબોટીને અહીં કંઈ કરવાનું જ રહેતું નહિ. તેમ છતાં પોતાની ફરજ મુજબ રોજના બે કલાક તે તે આ ભડભડિયાને આપતી. હા, એવું જ તખલ્લુસ તેણે ઝેફરીન ઝીરદાલને આપી રાખ્યું હતું.

આ બે કલાકમાંથી પોણાબે કલાક સંવાદમાં જતાં, એટલે કે સંભાષણમાં. એ ભાષણ એક પક્ષી રહેતું. ટિબોટી બોલે રાખતી, ઝીરદાલજી સાંભળ્યે જતાં. ટિબોટી બોલતી રોકાતી નહિ, ઝીરદાલ સામો એક શબ્દ પણ ઉચ્ચારતા નહિ કે ફાટી પડતાંય નહિ. તેમનો ક્રોધ અજબનો હતો તો તેમની શાંતિય ગજબની હતી. તેમના ગાંભીર્ય અને મૌનની તો ટિબોટી સંબોધિકા ઠેરઠેર બધાંને બોધ આપતી.

'હા, આપણે તો જે કંઈ હોય તે સાચું જ કહેવાના.' એવા ધ્રુવ વાક્યથી શરૂ થયેલું ટિબોટી સત્ય એટલી હદે વિસ્તરી જતું કે શબ્દોની એ સ્ત્રીજાળમાંથી સત્યને શોધવું મુશ્કેલ બની જતું. 'મને અહીંની વાત તહીં કરવાની જરાય આદત નથી.' એવું પ્રમાણપત્ર વખતોવખત ઉચ્ચારનારી ટિબોટી પાસેથી બીજા રહેવાસી કંઈક જાણવાની અપેક્ષા જરૂર રાખતા, અને સ્વાભાવિક રીતે જાણી પણ શકતા.

પોતાની અમીરીના દિવસો, જાહોજલાલીની યાદ, શેઠાઈભરેલી સમૃદ્ધિ, તે વખતની ઉદારતા વગેરે વગેરે નિયમિત પ્રવચનના પહેલા વિષય રહેતા. પછી કિસ્મતે કેવી પછડાટ ખાધી અને ભલો ભગવાનિયો પણ ભલા માનવીઓના ખ્યાલ કરતો નથી, એ પ્રકરણ બીજો તબક્કો રહેતું. સમય, કાળ અને ભાગ્ય અચ્છી અચ્છી શેઠાઈને ધૂળ ચાટતાં કરતાં કરી નાખે છે, એ કહેવત ત્રીજા કથાનકની વિતકકથા રહેતી. વ્યક્તિગત આ આત્મકથ્ય પૂરું થતાં જ આજુબાજુની દુનિયા, તથા આજના માનવી કેવા છે તેની વૃતાંતિકા શરૂ થતી, જે કદી અંત પામતી નહિ. તેમાંય જયારે તે ઝેફરીન ઝીરદાલની ખાસિયતોની વાતો શરૂ કરતી કે જોઈ લો મઝા.

એ વાત સ્પષ્ટ રૂપે અને હકકથી તે ઝીરદાલનેય સંભળાવી દેતી, પણ આ વિશ્વામિત્રનો તપોભંગ અચ્છી મેનકા ટિબોટીની ચંચળતા માટેય શકય ન હતું.

તારીખ ૩૦મી મેના રોજ ટિબોટી બાનુએ રોજના નિયમ પ્રમાણે સવારે નવ વાગે ઝેફરીન ઝીરદાલના નિવાસસ્થાનમાં પ્રવેશ કર્યો. ધૂની ઝેફરીનજી તો આગલે દિવસે જ માર્શલ સાથે સાગર સફરી સિંદબાદ બનવા ઊપડી ચૂકયા હતા. એ કોઈ નવાઈની વાત ન હતી. ઘણી વાર એ શ્રીમાન ઘરબહાર જ રહેતા. ટિબોટી નારાજ એક વાતે જ થઈ કે આજે તેનું પ્રાતઃપ્રવચન સાંભળનાર કોઈ શ્રોતા હાજર નથી. તેણે તો પોતાની રોજિંદી સફાઈ રોજિંદા નિયમ મુજબ શરૂ કરી. જેને શયનખંડનું નામ અપાયું

હતું એ વિભાગનું કામ પૂરું કરી તેણે અભ્યાસ ખંડ નામના બીજા આવાસમાં પ્રવેશ કર્યો.

કંઈક ફેરફાર હતો. વેરણછેરણ ઘણું બધું હતું. ઉપરતળે થયાની સાબિતી એક કાળી પેટી હતી જે બારી નજીકના ટેબલ પાસે આવીને ગોઠવાઈ ગઈ હતી. તેની પર કોઈ યાંત્રિક સાધન સજાવેલું હતું.

'મારી આવી કોઈ ચીજને તમારે હાથ લગાવવો નહિ.' એવી વારંવારની તાકિદ અને રકઝક છતાં, 'શું આવું બધું કંઈ એમનું એમ જ રખાતું હશે હશે ?' એવી દલીલવાળી આ દામિનીએ આજે શેઠ માલિક વૈજ્ઞાનિકની ગેરહાજરીમાં થોડીક પ્રેમભરી હિંમત કરી. અલબત્ત એમાં લાગણી અને મમતા જ હતી. પણ કોઈક એવો જોરદાર ઝાટકો તેણે અનુભવ્યો કે તે પસ્તીઓના ગંજ ઉપર જઈ પડી એટલે જ બચી ગઈ. એ ઝાટકો એક 'બીપ' અવાજથી શરૂ થયો હતો અને પછી તો એ 'બીપ બીપ' ચાલુ જ રહ્યું. એ ધ્વનિ કદાચ અગાઉ દબાયેલો કે બંધ હશે, પણ ઝાટકાએ તેને ઝાટકી નાખી હતી, એટલે ડરી જઈને તે તો ભાગી જ ગઈ. અલબત્ત તેણે રિફ્લેક્ટર પ્રકારની કોઈ ડીશમાંથી એ ધ્વનિ તરંગ ફેંકાતા નિહાળી લીધા હતા.

સાંજના જ્યારે તે પાછી ફરી ત્યારે ઘવાયેલા છોલાયલી કોણી પર હાથ ફેરવતી રોકાઈ ગઈ. તેની પીઠ અને પૂંઠાના દુ:ખાવાથી તે સહેજ લંગડાતી હતી. બધું જ ભૂલી જવાયું પણ, પેટી પરના પેલા રિફ્લેક્ટરમાંથી ધીમા દબાયેલા 'બીપ બીપ' અવાજ ચાલુ જ હતા, પણ એમાંથી જે ધ્વનિ-તરંગ ફેંકાતા હતા, તે સીધા છત પર થઈને બહાર આકાશમાં જતા હતા અને છાપરું ગોળાકારે કાણું થઈ ગયું હતું. અલબત્ત એની પાતળી પ્રકાશરેખા વિદ્યુત કિરણની જેમ એકાકી એ નિશાનમાંથી બહાર પહોંચી જતી હતી.

હવે આ બાબતમાં પોતે શું કરવું ? એ વિષે તે કંઈ જ વિચારી શકતી ન હતી. 'ખબરદાર જો મારી કોઈ ચીજને હાથ લગાવ્યો છે તો' એવો ચમદ્વારી હુકમ તેને સંભળાયા કરતો હતો. જોકે એક વખત તેનો ભંગ થઈ જ ચૂક્યો હતો જોખમ ઉઠાવી લીધું. બરાબર કરી દેવાનો તેને વિચાર આવ્યો પણ પેલા ઝાટકાએ વેદના પહોંચાડી અને પેલા હુકમે તેને ખબરદાર કરી.

જોવા જેવી અને ગંમતભરી વાત તો એ હતી કે રિફ્લેક્ટર યંત્રો એની મેળે જ ખસતા હતા. ઘડી આમ, ઘડી તેમ. એથી છાપરું વીંધાઈ જતું પણ જ્યારે બારી બહાર ધ્વનિ-પ્રકાશ-રેખા પહોંચતી ત્યારે તેને રાહત થતી, પણ એ રાહત પેલી જે. બી. કે. લોવેન્થોલની ફિલસૂફીને આઘાત પહોંચાડતી હતી.

તા. ૧૦મી જૂન સુધી ટિબોટી ત્રિશલા રોજ જ આ રિફ્લેક્ટરને ખસતું ખસતું ઘડીમાં આમ અને ઘડીમાં તેમ રિફ્લેક્ટ કરતું નિહાળતી. દંગ રહી જતી. ક્યારેક યંત્ર

એની જેમ જ દંગ થઈ જઈને સ્થિર થોભી જતું. વળી પાછું...

ઝેફરીન ઝીરદાલના દરિયાકિનારાના દશ દિવસો કેવી રીતે પસાર થયા તેનીય તેને ખબર રહી નહિ. એ દિવસો ભરપૂર આનંદ-વિનોદ અને સાગરિકી સંશોધનના હતા. દરિયાઈ મોજાંની સાથે તે વારંવાર ઊછળ્યો હતો અને દરેક મોજાંની ઊર્જા માપી માપીને તે સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર કરતો હતો. પોતાની પાસેનાં સાધનો વડે જેવી તેવીય ઊર્જા-માપણી કરી તે જાતે જ ઊછળતો ! આ દરિયા પાસે આવા હજ્જારો લાખ્ખો મોજાંઓ છે. દરેક નાનાં મોટાં મોજાંઓ પાસે પોતપોતાની શક્તિ મુજબની ઊર્જા છે. પૃથ્વી પર તો આવા કંઈક સાગર છે. એ તમામ સાગરનાં મોજાંઓનું જો ઊર્જાશક્તિમાં રૂપાંતર થાય તો સૂરજ જેવા બળબળતા સૂરજનેય સામો આંચકો આપી શકાય. સૂરજ અને સાગર જે ઊર્જા આપે છે એથી તો સૂરજ અને સાગર પણ સંકટમાં પડી શકે છે. સંકટની વાત જવા દો, એ સામૂહિક-ઊર્જાશક્તિનો જો સદુપયોગ કરવામાં આવે તો માનવીના જીવનમાં રાત્રી જ ન રહે, અંધકાર તો રહે જ નહિ. પછી મનોમન ક્ષણિક હસ્યો તે જાતે, એ ખ્યાલથી કે કોઈક અવળચંડો યા આછકલો વૈજ્ઞાનિક આ શક્તિનો શહેનશાહ બની જાય તો ઘણાં આકાશી પદાર્થો જોખમમાં મુકાઈ જાય.

એ ખ્યાલ આવતાં જ ઝેફરીન બોલી ઊઠ્યો, ‘માર્શલ દોડ !’

‘ક્યાં ?’

‘બસ દોડ... દોડ... દોડ...’

એ ગભરાટી રઘવાટી દોડ, ક્યારે તેમને ઓસિયોનિક સ્ટેશનેથી પેરીસના સ્ટેશન સુધી લઈ આવી તેનીય તેમને ખબર પડી નહિ. બધી જ ઝડપ ઝીરદાલને ઓછી ઓછી લાગતી હતી. આ ટ્રેઇન ઊડતી કેમ નથી ? ઊડીને ઝડપથી પહોંચી જતી કેમ નથી ? ટ્રેઈન શા માટે આ ડબ્બો જ જો ઊડી શકે ! ડબ્બો શા માટે જો હું... હું એકલો ઊડીને જ્યાં જવા માગું છું ત્યાં પહોંચી શકું.

આવી ચિંતન અવસ્થામાં તે એકલો પડી જતો. સાથે કોઈ હોય તો પણ તે ભૂલી જતો. અત્યારે એવું જ હતું. પેરીસ આવતાં તે કૂદી પડયો. ગામડિયા ઉતારુની જેમ જ કૂદી પડ્યો. તેણે પોતાના જૂનાં વસ્ત્રોમાં પેલી ૨૭ શંકુ આકારની વિદ્યુત બરણીઓ રાખી હતી. એ બધું કોથળા જેવું હતું. કોથળો ભારે છે કે હલકો ? કોણ વિચારે. પાછળથી કોઈ બોલાવે છે કે ખેંચે છે ? કોણ રોકાય છે. ના, માર્શલ ફાર્શલ ક્યારે છૂટી ગયો તેની પણ ખબર ના રહી.

એને તો બસ ઊડવું હતું. ઊડીને ઘેર પહોંચી જવું હતું. બે પગની એ રઘવાટી ઊડમાં તે એવો બેફામ બન્યો હતો કે ભડામ્મ !

તે અથડાઈ પડયો. માણસો સાથે કે થાંભલા સાથે ? લારી સાથે કે સામાન સાથે ? સ્ટોલ સાથે કે ટ્રોલી સાથે ? ગેટ સાથે કે ગટર સ્થંભ સાથે ?

કંઈ જ જાણ થઈ નહિ. હા, એ ધડાકાનું કારણ તે જાતે જ હતો. તેણે પેલા કોથળિયાં વસ્ત્રોમાં ૨૭ વિદ્યુત-જાર જોરથી બાંધી હતી. કસીને બાંધી હતી. બંધન અવસ્થામાં પણ દરેક બરણી સ્વતંત્ર રહે એવી જોગવાઈ હતી, પણ કસાયેલી બરણીઓ ફસાયેલી બની ગઈ. એકબીજાનું સત્ત્વ એકબીજામાં ભળી ગયું. આનું તત્વ તેમાં, તેનું વળી આગળ. અલગતા રહી જ નહિ. ભેજના છેદ ઊડી ગયા. પછી તો ઊર્જા ઊર્જાનું કામ કરે જ છે. પહેલાં એક સામૂહિક જોરદાર ધડામ્મ અવાજ થયો. પછી ફટાકડાની લૂમ ફૂટે એમ ધણધણાટી ચાલુ થઈ ગઈ.

પ્રવાસીઓ, રેલવે કર્મચારીઓ પહેલાં ભાગ્યા. પછી ધીરે ધીરે ભેગા થયા. જોયું તો શ્રીમાન ઝેફરીન ઝીરદાલ આતંકવાદી એ ધડકાની વચમાં ઊભા હતા.

બરણીઓના આ ધડાકાએ તેમના ભેજામાં જોરથી ભડાકો કર્યો. દોડ્યા, ભાગ્યા, ઊડ્યા. પેલી ડ્રગ-રસાયણની દુકાને આવીને જ ઊભા રહ્યા. એકી શ્વાસે તેમણે પૂછ્યું, ‘બીજી ૨૭ બરણીઓ હશે ? અગાઉ જેવી જ ? સિલિન્ડરોથી યુક્ત, વાયરોથી વીટળાયેલી ?’

દુકાનદારે એકદમ જ તે રજૂ કરી દીધી, અગાઉની જેમ જ. બરાબર વૈજ્ઞાનિક રીતે પેક કરીને કહ્યું, ‘હું જાણતો જ હતો, તમારે બીજી આવૃત્તિની જરૂર પડશે એટલે પહેલેથી જ...’

શ્રીમાન ઝેફરીન એ નવું પેકેજ લઈ દોડવા જાય ત્યારે કેમિસ્ટ-ડ્રગીસ્ટ કહેતા હતા, ‘ત્રીજી આવૃત્તિની જરૂર પડે તો...’

કોણ સાંભળે ? ઝીરદાલજી તો ઘરે પહોંચી ગયા હતા અને હવે તેમને છ-છ પગથિયાં ચઢવાની જ આદત પડી ગઈ હતી. અત્યારે વળી સાતેક પગથિયાંય કૂદ્યા હોય !

દ્વાર ઉઘાડતાની સાથે સામાન સાથે તેઓ એકદમ અંદર પ્રવેશી શક્યા નહિ. પણ આંખ જેટલી પહોંચી શકી એ જોઈને તેઓ નારાજ થયા, ‘પેલી ટિબોટી બાઈએ પાછું બધું સ્વચ્છ કરી દીધું ?’

બહારથી આવેલા કેટલાકને ઘર ધૂળિયું હોય તો રોષ ચઢે. ઝીરદાલજીની વાત જુદી હતી. તેમને પોતાના ઘરની સ્વચ્છતાની ચીઢ હતી. જેમ ઘર વધુ સ્વચ્છ તેમ ચીઢ વધારે.

પણ એથીય વધારે મોટું આશ્ચર્ય તો ઘરની અંદર જ હતું. ઘરમાં થોડા ફેરફાર થયા હતા. ખાસ તો પેલું યંત્ર અને દબાયેલી બીપ બીપ !

દ્વારમાંથી સામાન ખેંચી શ્રીમાન ઝીરદાલ ફરીથી ઊંચો-કૂદકો મારી અંદર જવા ગયા કે બારણામાં ફસાયેલો સામાન ખેંચાઈને સાથે આવ્યો. ઊછળ્યો. પટકાયો. ફરીથી પેલા સ્ટેશન જેવો જ ધડાકો, બીજી વખત ૨૭ બરણીઓએ પોતાની તાકાત બતાવી આપી હતી. તેમાંનું જે ચક્કર હતું તે ખટકા ખાતું ફરર ખટ, ફરર પટ, ફરર ખટ કરતું ફરતું હતું. ગુંચવાયેલા તાર વીંટળાતાં જ તેનો અવાજ બંધ થયો પણ ફરવા માટે એ ચકર ઊંહ પ્રકારનું જોર તો કરતું જ રહ્યું.

કુલ મળીને ૫૪ બરણીઓનો બીજો જથ્થો નાશ પામ્યો હતો. એ ૨૭ ગણું ઉપયોગી યંત્ર કંઈ એટલું સસ્તું ન જ હતું. જો આજ રીતે શ્રીમાન ઝીરદાલની બરણીઓ તૂટતી રહે, તો ગમે તેવા મોટા ભલેને રહ્યા, તેમના બૅન્ક બેલન્સને અસર પહોંચ્યા વગર ન જ રહે.

એ ધડાકા ભડાકા કે એ નુકસાનનીય તેને પરવા ન હતી. એની યંત્રસામગ્રીની ગોઠવણીમાં ફેર થયેલો જોઈ એ શ્રીમાન દાંત ભીસી, મુઠ્ઠી કસી, પગ પછાડી બોલી ઊઠ્યા, ‘ટિબોટી... ડોસલી તેં આ શું કર્યું ? તને કેટલી વાર કહ્યું હતું કે...’

પેલું રિફ્લેક્ટર પોતાની રીતે કામ કરતું હતું. બારીની બહાર તે સૂક્ષ્મ પ્રકારના ધ્વનિકિરણો મોકલતું હતું. અલબત્ત દિશા બદલાયેલી હતી. થોડી થોડી વારે ડગમગિયા પંખાની જેમ જાતે જ ‘બેઈઝ’ (પાયા)ના ખસવાની દિશા બદલાતી જ રહેતી. વળી પાછી સ્થિર થઈ જતી.

ઝીરદાલ વાળ પીંખે કે માથું પીંખે, કાન ખેંચે કે નાક ખેંચે, તેને છાપરામાં કાણાં જોવાની ફરજ પડી જ. છતમાંના એ છિદ્રો એની મેળે જ દેખાય ગયા. વિવિધ આકાર પ્રકારનાં એ છિદ્રો હતાં. કોઈક ટાંકણી જેવડું, કોઈક ખીલી જેવડું, કોઈક હોઝ-પાઈપ જેવડું, કોઈક હાથ પ્રવેશે તેવું અને કોઈક... ? ફરી ફરીને કિરણ કરવતી ચાલી હોય અને માણસ કે માણસની સંખ્યા, આરપાર નીકળી જાય એવાં કાણાં સામેલ હતાં.

હસવું કે રડવું તેનીય આ ઝીરદાલ શેઠને ખબર પડતી ન હતી. હસવાની વાત એ હતી કે તેનું યંત્ર ધાર્યું કામ આપતું હતું, ‘એ-હે-મ’ ! તો વાત એમ છે ત્યારે’ કહીને તરત જ તેણે યંત્રનું સંચાલન હાથમાં લઈ લીધું. ધીમો બીપ અવાજ શાંત પડયો. ઝીણી ફ્લેશ લાઈટ બંધ થઈ. બલ્બ સલામ કરી ગયો.

‘ત્યારે તો જરૂર કોઈક આશ્ચર્યજનક ઘટનાઓ બની જ હશે. આ ઊર્જા કંઈ શાંત રહે તેવી નથી !’

ઢગલો થયેલા છાપા પર હાથ પડતાં જ તેણે પહેલું છાપું ખેંચ્યું. જેમાં જે. બી. કે. લોવેન્થોલનો વ્હેસ્ટન-ધૂમકેતુની બદલાતી પ્રક્રિયાનો ઉલ્લેખ હતો. ઉત્તેજનામાં આવી જઈ ઊછળવા તથા છાપા ઉછાળવાની સાથે બીજા વર્તમાનો વાંચ્યા. જે કંઈ રૂટીન હતું તેમાં તેનો રસ ખતમ થઈ ગયો, પણ આ વળી આંતરરાષ્ટ્રીય, વિશ્વ પરિષદ, કોન્ફરન્સ, સંમેલન આ બધું શું છે ? વિશ્વભરના દેશોના વૈજ્ઞાનિકો, રાજનેતાઓ, પ્રથમ પ્રમુખો, પરમ પ્રતિનિધિઓ ભેગા થઈને શું કરી રહ્યા છે ? કઈ ધરતી કે આકાશને તેઓ ઉથલાવવા માગે છે ?'

એ બધાં ભેગા થઈને ધૂમકેતુની વહેંચણી કરશે ? અથવા ધૂમકેતુની માલિકી નક્કી કરશે ? એલાઓ આ ધૂમકેતુ સોનાનો હોય કે હીરામોતીનો, શું એ તમારા બાપનો છે ? કોણ એને પૃથ્વી ફરતે ફરતો રાખે છે ? કોણ એને મરજી મુજબ આઘોપાછો કરે છે ? કોણ ક્યાં, કઈ ધરતી પર લાવશે'? અલ્યા બબૂચકો ! કંઈ ભાન-બાન છે તમને ? જેની માલિકી અગાઉથી નક્કી થઈ જ ચૂકી છે, તેની માલિકીની ચચાર્ કરનારા તમે કોણ ? બેવકુફો !!

તેમ છતાં હજી સુધી એમાંનું કાંઈ જ તેના ધૂમકેતુની વચમાં આવ્યું ન હતું કે કોઈએ જ તેની સાથે કે તેની ગતિ-વિધિ સાથે છેડછાડ કરી ન હતી.

એવા સંતોષ સાથેની પૂરી અધીરાઈની લાત ફટકારી તે ઊઠયો. રસ્તામાંની કંઈક વસ્તુ ઠોકરે ચઢીને આઘીપાછી થઈ ગઈ. આદત મુજબ છ-છ પગથિયો કૂદતો તે સીધો પોસ્ટ ઑફિસે પહોંચ્યો. તાર-ટપાલ ઑફિસ સંયુક્ત હતી. તેણે વિશ્વ- પરિષદને સંબોધીને ઝડપથી તાર લખીને આપી દીધો. કહ્યું, 'એક્ષપ્રેસ, ડબલ એક્ષપ્રેસ.'

વિશ્વ-પરિષદના અધ્યક્ષશ્રીને જે નનામો ચોંકાવનારો તાર મળ્યો તે આ જ હતો.

દોડીને પાછો ઘરે પહોંચ્યો ઝીરદાલ અને 'સાયન્ટીફીક રિવ્યુ' માટે એક લેખ લખી નાખ્યો. જેમાં તેણે ધૂમકેતુના પરિવર્તનનો પૂરેપૂરો ખ્યાલ આપી દીધો. પછી પાછું ટેલિસ્કોપમાં માથું ખૂંપાવ્યું, જેમાંથી નવા નવા અને અવનવાં તારણો તે ઝટપટ નોંધવા લાગ્યો.

મધરાતના તેણે પોતાનું રિફ્લેક્ટર યંત્ર ફરીથી ચાલુ કર્યું અને 'રેડિએશન-એનજીર્'ને અવકાશમાં પૂરી ક્ષમતા અને દિશા સાથે ફેંકી. પછી અડધા કલાકે યંત્ર બંધ કરી તે નિરાંતે સૂઈ ગયો. તેને નિરાંતની નિંદ્રા પણ આવી ગઈ. બીજે દિવસે, ત્રીજે દિવસે એણે ફરી પોતાના પ્રયોગો ચાલુ રાખ્યા. બીજે દિવસે ત્રીજી વખત, બપોર બાદ યંત્ર બંધ રાખી જોયું ત્યારે જ કોઈએ બારણે ટકોરા માર્યા. જેવા ઝીરદાલે દ્વાર ખોલ્યા કે બૅન્કર રોબર્ટ લસરને પ્રત્યક્ષ નિહાળ્યા.

'આખરે તું ઘરે મળી આવ્યો ખરો.' અંદર દાખલ થતાં બૅન્કર કાકાએ કહ્યું.

'તમે જોઈ શકો છો.'

'નસીબ મારું, બાકી કંઈ કેટલીય વખત તારા ઊંચા પહાડ જેવા દાદરાઓ ચઢી ચૂક્યો છું. ક્યાં હતો તું ?'

'દૂર હતો.'

'દૂર એટલે ? લોકોને ચિંતા કરાવવાની તારી આદત જશે ક્યારે ?'

ઝેફરીન ઝીરદાલે હળવાશથી કહ્યું, 'કાકા, એમાં તમારે ચિંતા કરવાની શી જરૂર ?'

'ચિંતા ?' બૅન્કરકાકાએ જવાબ આપ્યો, 'દીકરા ભત્રીજા, શું તને ખબર નથી કે મારું સારુંય ભવિષ્ય તારા પર આધાર રાખે છે ?'

પોતે છાપાના બંડલો પર બેસી જઈ પોતાની ખુરસી કાકાને આપી દઈને ઝીરદાલ કહે :

'કંઈ સમજાય તેવું બોલો લસરકાકા. તમારા ભવિષ્યનો આધાર મારી પર કેવી રીતે ?'

'અરેરે ભોળા છોકરા ! તને ભોળો કહેવો કે ભૂલકણો કે પછી ? તને યાદ નથી કે તેં મારી બૅન્કમાં આવી તારો આકાશ-કુસુમવૃત નકશો દોરી બતાવ્યો હતો ? તું આકાશના તારા તોડી શકે છે.'

'તારા નહિ, તારા નહિ...'

'એ જે હોય તે વિચાર કરતાં મને એમાં ભરોસો બેઠો, એટલે કે તારામાં વિશ્વાસ બેઠો અને વેચી માર્યા.'

'શું વેચી માર્યા ?'

'બધાં શેર, ગોલ્ડ-માઈન્સના. સોનાની ખાણ જાય ચૂલામાં.'

'આ... આ તમે શું કહો છો ? સોનાની ખાણ ચૂલામાં ?'

'નહિ તો બીજું શું ? તું કહે છે તેમ જો તારો પેલો સોનાનો ગચિયો, ભારે મસમોટો અધધધ ! આ પૃથ્વી પર આવી પડે તો સોનાની ખાણને કોણ ભૂતભાઈ યાદ કરવાનો છે ? અઢળક સોના સામે માટીની વળી શી કિંમત ? સોનાના ભાવ પડી ભાંગશે, સાવ જ, અરે પિત્તળનાય નહિ રહે. એવા શેરને કોઈ સૂંઘશેય નહિ.'

'એટલે કે હવે તમારી પાસે માત્ર થોડાએક...'

'એક પણ શેર નહિ, ભત્રીજા, એક પણ નહિ.'

'એનો અર્થ કે હવે તમે જે શેર તમારી પાસે નથી એ વેચશો ખરું ? મને કંઈ સમજાતું નથી, કાકાજી.'

'એને વ્યાપારનો જુગાર કહેવાય છે, ઝેફરીન ! પછી જ્યારે સમય આવશે ત્યારે હું જ એ શેરોની ખરીદી શરૂ કરીશ.'

'ખરીદવાના જ હો તો પછી વેચો છો શા માટે ?'

'સસ્તા થઈ જશે માટે. અત્યારે સારા ભાવે વેચ્યા. ત્યારે સસ્તા ભાવે ખરીદી લઈશ.'

'સસ્તા કેવી રીતે થશે ?'

'તારી પેલી સોનાની મરઘી, ઊંહ, સોનાનો ગઠ્ઠો, શું નામ આપ્યું છે તેં, સોનેરી ધૂમકેતુ જ્યારે ધરતી પર પટકાશે ત્યારે એટલું અધધધ સોનું બધે હશે કે કૂતરાય તેને નહિ સૂંઘે.' પછી એ મગરૂબ બૅન્કરકાકાએ પ્રવચન શરૂ કર્યું, 'સહુ પ્રથમ તો મેં મારી જાતને ધન્યવાદ આપ્યા, તારી પર ભરોસો મૂકવા માટે. ધૂમકેતુના પરિભ્રમણ અને ગતિના સમાચાર સાંભળી હું તો એકદમ પ્રભાવિત થઈ ગયો. તેમાંય ધૂમકેતુ ચોક્કસ ધરતી પર આવી જ રહ્યો છે, એની ખાતરી થતાં જ સોનામાં પચીસ ટકા કડાકો બોલી ગયો. મને ગાંઠ બેસી ગઈ કે હવે ભાવ ગગડતા જ જશે. એટલે તે પહેલાં જ મેં જીવ સટોસટનો જુગાર ખેલી નાખ્યો. વેચી નાખ્યા બધા શેર. પણ જેવો તને અદૃશ્ય થયેલો જોયો કે મારી છાતીના પાટિયા જ બેસી ગયા. તારી શોધ માટે હું આકાશપાતાળ એક કરવા લાગ્યો કેમકે જેવો ધૂમકેતુ દૂર જતો અને કોઈક અફવા આવતી કે હવે કદાચ તે નહિ આવે કે ફરીથી ભાવો વધી જતા. અરે દીકરા ! આ તારા ધૂમકેતુએ તો અમને જે ઊંચાનીચા કર્યા છે એની તો વાત ના પૂછ. મારી છાતી પર હાથ મૂકીને મારા હૃદયના ધબકારા માપી જો.'

'કાકાજી... કાકાજી...! હજી તમારી કોઈ જ વાતો હું સમજી શક્યો નથી, પણ તમારું ભલું જો ધૂમકેતુના પડવાથી જ થતું હોય, અને થવાનું હોય તો ખાતરી રાખજો કે તે પડશે જ.'

'પડશે જ ? ખાતરીથી ?'

'ખાતરીથી.'

'પણ એવી ખાતરી ઝીરદાલ બેટા, તું કેવી રીતે ઉચ્ચારી શકે ?'

'પહેલાં એ કહો કાકાજી, કે તમે મારે માટે જમીન ખરીદી કે નહિ ?'

‘જમીનનો એ દસ્તાવેજ તો મારા ગજવામાં જ છે.’

‘ત્યારે બસ’, ઝીરદાલે દેવતા ઝિયૂસની જેમ કહી દીધું, ‘નક્કી માનો કે સોનેરી ધૂમકેતુ પડશે જ અને તે પણ પાંચમી જુલાઈએ. તે દિવસે હું પેરીસ છોડીને મારા ધૂમકેતુને મળવા પહોંચી જઈશ અને મળીશ જ.’

‘હું તારી સાથે જ આવીશ.’

‘અવશ્ય આવજો કાકાજી.’

કાકાને આપેલું વચન હોય કે પોતાના પ્રયોગની ખાતરી હોય, ઝેફ્રીન ઝીરદાલે પૂરા ખંતથી પોતાના છેવટ પહેલાંના છેવટના પ્રયોગોમાં લાગી ગયો. ખોવાઈ ગયો એમ કહેવું હવે સાચું કહેવાશે. કોઈ પણ જાતની ભૂલ વગર કે ભુલાવા વગર, તેણે પાંચમી જુલાઈ સુધી રોજના ચૌદ વખત એ ભેદી યંત્રને આજ્ઞાંકિત બનાવે રાખ્યું. પોતાના ખગોળશાસ્ત્રીય તથા ઊર્જાકીય ઝંઝાવાતને લઈને તેણે પાકી નિપુણતા મેળવી લીધી કે હવે ધૂમકેતુ તેના કાબૂમાં છે.

છેલ્લી વખત જ્યારે રેડિયેટર રિફ્લેક્ટરે વાહનના સ્ટીઅરિંગની જેમ આજ્ઞાંકિત સેવા બજાવી ત્યારે તે બોલી ઊઠ્યો, ‘હવે વાંધો નહિ આવે. ચાલો.’

તેણે પોતાનો સામાન કાળજીપૂર્વક પેક કરવા માંડ્યો. બરાબર બંધ કરીને, ગોઠવીને તેણે યંત્ર તથા ટેલિસ્કોપ એવી રીતે મૂક્યા જાણે તે સાક્ષાત ધૂમકેતુને જ સંભાળી રહ્યો છે. થોડાક વધારાના બલ્બ તેણે સાથે લીધા. અને ભાંગે નહિ, અસર પહોંચાડે નહિ, એવા સલામત ખોખામાં બધી સામગ્રી કાળજીથીય વધુ કાળજીપૂર્વક સજાવી દીધી. પોતાની વ્યક્તિગત જરૂરિયાતની ચીજવસ્તુઓ લેવાનું પણ તે ભૂલ્યો નહિ. બધું ભેગું થયું ત્યારે તેને ખ્યાલ આવ્યો કે પોતાની પાસે એકાદી મોટી પેટી કે ટ્રંક તો છે જ નહિ.

આજુબાજુ નજર નાખી અને યાદ કરતાં તેને યાદ આવ્યું. તે એકદમ માળિયે કૂદ્યો. ત્યાં એક બેડિંગ હતું. અંધારા ગંજમાં પડ્યું હતું. તેને જોકે પટ્ટા ન હતા. ઐસીતૈસી. નીચે ફેંકીને તેણે ખોલ્યું. વિચારવા લાગ્યો કે, ‘એમાં તે મૂકશે શું ?’ એકદમ જરૂરી ચીજવસ્તુઓ. એકદમ જરૂરી જ. પસંદગી ઝીણવટથી કરવી પડશે.

પહેલાં પગરખાં, એક જોડી બટનવાળા બુટ, એક સ્થાનિક જોડી, એક સ્લીપર. એમ બધું ભેગું તો કર્યું પણ શું લેવું અને કેટલું લેવું તે એ નક્કી કરી શક્યો નહિ. એવું વિકટ કામ તેણે કદી કર્યું જ ન હતું. પછી તે કપડાં ભેગા કરવા લાગ્યો. આમતેમથી પોશાકનો ગંજ ખડકી દીધો. એમાંથી શું લેવું ? એવી બીજી વાનગીઓ ભેગી કરી ઢગલો માર્યો. ઢગલો થવું એ એની જીવન-શૈલી હતી. કપાળ પર હાથ ફેરવી,

આમાંથી શું અને કેટલું તે લે, કેમ ગોઠવે, ક્યાં ગોઠવે ? એની વિચારણા માટે એણે બેડિંગ જોયું. સહુથી ઉપર શું મૂકવું જોઈએ.'

'જરૂરી જરૂરી જરૂરી...' જેવા શબ્દો ઉચ્ચારતો બેડિંગમાં બધું ઠાંસતો ગયો. પછી બેડિંગ બંધ કરીને શોધી એકે કાથી. સુંવાળી જાડી સૂતળી જેવી એ દોરી હતી. દોરડું જ કહોને ! એવું વીટયું કે કોઈ ખોલી શકે નહિ, કદાચ પોતે પણ નહિ. એ રીતે, દરેક રીતે કીમતી કહેવાય એવા ત્રણ સામાન તેણે તૈયાર કર્યા. આવો બોજ તેણે કદી ઉપાડ્યો ન હતો. આ પ્રકારના બોજ સાથે તેણે પ્રવાસ તો કર્યો જ ન હતો. જાતે કૂલી બનવાનો યોગ કદી આવ્યો જ ન હતો. આવા થ્રી-ઈન-વન અથવા વન-ઈન-થ્રી લાર્જ પીસીસ ઉપાડી તે સ્ટેશન સુધી પહોંચે કેવી રીતે ? પોતાની ચાલ માટે તેને માન હતું, પણ બોજ સહિતની ચાલની ક્ષમતા તેણે માપી ન હતી. તેણે અદ્‌ભુત યંત્ર, ટેલિસ્કોપ, બીજો સામાન બધું ઊંચકી જોયું.

'ઊંહ' તેને ટકોરો થયો. ભલા 'કેબ' પ્રકારની શોધ આપણી અગાઉના વડવાઓએ કરી છે તે શા માટે ? એવા ખુશીના ખ્યાલ સાથે જ બીજી એક ખુશી દરવાજે હાજર હતી. મોન્સ્યુર રોબર્ટ લસર ઉર્ફે બૅન્કરકાકા હાજર હતા, 'અલ્યા, એ તૈયાર થયો કે નહિ ઝેફ ?'

'હું...' હસીને ઝીરદાલે કહી દીધું, 'તમારી રાહ જ જોતો હતો કાકાજી.'

તેણે કહી તો દીધું પણ બૅન્કરશ્રી સાથે આવવાના હતા એ વાત તો તે ભૂલી જ ગયો હતો. 'ન ભૂલવાની પ્રતિજ્ઞા'ની આ તે કેવી કસોટી ?

'ચાલ ત્યારે નીકળી પડીએ.' બૅન્કરે કહ્યું, 'શું શું છે તારી પાસે ?'

'ત્રણ વસ્તુ ખાસે ખાસ. મારું સહુથી જરૂરી મશીન, મારો અદ્‌ભુત ટેલિસ્કોપ અને આ બેડિંગ.'

ગમે તે એક મને આપી દે.' કાકાશ્રીએ કહ્યું, 'અગત્યની બે તારી પાસે રાખ. મારી કેબ નીચે રાહ જુએ છે.'

એકદમ ખુશ થઈ જઈ ટરરમરમ કરતા ઝેફ નીચે પહોંચવા લાગ્યો.

❑

## ૧૫

# શેરબજારના શૅર અને બબ્બર શૅર
# ધૂમકેતુ

આંતરરાષ્ટ્રીય પરિષદે તેમને નકારી ધુત્કારી કાઢ્યા બાદ બંને વ્હેસ્ટોનિયન વૈજ્ઞાનિકો ફૂલીને ફુગ્ગા જેવા થઈ ગયા હતા. વિશેષજ્ઞોમાંથી તેઓ સરેરાશ નાગરિકમાં મુકાઈ ગયા હતા અને તેમનું વી.આઈ.પી. સ્ટેટસ નહીવત થઈ ગયું હતું. હા, તેમની ભૂલ થઈ હતી. પણ ભૂલ કોની નથી થતી ? શું ટોચના ટેક્નોલોજી વડા જે.બી.કે. લોવેન્થોલનીય ભૂલ નહોતી થઈ શું ? તેમણે પણ પોતાની અસમર્થતા જાહેર નહોતી કરી શું ?

ઉતાવળ કહેવાય તો ભલે પણ ઉતાવળની વચમાંય તેમની શોધ મહત્ત્વની તો હતી જ ને ?

'હતી જ.' એમના પક્ષકારોનો ધ્વનિ હતો, 'હતી જ.'

વિશ્વપરિષદ વિશ્વના દેશોના હક્કનો ખ્યાલ કરે એ સ્વાભાવિક હતું. પણ જેમણે ધૂમકેતુ તરફ લોકોનું ધ્યાન દોર્યું હતું, તેમનોય કોઈ હક્કદાવો ખરો કે નહિ ? જો એ બે વ્હેસ્ટન – વૈજ્ઞાનિકોએ પોતાની શોધ ગુપ્ત જ રાખી હોત તો આ બધાં શું કરવાના હતા ? આજે બધાં જ એ શોધના અધિકારો આંચકી લેવા ભેગા થયા છે, પણ મૂળભૂત અને સહુ પ્રથમ એ શોધ...

'મારી છે.' શ્રીમાન ડિન ફોરસીથે હજીય પૂરા હુંકાર સાથે કહ્યું.

'મારી છે મારી...' પોતાના પક્ષે ડૉક્ટર સિડની હડલ્સને હુંકાર કર્યો.

'એ જ ખરી વાત છે.' તેમના સમર્થકોએ સમર્થન આપ્યું.

સમર્થન હોવા છતાં જાહેર લોકપ્રિયતાને અસર પહોંચી જ હતી. એ અસર બંનેને એક સરખી અને એક સાથે પહોંચી હતી, પણ તેમ છતાં બંને વચ્ચેની વેરવૃત્તિમાં જરાય ઘટાડો થયો ન હતો.

ઉત્સુક યુવા-જોડી ફ્રાન્સીસ-જેનીને એ વેરને લઈને ઠેરના ઠેર જ રહેવાનું હતું.

ફ્રાન્સીસે ઈલિઝાબેથ ગૃહ છોડી દીધું ન હતું, પણ મામાશ્રી સાથે વાત કરવાની તો છોડી જ દીધી હતી. મિત્ઝે પણ પોતાના શેઠમાલિકને સલાહ આપવાનું બંધ કર્યું હતું. પડે ને ખાડામાં, આપણા બાપનું શું જાય છે ? જે સાંભળે તેને કહેવાય, જેના કાન જ બંધ હોય ત્યાં નગારા વગાડવાનો સો અર્થ ?

આ બાજુ ડૉ. હડલ્સનની જિંદગીય એવી હતી. ન આનંદ, ન ખુશી, ન ચેતન, ન ઉમંગ. લૂએ પિતા સાથે વાત કરવાની જ છોડી દીધી હતી, અરે નજર મિલાવવાનીય ઊંચી મૂકી હતી. જેનીની આંખો તો બારમાસી ચોમાસામાં ફેરવાઈ હતી. માતા આશ્વાસન આપતી પણ માતા શ્રીમતી હડલ્સન જાતે જ નિશ્વાસ પર નિશ્વાસ નાખે રાખતી હતી. સમય ઘા પરના મલમનું કામ કરશે, પણ દોડતો સમય ઘાને કદાચ વધુ ઘસરકા જ આપતો હતો.

બંને કુટુંબ વચ્ચે સમાધાનની કોઈ શક્યતા જ વરતાતી ન હતી.

બંને શોધકોના હૃદયને ઠેસ વાગી હતી, પણ બંનેએ પોતાના ધૂમકેતુને છોડ્યો ન હતો. તેઓ જે.બી.કે. લોવેન્થોલના દૈનિક પરિપત્રોનો ધ્યાનથી અભ્યાસ કરતા અને એ જ રીતે આંતર રાષ્ટીય સંમેલનની કાર્યવાહી પર પણ લક્ષ આપે રાખતા.

પરિષદની બીજી બેઠક મળી પણ પહેલી બેઠકની નિરર્થકતા તેમાં વરતાતી હતી. વિવિધ પેટાસમિતિઓ પણ પેટ ચોળીને શૂળ ઊભી કરતી હતી.

પહેલો પ્રસ્તાવ એ આવ્યો હતો કે ધૂમકેતુ જે દેશ-પ્રદેશમાં પડે એની જ માલિકીનો બની રહે. એનો અર્થ થતો હતો કે કોઈ પણ દેશને મોટી અને અધધધ લોટરી લાગી શકે છે. રશિયા દ્વારા રજૂ થયેલા આ ઠરાવને ગ્રેટબ્રિટન તથા ચીને ટેકો આપ્યો હતો. જોકે એમાં ઉતાવળ થઈ રહી છે, એવી તેમની લાગણી હતી. એ બેઠક એમ જ બરખાસ્ત થઈ ગઈ. પડદા પાછળ કોઈક એવા ખેલ ખેલાયા કે ઠરાવ ઠુસ્સ થઈ ગયો. એ જ મુદ્દો નાહકનો લંબાતા સ્વીત્ઝર્લેન્ડે બેઠક મુલત્વી રાખવાનો ઠરાવ મૂકી દીધો અને તે બહુમતીથી પસાર થઈ ગયો. આવી છે બહુમતીની મતિ ! નક્કી એવું થયું કે એકાકી ઈનામની યોજના, જ્યારે બીજી બધી ચર્ચાઓ નિરર્થક જાય ત્યારે જ વિચારણામાં મૂકવી.

પણ વહેંચણી કેમ અને કેવી કરવી એની ફોર્મ્યુલા કેવી રીતે નક્કી કરી શકાય ? પ્રશ્ન નાજુક અને વિવાદાસ્પદ હતો. કંઈક બેઠક કોઈ પણ નિર્ણય વગર પૂરી થતી ગઈ. એમાં ચર્ચાને બદલે ઘોંઘાટ જ વધુ સંભળાતો, એટલે સુધી કે અધ્યક્ષશ્રી શ્રીમાન હાર્વેને વખતો-વખત શાંતિની હથોડી ઠોકવી પડતી. તેનો અવાજ પણ ઘોંઘાટનો એક ઘાટ બની જતો. સભ્યો અસભ્ય વર્તન દાખવતા. તેમને છૂટા પાડવા માર્શલને બોલાવવાની જરૂર પડતી.

તેમાંય જ્યારે લોવેન્થોલનું નવું સ્ટેટમેન્ટ આવતું ત્યારે તો શાંતિ ક્રાંતિમાં કે ભ્રાંતિમાં જ ફેરવાઈ જતી. લોવેન્થોલે પણ દશ-દશ આગાહીઓમાં ધૂમકેતુ પડશે – નહિ પડે, પડશે – નહિ પડે જેવા છબરડા વાળ્યા હતા, અથવા કહો કે ધૂમકેતુ વિજ્ઞાનને ગાંઠતો નથી, એવી ઘોષણા કરવાની પરિસ્થિતિ ઊભી થઈ હતી.

૧૧મી અને ૧૨મી જુલાઈ વચમાંની રાત્રીએ પ્રઘોષકને થોડીક રાહત આપી હતી, જેમાં કહેવાયું કે ધૂમકેતુના ચંચળવેડા શાંતિમાં પરિણમ્યા છે, અને ફરીથી તેણે સીધીસાદી સ્થિરગતિ પ્રાપ્ત કરી છે. એ સ્થિરતા પણ અભ્યાસ માગે છે, જે ચાલુ છે. અત્યારે ધૂમકેતુએ ફરીથી ઉત્તર-પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ તરફનું પરિભ્રમણ ચાલુ કર્યું છે. જે.બી.કે. લોવેન્થોલે તે સાથે જ એ વાતનું સમર્થન ચાલુ રાખ્યું હતું કે સોનેરી ધૂમકેતુ પડશે જ.

પાંચમીથી ૧૪મી જુલાઈ સુધી કોન્ફરન્સને બોસ્ટનનું એક જ બોસ્ટિંગ સાંભળવા મળ્યું કે : 'અગત્યની, ખૂબ જ અગત્યની ઘોષણાની રાહ જુઓ.' ૧૪મી જુલાઈએ બધું જડબેસલાક થઈ ગયું. સંમેલન સભ્યો ખાલી સૂસવાટા બોલાવતા રહ્યા.

વહેંચણીની વાત આવતાં જ મોટા માથાંઓ એવી મથામણ કરતા રહ્યા કે મોટાઓની જવાબદારી મોટી હોય, તેમને મોટો 'શેર' મળવો જોઈએ. નાનાઓ પોતાની મોટી વિકાસગાથા રજૂ કરતાં. ગરીબો ઘાંટાઓ પાડીને ઘોંઘાટ કરતાં, 'શું ગરીબોને તમારે બધાંએ ગરીબના ગરીબ જ રાખવા છે ?' પછાત મનાતા દેશો અહીં છત અને છાપરે જ ચડી જતાં. વહેંચણી વસ્તી મુજબ થવી જોઈએ, એવો પ્રસ્તાવ આવતા કોઈક પોકારી ઊઠ્યું, 'એમની વસ્તી વધારે છે, એમાં અમારો (સંમેલનનો) શો વાંક છે ? તેમણે પહેલેથી જ વિચારવું સમજવું જોઈતું હતું.'

સરખી વહેંચણી સખણી સાબિત થઈ નહિ.

જે રાષ્ટ્રો અગાઉથી ખોટ કરતા આવ્યા છે તેમને સબસીડી આપવી અને સરખી વહેંચણી ચાલુ રાખવી. એ સીડીને જમીન પર ઝાટકી દઈને પછાત રાજ્યોએ કહ્યું, 'જે અમારું જ છે, તે જ અમને આપો ને ! તમે તમારી પાસે રાખીને અમને સબસીડી આપવાની વાત શેના કરો છો ? એક વખત અમને આપી દો, પછી સબસીડી મેળવ્યા કરજો તમે જ.' રશિયા-ચીને એક સંયુક્ત નિવેદન કર્યું કે હાલ તુરત મુખ્ય મુદ્દો એટલે કે મુખ્ય માલને સુરક્ષા માટે એક સમર્થને સોંપી દો અને પછી ત્યાંથી જ નક્કી થનાર વહેંચણી થતી રહે.

એ ઠરાવ કદાચ પસાર થવા સુધીની અણી પર પહોંચી જતે, કેમકે એનો પ્રચાર જોરદાર હતો ત્યાં જ, ૧૪મી જુલાઈના રોજ એન્ડોરા પ્રજાસત્તાકના પ્રતિનિધિએ સાંજના વિરોધ પોકાર્યો. એ પ્રતિનિધિશ્રી મોન્સ્યુર રેમોન્ચોનું ભાષણ એટલું બધું ખલેલવાળું બની રહ્યું કે કોઈ કંઈ સાંભળતુ જ ન હતું. રેમોન્ચો વધુ ને વધુ

જોરથી બોલે જતાં અને ઘોંઘાટ વધુ ને વધુ ઊંચો થતો ગયો. અધ્યક્ષની હથોડી કે ટેબલ બેમાંથી શું પહેલું તૂટે છે, એ જ જોવું રહ્યું. 'કામગીરી વ્યવસ્થિત ચાલી શકી તેમ છે જ નહિ.' એ શબ્દો સાથે સભામોકૂફીની જાહેરાત અધ્યક્ષશ્રી કરે તે પહેલાં તો સભાગૃહ ખાલી થઈ ગયું હતું. અધ્યક્ષ વક્તા અને હથોડી સિવાય કોઈના જ સ્વર સંભળાતા ન હતા.

બહારની બાજુ એવા સ્વર સંભળાતા હતા કે 'આ રેમોન્ડ્યો એનું મોઢું બંધ રાખે તો સારું.'

ઠીક પણ ૧૫મી જુલાઈના લોવેન્થોલી રિપોર્ટે વળી બાજી પલટી નાખી. ગ્રીનલૅન્ડના પ્રતિનિધિ મોન્સ્યુર ડી સ્નેકે તો સંમેલનનો જાહેર બહિષ્કાર જ કરી દીધો.

લોવેન્થોલીય એ વિધાન આ હતું :

'ધૂમકેતુના આવતા વિવિધ પરિવર્તનો વિષે આપણે છેલ્લા દશ દિવસમાં જાણતા રહ્યા છીએ. આજે અમે કોઈક નિર્ણાયક સ્વર ઉચ્ચારી શકીએ છીએ. અમારો પરિપક્વ અભ્યાસ અમને એ છેવટના નિર્ણય પર લઈ આવ્યો છે.

'પાંચમી જુલાઈથી આજ સુધી જે અજાણી શક્તિ ધૂમકેતુને ચંચળ બનાવતી હતી, તેનો કોઈ પ્રભાવ આજે હવે વરતાતો નથી. આજનું અંતર પચાસ કિલોમીટર જેટલું છે.

'અજાણી એ ઊર્જા જો પહેલેથી ઓછી થઈ હોત તો ધૂમકેતુની જે સ્થિરતા અગાઉ હતી, તે સ્થિર જ રહી હોત. પૃથ્વી અને ધૂમકેતુ વચ્ચેનું જે અંતર ઓછું અને ઓછું થતું જાય છે, એ ઉપરથી આપણે કહી શકીએ છીએ કે ધૂમકેતુ પડશે જ.

'પૃથ્વીના હવામાન, વાતાવરણ, વાયુનો એક મુદ્દો રહે છે, એથી એકદમ ચોક્કસ ઘડી પળની જાહેરાત થઈ શકે તેમ નથી. પણ...

(૧) ધૂમકેતુ પડશે જરૂર.

(૨) ૧૯મી ઑગસ્ટના વહેલી પરોઢના બેથી નવના સમયે જ પડશે.

(૩) ગ્રીનલૅન્ડના પાટનગર ઉપરનીવીકથી દશ કિલોમીટરના ઘેરાવામાં જ પડશે.'

આ સમાચાર બૅન્કર રોબર્ટ લસરને જરૂર આનંદ આપનારા બની રહે. સમાચાર પ્રગટ થતાં જ સોનાના ભાવમાં ઘટાડો વર્તાયો. સોનાની ખાણોના શેરોના ભાવ પાંચગણા ગગડી ગયા.

❑

# ૧૬

# શું ગોલ્ડન બનશે ગ્રીન ગ્રીનલૅન્ડ !

૨૭મી જુલાઈ. સાઉથ કેરોલિનાના જાણીતા બંદર ચાલ્સટનથી ઊપડતી સ્ટીમર મોઝીક તરફ અગણિત ટોળાં ધસમસતાં હતાં. એટલા બધાં પ્રવાસીઓ ગ્રીનલૅન્ડ જવા ધસારો કરતા હતા કે, પંદરસો ટનના આ જહાજમાં એક પણ કૅબિન ખાલી ન હતી. આવી જ રીતે બીજાં જહાજો પણ ત્યાં જ જવા ઊપડતા હતા. એ બધાં જહાજોની દશા પણ તેવી જ હતી. ઠેઠ આર્કેટિક ધ્રુવ પ્રદેશ તરફના એટલાન્ટીક મહાસાગરના ડેવીસ ઉપસાગર તથા બેફીન બે તરફથી પણ સ્ટીમરો ઊપડતી જ હતી.

જે.બે.કે. લોવેન્થોલના છેલ્લા પ્રેસ-રિપોર્ટ પ્રગટ થયા બાદ આ ધસારો સ્વાભાવિક જ હતો. એ વિદ્વાન વૈજ્ઞાનિક ખગોળશાસ્ત્રીની ગણતરી કંઈ ખોટી ન જ હોઈ શકે. શ્રીમાન ડિન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સનની અવદશા જોયા બાદ આગાહીની ઉતાવળ તે કરી જ શકે નહિ. આ વખતે ‘ચોક્કસ’ શબ્દ વગર બીજો કોઈ શબ્દ તે જાહેરમાં લાવી શકે તેમ નહોતું.

એમના છેવટના તારણ મુજબ સોનેરી ધૂમકેતુ, ધ્રુવ પ્રદેશના કોઈ ઊંડા દરિયામાં પડવાનો ન હતો, કે જ્યાંથી તે માનવીના હાથમાં આવી જ શકે નહિ. પણ ગ્રીનલૅન્ડ વિસ્તારમાં જ તેનું પડવાનું નક્કી હતું. આ પ્રદેશ અગાઉ ડેન્માર્કના તાબા હેઠળ હતો પણ પાછળથી એને સ્વાધીનતા પ્રાપ્ત થઈ હતી. સ્વતંત્રતા અને સોનું બંને સાથોસાથ જ મળી જવાની કલ્પનાથી જ ગ્રીનલૅન્ડનો એ લીલોછમ પ્રદેશ સોનેરી બની ચૂક્યો હતો.

ટાપુ જેવો એ પ્રદેશ એટલો તો વિશાળ હતો કે એને ખંડ કહેવો કે ટાપુ, એ ચર્ચાનો વિષય હતો. કિનારાથી થોડે કે દૂરના દરિયામાં સોનાનો ગોળો ખાબકી શકે છે. મુશ્કેલી પડે તોય ત્યાં સુધી પહોંચવાની હિંમત થઈ શકે તેમ હતું. આર્કટિકની કારમી ઠંડી અને બરફીલાં તોફાનો ડારતો પ્રભાવ પાડી શકે, ઉપરથી ધ્રુવપ્રદેશનું હવામાન પણ પોતાની ચાલાકી બતાવે જ. પણ સોનેરી ધૂમકેતુનું આકર્ષણ જીવસટોસટના સાહસ કે દુ:સાહસની પ્રેરણા આપે જ. એક જમાનામાં આ અશક્ય મનાતા પ્રદેશમાં પેરી, નાનસેન જેવા કંઈક સાહસવીરોએ જીવનરેખાઓ દોરી જ બતાવી હતી ને !

મોઝીકમાં જે મહાનુભવો હતા તેમાં અમુક ધ્યાન ખેંચતી મહિલાઓ ઉપરાંત પાંચ ચહેરા તો એવા હતા કે જે ચર્ચામાં હતા, જેને ઓળખી શકાતા હતા. તેમાંના ચાર

હતા, શ્રીમાન ડિન ફોરસીથ અને તેમનો વફાદાર સહાયક ઓમિક્રોન, ત્રીજા હતા ડૉક્ટર સિડની હડલ્સન. બંને હરીફ પ્રવાસીઓએ જિંદગી દાવ પર લગાવીને રિટર્ન-ટિકિટ મેળવી હતી. તેમનું ચાલત તો તેઓ ઉપરનીવીક સુધીનું ચાર્ટર જહાજ પોતાને નામે કરી લેત. આવડો મોટો સોનાનો ગોળો પાછો કેવી રીતે લાવવો તેની મૂંઝવણ તો હતી જ. એકી વખતે એક જ જહાજમાં આવશે કે કંઈક ફેરા કરવા પડશે ?

કલ્પના અને વાસ્તવિક પરિસ્થિતિ જુદી વસ્તુ છે. તેઓ એ પણ જાણતા હતા કે ગ્રીનલૅન્ડની સરકાર પોતાના હક્કથી ધૂમકેતુનો કબજો મેળવી શકે છે. શું એ સરકાર તેમાંથી અમુક ભાગ તેમના સંશોધનિક હક્ક રૂપે નહિ આપે શું ?

એ જે હોય તે બંને વ્હેસ્ટન સ્વપ્નસેવીઓ પોતાના ધૂમકેતુને પડતો જોવા માગતા હતા, પડેલો માણવાય ઈચ્છતા જ હતા. કોઈ કહે કે ના કહે, એ ધૂમકેતુ તેમનો જ હતો.

'મોઝીક' પર સ્વાભાવિક રીતે બંને ઈચ્છુકોએ એકબીજાથી અલગ પડી જાય તેવી કૅબિન પસંદ કરી હતી. વ્હેસ્ટનની જેમ જ જહાજ પર બંને વચ્ચે કોઈ જ લેવાદેવા ન હતી.

શ્રીમતી હડલ્સને પોતાના પતિને જતાં રોક્યા ન હતા.

મિત્ઝે પણ માલિક સાથે અપશુકનવંતો બની રહે એવો કોઈ વિવાદ ઊભો કર્યો ન હતો.

ઊંડે ઊંડે ડૉક્ટરને લાગ્યું હતું કે તેઓ પોતાની પુત્રી જેનીને વિનાકારણ દંડી રહ્યા છે, એટલે તેમણે જેનીને પોતાની સાથે પ્રવાસમાં આવવા દીધી હતી. જેનીનું પિતા સાથે રહેવાનું કારણ એ હતું કે કદાચ ફ્રાન્સીસ પણ તેના મામા સાથે હોઈ શકે. અને તેમજ થયું હતું. ફ્રાન્સીસને લાગ્યું હતું કે લગ્ન ભલે લંબાઈ રહેતાં પણ તે સાથે રહીને બંને વડીલો વચમાંનું અંતર કોઈક યુક્તિથી દૂર કરી શકે. તો હજીય તેને આશા છે. પ્રેમ તો આશા ઉપર જ જીવંત રહે છે ને ! તેમાંય જો જેની જહાજ પર હોય તો બંનેને જોવા-મળવાનો મોકો તો મળતો જ રહેશે. પ્રેમીને માટે મિલન નહિ તો દર્શન કંઈ ઓછો સુખદ આહ્લાદ નથી !

જે.બી.કે. લોવેન્થોલની એક શંકા કે ધૂમકેતુ આર્કટિકના ઊંડા દરિયામાં ખાબકી શકે છે અને કોઈને હાથ નહિ લાગે. ફ્રાન્સીસને માટે એ આશાસ્પદ કિરણ હતું. ન રહે વાંસ, ન વાગે વાંસળી. બંને હરીફો પછીથી એક થયા વગર કરશે શું ?

આવું ન જ બને, ન જ બનવું જોઈએ એવું ઈચ્છનાર એક ખાસ વ્યક્તિ હતી. એ હતા ગ્રીનલૅન્ડના વિશ્વપરિષદના મુખ્ય પ્રતિનિધિ મોન્સ્યુર ઈવાલ્ડ ડી સ્નેક. એ શ્રીમાન પણ 'મોઝીક' જહાજમાં જ પ્રવાસી રૂપે મોજુદ હતા. પોતાનો દેશ

દુનિયાભરનો સહુથી સમૃદ્ધ દેશ બની રહ્યો છે, એવું દર્શન તેમને વરતાતું હતું. આટલા બધા સોનાને કેમ સાચવવું, તેની વ્યવસ્થા કેમ કરવી, તેના જ વિચારો શ્રીમાન સ્નેકના કલ્પના જગતમાં મંડરાતા હતા.

કરવેરા વગરનો, ગરીબી વગરનો, અછત અને અસંતોષ વગરનો તેનો દેશ ! અહાહા, કેવું સુખદ દર્શન છે માતૃભૂમિનું. મેરે દેશ કી ધરતી સોના ઉગલે, ઉગલે હીરે મોતી... અલબત્ત આજુબાજુના ડારતા અમુક ટોળાંઓની વચમાં એ અમાપ અપાર ધનરાશિનો તર્ક-બુદ્ધિપૂર્વકનો ઉપયોગ કરવો પડશે ! આકાશી ધનકુબેર જ્યુપિટર તેમના દેશના ખોળામાં જે સુવર્ણકુંભ ગોઠવી રહ્યા છે, તેનું આયોજન સરસમાં સરસ રીતે કરવું પડશે કે જેથી વિશ્વબજારમાં આર્થિક હલચલ ઊભી ન થાય અને ધીરે ધીરે ગ્રીનલૅન્ડ વિશ્વના ઉપરના દેશોની હરોળમાં આવી રહે.

મોન્સ્યુર સ્નેક જહાજના હીરો હતા. ફોરસીથ અને હડલ્સનને લોકો સ્નેકની સરખામણીમાં તુચ્છ ગણતા હતા અને એ બંને તરફ ધ્યાન પણ આપતા ન હતા. તેઓ બંને જ્યારે સ્નેકને જોતાં ત્યારે ઊભા ને ઊભા સળગી ઊઠતાં.

ચાલ્સટનથી ગ્રીનલૅન્ડના પાટનગર સુધીની સાગર સફરને પંદરેક દિવસ તો લાગવાના જ હતા. ત્રણ હજાર ત્રણસો માઈલનું અંતર 'મોઝીક' કંઈ કૂદીને પાર ન જ કરી શકે ! બોસ્ટન બંદરે જહાજને રોકાવું જ પડે તેમ હતું, કોલસા માટે. બીજી જીવન જરૂરી ચીજવસ્તુઓ તો અગાઉથી ભરી શકાઈ હતી. જે પ્રશ્ન મોઝીકનો હતો એ જ ઠેરઠેરથી આવતા બીજા જહાજોનો હતો. ઉપરનીવીક સુધી તેમને પૂરતો ભરપૂર કોલસો જ પહોંચાડી શકે.

મોઝીકે સહુ પ્રથમ અમેરિકાના પૂર્વ કિનારેથી ઉત્તર તરફ પ્રયાણ શરૂ કર્યું. પણ ઊપડવાને ત્રીજે દિવસે જ કેપ હેટરસથી છેવટના કેપ નોર્થ કેરોલીના સુધી આવી પહોંચ્યું. જુલાઈ મહિને આ તરફનું આકાશ લગભગ સ્વચ્છ અને અનુકૂળ રહેતું હોય છે. આટલાંટિક જહાજોને ગમતભરી રીતે બાળકોની જમ રમાડે દોડાવે છે. જયાં સુધી પવન પશ્ચિમ તરફથી આવે છે, ત્યાં સુધી દરિયો રમતનું મેદાન બની રહે છે. ક્યારેક એકદમ ઉઘાડા આકાશના પવનો થોડીક વધુ હવા ફૂંકી રહે, ત્યારે જહાજ હાલેડોલે ખરું, પણ એમાંય આહ્‌લાદના જ આલાપ માણી શકાય.

પોતાના દેશના ઉજ્જવળ ભાવિના સંકેત સાથેય મોન્સ્યુર ડી સ્નેકને દરિયાઈ- માંદગીની ઝાપટ લાગી શકતી હતી. જ્યારે એવી કોઈ સી-સિકનેસ ફોરસીથ કે હડલ્સનને લાગવાની શક્યતા ન હતી. તેમની આ પહેલી લાંબી દરિયાઈ મુસાફરી હતી અને તેમણે એની ઘણી મોટી કિંમત ચૂકવી હતી. તેમને આ બધા જોખમનો જરાય અફસોસ ન હતો. એવી જ રીતે ફરાન્સીસ જેનીને પણ દરિયાઈ ઝાપટ લાગી ન હતી. બંને જણા વખતોવખત જહાજ પર એકાંત શોધી કાઢતા. મોટે ભાગે ત્યારે જ છૂટા

પડતાં જ્યારે બંને વડીલોને જરૂર પડતી અથવા તેઓ અસ્વસ્થ બની જતા. ફ્રાન્સીસ ડૉક્ટર હડલ્સનને આશ્વાસન આપે રાખતો અને જેની શ્રીમાન ડિન ફોરસીથને સાંત્વના આપતી.

જ્યારે દરિયો એકદમ શાંત હોય ત્યારે બંને જુવાનિયા વડીલોને ડૉક પર લાવી, નેતરની ખુરસી પર બેસાડી, બંને વચ્ચેનું અંતર ઓછું થાય તેવા પ્રયાસો કરે રાખતા.

'હવે કેમ છે આપને ?' જેની શ્રીમાન ફોરસીથના પગ દાબીને પૂછતી.

'કંઈ સમજાતું નથી', કોણ પગ દાબે છે, એ તરફ ધ્યાન આપ્યા વગર જ ફોરસીથજી કહી દેતા.

ડૉક્ટરશ્રીનો પાછળનો પોચો સુંવાળો તકિયો ઠીક કરી દેતાં ફ્રાન્સીસ પણ એવી જ સેવા બજાવતો, જાણે તેમણે લગ્નની કદી ના પાડી જ નથી.

બંને વિરોધી મિત્રો ડોક ઉપર જ સારો એવો સમય પસાર કરતાં, એ જાણ્યા વગર કે તેમનો હરીફ નજીકમાં જ છે. પણ જયારે મોન્સ્યુર ડી સ્નેક સામેથી પસાર થઈ જતાં ત્યારે તેમનો શબ્દ બહારનો શબ્દકોશ ફરીથી ખૂલી જતો.

'એક નંબરનો લૂંટારો !' ફોરસીથ ફુત્કારી ઊઠતા.

'એક નંબરનો ચોર...' ચટકારા સાથે ચાબખો વીઝતા ડૉક્ટર હડલ્સન.

મોન્સ્યુર સ્નેક એ તરફ લક્ષ આપતાં નહિ. એ બંનેની હાજરીની નોંધ પણ લેતા નહિ. તેઓ તો પોતાનો સોનેરી દેશ દુનિયાભરનું દેવું ચૂકવી દઈ, નવી સુવર્ણનગરી સ્થાપી રહ્યો છે એવા જ ખ્યાલોમાં મસ્ત બનીને ઝૂમી રહેતાં.

મોઝીકની જેમ જ બીજા જહાજો પણ આટલાંટિક મહાસાગરને ઓળંગી રહ્યા હતા.

મોઝીકે ન્યૂયોર્ક થોભ્યા વગર જ સવારી આગળ વધારી અને બોસ્ટન તરફના ઉત્તર-પૂર્વ સાગરને સલામી આપી દીધી. ૩૦મી જુલાઈના રોજ મેસેચ્યુસેટ્સ રાજ્યના પાટનગર બહાર લંગર નાખ્યા. ભારોભાર કોલસા ભરી લેવા માટે એક દિવસનો સમય પૂરતો હતો. આખરે ગ્રીનલૅન્ડ સુધી પહોંચી, પાછાય ફરવાનું હતું.

સફર એવી કોઈ કષ્ટદાયક ન હતી પણ અમુક પ્રવાસીઓ આવા એકધારા અનુભવથી કંટાળવા લાગ્યા હતા. કંઈક તો પાછા ફરી જવા તૈયાર થઈ ગયા. નહિ. હવે આગળ નહિ. બોસ્ટન આવે એટલી વાર. ભલા આમાં છે શું ?

પણ આમાં ફોરસીથ હડલ્સનનો સમાવેશ ન હતો. તેઓ મરણિયા બન્યા હતા. જિંદગી જો અહી જ પૂરી થતી હોય તો ભલે થાય. એક વખત ધૂમકેતુના ચળકતાં દર્શન

કરી લઈએ એટલે બસ.

કેટલાક ઊતરી પડયા એટલે મોઝીકમાં વધુ કૅબિનો ખાલી થઈ. એ બધી બૉસ્ટનના ઉત્સાહી નવાંગતુકોએ રોકી લીધી. એ બધામાં એક જાજરમાન રુઆબદાર દબદબાભરેલા જેન્ટલમેન પધારીને પૂછતા હતા, 'કોઈ ઊંચી કૅબિન ખાલી ખરી કે ?' એ શ્રીમાન બીજા કોઈ નહિ પણ શેઠ સ્ટેનફોર્ડ જ હતા. છૂટાછેડા બાદ સ્ટેનફોર્ડશ્રી બૉસ્ટન આવી પહોંચ્યા હતા. નવા નવા પ્રવાસ સાહસના શોખીન તેઓશ્રી લોવેન્થોલના લેખોથી ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે જાપાન જવાનો વિચાર ઊંચો મૂક્યો હતો. છેલ્લા બે મહિના તેઓ કેનેડાનો ખૂણેખૂણો ખૂંદી વળ્યા હતા. ક્વીબેક, ટોરોન્ટો, મોન્ટ્રીયલ, ઓટાવા... આ જાવ ! તેઓશ્રી શું પોતાનાથી અલગ થયેલી પત્નીને ભૂલવાનો પ્રયાસ કરતા હતા ? એવી જરૂર ન હતી. બંને પક્ષે એકબીજાની સંમતિથી જ છૂટા થવાનું સ્વીકાર્યું હતું. પહેલાં સામસામા રાજી કરવા ઉત્સુક હતા, પછી છૂટા થયા. જેટલા લગ્ન અનોખા હતા, એટલી જ જુદાઈ જુદી જાતની હતી. બંને ફરીથી મળી જવાની કોઈ સંભાવના જ ન હતી, તેમ છતાં જો મળી જાય તો ઓળખવાનીય જરૂર ન હતી. શું કામ ?

શ્રીમાન શેઠ સ્ટેનફોર્ડ ટોરોન્ટોમાં હતા અને જે.બી.કે. લોવેન્થોલનો ગ્રીનલૅન્ડમાં પડનાર સોનેરી ધૂમકેતુનો લેખ તેમણે વાંચ્યો. એશિયા આફ્રિકાથીય હજારો માઈલ દૂરની વાત હોવા છતાં તેમને જવામાં કોઈ વાંધો ન હતો. તેમને તો સોનેરી ધૂમકેતુના તમામ ઑપરેશનમાં રસ હતો. એવું અદ્‌ભુત દૃશ્ય વળી બીજે ક્યાં જોવા મળશે ? એ માટે ગ્રીનલૅન્ડ શું એન્ડ-ઓફ-ધી-લૅન્ડ સુધી જવું પડે તો ધરતીનો એ છેડોય જરૂર અવનવો જ હશે !

શ્રી સ્ટેનફોર્ડે એટલે જ ક્વીબેકથી ઊપડતી પહેલી ટ્રેઈનમાં બૉસ્ટન સુધી પહોંચ્યા. ત્યાંથી ડોમિનિયન મેદાનો પસાર કરી ન્યૂ-ઇંગ્લૅડ આવી પહોંચ્યા. ૪૮ કલાકની વિકટ જેવી મુસાફરીનો જરાય રંજ કર્યા વગર તેમને મોઝીકમાં મનગમતું સ્થાન મળી ગયું અને મોઝીકે વચમાંના કોઈ બંદરોની પરવા કર્યા વગર મધદરિયે જ ધસમસતી સફર ચાલુ રાખી. પોર્ટસમથ અને પોર્ટલૅન્ડ તો દૂરથી જ પસાર થઈ ગયા. સિગ્નલ આપતાં બંદરોનો દૂરથી જ જવાબ આપી દઈ મોઝીક ચોકખા આકાશનો લાભ લઈ ખરેખર દોડમાં ઊતર્યું હતું. ન્યૂ સ્કોટલૅન્ડ અને ન્યૂ બ્રુન્સવીકના વચમાંના 'બૅ ઓ ફન્ડુ'ની મઝા પણ પ્રવાસીઓ માણી શકયા નહિ. કેમકે જહાજનું તો અત્યારે એક જ ધ્યેય હતું. આગળ વધો. કેપ બ્રેટોન ટાપુ સુધી પહોંચતાં અજાણ્યા દરિયાના ઉછાળાઓએ ઘણાં પ્રવાસીઓને દરિયાઈ માંદગીની ભેટ ધરી દીધી, જેમાં ફ્રાન્સીસ અને જેનીની કાળજીપૂર્વકની શુશ્રૂષા છતાં શ્રીમાન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સન પણ બાકી ન રહ્યા.

'મોઝીક'ના કપ્તાનને બીમાર પ્રવાસીઓની ચિંતા થતી. તેણે માવજત ટુકડીય નિયુક્ત કરી હતી. ખાસ અસર તો વણથોભી લાંબી મુસાફરીને લઈને જ થતી હતી, પણ કેપ્ટન રોકાઈ શકે તેમ ન હતું. ગલ્ફ ઑફ સેઈન્ટ લૉરેન્સમાં કાળજી રાખવી જરૂરી હતી. બેલે ટાપુને પસાર કરતાં મોજાંઓએ મસ્તાનું નૃત્ય આદર્યું, ન્યૂફાઉન્ડલૅન્ડના બરફીલા વારિનું વર્તન વળી જુદા જ પ્રકારનું હતું. પશ્ચિમી ઘાટના ડેવીસ સ્ટ્રેઇટ થઈને ગ્રીનલૅન્ડના પશ્ચિમી કિનારા તરફ પહોંચવાની સાવધાની બહેતર નિપુણતાની કસોટી કરતી હતી. વચમાં કદીક મુસાફરી હળવી બની રહેતી, પણ વચમાં વચમાં અને કદીક જ.

સાતમી ઓગસ્ટની સવારે કેપ કમ્ફોર્ટનાં દર્શન થયાં. ગ્રીનલૅન્ડની સીમા સરહદ પૂર્વ બાજુ સમાપ્ત થતી હતી. એટલે જ કેપ-ફારવેલનું નામ વિદાયનું બંદર પડ્યું હતું. આ જગાએ ઉત્તર આટલાંટીકનાં મોજાંઓ ખૂબી ભરેલી ઘૂમરીઓ માટે જાણીતા છે. ન્યૂ ફાઉન્ડલૅન્ડ અને આઈસલૅન્ડના આ અવળચંડા ભાગને 'વૉટર્સ ઑફ ધી કરેજિયસ ફિશર્સ' તરીકે ઓળખવામાં આવે છે, કેમકે માથા ફરેલ માછીમારો જ આ ક્ષેત્રમાં પ્રવેશે છે.

સુખદ રીતે ગ્રીનલૅન્ડના પૂર્વ વિભાગથી ડરવાની જરૂર ન હતી. ગમે તેવા જહાજોને 'રૂક જાવ'ના હુકમો આપતાં મોજાંઓએ એક બાજુ ઊંડી ગંભીરતા ધારણ કરી લીધી હતી. બીજી બાજુ છીછરા ટાપુઓ તરફના ડેવીસ સ્ટ્રેઈટ તરફ જહાજને ભારેમાં ભારે ખૂબી ભરેલી કાળજી રાખવી પડતી. તેમ છતાં જ્યારે દક્ષિણી વાયરાના વા વાતા ત્યારે જહાજને સરળતા પ્રવાસીઓ બબડે કે ફફડે, પ્રવાસ ચાલુ જ રહ્યો. ઉપર આભ અને નીચે દરિયો, 'કેમ રે પહોંચશે એ દરિયાનો પોરિયો' કહેવતમાં 'ક્યાં રે પહોંચશે' મૂકવું જરૂર બની રહેતું.

ગ્રીનલૅન્ડનો આ દરિયો કેપ ફેરવેલ અને ડિસ્કો આઈલૅન્ડની વચમાં ઊંચી ઊંચી કરાડો, પહાડીઓ, સિસમિયા શિલાવૃંદોનો મહિમા ગાઈ રહે છે. ફારવેલ અને ફેરવેલમાં સ્વાભાવિક ફેર છે જ. ફારવેલ વિદાયનો સૂર સંભળાવે છે, ફેરવેલ ખુશીની શુભેચ્છા પાઠવે છે. સૈકાઓના સૈકાઓ જૂના આ તોતિંગ પહાડો ભેદી દેવદૂતો કે આકાશી અવધૂતો જેવા ભાસે છે. અહીં થઈને આગળ વધતાં જહાજને તેમના આશીર્વાદની જરૂર રહે છે જ. આ પહાડીઓ બરફીલા પવનને અવરોધેય ખરા અને સૂસવાટા ભરેલા વળાંકોય તેમને આપી દે. ધ્રુવીય સાગરપ્રવાહના બરફીલા વારિ પણ અહીંના આવાગમનને રોકતાં નથી, શિયાળામાંય નહિ.

લાંબું અંતર કાપી 'મોઝીક' ગિલ્બર્ટ-બૅ સુધી આવી પહોંચ્યું. ત્યાંથી થોડા કલાકે તેણે ગુ-લાબના પાણીને વંદન કર્યાં. અહીં રસોઈયાઓ મોટા જથ્થામાં માછલી સંચિત કરી શકે છે. ગ્રીનલૅન્ડર્સનો અહીંની માછલી મુખ્ય ખોરાક છે. અહીંથી જહાજને

હોલ્સ્ટીનબર્ગ તથા ક્રિશ્ચિયન શૉબ તરફ આગળ વધવાનું રહે છે. અહી પેલી સિસમિયા પહાડી એવી ગીચ અને ઊંચી છે કે ડિસ્કો-બૅની બીજી બાજુનું કંઈ પણ જોઈ શકાતું નથી. અહીંથી જેઓ પાછા ફરી જાય છે તેઓ વ્હેલ, નારવાલ વોલરસ તથા સિલ માછલીઓને પામી શકતા નથી. બેફિન-બૅ સુધીનો દરિયો અહીં તમને કદી અવનવા દરિયાઈ ખોરાકથી વંચિત રાખતો નથી.

સ્ટીમર મોઝીક તારીખ નવમી ઑગસ્ટ વહેલી સવારે ડિસ્કો ટાપુ પર પહોંચી. ગ્રીનલૅન્ડના અવનવા અને નાના મોટા ટાપુઓનો આ પાણીની ઉપરનો પાણીની વચમાંનો પાણીની અંદરનો ડિસ્કો સ્વરૂપે નૃત્ય કરતો સમૂહ-નર્તક-વૃંદ છે. અહીંનું મુખ્ય નગર ગુડહેવન ઉત્તર કિનારા તરફ છે, જે મોટે ભાગે મેદાની ભૂમિ ધરાવે છે. ઘર પથ્થરોના નથી, કાષ્ટગૃહો છે, જેના છાપરા ઘટ્ટ ડામરથી સંધાયેલા હોય છે. આ પ્રકારનો ડામર ઘરની બહારની લક્કડિયા દીવાલોને પણ જોડતો રહે છે.

ધૂમકેતુનો ધુમાડો જેમના ભેજામાં ભરાયો નથી, એવા બે નવજુવાનિયાઓ ફ્રાન્સીસ ગોર્ડન અને શેઠ સ્ટેનફોર્ડ આ કાળાં-હરિયાળા નિવાસ સ્થાનોની ભૂમિકા ખરેખર માણવા લાગ્યા. ભૂરા લીલા લાલ કાળાં ઘટ્ટ રંગોનો અહીં મહિમા હતો.

શિયાળાનું અહીંનું જીવન કેવું હશે ? બંનેને જાણીને નવાઈ લાગી કે બરાબર સ્ટોકહોમ અને કોપનહેગન જેવું જ. અમુક ઘરોમાં ફર્નિચર ઓછું હતું પણ આરામદાયક સગવડો હતી જ. તેમાં એક ડ્રોઈંગરુમ, એક ડાઈનિંગ રૂમ તથા લાઈબ્રેરી સહિતની બીજી પૂરક સહેલ હતી. 'ડેનીસ'નો અર્થ 'સાંસ્કૃતિક' થાય છે. અહીંના સંસ્કાર આદરણીય આતિથ્યને વરેલા છે. અહીંનો વડો અધિકારી સરકાર તરફથી નિયુક્ત થાય છે, જેની મુખ્ય બેઠક ઉપરનીવીકમાં રહે છે.

આ નગર બંદરના દ્વારે, પાછળ ડિસ્કો ટાપુઓના સમૂહને પસાર કરી, 'મોઝીકે' ૧૦મી ઑગસ્ટની સાંજના છ વાગે લંગર નાંગર્યા.

❑

# ૧૭

# ખરેખર અદ્દભુત હોય છે મિલન !

બરફ આચ્છાદિત આ દેશનું ખરું નામ ગ્રીનલૅન્ડને બદલે (ધવલ-ભૂમિ) વ્હાઈટ-બૅન્ડ હોવું જોઈતું હતું. ગ્રીનલૅન્ડ જેવું નામ આ ટાપુદેશના મૂળ દશમી સદીના શોધક ગોડફાધર 'એરીક ધી રેડે' પાડ્યું હતું. એ સ્કેન્ડીનેવિયન સાહસવીર ઈચ્છતો હતો કે તેના દેશવાસીઓ અહીં આવી આ ગ્રીનલૅન્ડને વધુ ગ્રીન બનાવે. એરીકનું સપનું સાકાર થયું ન હતું. એવા હરિયાળા નામાભિમાનથી પણ કોલોનીસ્ટો આકર્ષાયા ન હતા. અત્યારે અહીંના મૂળ આદિવાસીઓ સહિતની વસ્તી આશરે દશ હજાર જેટલી હતી.

જો સોનેરી ધૂમકેતુને ગંગાવતરણની જેમ પૃથ્વી પર અવતરણની સ્વેચ્છાએ ઈચ્છા થઈ હોત તો તો જરૂર તે ધરતીની આ જ ભૂમિ પસંદ કરત. ઉપરનીવીક વાસીઓ એ ધૂમકેતુને આકાશી શુભેચ્છા જ માનતા હતા, પણ તેમની વિનંતી હતી કે તે દૂર દરિયાને બદલે અહીંના કોઈ મેદાન પર અવતરે.

અહીંની ધરતી કદાચ ધૂમકેતુ જેવા આકાશી પદાર્થો માટેની આમંત્રણ ભૂમિ હતી. અહીંના ડિસ્કો આઈલૅન્ડ અને નોર્ડનકોલ્ડમાં ત્રણ ધાતુ મિશ્રિત ઉલ્કા ખંડો મળી આવ્યા છે અને દરેકનું વજન ચોવીસ ટનથી ઓછું નથી. અત્યારે એ સ્ટોકહોમ મ્યુઝિયમમાં સ્થાન ધરાવે છે.

નસીબજોગે જે.બી.કે. લોવેન્થોલે કોઈ ભૂલ કરી ન હતી, ધૂમકેતુ ઑગસ્ટ મહિનામાં જ પડવાનો હતો અને છૂટ ધરાવતી અનુકૂળ જગાએ જ પડવાનો હતો. જ્યાંનું ઉષ્ણતામાન ઠારબિંદુથી ઉપર હોય ! ગ્રીનલૅન્ડની આબોહવા આ મહિનાઓ દરમિયાન એ જ પ્રકારની હોય છે. અહીંના બગીચાઓમાં થોડાક શાકભાજી અને ઘાસ ઊગે છે. જ્યારે આગળ ઉપરના પ્રદેશમાં વનસ્પતિશાસ્ત્રીઓ લીચી અને સ્ટ્રોબેરી જેવાં ફળ મેળવી શકે છે. કિનારાની આજુબાજુ બરફ ઓગળે ત્યારે પશુઓ માટેના ઘાસની છત રહે છે. જોકે અહીં ગાય-બળદની સંખ્યા સોએકથી વધારે નહિ હોય. હા, મરઘાં-બતકાં અને બકરાં-બકરીની સંખ્યા જોઈએ તેટલી ખરી. એમ તો રેઈન્ડિયર ખરા અને શ્વાનજાતિની સંખ્યાને કોણ રોકી શક્યું છે ?

બે-ત્રણ મહિનાની હળવી મોસમ પૂરી થતાં જ શિયાળો પોતાની લાંબી રાત્રીઓ સહિત પડાવ જમાવે છે. ધ્રુવપ્રદેશના ઠંડા પવનના સૂસવાટા ક્યારેક

બરફના તોફાનમાં પરિણમે છે. ઘાસ પરનાં મેદાનો પરથી બરફની કણી જેવા સૂક્ષ્મ પદાર્થો ઊડતા નજરે પડે છે, જે પ્રકારના માઈક્રોસ્કોપીક પરમાણુઓ નોર્ડનકોલ્ડમાંય જોવા મળે છે.

સોનેરી ધૂમકેતુ ગ્રીનલૅન્ડની ભૂમિ ઉપર પડવાનો ન હતો એટલે એની ગ્રીનલૅન્ડની માલિકી બક્ષી શકાય કે કેમ, એ એક સવાલ હતો. ઉપરનીવીક દરિયાઈ કિનારો જ નથી, એક ટાપુ પણ છે, બલકે ટાપુઓનો સમૂહ. ધૂમકેતુને પડવા માટેની એ જગા નાની અને અગવડભરી જ કહી શકાય. ધૂમકેતુ જો પોતાનું નિશાન ચૂકી જાય તો તે બૅફીન-બેના પાણીમાં જ પડી શકે. અહી પાણીનું ઊંડાણ બે હજારથી વધુ ફૂટની ઊંડાઈ ધરાવે છે. અહીના દરિયાનું ઊંડાણ પણ એટલું ખરું જ. એટલે એવા મહા-ઊંડાણમાંથી નવ લાખ ટન વજનના ગોળાને બહાર કાઢવો એક અશક્ય જ વાત બની રહે.

મોન્સ્યુર ડી સ્નેકને એ વિષેની ચિંતા હતી જ. સ્ટીમરમાં તેમની શેઠ સ્ટેનફોર્ડ સાથે દોસ્તી થઈ હતી. તેમનો અને તેમના અનુભવ તથા જ્ઞાન પર વિશ્વાસ બેસતાં તેમણે એ વિષે તેમની સાથે ચર્ચા કરી હતી. બંને નવા બનેલા મિત્રોએ એવું જ વિચાર્યું કે જોઈએ, શ્રીમાન લોવેન્થોલની આગાહી કેટલીક સાચી પડે છે ?

ધૂમકેતુ ઊંડા દરિયામાં ખાબકે તો એનો સહુથી વધારે આનંદ ફ્રાન્સીસ-જેનીને હતો. બીજા જહાજો મોઝીકનું અનુકરણ કરી, ઉપરનીવીકની આજુબાજુ આમતેમ જ ફેલાયા હતા. તેઓ પોતાના લાંબા પ્રવાસનું ઈનામ ઈચ્છતા હતા. એ બધાંની તરફેણમાં એક જ પ્રકાશ હતો. હા, અહી અંધકાર ન હતો. ઉનાળાના ચાળીસ પ્રથમ દિવસો અને ચાળીસ પાછળના દિવસોમાં સૂરજ અહીની ક્ષિતિજમાં મંડરાતો રહેતો. એથી ધૂમકેતુને જોવાનો મોકો તેમને ચોક્કસ મળવાનો જ હતો. જે.બી.કે. લોવેન્થોલની આગાહી મુજબ તો ધૂમકેતુ ઉપરનીવીક ડોક સ્ટેશનની નજીક જ ધામા નાખવાનો હતો.

આગમનના દિવસે ઘણાંબધાં પ્રવાસીઓ પેલા કાષ્ટગૃહોનું દૂરથી અને નજીકથી અધ્યયન કરતા હતા. મુખ્ય મકાન રાષ્ટ્રના સફેદ ધ્વજ અને રેડ-ક્રોસ ચિહ્નથી જુદું તરી આવતું હતું. અત્રેના ગ્રીનલૅન્ડવાસીઓએ એક સાથે આટલા બધાં મહેમાનોને પધારેલા કદી નિહાળ્યા ન હતા. તેમના કાષ્ટગૃહોમાં વળી જોવા જેવું શું છે ?

અહીની વસ્તી મોટેભાગે પશ્ચિમ કાંઠા પર હતી. વતનીઓ સહેજ ટૂંકા, મધ્યમ કદના, જાડા, મજબૂત આકાર પ્રકારના હતા. તેમના પગ ટૂંકા, હાથ નાજુક, કાંડા વળી વધુ પાતળા હોવાથી નવાઈ પમાડતા.

તેમના ચહેરા પહોળા તથા નાક બેઠેલા, આંખો ઝાંખી બીલી અને ખેંચાવેલી, વાળ કાળા તથા બરછટ. તેમની રૂપરેખા એક રીતે સિલ જેવી લાગતી કે જેથી આકરી

ઠંડી સામે તેમને રક્ષણ મળી શકે. પુરુષ-સ્ત્રી બંને એક જ પ્રકારનો પોશાક પહેરતાં, જેમાં બૂટ પાટલૂન ઝભ્ભા જેવો કોટ સામેલ રહેતો. મહિલાઓ આકર્ષક વરતાતી, વાળ છત્રીની જેમ રાખતી અને તેમાં ત્યાં જ મળી આવતી જાતજાતની રિબીનો ખોસતી. અગાઉની છૂંદણાંની ફેશન હવે રહી ન હતી પણ બંનેમાં હજી નાચવા-ગાવાનો શોખ કાયમ રહ્યો હતો. મનોરંજનનું એટલું જ સાધન હતું ! તેમનું પીણું પાણી, ખોરાકમાં તાજી સિલ તથા અમુક પ્રકારના શ્વાન પણ માછલીઓ સાથે ખાઈ શકાતા. દરિયાઈ વનસ્પતિ તથા એક પ્રકારના બેરી-ફળ તેઓ ભોજન સાથે લેતા. તાત્પર્ય કે ખાણી-પીણીમાં ખાસ કોઈ વિવિધતા ન હતી.

અહીંના થોડાએક સો નિવાસીને ઉપરનીવીક ટાપુ પર આવી પહોંચેલા આટલા બધાં પ્રવાસીઓને જોઈને કૌતુક થયું. તેમાંય જ્યારે તેમણે કારણ જાણ્યું ત્યારે તેઓ પણ ઉત્તેજિત થઈ ગયા. તેમણે સોના વિષે સાંભળ્યું ન હતું એમ નહિ, પણ એટલા બધાં સોનાને લોકો કરશે શું ? તેમને એમાંથી કંઈ મળવાનું નથી, અથવા મળે તોય તેનું શું કરશે એ લોકો ? જરૂર એ બંધુ બીજાઓ જ લઈ જશે, જુઓને લેવા માટે જ અહીં સુધી આવી લાગ્યા છે તે એ બધાં ! ધારો કે અહીં રહે તોપણ બધું રાજ્યની તિજોરીમાં ચાલ્યું જશે, અને પછી કદી બહાર નહિ આવે ! એ જ હોય તે, તેમનેય સોનાનું કુતૂહલ થયું. થોડુંઘણુંય મળી જાય તો ગ્રીનલૅન્ડ ગરીબોનું જરૂર ભલું થઈ શકે.

દરમિયાનમાં નિર્ણાયક ઘડી નજીક આવતી જ હતી. જો બીજી સ્ટીમરો આવી પહોંચે તો ઉપરનીવીક બંદર બધાંને કેવી રીતે સમાવી શકશે એ પ્રશ્ન ઊભો થવાનો જ હતો. સાથે જ જેઓ પહેલાં આવી પહોંચ્યા છે. તેઓ ઠેઠ સુધી રહેશે ખરા ? એ બીજો પ્રશ્ન હતો. સપ્ટેમ્બર શરૂ થતાં જ શિયાળો શરૂ, શિયાળો શરૂ એટલે બરફ શરૂ. બેફીન-બૅ અશક્ય બને જ. જનારને દક્ષિણ તરફથી જ જવું પડે, કેપ ફેરવેલ પાર કરીને, જ્યાં જામ થઈ ગયેલો બરફ સાતથી આઠ મહિના જહાજોને કેદ જ કરી રાખે, તેય સલામતી સાથે નહિ જ.

જે રહી જાય તે પ્રવાસીઓને ટાપુની વિકટતાનો સામનો કરવો જ પડે. ખડકાળ પહાડી, ખડકીલી ખીણ, વચમાં વચમાં મેદાનો, પાછી ટેકરીઓ. ચાલે તો કેટલું ચાલે, ક્યાં સુધી ચાલે, કેટલે દૂર ચાલે ? અણીદાર બરડ ઘાસ સ્વાગત કરે, છોડવાઓ જે કદી વૃક્ષ બનનાર ન હતા, બંદર નાના અને ભૂલા પાડી દે તેવા, આકાશ મોટે ભાગે ધૂંધળું રહે, પૂર્વના તોફાની પવનો ગાઢ વાદળોને ખેંચી લાવે. ઉષ્ણતામાન કદી ૫૦ ડિગ્રી ફેરનહેઈટથી ઉપર જાય નહિ, પ્રવાસીઓને આરામ વિરામ ખાણીપીણી માટે જહાજ પર પાછા પહોંચવું જ પડે. નામ ગુડહેવન, પણ ન મળે ગુડ ફુડ, ન મળે ગુડ વિસામો. દૂર નીકળી ગયા હોય તો પાછા ફરવુંય મુશ્કેલ.

મોઝીકે લંગર નાખ્યાને પાંચ દિવસ થઈ ગયા હતા. ત્યારે ૧૬મી ઑગસ્ટના રોજ છેલ્લી સ્ટીમર ઉપરનીવીક બંદરે આવી લાગી. આર્કીપેલેગોના નાનાથી વધુ નાના ટાપુ સમૂહોને પાર કરતું એ જહાજ અનુકૂળ સ્થળની શોધમાં અહીં સુધી આવી લાગ્યું હતું. કૂવાથંભ ઉપર યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાનો ધ્વજ ફરફરતો હતો. એમાં તાજા નવા ઉત્સુક પ્રવાસીઓની ઝાંખી થઈ શકતી હતી. સવારના અગિયારેક વાગે હજી જહાજ લંગર નાખે કે તરત જ તેમાંથી ટાપુ પર પહોંચવા એક વ્યક્તિ અધીરી વરતાતી હતી. જહાજની નાની હોડીમાં, તેણે આગ્રહ કરીને આગળ અને પ્રથમ બેઠક લીધી. એ શ્રીમાન વ્હાર્ફ, બોસ્ટન ઓબ્ઝરવેટરીના અગ્રિમ અન્વેષક ખગોળશાસ્ત્રી ટાપુ પર પગ મૂકતાં જ તેમણે વહેલી તકે ઉપરનીવીકની સરકારી કચેરી પર પહોંચી જવાની પેરવી કરી. જતાંની સાથે જ તેમણે મોન્સ્યુર ડી સ્નેકને સંદેશો પાઠવ્યો. સ્નેકશ્રી તરત જ હાજર થયા. બધાંના ચહેરા પર ચિંતા ફરી વળી. શું ધૂમકેતુએ પાછી પોતાની રૂખ બદલી હશે ?

પણ હાજર રહેલાઓને જણાવવામાં આવ્યું કે જે.બી.કે. લોવેન્થોલની ગણતરી સાચી જ છે. શ્રીમાન વ્હાર્ફનું આગમન ધૂમકેતુના ઉત્તરાયણ વખતની હર પ્રકારની કાળજી રાખવા માટે જ થયું છે. તેઓ દરેક બાબતના નિરીક્ષક રહેશે.

૧૬મી ઑગસ્ટ હવે પછીના ૨૪ ૩ કલાકમાં ધૂમકેતુ ગ્રીનલૅન્ડની ભૂમિ પર લૅન્ડ કરશે.

'સિવાય કે એ દરિયાને ઠેઠ તળિયે પહોંચી જાય નહિ.' ફ્રાન્સીસ જેનીએ એક સાથે વિચાર્યું.

ત્રણ દિવસ કંઈ લાંબો સમય ન હતો, છતા રાહ જોવાની વાત અકળાવી મૂકતી હતી. કેમકે અહીં સમય પસાર કરવાનું કોઈ સાધન જ ન હતું, ઉત્સુકો પોતાના જડબાં તૂટી જાય ત્યાં સુધી બગાસા ખાતા હતા, એ જ સમયપાલનનું માધ્યમ હતું.

તેમ છતાં એ બધાંમાંનાં એક શ્રીમાન પૂરી લિજ્જત માણતા હતા. ખુશ હતા. એ હતા શ્રીમાન શેઠ સ્ટેનફોર્ડ. દુનિયાભરની અજબગજબની મુસાફરીઓ પાર પાડનાર એ શોખીન વિશ્વપ્રવાસીને ગમત કેમ શોધી કાઢવી, એ કળા લભ્ય હતી. સાથી શોધવામાં ઝાઝી વાર થતી નહિ.

એમની ગમ્મતનેય ગમ્મત સૂઝે એવી એક પ્રતિભા ઓરેગોન પરથી આવેલી નાની હોડીમાંથી જમીન પર આવવા લાગી. સંજોગ કહો કે જે કહેવું હોય તે કહો, શ્રીમાન સ્ટેનફોર્ડ ઉતારુઓને ઊતરતા નિહાળી રહ્યા હતા, ત્યારે જ એક તરવરાટવાળી નવયુવતી તેમની નજરે પડી. આંખને વિશ્વાસ ન બેસે એવી જ ઘટના હતી. તેમણે ખુશી કે નાખુશી વચ્ચેના તટસ્થ ભાવ સાથે અભિવાદન કર્યું : 'કુમારી આર્કેડિયા વોકર જ કે ?'

'મિસ્ટર શેઠ સ્ટેનફોર્ડ જ કે ?' એ ચંચળ મહિલાએ એવી જ રીતે આશ્ચર્યચકિત થઈને સાચું પૂછ્યું.

'આવા અવાવરું અજાણ્યા ટાપુ ઉપર આપને ફરી મળવાનું થશે, મિસ આર્કેડિયા ! એનો તો મને સ્વપ્નેય ખ્યાલ આવ્યો ન હતો.

'તમને કદીય મળી શકીશ,' આર્કેડિયા બોલી ઊઠી, 'એવું તો મેં કદી સપનુંય સેવ્યું ન હતું.'

'કદાચ અકસ્માતનું નામ જ જિંદગી હશે. હા કેમ છો મિસ આર્કેડિયા ?'

'એકદમ ફાઈન મિસ્ટર સ્ટેનફોર્ડ અને આપ ?'

'સરસ જ વળી.'

ત્યારબાદ બંને પહેલી વખત મળતાં હોય એમ જ વાત કરવા લાગ્યા.

'તો હજી એ પડયો નથી ખરું ?' મિસ વોકરે આકાશ તરફ જોઈને પૂછ્યું.

'જી ના. એ હજી હવામાં જ તરે છે, પણ એ નીચે આવે છે એમ જ સમજોને.'

'એ વખતે હું હાજર રહેવા માગું છું.' બાનુએ પૂરા ચાપલ્ય સાથે કહ્યું.

'હું પણ.' શ્રીમાન શેઠ સ્ટેનફોર્ડે ટહુકો પૂર્યો.

દુનિયા દેખવાની દાની દિલાવરી ધરાવતા એ બંનેનું આ મિલન વિચિત્ર રૂપે સચિત્ર હતું. બંને જૂના મિત્રો કદાચ ન હતા અથવા મટી ગયા હતા, પણ બંને વચ્ચે ઓળખાણ તો હતી જ.

એ ખરું કે કુમારી આર્કેડિયાને શેઠ સ્ટેનફોર્ડમાં પોતાનો 'આદર્શ' પ્રાપ્ત થયો ન હતો. પણ આર્કેડિયાને ઓળખનાર કહી શકે કે એવો કોઈ 'આદર્શ' આ ધરતી પર હતો જ નહિ. તે અગાઉ નહિ, તે પછીય નહિ. 'પહેલી નજર'ના પ્રેમમાં એ બાનુ માનતી ન હતી અને પ્રેમમાં પડીને કે છૂટા થયા બાદ ગીત ગાયા કરનારી એ હરગીઝ ન હતી.

એક વિશ્વાસુ અનુભવ બાદ તેને લાગ્યું કે 'લગ્ન' શબ્દ જ તેને અનુકૂળ નથી અથવા તે 'લગ્ન'ને લાયક નથી. શેઠ સ્ટેનફોર્ડનુંય એવું જ. ઉપરથી સ્ટેન તો કોઈને દુ:ખી જોવા ટેવાયેલા જ ન હતા. પોતાના અસ્તિત્વથી અથવા વ્યવહાર કે શ્વાસોચ્છ્વાસથી આર્કેડિયાને તકલીફ થતી હોય અને એની ઈચ્છા છૂટી થવાની હોય તો ભલે એ રાજી રહે. પણ તેણે આર્કેડિયાને સ્મૃતિ પોતાના મનમાં અનામત સંઘરી રાખી હતી.

આર્કેડિયાને વિચાર કરતાં લાગ્યું હતું કે તેની પોતાની ફોર્મ્યુલા મુજબનો કોઈ 'પતિ' છે જ નહિ. જેવો છે તેવો, જેટલો છે તેટલો સ્ટેન જ કદાચ ઠીક હતો. પણ જે થયું તે થયું.

કોઈ પણ જાતના આરોપ આક્ષેપ વગર બંને છૂટા પડ્યા હતા. છૂટા થયા છતાં બંનેને એકબીજા માટે માન હતું, યાદ સાથે રમવું બંનેને ગમતું.

શ્રીમાન શેઠ સ્ટેનફોર્ડ પોતાની મરજી પડે ત્યાં ઘૂમતા રહ્યા, મિસ આર્કેડિયા જ્યાં કૌતુક જોવા મળે ત્યાં ભ્રમણ કરતી રહી. બંનેના અવનવા પ્રવાસ-શોખને લઈને જ બંને જણા ગ્રીનલૅન્ડ પધાર્યા હતા. અને મળ્યા જ છે ત્યારે અજાણ્યા દેખાવાનો શો અર્થ ? એ પ્રકારના પૂર્વગ્રહો, નાદાન પ્રકારના અધૂરા માનવીઓ જ રાખે, આ બે જેવા ખાનદાની વિચારધારા વાળા નહિ જ.

શ્રીમાન સ્ટેનફોર્ડે પોતાની સેવાઓ મિસ આર્કેડિયા માટે રજૂ કરી દીધી અને આર્કેડિયાએ તે વિના સંકોચે સ્વીકારી લીધી. અત્યારે બંનેનું લક્ષ ધૂમકેતુ તરફ હતું.

કલાકો પસાર થતાં અહી આવેલા પ્રવાસીઓની ઉત્તેજના વધતી જતી હતી. લાગતા વળગતાની અધીરાઈની વળ ન પૂછો. એવા અજંપિત આત્માઓમાં મુખ્ય હતા શ્રીમાન ડિન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સન. એ બંને હજી ધૂમકેતુને પોતાનો – પોતાનો જ માનતા હતા અને હાથમાંથી ના છૂટી જાય તેવી કામના કરતા હતા.

'એ કોઈ પણ સંજોગોમાં ટાપુ ઉપર જ પડવો જોઈએ.' બંનેના ઉચ્ચાર હતા.

'અને બીજે નહિ જ, બહાર તો નહિ જ નહિ', તેમની ખાસ પ્રાર્થના હતી. તેમને હવે બીજાઓ ઉપરાંત ગ્રીનલૅન્ડ ગવર્નમેન્ટનોય ભય લાગવા માંડ્યો હતો.

આ... આ... આવ્યો જ સમજો, પડ્યો જ જુઓને ! હાથમાં હતો અને છતાં દૂર લાગતો હતો એવો બધાંનો હૈયા-ઉચાટ હતો.

તારીખ ૧૬મી અને ૧૭મી કોઈ જાતની ખાસ ઘટના વગર પસાર થઈ ગઈ. કમનસીબે હવામાને એકદમ પલટો ખાધો. ઉપરથી ઉષ્ણતામાન સાવ નીચે અને નીચે જવા લાગ્યું, જાણે શિયાળો જ શરૂ થઈ ગયો ! દરિયાકિનારાના પહાડ-પહાડીઓ બરફથી છપાઈને ધવલ રૂપ ધારણ કરવા લાગ્યા. એ તરફથી જ્યારે પવન નીચે પહોંચતો ત્યારે ટાઢ કાંટાની વાડ બનીને ચૂભવા લાગતી. લોકોને હૂંફ શોધવા જહાજ તરફ દોડવું જ પડતું. જરૂરિયાત વગરના કોઈ માનવીને આ આક્રમણનો સામનો કરવાની હિંમત ન હતી. તેમની ઉત્સુકતાનો અંત આવે કે તરત જ તેઓ દક્ષિણ તરફ રવાના થવા તૈયાર હતા.

પોતાના ખજાના પાસે, પોતાના હક્કનું રક્ષણ કરવા આજીવન દાવ લગાવીને બંને હરીફો બેઠા હતા. એ બંને જિદ્દીઓને ખાતર ફ્રાન્સીસ તથા જેનીને પણ કારમું

કષ્ટ સહન કરવું પડતું હતું. તેઓ એ કષ્ટને પોતાના પ્રેમની તપશ્ચર્યા માનતા હતા. જો કોઈ પ્રેમનો દેવતા કે પ્રેમની દેવી હશે, તો જરૂર આ બંનેની પ્રણય ભાવનાની કદર કરશે જ.

ઑગસ્ટની ૧૭મી અને ૧૮મી વચ્ચેની રાતે આર્ચી પલેગો પરથી એક તોફાન પસાર થઈ ગયું. વીસ કલાક અગાઉ બૉસ્ટન ઓબ્ઝરવેટરે ધૂમકેતુના દર્શન કર્યાં હતાં, તેની ગતિ ઓછી થતી અનુભવી હતી. પણ તોફાને એવું જોર કર્યું કે એ ધૂમકેતુ જ તોફાનમાં ખેંચાઈ ઘસડાઈ જશે. ૧૮મી ઑગસ્ટ સુધી કોઈ શાંતિના અણસાર વરતાયા નહિ. તેમાંય રાત્રી અગાઉની સાંજે એવો ઝંઝાવાત ફૂંકાયો કે બધાં જ જહાજના કેપ્ટનો સાબદા થઈ ગયા. અમુક જહાજો જવા માટેની તૈયારીમાં પડી ગયા, પણ મધરાત બાદ બધું હળવું થવા લાગ્યું. બીજી સવારે એટલે કે પરોઢિયે પાંચ વાગે તો પ્રવાસીઓ પણ ગેલમાં આવી ગયા.

આજ તારીખ, ૧૯મી ઑગસ્ટ ન હતી, કે જેની ધૂમકેતુના ધરતી-સ્પર્શ માટે જાહેર થઈ હતી ?

સાંજના સાત વાગે જુદી જ જાતનો અવાજ સંભળાયો. એવો જોરદાર ધમાકો થયો કે આખો ટાપુ હચમચી ઊઠ્યો. અહીંનો એક આદિવાસી નાગરિક પડતો આખડતો એટલા જોરથી મોન્સ્યુર ડી સ્નેકના સરકારી નિવાસસ્થાને પહોંચ્યો કે તેના બોલવાનાય હોશ રહ્યા ન હતા. તોફાની મોજાંઓ અને ભારે ભરતીની આગાહી આપવાની ફરજ તેને માથે હતી.

ધૂમકેતુનું આગમન થયું જ હતું. ઉપરનીવીક ટાપુની ઉત્તર-પશ્ચિમ દિશાએ સોનેરી પ્રકાશ ફેલાયો હતો.

❑

# ૧૮

# રુક જાવ ! જ્યાં છો ત્યાં જ !!

ધડબડાટી શરૂ. દોડમદોડ શરૂ. જાણે રેસ ઝામી. જેવા પ્રવાસીઓ તથા નિવાસીઓમાં સમાચાર ફેલાયા કે દોડો જ દોડો. જહાજમાંથી કૂદી કૂદીને પ્રવાસીઓ ધસમસવા લાગ્યા, અરે કેટલાક ખારવા ખલાસીઓ પણ ભાગ્યા. પેલા સંદેશવાહકની પાછળ દરિયાનાં મોજાંની જેમ માનવમોજાં જ પૂરી ગતિથી વહેવા લાગ્યા.

બધાં એટલે કે બધાં જ ધૂમકેતુ તરફ ધસી જતા હતા ત્યારે એક ન સમજાય તેવી ઘટના બનતી હતી. ધૂમકેતુના ધમાકાને કોઈક સંકેત માની લીધો હોય એમ એક જહાજે લંગર ખેંચી લીધા. અગાઉથી જ એ સ્ટીમર ધુમાડો કાઢતી હતી. જાણે કોઈ પૂર્વતૈયારી ના રાખી હોય ! લગામ ખેંચાતાં જેમ ઘોડો ઊછળે એમ જહાજ ઉઘાડા દરિયા તરફ દોડવા લાગ્યું. થોડુંક વધુ યાંત્રિક ખૂબીવાળું એ જહાજ હતું. જોતજોતામાં તે પેલી ટેકરીઓ અને પહાડીઓની પાછળ અદૃશ્ય થઈ ગયું.

નવાઈ લાગે એવી જ વાત હતી. ઉપરનીવીક તરફ બધાં ધૂમકેતુના સમાચાર અને દર્શને જ આવ્યાં હતાં. જ્યારે દર્શનનો સમય થયો ત્યારે જ એ જહાજે વળતી દોટ મૂકી ? જોકે બીજી દિશામાં આગેકદમ બઢાવતા કૂચયાત્રીઓમાંથી કોઈને આ વિદાયની ખબર પડી નહિ. કોઈનું ધ્યાન જ એ તરફ ન હતું. સાચું પૂછો તો કોઈ એ તરફ જોવાય તૈયાર ન હતું.

ચલો જ ચલો. દોડો જ દોડો. જેટલી જલદી જઈ શકાય એટલી જલદી પહોંચી જવા માટે બધાં ધસમસી જતા હતા. એમાં માત્ર પુરુષો જ ન હતા, સ્ત્રીઓ અને બાળકોય હતા. ધક્કામુક્કીનો પાર ન હતો. હડસેલા હડસેલી સહજ હતી. કોઈને તેમાં સભ્યતા બહારનું દર્શન દેખાતું ન હતું.

આ બધાં ઉચાટ અને ઊહાપોહમાં એક શ્રીમાન પૂર્ણ શાંતિથી ચાલતા હતા. દરેક સંજોગો અને પરિસ્થિતિમાં શાંત અને સ્વસ્થ રહેતા એ હતા શ્રીમાન શેઠ સ્ટેનફોર્ડ. દુનિયાના કોઈ ધમાકા ભમાકા કે કંપ એમને કંપાવી શકે તેમ ન હતું. આવા ધસમસતા વાતાવરણમાંય તેમણે મિસ આર્કેડિયાને શોધી કાઢી. ધૂમકેતુ જેવી અચરજભરેલી ઘટના બંને સાથે જુએ એ અનેરા ઉમંગની વાત ન હતી !

'છેવટે એ પડયો ખરો, મિસ્ટર સ્ટેનફોર્ડ !' શેઠનું સ્વાગત કરતાં આર્કેડિયાએ કહ્યું.

'હા. પડયો. પડયો જ.' સાથીએ સહકારી ટહુકો ઘૂંટ્યો.

આ જ શબ્દો ઉત્તર-પૂર્વ તરફ ધસી જતાં તમામ લોકોની જીભ પર હતા. પાંચ જણાએ આગળ રહેવાનું સ્થાન મેળવી લીધું હતું. તેઓ જાણે લશ્કરના સેનાનાયકો હતા. સહુથી પહેલા હતા મોન્સ્યુર ડી સ્નેક. તેમનું અધિકૃત સ્થાન તેમને આગળ રહેવાની સગવડ કરી આપતું હતું. ત્યારબાદ શ્રીમાન ડિન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સન પોતપોતાના સાથીદાર ફ્રાન્સીસ અને જેની સાથે મોખરે રહેતા હતા. 'મોઝીક' સ્ટીમરની જેમ જ આ નવલોહિયાએ સામસામા ડોસાઓની સેવા અને કાળજી ચાલુ રાખી હતી. જેની પોતે સાચી પુત્રવધૂ હોય એમ વડીલશ્રી ડિન ફોરસીથનો ખ્યાલ રાખતી હતી અને ફ્રાન્સીસ જાણે કે ડૉક્ટર હડલ્સનનો પુત્ર-જમાઈ કે જમાઈ-પુત્ર હોય એમ તેમની હૂંફાળી સેવામાં સંલગ્ન હતો. બંને હરીફોને સાથે કોણ છે એની પરવા ન હતી. બંને વિરોધી છેડાઓ નજીક-નજીક ચાલી રહ્યા છે તે તરફેય તેમનું લક્ષ ન હતું. તેમનું લક્ષ તો એક જ હતું : ધૂમકેતુ, સોનેરી ધૂમકેતુ. એટલે નવયુવાન યુગલ તેમનું ખાસ ધ્યાન રાખતું હતું.

'પ્રતિનિધિ આગળ પહોંચી જઈને...' દોડતી દશામાં શ્રી ફોરસીથે કહ્યું, 'જરૂર ધૂમકેતુનો કબજો લઈ લેશે.'

'પોતાની મુઠ્ઠીમાં એને જકડી લેશે !' ડૉક્ટરશ્રીએ સાથે ચાલતાં ફ્રાન્સીસ ગોર્ડનને કહ્યું.

'પણ એથી કંઈ હું મારો હક્ક જતો નહિ કરું.' ફોરસીથજીએ ફોર્સપૂર્વક જેનીને કહ્યું.

'હું પણ નહિ', ડૉક્ટરસાહેબ ગરજ્યા, 'આખરે એ ધૂમકેતુ જેના બાપનો છે, એના જ બાપનો રહેશે, બીજાનો નહિ જ.'

દુશ્મન જેવા બંને એકબીજા સાથે અજાણી રીતેય વાતો કરતાં થયા હોવાથી ફ્રાન્સીસ અને જેનીને મનોમન આનંદ થતો હતો. ત્રીજા પક્ષની ઉમેદવારીએ બંનેને નજીક આવવાની ફરજ પાડી હતી.

અત્યારે કુદરતી વાતાવરણ પણ કૃપાવંત દેખાવા લાગ્યું હતું. તોફાન લગભગ શમી ગયું હતું તથા પવને દક્ષિણ તરફનું રૂખ ફેરવી લીધું હતું. સૂરજ ક્ષિતિજ પર મંડરાતો હતો પણ વાદળની વચમાંથી હસી દેતો હતો. વરસાદ ન હતો, પવનમાં ગતિ ન હતી અને ઉષ્ણતામાન ફરીથી પચાસની આસપાસનું થઈ ગયું હતું.

ડૉક-સ્ટેશનથી ગંતવ્ય સ્થાન સુધી પહોંચતાં સારું એવું અંતર કાપવાનું હતું. ઉપરનીવીકમાં કોઈ વાહન તો હતા જ નહિ, એટલે બધાંને માટે પદયાત્રા અનિવાર્ય હતી. ઊબડખાબડ માર્ગ કંઈ મુશ્કેલી સર્જતો ન હતો. હા, વચમાં આવી જતાં મેદાની

ભાગમાં ઝડપ વધારી શકાતી. ધૂમકેતુ પેલી નાની મોટી પહાડીની બીજી બાજુએ પડયો હતો અને જરાય દેખાતો ન હતો.

સંદેશવાહકે પથપ્રદર્શકનું બિરુદ મેળવી લીધું હતું. તેમની પાછળ સત્તાધારી પ્રતિનિધિ પછી બંને વિરોધી મિત્રો, જેની તથા ફ્રાન્સીસની સાથે ફોરસીથ મહાશયનો સાથી ઓમિક્રોન સામેલ થઈ ગયો હતો, અને પાછળ પાછળ હતાં કુતુહલ જગવતાં, કૌતુક માણતાં ટોળાં. પ્રવાસીઓના એ જથ્થામાં ધક્કે ચઢવાની કોઈ ખેવના ન રાખનાર મિસ્ટર શેઠ સ્ટેનફોર્ડ અને મિસ આર્કેડિયા વોકર સહુથી પાછળ હતા.

વ્હેસ્ટન વૈજ્ઞાનિકોના વિવાદથી એ બંને અજાણ ન હતા. શ્રીમાન સ્ટેનફોર્ડની દોસ્તી ફ્રાન્સીસ સાથે 'મોઝીક'માં જ થઈ ગઈ હતી અને તેણે સ્ટેનને ઉપર ઉપરથી બધી 'અંદરની વાતો' કહી દીધી હતી.

'આવા વિવાદો તો આમ જ દૂર થઈ જવા જોઈએ.' જ્યારે વિગતો જાણી ત્યારે કુમારી આર્કેડિયાએ અભિપ્રાય વ્યક્ત કર્યો.

'એમ જ થવું જોઈએ.' સ્ટેનફોર્ડે હકાર ઉચ્ચાર્યો.

'એક વખત શરૂઆત થાય', આર્કેડિયાએ કહેવા માંડ્યું, 'પછી બાજી સુધરતી જ જતી હોય છે. મિસ્ટર સ્ટેનફોર્ડ, ખરું કે નહિ ? કયા લગ્નમાં મુશ્કેલી અને ચિંતાઓ નથી આવતી ? સ્વપસંદગીના લગ્નને બદલે કૌટુંબિક લગ્નોમાં સુધારાની શક્યતા વહેલી રહે છે.'

'આ તમારો અભિપ્રાય છે કે મિસ વૉકર ?'

'હા. મારો જ.'

'ખરું છે.' સ્ટેનફોર્ડે કહ્યું, 'આપણો જ દાખલો લોને. પાંચ મિનિટ. ઘોડાઓનું લગ્નસિંહાસન. હાથ મિલાવ્યા.'

'છ અઠવાડિયાંમાં જ હાથ છોડી દીધા.' આર્કેડિયા બોલી ઊઠી. હસીને, 'પણ મને ખાતરી છે કે મિસ જેની હડલ્સન અને મિસ્ટર ફ્રાન્સીસ ગોર્ડન એક થઈને જ રહેશે, કેમકે તેઓ ઘોડે ચઢીને પરણતા નથી.'

આવી અંગત રમ્ય વાતો દરમિયાન આર્કેડિયા-સ્ટેનફોર્ડ ધૂમકેતુને ભૂલી જાય એ સ્વાભાવિક હતું. તેઓ તો ફ્રાન્સીસ જેની, જેની-ફ્રાન્સીસ અને દેવદૂત સમા ન્યાયાધીશ જજ શ્રીમાન પ્રોથની જ વાતોમાં લીન-તલ્લીન હતા.

ચાલવાની મઝા હતી. આછા ઓછાં વૃક્ષો, ડરીને ઊડી જતાં પક્ષીઓ, સૂરજની તડકી-છાંયડી, હવામાન પ્રફુલ્લિત. ઉપરનીવીકનું આ વાતાવરણ નવયુવાનો માટે તો પ્રોત્સાહક જ હતું.

લગભગ ત્રીજા ભાગની મજલ કપાઈ ચૂકી હતી. હવે એકાદ માઈલનું જ અંતર બાકી હતું. સંદેશવાહકનું આશ્વાસન હતું કે, 'હવે આ દેખાયો ગોળો', તેમ છતાં એકધારું લાંબું નહિ ચાલવા ટેવાયેલા પ્રવાસીઓને ઘડીક આરામની જરૂર લાગી. તેઓ પરસેવે રેબઝેબ થઈ ગયા હતા, સૂરજ કરતાંય ઊંચે શ્વાસે ચાલ્યા કરવાને લઈને. પણ તાપ લાગવા જ માંડ્યો હતો. જાણે કોઈ ઉષ્ણ કટિબંધમાં આવી લાગ્યા હોય એવું ચોકખું લાગતું હતું. ઉપરનીવીકનો આ ભાગ આટલો ઉષ્ણ કદી હોતો નથી. ઉપરાંત તેઓ જેમ જેમ આગળ વધતા હતા તેમ તેમ તાપ વધતો જ જતો હતો. આપણે કોઈ સળગતા ભઠ્ઠાની વધુ નજીક જતા હોઈએ તેવો અનુભવ હતો.

'ધૂમકેતુના પડવા સાથે તો આ ગરમીને સંબંધ નથી ને ?' મિ. સ્ટેનફોર્ડે ગમ્મત કરી.

'જો તેમ હોય તો', આર્કેડિયા એવા જ આનંદભર્યા સ્વરમાં બોલી ઊઠી, 'ગ્રીનલૅન્ડ વાસીઓ ફાવ્યા જ સમજો.'

'સંઘર્ષના ઉષ્ણતામાનમાંથી પસાર થયેલો ધૂમકેતુ', બોસ્ટન ખગોળશાસ્ત્રી શ્રીમાન વ્હાર્ફે કહ્યું, 'આટલો જલદી ઠંડો ન પડે એ સમજી શકાય તેમ છે. તેના રેડિયેશનની ગરમી જ ફરતે ફેલાતી હોવી જોઈએ.'

'તો શું ?' સહેજ અકળાયેલા સુખી માનવી સ્ટેનફોર્ડે પૂછયું, 'એ શ્રીમાન ધૂમકેતુજી ઠંડા થાય ત્યાં સુધી આપણે રોકાઈ જવું જોઈએ ?'

'જમીનને બદલે બીજે પડ્યા હોય એ શ્રીમાન ધૂમકેતુ', ફ્રાન્સીસ ગોર્ડને અટકળ કરી, 'તો તો અત્યાર સુધી ઠંડા થઈ જવા જોઈએ.'

પરસેવાથી રૂમાલ અને વસ્ત્રો ભીજવનારા માત્ર તે જ ન હતા. મોન્સ્યુર સ્નેક, મિસ્ટર વ્હાર્ફ તથા બીજા બધાંની પણ એ જ દશા હતી. ગ્રીનલૅન્ડની ભૂમિએ આટલો ઉકળાટ કદી અનુભવ્યો ન હતો.

સહેજ શાતા થતાં જ લશ્કરે ફરીથી કૂચકદમ શરૂ કરી. પાંચસોએક વારની પરિશ્રમી દડમજલનું જાણે ઈનામ મળ્યું જ. પહાડીઓની દીવાલ તથા વળાંકો પાર કરતાં જ ધૂમકેતુનાં દર્શન થયાં. સોનેરી ધૂમકેતુ પોતાના ચળકાટભર્યા ઝળહળાટથી વાતાવરણની આંખો આંજી નાખતો હતો. અંજનશલાખા જેવું એ દૃશ્ય એટલું જોખમમાં તથા આકર્ષક હતું કે આંખો બંધ કરીને, આંખ પર હાથની છાજલી કરીને પણ જોનાર ધસમસતા જ રહ્યા.

પણ એ રીતે બસોએક વાર ચાલ્યા હશે અને તમામે તમામનો એક મોટા તાજા પૂર્ણવિરામ આગળ થોભી જવું પડ્યું. હોલ્ટ ! આ વખતે ધૂમકેતુની ગરમી ન હતી, પણ

બીજો જ કોઈક અજાણ્યો અવરોધ હતો. એવો અવરોધ કે જેની આ દિશામાં, આ જગાએ, આ ભૂમિમાં કલ્પના જ ન થઈ શકે.

શહેરની લોખંડી તાર-કાંટાની વાડ હતી. એક નહિ, ત્રણ ત્રણ ફેન્સની વ્યવસ્થિત હરોળ હતી. ઠેઠ દરિયાની અંદરથી નીકળીને આગળ ઉપર ઘણે દૂર સુધી પહોંચતી કાંટાળી એ વાડને નવાઈ નહિ તો બીજું શું કહી શકાય ? એ વાડને થોડે થોડે અંતરે ઊંચાણ પર અને સ્પષ્ટ રીતે અંગ્રેજીમાં ફ્રેન્ચમાં ડેનિશમાં વાંચી શકાય તેવી પ્રતિબંધિત ચેતવણી હતી. મોન્સ્યુર ડી સ્નેક એવા એક સૂચના-પાટિયા સુધી પહોંચી ગયા અને તેમણે વાંચ્યું :

ખાનગી મિલકત

રસ્તો બંધ છે

અલ્યા અહીં ? આવા અવાવરુ અમાનવીય અણદીઠ વિસ્તારમાં ખાનગી મિલકત ? પ્રાઈવેટ પ્રોપટી ? ભૈ આ તો કોઈ અજબની જ નહિ, ગજબની જ વાત કહી શકાય. ભૂમધ્ય સાગરના સૂરજછાયા દરિયાકિનારાઓ પર, કે સહેજ ઝાંખા ધૂંધળા બીજા દરિયાકિનારાઓ પર 'ખાનગી મિલકતો' સમજી શકાય છે, દેખી શકાય છે, અનુભવી શકાય છે, પણ આવી બીનઉપજાઉ, ખડકાળ કોઈ કામની નહિ, એવી આ જગા પર કોઈ 'ખાનગી મિલકત' વસાવે કે ધરાવે એનો શો અર્થ ?

પણ એ મોન્સ્યુર ડી સ્નેકનો પ્રશ્ન ન હતો. હોવી જોઈએ કે નહિ હોવી જોઈએ, એ વાત જવા દો પણ અહીં ખાનગી માલિકીની મિલકત હતી, તે અવરોધતી હતી, આગળ વધતાં અટકાવતી હતી. એક સરકારી અધિકારી ખાનગી મિલકતનું સન્માન કરવા બંધાયેલા છે. કોઈ પોતાની 'ખાનગી મિલકત'નો દાવો કરે તો, વિશ્વ નાગરિકત્વ પણ તેનું એકદમ ઉલ્લંઘન કરવા ન દે.

અહીં તો ખાનગી માલિક લોકોને એ બાબતનો ખ્યાલ આવે એની પણ પૂરેપૂરી અને ચોકસાઈભરી કાળજી રાખી હતી. 'રસ્તો બંધ છે' જેવી કડેડાટ ત્રિભાષી સૂચના માલિકની જાગૃતિની નિશાની હતી. માલિક ઈચ્છતો જ હતો કે કોઈ એ સૂચનાનો ભંગ ન જ કરે. મોન્સ્યુર ડી સ્નેક વિમાસણમાં મુકાઈ ગયા. રોકાવું કોઈ રીતે પરવડે તેવું હતું જ નહિ અને સમગ્ર સુસંસ્કૃતિ સન્માનને શોભે તેવા માલિકી હક્કને ફગાવી દઈ, ન્યાયની વાડ કૂદી, ઓળંગી જવી, એ શું માનવીય કાનૂનવિદ્‌ને માટે શોભાસ્પદ ખરું ?

પાછળનો ગણગણાટ પહેલાં બણબણાટમાં ફેરવાયો અને પછી જાહેર શબ્દો વાતાવરણમાં ફેંકાવા લાગ્યા. પાછળના ધક્કાથી આગલી હરોળ પણ ધકેલાતી રહી. અલ્યા અહીં એક ઊંચા અવનવા ધ્યેય ખાતર દુનિયા આગળ વધી રહી છે, અને તેને રોકનાર આ વળી કયા લોકો છે ? વાત સમજાવવામાં આવી તોય પાછળવાળા સમજ્યા

નહિ. હોબાળો વધતો ગયો. દરેક માનવી વ્યક્તિગત રૂપે પોતાનો રોષ પ્રગટ કરતો રહ્યો.

અલ્યા શું આપણે અહીં જ થોભી જવાનું છે ? સેંકડો હજારો માઈલની અનિશ્ચિત વિકટ યાત્રા બાદ એક કાંટાની વાડ શું આપણને ઈથે જ દ્વારકાની ફરજ પાડશે ? એ જે માલિક હોય તે, શું એ ધૂમકેતુનોય માલિક છે કે ત્યાં પહોંચનારને આ રીતે રોકી રાખે ? બસ, આપણે આગળ વધવાનું જ છે અને કોઈ આપણને રોકી શકે નહિ.

પથ્થરોની દીવાલ શું કેદીને રોકી શકે ? કાંટાની વાડ શું પ્રગતિને રોકી શકે ? તોડો, ફોડો, હટાવો, ખસેડો, ઊંચી મૂકો, કૂદી જાવ, ફગાવી દો, ખેંચી કાઢો.

આ પ્રમાણે કરવા માટે સ્નેકશ્રી ધક્કે ચઢ્યા હતા. તેમને એમ જ કરવાની ફરજ પડતી હતી ત્યાં તેમણે એક તરફ અંદર પ્રવેશવાનો દરવાજો જોયો. એ દરવાજાનો આગળો અહીંની જ દોરી જેવા દોરડાથી બાંધેલો હતો. પોતાની પાસે જે સાધન હતા તેમાંથી તેમણે ચપ્પુ ખેંચી કાઢ્યો અને મનની ઈચ્છા નહિ હોવા છતાં તેમણે કાયદાને કાપવાની પ્રક્રિયા શરૂ કરી. વાર લાગી તો ભલે પણ પાછળના હડસેલાએ એ બધાંને હુડુડુડુ કરતાં અંદર ધકેલી દીધાં. દરવાજો સહેજ ખૂલ્યો હતો, તે આખો ને આખો ખૂલી ગયો. કેટલાક વળી માણસોને, વાડને, દરવાજાને કૂદીને અંદર આવવા લાગ્યા.

જોતજોતામાં ત્રણ હજાર જેટલા ક્રાંતિવીરોએ કે ભ્રાંતિવીરોએ આ ખાનગી પ્રતિબંધિત મિલકત પર મોરચો માંડ્યો, તેમાં સફળતા મેળવી અને વિજયના નારાય ઉચ્ચાર્યા.

ચૂપ ! હા, બધાં એકદમ ચૂપ થઈ ગયા. એકાએક જ મૌન થઈ ગયા. તેમને ખામોશ થવું જ પડ્યું. કેમકે હજારેક વાર દૂર જ, એટલે કે નજીક જ કાંટાળા તારની સુરક્ષાવાડીની વચ્ચોવચ્ચ એક કાષ્ટગૃહ મોજૂદ હતું. કાષ્ટકિલ્લા જેવું એ કાયદાવૃત્ત આજુબાજુની ઝાડી અને નાની ટેકરીઓથી છુપાયું હતું. એવા એ આચ્છાદિત આવરણને લઈને જ એ કાષ્ટ-કોટડી બહારથી નજરે પડી નહિ.

એ કાષ્ટનિવાસના કાષ્ટદ્વાર ખૂલ્યા અને તેમાંથી એક સુરક્ષક બહાર આવ્યા. કરડા રૂક્ષ મગરૂબ મિજાજી નારાજ એ સુસજ્જ સુરક્ષકે ત્યાંથી જ પણ સંભળાય એવી રીતે ગર્જના કરી.

'કોણ છો એ અલ્યાઓ !' ફ્રેન્ચ ભાષામાં ઉચ્ચારાયેલા એ શબ્દોમાં કાનૂન અને સુરક્ષા બંને પ્રકારના કસાયેલા દ્વન્દ્વ ધ્વનિ સામેલ હતા, 'શું તમારા બાપની માલિકી સમજીને બધાં અંદર ઘૂસી આવો છો ?'

મોન્સ્યુર ડી સ્નેક ફ્રેન્ચ સમજતા હતા. તેઓ એકદમ રોકાઈ ગયા. એ સાથે જ આખા પ્રવાસી લશ્કરનેય રોકાઈ જવું પડયું.

ત્રણત્રણ હજારના માનવજૂથને પડકારનાર કોણ છે એ માનવી ?

હા, માનવી જ, પણ એના સ્વરમાં સત્તા હતી, તાકાત હતી, લશ્કરને થોભાવી દેવાની છટા હતી, ગુસ્તાખી હતી, દાદાગીરી હતી. હતી જ !

❑

# ૧૯

# પરિમાણોના પરિમાણોનું પરિત્વ પરિણામ

ઝેફરીન ઝીરદાલ એકલો હોત તો તે પોતાની મંઝિલ સુધી પોહોંચી શક્યો હોત ખરો ? પણ અન-અપેક્ષિત ઘટનાઓ બને જ છે ને ?

ગમે તેટલા આત્મવિશ્વાસ સાથે પણ કદાચ ઝેફરીન આટલો મોટો પડકાર ઉપાડી શકત નહિ. પણ તેને એક એવા અનુભવી માર્ગદર્શક ર્ મળી ગયા કે જે એની ધૂન સમજે, એના મિજાજને પિછાને અને તે પ્રમાણે માર્ગ ચીંધી રાખે અથવા માર્ગ તૈયાર રાખે. ઝેફરીનને પોતાને તો કોઈ સૂઝ જ ન હતી કે તે ધ્રુવપ્રદેશ સુધીનો પ્રવાસ ખેડી શકે. પણ પેરીસના જ અનુભવી અભ્યાસી અને અવલોકનની અનેરી સૂઝ ધરાવતા બૅન્કરે મૂંઝવણ અને મુશ્કેલીઓ સાથે પણ એ કામ સરળ બનાવી દીધું હતું. બલકે મોન્સ્યુર રોબર્ટ લસરને તો અટપટા દાવપેચ જ ગમતાં, જેમાંથી તેઓ બહાર આવી શકે અને બહાર લાવી શકે.

બંને પ્રવાસીએ હાવરેથી સુપર સ્ટીમર મેળવી લીધી. તેમની ઈચ્છા મુજબ બીજા પ્રવાસીઓની રાહ જોયા વગર જ 'આટલાંટીક' હંકારી મૂક્યું, એ કંઈ સામાન્ય પેસેન્જર- બોટ ન હતી, પણ પાંચથી છ હજાર ટનની ત્વરિત-યાટ હતી. મોન્સ્યુર રોબર્ટ લસરે એ યાટની ખ્યાતિ જાણી લઈ તેને ચાર્ટર જ કરી લીધી. ઝેફરીને જે હાથ આવે એવાં સપનાંઓ વડીલ બૅન્કરને બતાવ્યા હતા, એ તેમને મન આકાશ-કુસુમવત ન હતા. તેમનો વિશ્વાસ એટલી હદ સુધીનો હતો કે તેઓ કોઈ પણ દાવ લગાવવા તૈયાર હતા. આધુનિક સંદેશા-વહનના બધાં સાધનોનો તેમણે ઉપયોગ કર્યો હતો અને કર્યે જતા હતા. ઉપરાંત માઈનિંગ-શેરોમાં જે મોટો નફો તેમણે રળ્યો હતો, એ નફાએ તેમને રાજા બનાવી દીધા હતા. પૈસાની તો હવે પરવા જ ન હતી. ઇંગ્લૅન્ડમાં આવી કંઈક ઝડપી યાંત્રિક બોટો હતી. પણ લસરશ્રીએ જાણી જોઈને આ ઊડતી દરિયાઈ યાટ જ પસંદ કરી હતી. દરિયામાં તેમને તરવું કે દોડવું ન હતું, ઊડવું જ હતું.

આટલાંટીક અગાઉ એક ધનાઢ્ય લૉર્ડની યાટ હતી. તેમણે ઝડપી રેસ માટે તે તૈયાર કરાવી હતી અને તેમાં ઘણી વાર એ અમીરશ્રીએ ઉમરાવી પ્રાપ્ત કરી હતી. આટલાંટીકનું ફરેમ-વર્ક નાજુક હળવું પણ ભારે મજબૂત હતું. કોઈ પણ પરિસ્થિતિમાં તેના ચાર હજાર અશ્વશક્તિના એન્જિન અણધારી ગતિ પ્રાપ્ત કરી શકતા. શ્રીમાન લસરની જરૂરિયાત ઉપર એ સાહસપ્રિય લૉર્ડ એટલા રાજી થયા હતા કે તેમણે જણાવ્યું હતું, 'મારી માણકી વધુ એક વિક્રમ સ્થાપીને જ રહેશે. જયારે એ મંઝિલ સર

થાય ત્યારે આટલાંટીકનું નામ જરૂર આગળ કરશો જ.' અમીરશ્રીએ તો એ ઉપરાંત બીજી જે સેવાની જરૂર હોય તે માટેની સામેથી ઓફર કરી હતી.

ઝેફરીન ઝીરદાલ યાટ વિષેની આ બધી વિગતોથી માહિતગાર ન હતો પણ આટલાંટીકે જેવી ઊડ લગાવી કે તે ખુશ થઈ ગયો. ડેક ઉપર જઈને તે ડિસ્કો કરવા લાગ્યો, ગાવા-નાચવા લાગ્યો, પેલા અનુસંધાનો, અવલોકનો તથા તારણોની તો વાત જ ભૂલી ગયો.

હાવરે અને ઉપરનીવીક વચ્ચેનું અંતર આઠ હજાર દરિયાઈ-લીગ જેટલું ગણી શકાય. યાટ જો પૂર વેગમાં દોડે તો માત્ર છ જ દિવસમાં તે પોતાના યાત્રીઓને ગંતવ્ય સ્થાને પહોંચાડી શકે. પણ મોન્સ્યુર લસર કોઈ ઉતાવળમાં ન હતા અને પૂરા બાર દિવસ બાદ તેઓ રંગીન દરિયાઈ સફર માણીને ઉપરનીવીકના બંદરીય સ્ટેશને આવી પહોંચ્યા. જહાજોના આ સ્ટેશન પર તેમનું આગમન ૧૮મી જુલાઈની સાંજે થયું. આ બાર દિવસ ઝેફરીને પોતાનું મોઢું ખોલ્યું જ નહિ, ગીત અને સિસોટીના અપવાદ સિવાય. ભોજન સમયે બૅન્કર તેને આ મુસાફરીનો હેતુ યાદ અપાવતા પણ ઝેફરીન ખરેખર કોઈક બીજી જ ધૂનમાં પ્રવેશી ચૂક્યો હતો. બૅન્કર ધૂમ-ધૂમ કરીને ધૂમકેતુની યાદ અપાવતા અને પેલો તો જાણે ધૂમકેતુને સાવ ભૂલી જ ગયો હતો. બૅન્કરને તો એવો ધ્રાસ્કો પડ્યો કે હમણાં જ આ છોકરો પૂછી મારશે, 'કયો ધૂમકેતુ ? કેવો ધૂમકેતુ? શાનો ધૂમકેતુ ?' તેની આંખમાં સોનાના ધૂમકેતુની વાત કે કલ્પનાય કોઈ ચળકાટ કે ચમકાર લાવી શકતી ન હતી.

ખરું પૂછો તો ઝીરદાલ અત્યારે અને ક્યારનો કોઈક બીજા જ વિષયમાં ખોવાઈ ગયો હતો. એ વિષય કયો હતો, એ વિષે એ કોઈ સાથે વાત કરતો ન હતો અને કરવા માગતોય ન હતો. એનો સીધો સંબંધ દરિયા સાથે હતો. ડોક ઉપરથી, થંભ ઉપરથી, કૅબિનમાંથી કે ઠેઠ નીચામાં નીચા અને ઊંચામાં ઊંચા સ્થાનેથી તે મોજાં સાથે જ વાતો કરતો અને મોજાંની શક્તિની જ વિવિધ રીતે ગણતરી કરતો. પોતાના કાલ્પનિક શ્રોતાસમૂહને તે કહેતો, 'જુઓ છો ને આ મોજાં. ઊર્જાના આલ્પ્સ છે એ બધાં. ભારોભાર અને અનહદ, હા અનહદ ઊર્જા-શક્તિ છે તેમનામાં અને તેમની પાસે. કેમ કોઈ આ શક્તિ તરફ ધ્યાન આપતું નથી ? શા માટે વેડફાઈ જવા દે છે. પૃથ્વીના ત્રીજા ભાગ પરની આ વિદ્યુતશક્તિ. આકાશની ચોમાસું વીજળીની જેમ, આ મોજાં-વીજળીઓને જો નાથવામાં આવે તો ધરતી પર ક્યાંય અંધકાર નહિ રહે, સૂરજ પણ જોતો રહી જાય !' શ્રીમાન લસરને ખબર ન હતી કે જે દિશામાં તે જાય છે, તેને બદલે આ દિશામાં અગ્રેસર થાય તોપણ તે દુનિયાને અદ્ભુત શોધ આપી શકે છે. અજાયબી અને અચંબાની તો આ તરવરિયા પાસે પૂરી ક્ષમતા છે જ.

પણ બૅન્કર જાણતા હતા કે બે હાથમાં લાડવા પકડી શકાય, જીવંત વાયર નહિ. ઉપરનીવીક પહોંચીને બીજે દિવસે તેમણે ચિરંજીવી સમક્ષ આકાશી યંત્રો જ ગોઠવી દીધા. તેમની એ યુક્તિ ફળી. એ યંત્રો જોતાં જ ઝેફરીન લાંબી તંદ્રા-નિંદ્રામાંથી જાગ્યો, ઊછળીને જાગ્યો. તેણે વડીલશ્રીને પૂછ્યું પણ ખરું કે, 'આપણે ક્યાં છીએ ?'

'ઉપરનીવીક નામના સ્થળે.'

'અને મારી જમીનનો ટુકડો ?'

'તૈયાર જ છે. આપણે ત્યાં જ જઈએ છીએ.'

જોકે એ વાત સાચી ન હતી. સૌ પહેલાં તો તેમણે મોન્સ્યુર બાયર્ન હલ્ડર્સનને મળવાનું હતું. ઉત્તરના સર્વેયર-વડા-નિષ્ણાત-સત્તાધિકારી તેઓ હતા. તેમનું નિવાસસ્થાન શોધતાં વાર લાગી નહિ. તેમના મકાન પરના ધ્વજે જ તેમને ફડફડીને આમંત્રણ આપી દીધું શરૂઆતની રાજકીય નમ્રતાભરી અભિવાદન વિધિ બાદ યોગ્ય મધ્યસ્થીની સહાયથી વ્યાપારી લેણ-દેણની પ્રક્રિયા શરૂ થઈ.

શરૂઆતમાં થોડીક મુશ્કેલી ઊભી થઈ. ના, મોન્સ્યુર બાયર્ન હલ્ડર્સન કંઈ એ મિલકત માટેના હરીફ ન હતા. થોડોક ગૂંચવાડો પેલા દુભાષિયાને લઈને જ ઊભો થયો હતો.

શ્રીમાન બાયર્ને જે કાગળિયાઓ તપાસ્યા એ બધાં એકદમ વ્યવસ્થિત અને સહીસિક્કાથી પરિપૂર્ણ હતા. નાની મોટી બધી જ સહીઓ અધિકૃત હતી. ગ્રીનલૅન્ડ ગવર્નમેન્ટે પોતાના કોપનહેગનના પ્રતિનિધિ રાજદૂતની લેખિત સિફારશથી મોન્સ્યુર ઝેફરીન ઝીરદાલને નવ ચોરસ કિલોમીટરની જમીન, ચારે બાજુથી સુરક્ષિત વાડ બાંધી શકાય એ રીતે વેચી હતી. શરતમાં ચાર ખૂણે ચાર સ્થંભ યા પથ્થરનું બાંધકામ નિશાની રૂપે રજૂ કરવાનું હતું. આ જમીન જગા ભૂમિ ૭૨° ૫૧' ૩૦'' ઉત્તર અક્ષાંશ તથા ૫૫° ૩૫' ૧૮'' પશ્ચિમ રેખાંશનું માપ ધરાવતી હોવી જરૂરી હતું, એક ચોરસ કિલોમીટરના પાંચસો કરોનરનો ભાવ નક્કી થયો હતો અને તે મુજબના છ હજાર ફ્રાન્ક્સ સરકારને મળી ગયા હતા. જેની સીલબંધ સાબિતીઓ કડીબંધ સામેલ હતી.

મોન્સ્યુર બાયર્ન હલ્ડર્સન માટે હવે કોઈ પ્રશ્ન જ ઊભો થતો ન હતો. પણ આ માટેનું કેન્દ્રબિંદુ કયું ગણવું ? તેઓ જાતે કંઈ અક્ષાંશ રેખાંશથી અજાણ ન હતા, પણ એ તેમને માટે શબ્દો હતા, જમીનની ખરીદી-વેચાણમાં વપરાતા શબ્દો. એનો ચોક્કસ અર્થ તેઓ જાણતા ન હતા. આ અક્ષાંશ રેખાંશ કોઈ શાકભાજીનું નામ છે, રસાયણ છે, ફર્નિચર છે કે છત યા છાપરું છે ?

ઝેફરીન ઝીરદાલે પોતાનાં સાધનો અને નકશાઓ વડે સર્વેયરતે સંતોષ થાય એ રીતે અક્ષાંશ રેખાંશ સમજાવી દીધા. પછી આટલાંટીક ચાટના વધુ સાધનો સાથે તેણે અવલોકન અધ્યયન શરૂ કરી દીધું. ડેનીશ કેપ્ટને પોતાના તરફથી વધુ સમજૂતી સાક્ષી જુબાની વિશ્વાસ સાદર કર્યા. તાત્પર્ય કે બધું મળીને નામદારશ્રી બાયર્ન હલ્ડર્સનને એટલી હદે સંતોષ આપવામાં આવ્યો કે તેમના મનમાં કોઈ શંકાઆશંકા રહે નહિ, ઉપરથી રાજી થાય.

બે દિવસમાં જ ઝેફરીન ઝીરદાલે કામ પૂરું કરી નાખ્યું. કામ એટલી હદે ચોકસાઈ સાથે થયું કે ડેનીશ કેપ્ટને ઉમંગથી પ્રમાણિત કરીને કહ્યું, 'શ્રીમાન, તમે તો એટલા એક્ષપર્ટ છો કે મનેય તમારી સાથે જોડાવાનું મન થઈ જાય છે.'

બધું પતી ગયું ? ના. બીજી મુશ્કેલી આવી. સીમા સપાટી સરહદીની ઝીણી તપાસણી વખતે લાગ્યું કે, ૭૨° ૫૧' ૩૦'' ઉત્તર અક્ષાંશ તથા ૫૫° ૩૫' ૧૮'' પશ્ચિમ રેખાંશનો અમુક ભાગ દરિયામાં પડે છે. ઉપરનીવીકના ૨૫૦ વાર ઉત્તર તરફ એ ક્ષેત્ર આવેલું છે.

મોન્સ્યુર લસર તો માથે હાથ દઈને બેસી જ પડ્યા. અલ્યા હવે થશે શું ? અહીં સુધી શું તેઓ ધૂમકેતુનું કુંભસ્નાન જોવા માટે જ પધાર્યા હતા ? આવી ભૂલ દરગુજર થાય જ કેમ ? ઝેફરીન ઝીરદાલ જેવા અખંડ ગણતરીબાજથી આવી ભૂલ થઈ જ કેવી રીતે શકે ?

તેઓ ઘાંટો પાડીને પોકારી ઊઠ્યા, 'ઝીરદાલિયા...'

મરક મરક હસતા ઝીરદાલે ગણતરીમાં રહેલી નજીવી ભૂલનો સ્વીકાર કર્યો. ખુલાસો એકદમ સરળ હતો. ઉપરનીવીક કોઈ ગામડું કે નગર હશે, એવું માનનાર ઝીરદાલને ખબર જ ન હતી કે એ એક ટાપુ છે. ધૂમકેતુના પડવાની ચોક્કસ જગા નિર્ધારિત કરવા માટે કંઈક આળસુ ઝીરદાલે નજીકમાં પડેલા શાળાકીય એટલાસનો જ ઉપયોગ કર્યો હતો. એ નકશો ગજવામાંની ગડીઓ કાઢી તેણે બૅન્કરશ્રીને બતાવ્યો. આ નકશામાં ચોકખું બતાવવામાં આવ્યું હતું કે પૃથ્વી પરના ૭૨° ૫૧' ૩૦'' ઉત્તર અક્ષાંશ અને ૫૫° ૩૫' ૧૮'' પશ્ચિમ રેખાંશ ઉપરનીવીકની નજીક આવેલા છે. પણ નગર અને ટાપુ બંને એક જ નામ ધરાવે એવો ખુલાસો બિચારો શાળાકીય નકશો કેવી રીતે આપી શકે ? એટલે જ આ દરિયાઈ સીમામાં અટવાવાનું.

ચાલો, આ ભૂલથાપને એક બોધપાઠ તરીકે સ્વીકારી લો. ઉપરનીવીકને એક ટાપુ રૂપે સ્વીકારી લો.

ધૂમકેતુની માપણી જો થોડીક દક્ષિણ બાજુએ થઈ હોત તો ખરીદનારને અનાયાસે જ ફાયદો થતો હતો. પણ હવે કોઈ ફેરફાર થઈ શકે તેમ ન હતું ઝીરદાલ એ

વિષયને વધુ છેડવા-છંછેડવાય માગતો ન હતો. જેમ છે એમ જ સ્વીકારી લેવાથી એમનું ‘ડીડ’ જમીન વત્તા દરિયામાં સામેલ થતું હતું.

જમીનનો દક્ષિણનો ભાગ, એ બેમાંથી ઘણો અગત્યનો હતો. ઉપરનીવીક કિનારાના એમાં બારસો એકાવન વાર સમાઈ જતા હતા. ત્રણ કિલોમીટર પહોળાઈ જેટલો ભાગ ઉઘાડા દરિયામાં પ્રવેશી જતો હતો. વાસ્તવમાં ઝેફરીને એક માઈલ જેટલો વધારે વિસ્તાર મેળવી લીધો હતો, અને નવ ચોરસ કિલોમીટરનો ભાગ ગુમાવ્યો હતો આર્થિક રીતે એ નુકસાની સોદો હતો.

અમુક ખાસ દૃષ્ટિથી જોતાં ધૂમકેતુનું પડવું આઘાતજનક હતું. ઝેફરીન ઝીરદાલે જેની ઉપરછલ્લી ગણતરી કરી હતી એ ભાગ દરિયામાં પ્રવેશી જતો હતો. એણે થોડીક છૂટછાટભરી ગણતરી રાખી હતી, આશરે પંદરસો વારની, કે જેથી કંઈક આઘુંપાછું થાય તો કામ આવે. પણ એ છૂટછાટ કઈ દિશા તરફ હતી, એનો એણે ખ્યાલ કર્યો હતો ખરો ? નહિ જ. ધૂમકેતુ આમ પડી શકે તો આઘોપાછો થઈને તેમ પણ પડી શકે.

મોન્સ્યુર લસરની મૂંઝવણ જરાય ઓછી થઈ ન હતી. તેમણે પૂછ્યું, ‘હવે શું કરવાનો ઈરાદો છે તારો ?’

‘કંઈક તો કરવું જ પડશે.’ અજાણ્યા બની ઝીરદાલે કહ્યું.

‘કંઈક શું ?’ નારાજ ગોડફ્રાધરે કહ્યું, ‘ચોક્કસ કંઈક કરવું પડશે. આપણે આ ગૂંચવાડામાંથી બહાર નીકળવું જ પડશે. શું ધાર્યું છે તેં ?’

‘પહેલાં તો વાડ કરીશું.’ ઝીરદાલે કહ્યું, ‘તેની વચમાં એક કુટીર બાંધીશું, દફતર- કુટીર. બાકીનું હું સંભાળી લઈશ, આગળ ઉપર.’

‘આગળ ઉપર’ જેવા શબ્દો પર બૅન્કર છંછેડાયા. પણ ક્રોધમાંય કામ અને કામની ચીવટને ભૂલે તેવા તેઓ ન હતા. તેમણે તરત જ કાંટાળી વાડની કામગીરી શરૂ કરી. આટલાંટીકના ખારવા, ખલાસીઓ અને ગ્રીનલૅન્ડના આદિ નાગરિકોને ઊંચા પગારે રોકી લઈ એક સપ્તાહમાં જ તેમણે તારચૂંકની કાંટાળી વાડ બાંધી દીધી. જેના બે છેડા દરિયામાં જવા દીધા. જમીનની વચમાં એક કુટીર ખડી કરી દીધી, જાણે તે ક્યારનીય અહી જ ઊભી હોય ! અને તેમાં શોભતું ફર્નિચર ગોઠવી દીધું.

ધૂમકેતુના અવતરણના ત્રણ સપ્તાહ પહેલાં ઝેફરીને પોતાની ખાસ કાર્યપ્રણાલી શરૂ કરી દીધી. ધૂમકેતુના સતત આકાશી નિરીક્ષણ બાદ તેણે સાથોસાથ ગણિતના આંકડાઓ પણ માંડી જોયા. એનું અત્યારનું તારણ એના અગાઉના તારણથી સાવ ભિન્ન ન હતું. આ વખતે ભૂલ, ઉતાવળ કે ઉપરછલ્લી કોઈ વાતને અવકાશ જ ન હતો. ધૂમકેતુ એક પૂજાના કુંભની જેમ અગાઉ નિર્ધારિત જગાએ જ સ્થાપિત થતો હતો

અને થવાનો હતો. એટલે કે ૭૨ ૫૧’ ૩૦’’ ઉત્તર અક્ષાંશ તથા ૫૫° ૩૫’ ૧૮’’ પશ્ચિમ રેખાંશ બરાબર.

‘એટલે કે દરિયામાં જ ને ?’ ગોડફાધરશ્રી અજંપિત થઈને બોલી ઊઠયા.

‘દરિયામાં જ.’ શાંતિથી ઝીરદાલે જવાબ આપ્યો. એક સાચા ગણિતશાસ્ત્રીની જેમ તેને સંતોષ સિવાય બીજી કોઈ લાગણી ન હતી. ગણિત સાચું પડે એથી વધુ દાખલાકારને જોઈએ શું ? પણ બીજી એક વાત તરફ લક્ષ જતા એ વિચલિત બન્યો.

બોલી ઊઠ્યો, ‘ફાઈનલ. હા, બીજા ખૂણેથી અવલોકતાં પણ...’

ગોડફાધર મોન્સ્યુર લસરે તોફાની બાળક તરફ દાદા ગુસ્સે થાય એમ ગડગડીને કહ્યું, ‘ઝેફરીન ઝેફરીન ! અહી પૂર્ણવિરામ મૂકવાનો કોઈ અર્થ નથી. હાથ જોડીને બેસી રહેવાથી પેલો સોનાનો ગોળો તારા ખોળામાં નહિ આવી પડે. વિચાર કંઈ વિચાર. ફરી ગણવું પડે તો ફરીથી ગણ. અલ્યા તું પેલા ધૂમકેતુને આકાશમાં રમાડી શકતો હતો અને ધરતી પર પાડવામાં માથે હાથ મૂકે છે ? હવે જ્યારે એ પૃથ્વીની નજીક છે ત્યારે તું થોડીક આઘીપાછી નથી કરી શકતો ? અલ્યા તારા યંત્રો, તારા રમકડાં, તારી પેલી શું ? હા, બેટરીઓ, તારા પેલાં કિરણો, તારું પેલું બીપબીપ વાજુ ! છોકરા તારે માટે એ રમત છે, રમત. ચાલ અજમાવ તારો દાવ.’

‘તમારે માટે એ રમત હશે’, માથું હલાવી ઝીરદાલે કહ્યું, ‘પણ બાપા કાકા વિજ્ઞાન એ કોઈ રમત નથી, ગણતરી ખેલ નથી, ભૂગોળ ખગોળ ગોળગોળ વાતો જરાય નથી.’ પછી તેણે સમજૂતી આપવા માંડી, ‘જ્યારે મેં ધૂમકેતુ સાથે દોસ્તી શરૂ કરી ત્યારે એ ચારસો કિલોમીટર દૂર હતો. તે વખતે જે ઊર્જાશક્તિનો મેં ઉપયોગ કર્યો, તે ત્યારના ગુરુત્વાકર્ષણ, ખેંચાણ, ઘર્ષણ, ગતિના માપ પ્રમાણેનો હતો. હવે દાખલો સાવ બદલાઈ ગયો છે. ધૂમકેતુ હવે નજીક છે અને પૃથ્વીના ગુરુત્વાકર્ષણનું બળ એટલું અધિક છે કે ધૂમકેતુને મારી થોડી કે વધારે ઊર્જાશક્તિ તેને કોઈ અસર પહોંચાડી શકશે નહિ. ઉપરથી ધૂમકેતુની પોતાની મૂળ ગતિ ઓછી થઈ ગઈ હશે અને કોણીય ખેંચાણ વધી ગયું હશે. અત્યારે તો ધૂમકેતુભાઈ પડવા માટેની છેવટની નિર્ધારિત ગતિમાં હશે. હવે કદાચ આપણે કંઈ જ કરી શકીએ નહિ.’

‘કંઈ જ નહિ ?’ મોન્સ્યુર લસર ફાટી પડતાં બચી શક્યા નહિ. ‘હવે તું કઈ જ કરી શકે નહિ ?’

‘મેં એવું ક્યાં કહ્યું ?’ ઝીરદાલે સુધારો મૂક્યો, ‘પણ બધું એટલું સરળ નહિ હોય. હા, આપણે પ્રયાસ જરૂર કરીએ.’

પ્રયાસ તેણે કર્યો જ અને એ પ્રયાસ એટલી હદે સફળ થયો કે ૧૭મી ઑગસ્ટે એના ચહેરા ઉપર ચમક આવી. એ ચમક સફળતાની હોઈ શકે. ધૂમકેતુને

જરૂરી આંચકો આપવામાં આવ્યો હતો. હવે ધૂમકેતુ જરૂર સૂચિત જગાએ સ્થાન લેનાર હતો, પણ એ સૂચિત સ્થળ કિનારાથી પચાસ વાર દૂરનું હતું. તાત્પર્ય કે ધૂમકેતુને હાથમાંથી છટકી જતો રોકવામાં આવ્યો હતો.

કમનસીબે ત્યાર પછીના દિવસોમાં જે કુદરતી તોફાન આવ્યું તેણે જમીનને ઘસી નાખી, થોડીક તિરાડો ધસી પડી. આવા ઝંઝાવાતથી ધૂમકેતુ અસર પામેય ખરો, એવી શંકા ઝીરદાલના મનમાં ફરફરી રહી.

૧૮મી અને ૧૯મીની વચમાંની રાત્રીએ તોફાન જરૂર શાંત પડયું, પણ કુટીરના બે નિવાસીઓ માટે આરામની કોઈ તક ન હતી. સૂરજને અસ્તાચળ તરફ જતો જોઈ એટલે કે સાંજના સાડા-દશ વાગે તેમણે સૂરજને ફરીથી માથું કાઢતો નિહાળ્યો. ત્રણ કલાક બાદ તો આકાશ એકદમ ચોકખું થઈ ગયું.

ધૂમકેતુનું આગમન થયું, કહો કે અવતરણ થયું, અથવા કહી શકો કે ધૂમકેતુ પડયો. બરાબર છ વાગીને સત્તાવન મિનિટ અને પાંત્રીસ સેકન્ડનો સમય હતો (૬.૫૭.૩૫). ઝેફરીન ઝીરદાલની આગાહી ગણતરી અને કુનેહ તથા કામયાબી સાચી સાબિત થઈ હતી. તેના આગમન વખતે ઉત્તરીય આકાશ એટલું ઝળાંઝળા થઈ રહ્યું કે ગોડફાધર અને તેમના માનસપુત્રની આંખો ઝંખવાઈ ગઈ. તેઓ એકી ટસે ક્ષિતિજની એ દિશામાં જોતા હતા કે જ્યાંથી સોનેરી ધૂમકેતુ મહાશય પધારતા હતા. ત્યારે જ એક દબાયેલો અવાજ સંભળાયો અને ધરતી થરથર થરરર કરતી ધ્રૂજી ઊઠી. થોડીક ક્ષણો સુધી તે ધ્રૂજતી જ રહી. ધૂમકેતુ પડયો હતો, હા, ખરેખર પડયો જ હતો

જ્યારે મોન્સ્યુર લસર અને અન્વેષક ઝીરદાલની આંખો જોવા માટે લાયક બની ત્યારે તેમણે જોયું કે પાંચસો વાર દૂર જ એ સોનાનો મસમોટા ગોળો આવી પડ્યો હતો

'એ સળગે છે', બૅન્કરે બળબળતી આંખે અને ભડભડતી ભાષામાં ચીસ પાડી.

'હા' ઝેફરીન ઝીરદાલે માત્ર એટલું જ કહ્યું, કેમકે જેઓ જાણતા હોય છે તેઓ ઝાઝી લપ્પન છપ્પન કરતાં નથી.

ધીરે ધીરે તેઓ સ્વસ્થતા પ્રાપ્ત કરતા ગયા અને શું થયું હશે ? શું થઈ રહ્યું છે ? તથા શું થશે ? તેનો તબક્કાવાર ખ્યાલ કરવા લાગ્યા.

ધૂમકેતુ હજી અપ્રાપ્ય દશામાં હતો. તેનું તાપમાન નહિ નહિ તોય હજાર ડિગ્રી જેટલું તો હશે જ, ઓગળી-પીગળી જવા માટે એ પૂરતું કહી શકાય. એની બહારની સપાટીનો અંદાજ મેળવી શકાતો હતો. ઓબ્ઝરવેટરીના અનુમાન મુજબ તે અમુક પ્રકારના 'સ્પોન્જ' તત્ત્વોથી વીંટળાયેલો હતો.

બહારના ભાગનો ભેદ પામી રેડિયેશનને શીતકરણ માટે ઉપયોગમાં લીધા બાદ પડના પડને કાંદાના છોડાની જેમ ભેદી, બરાબર અંદરનો મુખ્ય ભાગ એકદમ ધગધગતો લાલ હતો. લાલ ધાતુની તિક્ષ્ણ ચમક સોનેરી આભા બહાર ફેંકતી પ્રસરાવતી હતી. બહારના પડદા પાછા થતાં, તિરાડો, કાણાં, ફાટ પડવા લાગી અને તેમાંની ગરમ હવા હિસ્સ હિસ્સ કરતી બહાર ફેંકાવા લાગી.

પોતાના ઝડપી ઉત્તરાયણને લઈને ધૂમકેતુનું કદ ફેલાયું હતું, પણ તેનો ગોળાકાર હજી સલામત હતો. ઉપરનો ભાગ ગોળ હતો પણ નીચેનો ભાગ દબાવાને લઈને સપાટ તથા અંદરની બાજુ પેસી બેસી ગયો હતો.

'મને તો એ દરિયામાં સરતો લાગે છે.' થોડી જ મિનિટોમાં મોન્સ્યુર લસરે કહી

દીધું.

તેમનો માનસપુત્ર શાંત રહ્યો.

'તું તો કહેતો હતો કે દરિયાથી દૂર પચાસ વાર જેટલો છેટો એ પડશે ?' બૅન્કરે પાછું માથું ખાધું.

'કેન્દ્રથી માત્ર દશ વાર જ દૂર છે.' ઝેફરીને ખુલાસો કર્યો, 'તમે એનો અડધો વ્યાસ ભૂલી રહ્યા છો.'

'દશ કંઈ પચાસ નથી.'

'તોફાને એની ગતિમાં ફેર આણી દીધો.'

વાતો કરતાં કરતાં બંને ધૂમકેતુને જોવા લાગ્યા.

સાચું પૂછો તો મોન્સ્યુર લસરનો ભય શંકારહિત ન હતો. ધૂમકેતુ પહાડીના ઢેળાવ પર હતો અને તેના પંચાવન મીટરના વ્યાસની ગ્રીનવીચ ઓબ્ઝરવેટરીએ કરેલી આગાહી સાચી હતી. તેમાંથી પિસ્તાળીસ વારનો વ્યાસ દરિયાની ઉપર હતો. ભરપૂર ધાતુનો જથ્થો અથવા ગઠ્ઠો, અતિશય તાપથી નરમ બનીને દરિયા તરફ ઝૂકી રહ્યો હતો અને નીચેનો ભાગ તો લગભગ દરિયામાં જ હતો. બીજો અડધો ભાગ ખડકમાં ટેકાઈ જઈને નીચે સરકી જતો રહી ગયો હતો.

એ સરક્યો નહિ એનું કારણ એનો પાયો હતો. એ પાયો પણ એવી રીતે ઝિલાઈ રહ્યો હતો કે ગમે ત્યારે સમતુલા ગુમાવી શકે. તેને દરિયામાં ધકેલી દેવા માટે સહેજ જ ધક્કો જોઈએ. એ હડસેલો મળી જાય, કે લાગી જાય, પછી એને કોઈ રોકી શકે નહિ. નીચે ગગડવાની શરૂઆત પૂર્ણાહુતિ સાથે જ પૂર્ણ થઈ રહે.

'ત્યારે તો વધારે ઉતાવળની જરૂર છે.' લસરજી ગભરાઈને બોલી ઊઠયા, 'જલદી કર ઝીફરાલ, જલદી કર.'

વાતોમાં સમય બગાડવાનો કોઈ અર્થ ન હતો.

ઝડપથી કુટીર સુધી પહોંચી જઈને તેમણે ધ્વજને ઊંચો, વધુ ઊંચો કરી દીધો. ધ્વજસંકેતથી જ તેમણે ઉપરનીવીક સામે લંગર નાખેલા જહાજ સાથે વાત કરી લીધી. ધ્વજ-સંજ્ઞા તરત જ સમજવામાં આવી ગઈ. તેનો અમલ એકદમ જ શરૂ થઈ ગયો. આટલાંટીક પૂર વેગમાં એક ટેલિગ્રાફ સ્ટેશન પર પહોંચી ગયું. ત્યાંથી એક તાર્કીક તાર શ્રીમાન લસરની બૅન્કને કરી દેવામાં આવ્યો. પેરીસ પહોંચેલો એ તાર કોડ-સાઈફરમાં હતો. જેમાં સ્પષ્ટપણે એટલું જ જણાવવામાં આવ્યું હતું : 'ધૂમકેતુ પડ્યો. વેચો.'

પેરીસમા એ તાર-સંદેશનો અમલ તત્કાળ થયો. મોન્સ્યુર લસરને માટે તે ભારે નફાકારક હતો. જેવા સોનેરી ધૂમકેતુના પડવાના સમાચાર જાહેર થયા કે સોનાની ખાણોના શેરોના ભાવ સાવ તળિયે બેસી ગયા. બૅન્કર હવે પોતાની મરજી મુજબના ભાવે તે ખરીદી શકતા હતા. એ બધા સોદામાં લસરશ્રીને લાખ્ખો ફ્રાન્કનો જલસો હતો.

આ બધા વાણિયાવેડાથી સાવ અજાણ ઝેફરીન ઝીરદાલ પોતાની કાર્યસૂચિમાં મગ્ન હતો ત્યારે જ તેણે જાતજાતના નારાઓના અવાજ સાંભળ્યા. એ તરફ તેણે જોયું તો એક મોટું માનવટોળું તેની જમીનની મિલકતને આંબવા ઓળંગવા તત્પર બન્યું હતું. સહુથી આગળ મોન્સ્યુર ડી સ્નેક હતા.

'નહિ, આ કંઈ સહન થાય તેવી વાત નથી.' તે બબડ્યો.

આ જમીન તેણે પોતાના હેતુ માટે, પોતે ધારે તે કરી શકે એ માટે મ્હોં માગી કિંમત આપીને ખરીદી હતી. એમાં કોઈનો પગપેસારો હરગીઝ થવા દેશે નહિ.

મોટા મગરૂબ ડગલાં ભરતો તે એ ઘોંઘાટિયા પ્રવાસી ટોળાંની સામે ગયો. ગ્રીનલૅન્ડ ગવર્નમેન્ટના પ્રતિનિધિ સાથે તેણે દૂરથી જ વાત શરૂ કરી.

'મહેરબાન સાહેબશ્રી !' તેણે પૂરા વિવેક અને વટ સાથે કહ્યું, 'આપ મારી માલિકીની ભૂમિ ઉપર આપ ગેરકાનૂની કદમ માંડી રહ્યા છો. એનો ખ્યાલ છે આપને ?'

'માફ કરજો મહાશય', મોન્સ્યુર ડી સ્નેકે એવા જ કોમળ પણ સત્તાવાહી સ્વરમાં જવાબ આપ્યો, 'અમે આપનું સૂચના-બોર્ડ વાંચ્યું હતું, પણ વિચાર્યું કે આવા અનિવાર્ય સંજોગોમાં અમે થોડીક છૂટ લઈ શકીએ છીએ.'

'અનિવાર્ય સંજોગો ?' ઝીરદાલે નિર્દોષ ભાવે પૂછ્યું, 'એવા તે વળી કયા અનિવાર્ય સંજોગોનો આપ ઉલ્લેખ કરો છો ?'

મોન્સ્યુર ડી સ્નેક તાજ્જુબ પામ્યા.

'કયા અનિવાર્ય સંજોગો ? એમ પૂછો છો આપશ્રી ?' મોન્સ્યુર સ્નેકે પૂછ્યું, 'શું આપને ખબર નથી કે પેલો વ્હેસ્ટન ધૂમકેતુ અહીં આ ટાપુ પર જ પડયો છે ?'

'મને ખબર છે', ઝીરદાલે પૂરી ગંભીરતાથી કહ્યું, 'પણ તેમાં અનિવાર્ય જેવું શું છે ? ધૂમકેતુઓ, ઉલ્કાઓ, ખરતા તારાઓ આ રીતે પડતા જ હોય છે.'

'ના શ્રીમાન મહોદય', સ્નેકે કહ્યું, 'આ રીતે સોનાના ધૂમકેતુ નથી પડતાં.'

'સોનાનો હોય કે બીજી કોઈ ધાતુનો શો ફરક પડે છે ? ધૂમકેતુ એ ધૂમકેતુ છે.'

'એ અભિપ્રાય અહીં આવેલા તમામનો નથી.' શ્રીમાન સ્નેકે સાથે આવેલાં પ્રવાસી ટોળાંને બતાવીને કહ્યું જોકે એ બધામાંથી ભાગ્યે જ કોઈ ફ્રેન્ચ સમજતા હતા, 'આ બધાં જ આકાશમાંથી આવી પડતાં વ્હેસ્ટન ધૂમકેતુને જોવા માટે પધાર્યા છે. તમે સમજી શકો છો કે તેમની લાંબી દડમજલ બાદ તેમને કાંટાની વાડ આગળ રોકી રાખવા શક્ય નથી.

'એ તમારી વાત સાથે હું સહમત થાઉં છું.' કંઈક સમાધાનવાળી ભાષા વાપરતા ઝીરદાલે કહ્યું.

વાતાવરણ અનુકૂળ થતું હતું ત્યાં જ મોન્સ્યુર ડી સ્નેકે ઉચ્ચાર્યું, 'રહી મારી વાત તો શ્રીમાન સાંભળી લો કે હું સરકારી ફરજ પરનો સરકારી અધિકારી છું. આવી કોઈ વાડ હરગીઝ રોકી શકે નહિ. મારે મન ફરજ એ ફરજ છે.'

'કેવી ફરજ ?'

'ગ્રીનલૅન્ડ સરકારના નામે હું ધૂમકેતુનો કબજો લઈ શકું છું.'

ઝીરદાલ પાછો ઉગ્ર બન્યો. તેણે સામું પૂછ્યું, 'કબજો ? ધૂમકેતુનો કબજો ? આપ મહાશય હોશમાં તો છો ને ?'

'છ જ,' મોન્સ્યુર ડી સ્નેકે કહ્યું, 'પૂરેપૂરો હોશમાં છું. એ હોશ અને હોશની સાથે જ કહું છું કે ધૂમકેતુ ગ્રીનલૅન્ડની સીમા સરહદમાં પડ્યો છે, એટલે એ ગ્રીનલૅન્ડ સરકારની માલિકીનો બની રહે છે, કેમકે ગ્રીનલૅન્ડ કોઈની ખાનગી મિલકત નથી જ.'

'ત્યાં જ તમારી ભૂલ થાય છે સરકારી અધિકારીશ્રી !' ઝેફરીન ઝીરદાલે ચોખવટ કરી, 'મોટી ભૂલ. સહુ પ્રથમ તો ધૂમકેતુ ગ્રીનલૅન્ડની સીમા સરહદમાં પડ્યો નથી, પણ એ મારી જમીનમાં પડ્યો છે, મારી ધરતીમાં કેમકે એ ભૂમિ ગ્રીનલૅન્ડની સરકારે ચોક્કસ રકમના બદલામાં મને વેચી છે. ઉપરાંત ધૂમકેતુ કોઈકની માલિકીનો બની ચૂક્યો છે. હવે તેની પર બીજા કોઈનો હક્ક નથી.'

'કોની માલિકીનો બન્યો છે ધૂમકેતુ ?'

'મારી.'

'તમારી ?'

'હા હા, મારી.'

'કયા કારણથી ? કઈ રીતે ? કેવી રીતે ?'

'તમામ રીતે. તમામે તમામ રીતે મહેરબાન સરકારી સાહેબ! જો હું ન હોત તો આ ધૂમકેતુ અત્યારે પણ આકાશમાં જ આંટા મારતો હોત, જ્યાંથી તેને કોઈ પ્રાપ્ત કરી શકત નહિ. આ ધરતીનો કોઈ માનવી નહિ. તમે પણ નહિ શ્રીમાન, તમે પણ નહિ જ. મારે લીધે જ અને મારા પ્રયાસોથી એનું ધરતી પર અવતરણ થયું છે. મારી ધરતી પર મેં એને મારે માટે અહી નિયંત્રણ આપ્યું છે. એટલે એ ધૂમકેતુ મારો છે, મારો છે, કેટલી વખત મારે કહેવું પડશે ?'

'આ બધું શું બકો છો તમે ?' સ્નેકે કહ્યું, 'તમે હોશમાં છો ખરા ?'

'હું કહું છું તે ફરીથી કાન ખોલીને સ્પષ્ટ રીતે સાંભળી લો સરકારના અમલદારશ્રી.' ઝીરદાલે આ વખતે એક અક શબ્દ છૂટો પાડીને કહ્યું, 'મેં જ એને અહી પાડ્યો છે, અ ધૂમકેતુને. એ ધૂમકેતુ બીજા કોઈનો નથી, એ માટે બીજા કોઈને ચર્ચા કરવાનો અધિકાર નથી. એ માટે મેં તાકિદનો તાર સંદેશ આપની વિશ્વ પરિષદને મોકલી જ આપ્યો છે. મને ખાતરી છે કે વિશ્વ પરિષદ સુધી, વૉશિંગ્ટન સુધી એ સંદેશ પહોંચ્યો જ છે !'

મોન્સ્યુર ડી સ્નેકને હવે જુદી રીતે આ માનવી તરફ જોવાની ફરજ પડી. એ માનવી શું ગાંડો હતો ? ઘેલો હતો ? પ્રતિભાવંત હતો ? દેવદૂત હતો ?

'મહેરબાન મેડ-મેન,' સ્નેકશ્રીએ સત્તાવાહી સ્વરમાં કહેવા માંડ્યું, 'એક પ્રતિનિધિ સ્વરૂપે હું પણ વિશ્વ પરિષદમાં હાજર હતો. લગભગ ઠેઠ સુધી હું પરિષદની કાર્યવાહીમાં હાજર હતો. એક ખાસ કારણસર અમુક વખતે મારે બહાર જવું પડ્યું હતું, પણ મેં એ દરમિયાન કદી આવા તાર ક સંદેશ વિષે સાંભળ્યું નથી !'

મોન્સ્યુર ડી સ્નેક કદાચ સાચું જ કહેતા હતા. કદાચ ઘોંઘાટ, હોહા અને સામૂહિક હાહાકારને લઈને તેમણે એ વાત સાંભળી નહિ હોય, કદાચ તેઓ ઓછું સાંભળતા હશે.

'એની સાથે મારે લેવાદેવા નથી.' ઝેફરીન ઝીરદાલે જાહેર કરી દીધું, 'પરિષદ સુધી એ તાર સંદેશ પહોંચ્યો છે કે નહિ, એ પરિષદનો પ્રશ્ન છે. મેં તાર મોકલ્યો છે અને તે પહોંચવો જ જોઈએ. એથી મારા હક્કને કોઈ આંચ આવી શકે તેમ નથી. મારા હક્કને કોઈ અતિક્રમણ કરી શકે નહિ.'

'તમારો હક્ક ?' હવે સ્નેકશ્રી પણ સમસમી ઊઠ્યા હતા, 'એટલે શું તમે એમ કહેવા માગો છો ઘેલા માનવી, કે સોનેરી ધૂમકેતુ તમારો છે ? તમારા બાપનો ?'

'હું એ જ કહેવા માગું છું.'

'આટલા બધા અધધધ સોના સહિતનો સોનેરી ધૂમકેતુ તમારો ? તમારો ?'

'શો ફરક પડે છે કે એ ધૂમકેતુ અધધધ સોનાનો હોય કે લાખ કરોડ અબજ ખરવ ?'

'શું એક માનવી, એક જ માનવી પૃથ્વી પરના તમામ સોનાનો માલિક હોઈ શકે ? શું એ જાતે પોતે એને સહન કરી શકે ?'

'સહનશક્તિની વાત જુદી જ છે.' ઝેફરીન ઝીરદાલે વાતોના પૂર્ણવિરામ તરફ આવતા કહ્યું, 'હું તો એક જ વાત જાણું છું, કહું છું, ફરી ફરીને કહું છું કે એ ધૂમકેતુ મારો છે, મારો છે જ.'

'જોયું જશે એ બધું,' લાંબા વિવાદથી કંટાળેલા મોન્સ્યુર ડી સ્નેકે કહી દીધું, 'અત્યારે તો આપ અમને જવા દો. આપના માટે એ જ ઉચિત છે.'

એમ કહી પ્રતિનિધિશ્રીએ હેટ ઊંચી કરી. પોતાના નેતા તરફથી એવું સૂચન થતાં જ માર્ગદર્શક આદિવાસી નાગરિકે પરેડ શરૂ કરી. મોન્સ્યુર ડી સ્નેકે અનુશરણ કર્યું અને બાકીનાં ટોળાં તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

પોતાના લાંબા મજબૂત પગ ધરાવતા ઝેફરીન ઝીરદાલે પોતાના આદેશની અવજ્ઞા નિહાળી. એની ધીરજનો અંત આવતો હતો. પોતાની માલિકીની ભૂમિનો સરિયામ દૂરઉપયોગ, પોતાને તુચ્છ સમજીને વિજેતા લશ્કરની જેમ આગળ વધતાં લોકો, અને પોતાના હક્કની રખેવાળી. આ કોઈ મજાક છે !

પણ આવડા મોટા ટોળાં સામે શું થઈ શકે ? એટલે જ્યારે લશ્કરનો છેલ્લો શખ્સ પસાર થઈ ગયો ત્યારે તે પોતાની કુટીરમાં પહોંચી ગયો. એ હાર્યો હતો પણ એણે

વાત કે હાર સ્વીકારી ન હતી. 'બધું અસહ્ય છે, અસહ્ય' ઊંચાનીચા થતાં રેલવે સિગ્નલની જેમ તે પોતાની અસહાય પદર્શિત કરતો હતો.

દરમિયાનમાં માર્ગદર્શકની પાછળ પાછળ લોકો દોડવા જ લાગ્યા. આગળ ઉપર હવે કોઈ માર્ગ નથી, એવા આશયથી માર્ગદર્શક થોભી ગયો. મોન્સ્યુર ડી સ્નેક અને શ્રીમાન વ્હાર્ફ તેમની સાથે થયા. સાથે જ શ્રીમાન ફોરસીથ, ડૉક્ટર હડલ્સન, ફ્રાન્સીસ, જેની, ઓમિક્રોન, મિ. સ્ટેનફોર્ડ, મિસ આર્કેડિયા વૉકર તથા બાકીના દર્શન વાંચ્છુઓ ! બધાં જ બેફીન-બૅના કિનારા સુધી આવી પહોંચ્યા. એથી આગળ જઈ શકાતું ન હતું. કારણ અસહ્ય ગરમી. ઊભા ને ઊભા દઝાડી મૂકતી પારાવાર ગરમી.

આસરે ચારસો વાર દૂર જ પેલો ધૂમકેતુ હતો, સોનેરી ધૂમકેતુ. સોનાનો ચકચકતો ગોળો. બધાં જ તેને જોઈ શકતા હતા, માણી શકતા હતા, જે રીતે કલાક પહેલાં ઝેફરીન ઝીરદાલ અને મોન્સ્યુર બસરે તેને જોયો માણ્યો હતો, બરાબર એ જ રીતે. આકાશમાં હતો ત્યારે જે રીતે ફરતો હતો એ રીતે ફરતો ન હતો, પણ તેનો ઝળહળાટ એટલો તીવ્ર હતો કે આંખ ભાગ્યે જ સહન કરી શકે. તાત્પર્ય કે તે આકાશમાં જેટલો અભેદ હતો, હવે તેવો રહ્યો ન હતો.

આ જગા પર્વતમાળાની એક ગોળાકાર ભીત જેવી જગા હતી. વચમાં મેદાન હતું. અહીંના લોકોએ તેમાંના એક ખડકનું નામ 'ઉનાલેક' પાડ્યું હતું. દરિયાની અંદર ધસી જતાં એ ખડકનો એક ભાગ સહેજ દરિયાની બહાર નીકળી આવ્યો હતો. ત્રીસેક વારની એ ઊંચાઈ ઉપર જ ધૂમકેતુ ઝિલાઈ રહ્યો હતો.

'વીસ વાર આગળ ગયો હોત,' ફ્રાન્સીસ ગોર્ડને કહ્યું, 'તો એ દરિયાને તળિયે જ પહોંચ્યો હોત.'

'પછી તેને બહાર કાઢવાની મથામણ એક મનોરંજન જ પૂરું પાડત નહિ ?' કુમારી આર્કેડિયા વૉકરે કૌતુક પ્રગટ કર્યું.

'મોન્સ્યુર ડી સ્નેક હજી સ્વસ્થ થયા નથી લાગતા.' શ્રીમાન શેઠ સ્ટેનફોર્ડે કહ્યું, 'ગ્રીનલૅન્ડની સરકારને એને ઊંચકીને સલામત જગાએ ગોઠવતાં સારો એવો સમય લાગશે.'

એ બધી ધીરજની કસોટી હતી. આર્કટીક શિયાળાના આગમન સાથે જ કારમી ઠંડી પોતાના પરાક્રમ બતાવ્યા વગર રહેશે નહિ.

શ્રીમાન ડિન ફોરસીથ તથા ડૉક્ટર સિડની હડલ્સન તો સ્તબ્ધ જ થઈ ગયા હતા. એકદમ સ્થિર પૂતળા જેવા અને સોનેરી તિક્ષ્ણ કિરણો તેમની આંખને બંધબંધ થઈ જવાની ફરજ પાડતા હતા. બંનેએ નજીક જવાના પ્રયાસો કર્યા હતા અને બંનેને

પીછેહઠ જ કરવી પડી હતી. પેલો ઓમિક્રોન તો ડહાપણ કરવા જતાં ભડભડતી ૦ ભઠ્ઠીમાં શેકાતો જ રહી ગયો હતો. ચારસો વારના અંતરે જ ઉષ્ણતામાન ૧૨૦ ડિગ્રી ફેરહનહેઈટ જેટલું ઊંચું હતું. તથા ધૂમકેતુ જે ગરમી છોડતો હતો એથી શ્વાસોચ્છ્વાસ અશક્ય બની જતા.

'કંઈ નહિ. એ આવ્યો અને પડયો તો ખરો. ભલે ટાપુ પર પડયો. દરિયાને તળિયે તો નથી પડયો ને ! બધાંના હાથમાંથી એ કંઈ ફેંકાઈ ગયો નથી. ભલે નસીબદાર ગ્રીનલૅન્ડ ભૂમિને એણે શોભાવી. થોભો અને રાહ જુઓ.'

જોનારા બધાં એ મુજબના જ ઉદ્‌ગાર કાઢતા હતા. ત્રાસ આપતાં ઉકળાટથી દૂર જવાની તેમની નેમ ન હતી.

રાહ જુઓ, હા, જુઓ રાહ. પણ કેટલી ? આવડા આ ધૂમકેતુને ઠંડો થતાં મહિનો નહિ થાય શું ? ભલા ભૈ બે મહિનાય થઈ જાય ! ભારે અગ્નિજ્વાળામાં ઉકળેલી ધાતુને ઠરીને ઠામ પડતાં લાંબો સમય લાગતો જ હોય છે. અગાઉની ઉલ્કા પરિક્ષણોએ એ તારણ જાહેર કરેલા જ છે.

ત્રણ કલાક સુધી કોઈ ત્યાંથી ખસ્યું નહિ. તેઓ શું વધુ નજીક જઈ શકાય તેની રાહ જોતાં હશે ? એવા કોઈ પ્રયાસ આ એક-બે દિવસમાં તો પાર પડવાના જ ન હતા. તેઓ ક્યાં તો અહીં કેમ્પ સ્થાપે અને ખાણીપીણીની ચીજવસ્તુઓ લાવી સહેજ અડ્ડા જમાવે. અથવા પોતાના જહાજ પર પાછા ફરે.

'શ્રીમાન સ્ટેનફોર્ડ,' મિસ આર્કેડિયા વૉકરે પૂછ્યું, 'થોડા કલાકોમાં એ ઠંડો પડશે ખરો ?'

'કલાકો નહિ, દિવસો ગણો મિલ વૉકર.'

'ત્યારે તો હું ઓરેગોન પર પાછી ફરું છું. ફરી પાછા અહીં આવવું જ યોગ્ય ગણાશે.'

'એ જ યોગ્ય છે.' હકાર ભણ્યો સ્ટેનફોર્ડે, 'તમારી જેમ મને પણ મોઝીક પર જવું જ ઠીક લાગે છે. અત્યારે ખાણાનો સમય તો થયો જ છે.'

સારી વાત એ જ હતી, પણ સારી વાત ઘણાં સારા માણસોને સારી લાગતી નથી. શ્રીમાન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સન એ સારા માણસો હતા. ફ્રાન્સીસ અને જેનીએ તેમને ઘણી વિનવણી કરી પણ બંને ટસથી મસ થયા નહિ.

ટોળું ધીરે ધીરે ઓગળવા લાગ્યું અને ઓગળતું રહ્યું. મોન્સ્યુર ડી સ્નેક રોકાવાય ત્યાં સુધી રોકાયા પછી ઉપરનીવીક જવા ઊપડી ગયા. તેમ છતાં બંને સારા

માણસો, ભૂખ્યા જેમ મનભાવતાં ભોજન નિહાળે તેમ આંખોને તૃપ્ત કરતા રહ્યા. તેમની આંખોની તૃપ્તિ ધૂમકેતુના સતત દર્શનમાં હતી.

'પિતાજી, તમે શું ખરેખર નથી જ આવતા ?' જેનીએ આ પ્રશ્ન બારેક વખત પૂછ્યો હશે. બપોરે બે વાગ્યા તરફ ધ્યાન પણ દોર્યું.

ડૉક્ટરશ્રીનો જવાબ એક જ હતો તેઓ ધગધગતા ધૂમકેતુની્ વધ ને વધુ નજીક જવા માગતા હતા. એમણે એ તરફ આંગળી ચીંધી અને અક ડગલું માંડી જોયું. જોકે એ ડગલું તેમને તરત જ પાછું ખેંચી લેવું પડ્યું.

એ જ પરિશ્રમ પરાક્રમી પ્રવૃત્તિ દાખવતા શ્રીમાન ડિન ફોરસીથની પણ એ જ દશા-દિશા હતી. તેમનું ચાલે તો તેઓ સોનાની સુવર્ણીય આગમાં કૂદી જ પડે.

'મામાશ્રી ચાલો,' ફ્રાન્સીસે કહ્યું, 'ડૉક્ટર હડલ્સનજી ચાલો. આપણે હવે જહાજ પર પહોંચવું જોઈએ. ધૂમકેતુ હવે કંઈ નાસી જવાનો નથી. આંખોના ભોજનથી કંઈ પેટની તૃપ્તિ નહિ થાય ! ચાલો.'

સાંજ સુધીના બધાં પ્રયાસો નિષ્ફળ ગયા. પ્રાર્થનાઓ આ પ્રભુઓ સુધી પહોંચી જ નહિ. પણ જ્યારે સતત ઉઘાડી રહેતી આંખ થાકી, જ્યારે સતત ખડા પગે સેવા આપતા પગ થાક્યા, જ્યારે ઊભા ઊભા જ ખભા, વાંસા અને કેડ કરોડરજ્જુ બરાબર થાક્યા, અને પેલી પેટની આંતરિક વ્યવસ્થા પણ અવાજ કરવા લાગી, જેને પેટમાં કૂતરા બિલાડા ઉંદરડાં બોલવા લાગ્યા, કહે છે, ત્યારે જ તેઓ એકબીજાને જોઈને ત્યાંથી ખસવા તૈયાર થયા. એ દૃઢ પ્રતિજ્ઞા સાથે કે, સવારે વહલ વહેલામાં વહેલી તકે આવી લાગીશું, આવી જ જઈશું.

બીજે દિવસે તેઓ એ પ્રમાણે આવ્યાય ખરા પણ એ જોવાને માટે કે એ જગા પચાસ સશસ્ત્ર સૈનિકોથી ઘેરી લેવામાં આવી હતી. કહોને કે ગ્રીનલૅન્ડની બધી જ લશ્કરી તાકાત અહીંની સુરક્ષામાં લગાડી દેવામાં આવી હતી. એ જાગૃત સૈનિકો ધૂમકેતુથી સલામત અંતરે સાબદા થઈને ગોઠવાઈ ગયા હતા. તેમની તૈયારી એવી હતી કે માત્ર એક શાબ્દિક હુકમ થતાં જ તેઓ ઠેરના ઠેરથી હુમલો કરવા તૈયાર અને તત્પર હતા. તેમને કદાચ જિંદગીમાં પહેલું જ આવું લશ્કરી કાર્ય સોંપાયું હતું અને તેઓ એ પાર પાડવા એકદમ ઉત્સુક હતા.

સરકારે વળી આ લશ્કરી સાવધાની કોની સામે ઠેરાવી દીધી હશે ? પેલા ઝેફરીન ઝીરદાલ સામે ? પણ તેવા એકલવાયા જીવ માટે આવા સશસ્ત્ર પચાસ પચાસ આક્રમક સૈનિકોની શી જરૂર ? ઉપરાંત ધૂમકેતુ તો પોતાનું રક્ષણ પોતે જ કરતો હતો. તેને વળી રક્ષણની શી જરૂર ? કોઈ હિંમતવાન મરણિયો ભડવીર પણ એ અગનગોળાની નજીક જઈ શકતો ન હતો. તેમ છતાં અહીંના સત્તાધીશ મોન્સ્યુર ડી

સ્નેકે આ લશ્કરી પગલું ઉચિત માન્યું હતું. આટલું મોટું અધધધ સોનું, જે દુનિયા આખીના એકે એક માણસને ધન પૂરું પાડી શકે, તેની સાચવણી જરૂરી હતી, જરૂરી જ હતી.

મોન્સ્યુર ડી સ્નેકની સૂચનાથી જ એક જહાજ નજીકમાં નજીકની તાર-ઑફિસ તરફ પહોંચી ગયું હતું, દુનિયાભરને એ સમાચાર આપવા કે ધૂમકેતુએ ધરતી પર ઊતરાયણ કર્યું છે. અડતાલીસ કલાકમાં તો હવે પૃથ્વીનો ખૂણેખૂણો જાણી જશે કે ધૂમકેતુ પડ્યો છે.

આ જાહેરાત મોન્સ્યુર લસરની યોજનાઓની આડે નહિ આવે શું ? ના. કેમકે તે અગાઉના ચોવીસ કલાક પહેલાં જ યાટે ધમધમતી દોટ મૂકી હતી અને એ આટલાન્ટીક યાટની ઝડપ એટલી તો વધારે હતી કે બૅન્કર લસરને પોતાના ઉદ્‌યમ માટે છત્રીસ (૩૬) કલાકની અગ્રીમ સુવિધા મળી ગઈ હતી. તેમના આર્થિક દાવ-પેચ તો ક્યારનાય ખેલાઈ ચૂક્યા હતા.

ગ્રીનલૅન્ડની સરકારને આ સુવર્ણ-ઘરની સુરક્ષા માટે પચાસ લશ્કરી સૈનિકની જરૂર જણાઈ હતી. તો એ સંખ્યા પછી બમણી કરવાની જરૂર ઊભી થઈ હતી, કેમકે તે જ દિવસે બપોરે બીજા જ કોઈક વીસ વધુ લશ્કરી સિપાહીઓ ત્યાં ગોઠવાઈ ગયા હતા. થોડા સમય અગાઉ જ એક ક્રુઝરે ઉપરનીવીક બંદર સ્ટેશન પર લંગર નાખ્યા હતા. તેની ઉપર જે ધ્વજ હતો તે યુનાઈટેડ સ્ટેટસ ઑફ અમેરિકાનો હતો. જેવું એ અમેરિકન જહાજ થોભ્યું કે તરત જ તેમાંથી કૂદોને વીસ યાન્કી લશ્કરી જવાનો બહાર આવ્યા અને જહાજના સહાયક કેપ્ટનની આગેવાની હેઠળ કૂચકદમ કરતાં પેલા પચાસ સૈનિકોની ફરતે ગોઠવાઈ ગયા.

જ્યારે આ વધુ સુસજ્જ લશ્કરી જવાનોને મોન્સ્યુર ડી સ્નેકે જોયા ત્યારે તેમને એક રીતે આનંદ થયો અને બીજી રીતે ચિંતા થવા લાગી. આ પ્રકારનું આ નાનું અમેરિકન લશ્કર એક ચેતવણી પણ હોઈ શકે. તેમણે એ લઘુલશ્કરના અત્યારના સેનાપતિ સહાયક કેપ્ટનની મુલાકાત લીધી, પણ એ સરદારે તેમને કોઈ ચોખવટભર્યા જવાબો આપ્યા નહિ. તેનું કહેવું હતું કે તે પોતાના ઉપરી અધિકારીના હુકમનું જ પાલન કરે છે.

મોન્સ્યુર ડી સ્નેકને લાગ્યું કે તે અમેરિકન જહાજના મુખ્ય કેપ્ટનનો જવાબ માગે, પણ જ્યારે બીજે દિવસે એ માટેની તેણે તૈયારી આદરી ત્યારે તેને લાગ્યું કે એ પ્રશ્નોત્તરી તેણે બમણી કરવી પડશે, એટલે કે તેની બે આવૃત્તિઓ તૈયાર રાખવી પડશે કેમકે રાત્રી દરમિયાન એક બીજું જહાજ આવી પહોંચ્યું હતું. એ જહાજ ઇંગ્લિશ હતું અને પૂરી તૈયારી સાથે આવ્યું હતું. એ જહાજના કેપ્ટને પણ અગાઉના અમેરિકન કેપ્ટનની જેમજ, વીસ જહાજી જવાંમર્દ લશ્કરી જવાનોને ઉતારીને મોકલી આપ્યા હતા.

પોતાની પોઝીશન પર ગોઠવાઈ ગયેલા આ વીસિયા લશ્કરનો અહીંનો કપ્તાન બીજી રેન્કનો સહાયક સેનાપતિ હતો.

હવે શું કરે ? હા, મોન્સ્યુર ડી સ્નેક હવે શું કરે ? એવો વિચાર કરવામાં તેઓ કેટલો સમય લે ? કેમકે બપોર પછી વળી એક જહાજ પોતાનો ધ્વજ વધુ ઊંચે ફરફરાવતું બધાંની વચમાં આવી લાગ્યું. તરત જ તેમાંથી વધુ વિશેષ સાધનસામગ્રી સહિત વીસ લશ્કરી જવાનો બહાર કૂદી આવ્યા અને પદ્ધતિસરની કૂચ કવાયત કરતા ધૂમકેતુ વિસ્તારમાં પહોંચી ગયા અને પોતાની દૃઢ પોઝીશન જમાવી દીધી. આ ટુકડીનો કેપ્ટન ફરેન્ચ સેકન્ડ લેફ્ટેનન્ટ હતો અને તેને સાબદી સત્તા અપાઈ ચૂકી હતી.

ધૂમકેતુ હવે ખરેખર સુરક્ષિત અને વધુ સુરક્ષિત બનતો જતો હતો. એ સુરક્ષા જાણે અપૂરતી હોય, ઓછી હોય એમ ૨૧ અને ૨૨મીની વચમાંની રાતે વધુ એક જહાજ ધમધમતું આવી લાગ્યું. એ ચોથા જહાજ રશિયન ક્રુઝરમાંથીય એ જ રીતે એક લશ્કરી ટુકડી બહાર આવી અને કૂચકદમ કરતી ધૂમકેતુ તરફ જવા લાગી. પોતાના કેપ્ટન સહિત આ સોવિયેત સૈનિકોએ પણ વાજબી મક્કમ પોઝીશન લઈ લીધી.

થોભો. એ જ દિવસે ૨૨મીની બપોરે જાપાનીસ જ્વલંત જહાજ ધસી આવ્યું. તરત જ જાણે કે બધાં એકબીજાની આગળ રહેવાની રેસમાં લાગ્યા હોય એમ ઈટાલિયન, જર્મન જહાજો પણ આવી જ પહોંચ્યા. બીજે દિવસે આર્જેન્ટિના, સ્પેનીશના ફાઈટિંગ ફોર્સ સહિતના જહાજો હાજર થઈ ગયા. પછી તો ચીલી, પોર્ટુગીઝ, ડચ જહાજો એવી રીતે દોડી આવ્યા, જાણે કે તેઓ મોડા પડયા હોય !

૨૫મી ઓગસ્ટના રોજ સોળ યુદ્ધ સૈનિકો સાથે આટલાંટીકનું પુનરાગમન થયું હતું અને બધાં જહાજોની સાથે એવી રીતે ગોઠવાયું કે લડાઈ થાય તો લડતાં ફાવે. ઉપરનીવીક બંદરે આવી લશ્કરી વ્યૂહરચના ક્યારેય નિહાળી ન હતી. આ રચના એવા પ્રકારની હતી કે દરિયાઈ લડાઈ થઈ શકે, જમીની યુદ્ધ પણ શરૂ કરી શકાય.

દરેકે દરેક જહાજે પોતાના વીસ-વીસ વીરજવાનોને એકાદ ગર્વિલા સરદાર સેનાપતિ સહિત ધૂમકેતુ ક્ષેત્રમાં પહોંચાડી દીધા હતા. કુલ્લે આંકડો ગણવા જઈએ તો અત્યારે ૩૨૦ જહાજી લશ્કરી જવાનો પૂરી તૈયારીમાં હતા અને તેમના સોળ વિવિધ રાષ્ટ્રોના સેનાપતિઓ સમજો કે મોઢામાં સિસોટીઓ રાખીને જ તૈયાર ઊભા હતા.

ગ્રીનલૅન્ડના પોતાના પચાસ સુરક્ષા સૈનિકો શું આ વિશ્વ-લશ્કરનો સામનો કરવા માટે પૂરતા હતા ખરા ? તેમની દેશદાઝ, માતૃભૂમિના ઝનૂન, મરી ફીટવાની શહીદોની ભાવના પર જરાય શંકા કરી શકાય નહિ, પણ લડાઈ જો થાય તો, લડાઈ લડાઈ છે. એનું જે તે પરિણામ આવીને જ રહે છે. શું માત્ર મરવાથી કે શહીદ થવાથી જ માતૃભૂમિનું રક્ષણ થઈ શકે છે ? અને ધૂમકેતુનું ?

દરેક જહાજ પાસે પોતપોતાના સમાચાર હતા અને એ સમાચાર કંઈ બહુ સંતોષ આપે તેવા ન હતા. કોઈક 'પેટન્ટ' માટે વિશ્વ પરિષદ ઝઝૂમતી હોય તો એવી કોઈ 'પેટર્ન' તે નિશ્ચિત કરી શકતી ન હતી. નક્કી થાય તોપણ એ પેટર્ન માત્ર કાગળ પરની કાર્યવાહી રહેતી હતી. પછીની વાતો રાજકારણમાં અટવાઈ જવાની હતી. એથી આગળ લશ્કરી જવાન તેનો કબજો લે, તેવી પૂરી દહેશત હતી. તમામે તમામ વિદેશી કચેરીઓ એક બીજી સાથે અંદરોઅંદરની' મૈત્રીને દાવે ઘુસપુસ કરવા લાગી હતી. એ ઘુસ અને પુસની ભાષાય ધીરે ધીરે બદલાતી રહેતી હતી. જહાજો ક્રમશઃ વધતા જ ગયા અને સમાચારો અશાંતિ ફેલાવતા રહ્યા.

ચોક્કસ કોઈ જ વાત સમજાતી ન હતી. અહીના કપ્તાનો, સરદારો, સેનાપતિઓ વ્યક્તિગત રૂપે દ્‌વિધા અનુભવતા હતા. જ વિશ્વસૈન્ય, હવે એને વિશ્વસૈન્ય જ કહેવું રહ્યું, અહી ગોઠવાયું હતું. એ બધામાં મૈત્રીભાવ હતો ? બધાંનું ધ્યેય એક હતું ? બધાં જ ધૂમકેતુની સુરક્ષા માટે જ હતા ? બધાં સામુહિક રીતે એક થઈને સુરક્ષા કરવાના હતા, કે પોતાનો સુરક્ષાનો હક્ક વધુ મજબૂત માનતા હતા.

જો અમેરિકન કોમોડોરે સહુ પ્રથમ પોતાના ઇંગ્લિશ સાથીને ભોજનનું આમંત્રણ આપ્યું હોય તો ઈંગ્લિશ વળી ફ્રેન્ચની દોસ્તીના દાવ ગોઠવતા હોય. આ આંતર-રાષ્ટ્રીય ભાવ સંબંધ ચાલુ રહ્યો તો આગળ વધતોય અટકી ગયો. અત્યારે દરેક પક્ષ પોતપોતાની યોજના વિચારતો હતો અને હવાના રૂખ મુજબ કાર્યક્રમનું આયોજન ગોઠવતો કે તેમાં ફેરબદલ કરી દેતો. એ ફેરબદલીના વાવાઝોડાની ક્યારેક ઝાપટ વાગી જતી, તે સામે સાબદા રહેવાની નાજુક જરૂર હતી.

તેમાં શ્રીમાન ઝેફરીન ઝીરદાલ કોઈ રીતે સમજવા કે બાંધછોડ કરવા તૈયાર ન હતા. પોતાની તમામ કોશિશોની વચમાંય ગોડફાધર બૅન્કર લસર ઝીરદાલને તર્કપૂર્વકની દલીલ પેશ કરી શકતા ન હતા. ઉપરાંત જીદે ચઢેલા જુવાનિયા સામે વળી કયો તર્ક કામ આપતો હોય છે ?

'તારે સમજવું જોઈએ મારા શાણા દીકરા.' બૅન્કરશ્રીએ ઝેફરીનને ભરપૂર વહાલ કરતાં કહ્યું, 'મોન્સ્યુર ડી સ્નેક સાચા છે. આવડી મોટી અધધધ મિલકત કોઈ એક જ વ્યકિતને તેના વ્યકિતગત દાવે કેવી રીતે સોંપી શકાય ? અંતરાય, અવરોધ અને મધ્યસ્થી શક્ય રહેવાની જ. પણ મારાથી શું થઈ શકે તે હું જોઉં છું. જરા ઉત્તેજના શમી જવા દે એટલે હું મારી યુક્તિ અજમાવીશ. ભાઈ દીકરા, તું જાણે છે કે હું જ્યારે મારો તર્કબદ્ધ દાવો રજૂ કરું છું, ત્યારે ભાગ્યે જ કોઈ એનો પ્રતિવાદ કરી શકે છે. હું ન્યાયની એવી વાતો કરીશ કે એમને કંઈક આપવું જ પડશે.'

'કંઈક ?' ઝીરદાલ તાડૂકી ઊઠ્યો, 'ઐસીતૈસી તમારા એ કંઈકની. તમારા એ થોડાઘણા કે વધારે ઓછા સોનાની પરવા જ અહી કોને છે ? હું શું એ આકાશી

સોનાને માથે લઈને નાચવાનો છું ?'

'તો પછી તું આટલો બધો ઉકળાટ શાનો અનુભવે છે ?'

'કેમકે...' બૅન્કર વડીલ પોતાની વાત પૂરી કરી દે એ પહેલાં જ ઝીરદાલે વજનદાર રીતે કહી દીધું, 'એ ધૂમકેતુ મારો છે. કોઈ એની તરફ આંગળી ચીંધશે તો હું એ આંગળી જ કાપી નાખીશ.'

'એ આંગળી આખી દુનિયાની છે. એ સમગ્ર સૃષ્ટિ સમષ્ટિ સામે તું શું કરી શકીશ એકલો ? મારા સોજ્જા દીકરા !'

'મને કંઈ સમજાતું હોય તો એ પ્રમાણે હું કરી જ ના નાખું ? તમારી સલાહ શું કામ પૂછત ? તમે કહો છો ધીરજ ધરો. જ્યારે મૂરખ બેજવાબદાર નકામા લોકો મારા ધૂમકેતુને હાથમાં લેવાની વાત કરે છે ત્યારે હું ધીરજ ધરું ? જેટલા દેશ એટલા લૂંટારુઓ ભેગા થયા છે મારા ધૂમકેતુને પીંખી નાખવા માટે. એ માટે તેઓ અંદરોઅંદર ભલે લડી મરે પણ મારો ધૂમકેતુ જ્યાં છે ત્યાં, તેમ ને તેમ કેમ રહેવા દેતાં નથી ? ધૂમકેતુને ધરતી પર લાવવામાં મને મઝા પડી, મારો પ્રયોગ સફળ થયો તેની ખુશી હું માણું ત્યા જ આ લૂંટાલૂંટ ? જેમના ગજવામાં અડધી પેની પણ નથી, જેનું આ અવતરણમાં એક ફદિયુંય ખર્ચાયું નથી, એ બધાં ગરીબ શેતાનો હવે આભ ફાટતા સોના માટે દાવો કરી રહ્યા છે ? લડી રહ્યા છે ? જાણે એ ગોળો એમના બાપનો હોય ! હું નહિ માફ કરું કોઈને, કોઈ રીતે જરાય માફ નહિ કરું.'

ઝીરદાલ બીજી કોઈ રીતે આ પ્રકરણને જોવા માગતો ન હતો. પણ મોન્સ્યુર ડી સ્નેક સાથે એણે જે ઉગ્રતા દાખવી તે વધારે પડતી હતી. કેમકે એ શ્રીમાન સ્નેક પોતે પણ એવા જ ફાસલામાં ફસાઈ ગયા હતા. ગ્રીનલૅન્ડ પરનું આ આક્રમણ તેને જરાય ગમતું ન હતું. પ્રજાસત્તાકની આ ભૂમિનું ભાવિ જ નહિ, વર્તમાન પણ તેને જોખમમાં ભાસતું હતું. એવી અણધારી પરિસ્થિતિ સામે તે શું કરી શકે ?

પોતાના માત્ર પચાસ આદિવાસી જેવા રક્ષકો દ્વારા તે પેલા ૩૨૦ને દરિયામાં મારી હઠાવી શકે ? નવા જમાનાનાં શસ્ત્રો- અસ્ત્રોથી સજ્જ એ વિદેશી વિષધરોને તેના રખેવાળો રફેદફે કરી શકે ? જે થોડોઘણો સરસામાન તેની પાસે છે તેના વડે એ સોળ શેતાન જહાજોને દરિયામાં ડુબાડી શકે ?

નહિ જ. એ શક્ય જ ન હતું. તેઓ માત્ર સ્વતંત્રતાના રક્ષણના નામે એ લાલચુ આક્રમણખોરો સામે પ્રસ્તાવ રજૂ કરી શકે, એટલે વિનંતીની દાદ માગી શકે. અથવા તો તેઓ વિશ્વ-નીતિશાસ્ત્રની આણ આપી પારકી ભૂમિ પરનો પગપેસારો વાંધાજનક છે, એવું વિધાન વ્યક્ત કરી શકે.

એક દિવસ જ્યારે ઈંગ્લિશ અને ફ્રેન્ચ જહાજોના કેપ્ટન એક સાથે જ સામેથી આવતા હતા, ત્યારે મોન્સ્યુર ડી સ્નેકે તક ઝડપી લીધી. રાજકીય મુત્સદ્દીગીરી અને સંસ્કારી વિનમ્રતા સહિત તેમણે આ અતિ મહત્ત્વની વાત તેમની આગળ મૂકી જોઈ.

જવાબ પહેલાં ઈંગ્લિશ કેપ્ટને આપ્યો. તેણે એવી મતલબનું ચાતુરીભર્યું વિધાન પેશ કર્યું કે મહામના સ્નેકસાહેબ કોઈ પાયા વગરની વાત છેડી રહ્યા છે. જહાજના અધિકારીઓ તેમને અપાયેલી કાર્યવાહી જ પાર પાડી રહ્યા છે. શ્રી સ્નેકની ચિંતાના વિષયને સ્પર્શવાનો કે ચર્ચવાનો તેમને કોઈ અધિકાર નથી. તેમાંય હાલ તુરત તો જે તે દેશની એવી તેવી કોઈ ઈચ્છા જ નથી કે પેરવી પણ નથી. અલબત્ત ગ્રીનલૅન્ડની અહીંની ભૂમિના લશ્કર કરતાં તેમનું લશ્કર મોટું કહી શકાય, પણ મોટા દેશે તો મોટા લશ્કર અને મોટી સાવધાની રાખવી જ રહી ને ! શ્રીમાન સ્નેકની દ્વિધા જ અસ્થાને છે કેમકે જેઓ બધાં અહીં છે, તે શાંતિ સુરક્ષા માટે જ છે. તેમનું આગમન એ જ મૂળભૂત પવિત્ર હેતુથી થયું છે. ઉપરાંત એ જે તે દેશો ઝગડાળુ કે લઢવાડિયા છે જ નહિ. બીજાના રક્ષણનું સન્માન તેમની ઝંખના રહે છે, રહેશે.

'ઓહ,' શ્રીયુત સ્નેકને હકાર ભણવો જ પડ્યો, 'તો એમ વાત છે ત્યારે. બધાનાં રક્ષણની જ ઉદાર અને ઉદ્દાત્ત ભાવના છે, એમ જ ને ?'

'જો એમ જ હોય તો મારા હક્કનું રક્ષણ હું કરીશ.' બોલી ઊઠ્યું કોઈક આ વાટાઘાટમાં સામેલ થઈને, 'કેમકે મને બીજા કોઈ ઉપર ભરોસો નથી.'

'અમે કોની સાથે વાત કરી રહ્યા છીએ ?' ઈંગ્લિશ કેપ્ટને પૂછ્યું.

'મારી સાથે. મારું નામ ડિન ફોરસીથ છે. વ્હેસ્ટન ફોરસીથ. અત્યારે જે ધૂમકેતુની ચર્ચા આપ કરી રહ્યા છો, તેનાં પ્રથમ દર્શનથી જ માલિક હું છું. હું વ્હેસ્ટનિયન ડિન ફોરસીથ.'

શ્રીમાન ડી સ્નેકે ખભા ઉછાળ્યા.

'ઓહ ! ખરેખર ?' ઈંગ્લિશ કેપ્ટને કહ્યું, 'તમારા નામથી અમે પરિચિત છીએ મિસ્ટર ડિન ફોરસીથ. તમારી રજૂઆત વાજબી છે. જો તમને લાગતું હોય કે ધૂમકેતુ તમારો છે તો તમે તમારા હક્કનું રક્ષણ કરી શકો છો.'

'એ શું એના હક્કનું રક્ષણ કરશે ?' ત્યાં આવી પહોંચેલા બીજા આગંતુકે કહ્યું, 'એનું છે શું કે એ રક્ષણ કરશે ? રક્ષણ તો હું જ કરીશ મારા હક્કનું, કેમકે ધૂમકેતુનો એકમાત્ર માલિક હું છું. હું ડૉક્ટર સિડની હડલ્સન ક જેણે સહુ પ્રથમ બ્રહ્માંડ આખાનું ધ્યાન એ ધૂમકેતુ તરફ ખેંચ્યું.'

'તું ?' ફણિધરનાગ ઊછળીને ડંખ મારે એમ શ્રીમાન ડિન ફોરસીથે કહ્યું, 'તું ?'

'હા હા હું જ.'

'નાદાન છોકરાઓ કંઈ આવી મહત્ત્વની શોધ નથી કરતાં, ડૉક્ટર ?'

'રમકડાં સાથે રમવાથીય આકાશી અદ્ભુત શોધો થઈ જતી નથી, ફોરસીથ !'

'ટેલિસ્કોપમાં જોતાંય આવડે છે, ડૉક્ટરિયા ?'

'કાચમાંથી મોઢું દેખાતું હશે ફોરસીથિયા, ધૂમકેતુ નહિ.'

'મારું ચાલે તો ડૉક્ટર ફોક્ટર, તારી બધી ચાલબાજી હમણાં ને હમણાં ઉઘાડી પાડી દઉં.'

'મારી પાસે તારી બધી ચોરી લુચ્ચાઈ ડોંગાઈના પુરાવાઓ મોજૂદ જ છે, ફરરરરર.'

'ભઈસા'બ, આ બધું વધારે પડતું છે.' જ્યારે બંને વ્હેસ્ટન નાગરિક પાડોસીઓ અને વેવાઈ થતાં થતાં રહી ગયેલા ખગોળશાસ્ત્રી અન્વેષકો દ્વન્દ્વ પર આવી ગયા ત્યારે, ફ્રાન્સીસ બંનેને છૂટા પાડવા વચમાં કૂદી પડયો. જેનીએ પણ પોતાની રીતે આ વડલાઓની વડવાઈઓ ખેંચવા માંડી.

'મામા ! મામા !!' શ્રીમાન ફોરસીથને વારતાં અને દર લઈ જતાં ફ્રાન્સીસે કહ્યું

'પિતાજી ! બસ કરો હવે બસ કરો.' જેનીએ ડૉક્ટર હડલ્સનને ખેંચતાં કહ્યું, 'આ બધું કંઈ બહુ સારું પ્રદર્શન નથી.'

'આ બે છોકરાંઓ વળી કોણ છે ?' ઝેફ્રીનકોણ છે ?' ઝેફ્રીન ઝીરદાલે પૂછ્યું, 'એટલે કે આ છોકરો અને છોકરી?'

ઝેફ્રીન ક્યારનો બધો તમાશો દૂર રહ્યો રહ્યો જોઈ રહ્યો હતો તેની સાથે તાજી પણ બીનસ્વાર્થી મૈત્રીથી જોડાયેલા શ્રીમાન શેઠ સ્ટેનફોર્ડ હતા.

અખંડ પ્રવાસીઓને મૈત્રી કરી દઈ તેની ઘનિષ્ટતા વધારતાં વાર લાગતી નથી. તેણે જવાબ આપ્યો, 'પહેલાં તો એ કહો ઝીફરાલ કે તમે શ્રીમાન ડિન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સનનું નામ તો સાંભળ્યું જ હશે ?'

'વ્હેસ્ટનના પેલા શિખાઉ ખગોળશાસ્ત્રીઓ ?'

'જી હા, એ જ.'

'એ બંને જણા અહીં હાજર છે અને તેઓ એટલા માટે દ્વન્દ્વ લલકારી રહ્યા છે કે અત્રે જે ધૂમકેતુનું આગમન થયું છે, તેની શોધ તેમણે કરી છે. આ મેં-મેં તેમની વચ્ચેની છે.'

'અલ્યા આખ્ખું કોળું...'

'કોળાના માલિક એકમાત્ર તેઓ છે.'

'એટલા ખાતર કે તેમણે ધૂમકેતુને આકાશમાં જોઈ લીધો ?'

'પણ આકાશમાં તો ઘણું ઘણું છે. તારાઓ ચાંદ સૂરજ બીજા ગ્રહો.'

'વાત અત્યારે ઝીરદાલજી, માત્ર ધૂમકેતુની છે.'

'ધૂમકેતુની ધૂમ, એમના બાપની બુદ્ધિ ગૂમ. પણ એમાં પેલા છોકરા-છોકરીની શી જરૂર ? એ અહીં શું કરી રહ્યા છે, એ જ કહોને મિત્ર !'

'એ એક ખરેખરી કરુણ-મંગળ-કહાની છે.' શેઠ કહ્યું.

'કરુણ ? અને મંગળ ?' ઝીરદાલ નવાઈ પામ્યો, 'ન સમજાય તેવી વાત છે એ તો.'

'કરુણ એ રીતે કે એ બંને પ્રેમીઓ એકબીજાને મળી શકતાં નથી. બંને કુટુંબનો એક જમાનામાં ઘનિષ્ટ સંબંધ રહ્યો છે. એ સંબંધની રુએ આ છોકરા-છોકરી એકબીજાંને ઓળખતાં થયાં, ગમતાં થયાં, પ્રેમ કરતાં થયાં. બંને ડોસાઓએ તેમનું સગપણ સ્વીકાર્યું અને પછી લગ્નની વાત ટલ્લે ચઢી તે ચઢી.'

'કારણ ?'

'આ ધૂમકેતુ' એ શબ્દો સાથે જ શેઠ સ્ટેનફોર્ડે વિગતવાર એ સાચી પ્રેમકથા કહી. તે કહે, 'આ ડોસાઓની ધૂમકેતુ-ઈર્ષાને લઈને બંને પ્રેમીઓના લગ્ન થઈ શકતા નથી. એથી અત્યંત નજીક છતાં ઘણે દૂર જેવી પરિસ્થિતિ છે.'

ઝીરદાલ તો આ કથા સાંભળીને ખરેખર વ્યથા જ અનુભવવા લાગ્યો. તેણે બંને વડાઈને ચઢાઈની જીદ પર જોયા. પેલાં છોકરા-છોકરીઓ તેમને છૂટા પાડી રહ્યાં છે, એ પણ જોયું. એ બંને ડોસાઓ તેને પ્રાણીબાગના કોઈ પશુ જેવા લાગ્યા. શેઠ સ્ટેન્ડફોર્ડની બધી વાત સાંભળી ઝીરદાલે ઉદ્‌ગાર કાઢ્યા, 'હદ કહેવાય, હદ જ કહેવાય !' એવું કહેતો હાથ ઉછાળતો તે ચાલ્યો ગયો, જાણે એનું ચાલે તો હમણાં એ બંનેને પરણાવી આપે.

ઝીરદાલ દૂર જતાં જ સ્ટેનફોર્ડને આર્કેડિયા યાદ આવી. ઝીરદાલ સાથે વાતો કરવામાં તે એને ભૂલી ગયો હતો. ફરાન્સીસ જેનીની કથા સાથે પોતાની કથા

સરખાવતો તે મિસ આર્કેડિયા વૉકર તરફ ગયો.

ઝેફરીન ઝીરદાલ આમ જ ગુસ્સે થઈ ગયો હતો. કુટીરનું બારણું જોરથી ખોલી નાખતાં તે પોતાના ગોડફાધર ઉપર વરસી પડ્યો.

'કા-કા-શ્રી !' તેણે કહી દીધું, 'આ બધું અસહનીય છે, એકદમ અસહનીય.'

'હવે શું થયું પાછું ?' બૅન્કરે પૂછયું.

'આ... આપણો ધૂમકેતુ.'

'શું કર્યું વળી પાછું એ ધૂમકેતુએ ?'

'ધરતીને ઉપરતળે કર છે એ ધૂમકેતુ, એ જ એનો ગુનો છે. એના કારસ્તાનો ગણ્યા ગણાય એટલા નથી. એણે તમામે તમામ લોકોને લૂંટારુ બનાવી દીધા છે. આગ અને તલવારની રમત રમવા બધાંને મુક્ત કરી દીધા છે. એ તો ઠીક, પણ એ નિર્દોષ ભલા પ્રેમ-ઉત્સુક પ્રેમીઓનીય આડે આવી રહ્યો છે. જઈને પેલી છોકરીને જુઓ, અને કહો કે કેવી હાલત કરી નાખી છે તેની આપણા આ ધૂમકેતુએ કેતુએ ! રડી રડીને તે આંધળી થવા બેઠી છે. બંને પ્રેમીઓની આંખો સૂઝીને એવી થઈ ગઈ છે.'

'કયા પ્રેમીઓ ! અહી વળી પ્રેમીઓ ક્યાંથી આવ્યા ? અને કઈ છોકરીની આંખ રડી રડીને આંધળી થઈ રહી છે ? આ વળી પાછી તારી કોઈ નવી જ ધૂન.' મોન્સ્યુર લસરે વાત કોઈક નવી જ લાગતાં પૂછ્યું.

ઝીરફાલ થોડી વાર ધૂંધવાતો રહ્યો. પછી કહે, 'હા. એને મારી ધૂન કહો પણ હવે વધારે આ બધું નહિ ચાલે. આવું ચાલવા જ નહિ દેવાય. હું એ બધાંને એકદમ સીધા કરી દઈશ. સીધા સોટા જેવા.'

'હવે કોને સીધા કરવાની વાત છે ?' બૅન્કરે પૂછ્યું, 'અને કેવી રીતે ?'

'સીધી ને સટ રીતે.' ઝીરદાલે કહી દીધું, 'હું તેમના ધૂમકેતુને દરિયામાં ફેંકી દઈશ. એટલે ઊંડે કે કોઈ તેને પામી શકે નહિ.'

બૅન્કર લસર તો આ વાત સાંભળીને આભા જ બની ગયા. તેમના માથા પર વીજળી ત્રાટકી. તેમને ખ્યાલ આવી ગયો કે આ માત્ર ધમકી નથી. ઝીરદાલ જે ધારે છે તે કરી શકે છે.

'નહિ નહિ ઝીરદાલ,' પગે પડી જઈ શ્રીમાન લસરે કહ્યું, 'એવું ના કરતો, એવું હરગીઝ કરતો નહિ.'

'હું તો એમ જ કરવાનો છું. મને એમ કરતાં કોઈ રોકી શકે નહિ.' ઝીરદાલે કહ્યું, 'મારે માટે બધું જ બેકાબૂ બની રહ્યું છે. હું આ રીતે જીવવા ટેવાયો નથી.'

'તને જેમ ફાવે તેમ જીવજે ઝીરદાલ, પણ જે કંઈ થયું છે તે ખતમ કરી દેતો નહિ.'

અત્યાર સુધી તેમણે સોના સાથે, સોનાની ખાણ સાથે, સોનાના શેર સાથે જે દાવપેચ ખેલ્યા હતા, તેનું પરિણામ હવે આવી જ રહ્યું હતું. ધૂમકેતુના નામ પર તેમની પર તો પૈસાનો વરસાદ જ પડવાનો હતો એ સોનેરી રૂપેરી વરસાદનાં સપનાંની વચમાં જ ઝીરદાલ કહેતો હતો, 'શા માટે ખતમ નહિ કરું ? શા માટે નહિ ? કાકા ! હું જો સર્જન કરી શકું છું તો વિસર્જન પણ કરી શકું છું, ધૂમકેતુને મરજી મુજબ પાડી શકું છું, તો મરજી મુજબ ડુબાડી પણ શકું છું, ઊંડે ઊંડે ઊંડે.'

'ભલે, ડુબાડી દે તારા ધૂમકેતુને.' બૅન્કરે કહ્યું, 'ડુબાડી જ દે. તું જે ધારે છે તે કરે જ છે. પણ તારો એ નિર્ણય થોડા દિવસ મુલત્વી નહિ રાખી શકે, મારે માટે, કોઈને માટે નહિ ગીગા, મારે માટે ?'

બૅન્કરની વાત પર વિચાર કરીને ઝીરદાલ જરા ગંભીર બન્યો. તેના આ બૅન્કરકાકાએ તેના પર ઘણા ઉપકાર કર્યા હતા. બલકે તેમને ભરોસે જ તે આજ સુધી જીવતો રહ્યો હતો.

તેણે કહી દીધું, 'થોભી શકું છું. તમારે ખાતર કે મારે ખાતર તેની ખબર નથી પણ થોભી શકાશે મારી યંત્રસામગ્રીને મારા હવે પછીના કાર્ય માટે નવેસરથી મઠારવી પડશે એટલે કે તૈયાર કરવી પડશે. યંત્રના એ પરિવર્તનમાં પાંચ દિવસ તો લાગશે જ, છ પણ લાગે;

'એટલે ત્રીજી સપ્ટેમ્બર આવી લાગશે, બરાબર ઝીરદાલ ?'

'બ-રા-બ-ર.'

'ત્યારે તો વાંધો નહિ.' કહીને બૅન્કર લસર ઉપરનીવીક બાજુએ દોડી ગયા. તેમને દોડી જતાં જોઈ ઝીરદાલે કોઈ પ્રતિક્રિયા વ્યક્ત કરી નહિ, કેમકે એ તો પોતાના હવે પછીના અગત્યનાં કામે જ લાગી ગયો હતો.

એક ઘડી પળનોય સમય બગાડ્યા વગર બૅન્કર આટલાન્ટીક પર પહોંચી ગયા અને માણકીને પૂરપાટ હંકારી મૂકવા કહ્યું.

બીજી દરેક રીતે મોન્સ્યુર લસરની યોજનાઓ સરસ અને અસરકારક રહેતી. તેમને બે બાબતમાંથી એકનો સ્વીકાર કરવાનો હતો. એક તો પોતાના ચિરંજીવીને તેઓ આંતરરાષ્ટ્રીય લશ્કર સામે મૂકી દે, અથવા તો ઘટનાઓ જે રીતે

બનવાની હોય તેમ બનવા દે. મોન્સ્યુર લસરે બીજો માર્ગ અપનાવ્યો. જો તેમણે પહેલો માર્ગ અપનાવ્યો હોત તો તેમને વિવિધ સરકારોની ખુશામત કરવી પડત, તેમની મહેરબાનીની ચાહના રાખવી પડત. એમ કરવામાં જે કંઈ બચી ખૂંચી મિલકત રહે તેમાંથી તેમને અમુક હિસ્સો મળી રહેત, જે નગણ્ય કહી શકાય. પણ તેઓ સોનાના બજાર સાથે દાવ ખેલીને ઘણું મેળવી શકત.

એથી તેઓ શાંત રહ્યા. ધૂમકેતુ પોતાના ગર્ભમાં જે ગંજાવર સોનું દરભીને બેઠો હોય તે ભલે એની પાસે રહ્યું અને પોતાના વ્યક્તિગત લાભ માટે તેમણે કમર કસી. આમાં જે રહસ્ય હતું તે એકલા તેમનું જ હતું. બીજા કોઈને એની જાણ સુધ્ધાંય ન હતી.

એ માટે તેમણે આટલાંટીકની સહાયથી રુ દ્રો તરફ એક તાર-સંદેશ મોકલી આપ્યો, 'એક ચમત્કારિક ઘટના બની છે. ખાણના શેરો જેટલા ખરીદી શકાય એટલા ખરીદી લો.'

હુકમનું પાલન થયું જ. ધૂમકેતુના ધરતી પરના આગમનના સમાચાર હવે ભલે બધાંને જાણવા મળી રહે. ખાણના શેરોના ભાવ સાવ તળિયે બેસી ગયા. વેચનારાઓએ વેચવાના ફાંફાં માર્યા પણ ખરીદે કોણ ?

જ્યારે ખરી સાહસકથા પ્રગટ થઈ ત્યારે કેવી પરિસ્થિતિ હશે, વિચારો જોઈએ. શેરોના ભાવો ઊંચા જતાં જતાં અગાઉની મૂળ કિંમત કે તેથીય ઊંચા મજલે પહોંચી ગયા હોય અને તેનો ગંજાવર નફો એક માત્ર અ શેરો જેની પાસે હોય તેનો જ ને !

મોન્સ્યુર લસરની ધારણા ખરેખર તર્કબદ્ધ હતી. તેમનો તાર સમયસર રુ દ્રો બૅન્કમાં પહોંચી જ ગયો હતો, જેનો અમલ તે જ દિવસે તરતોતરત પેરીસ ખાતે થયો. તમામ ખાણના સોના લસરની બૅન્ક તરફ દોડવા લાગ્યા. બીજે દિવસે એ જ પ્રવાહ ચાલુ રહ્યો. બે દિવસમાં કેટલો પાક ઊતર્યો હશે, એની કલ્પનાય થઈ શકે નહિ. નાની ખાણોના શેર પાણીના ભાવે ખરીદી લેવાયા. બીજી ખાણને થોડું કંઈક સારું લાગે એવા ભાવ ઓફર થયા. ચારે બાજુથી જે ધસારો સ્વાભાવિક રીતે થતો રહ્યો એની તો વાત જ ન પૂછો.

૪૮ કલાક બાદ આ ખરીદીનું એક્ષ્ચેન્જ વિવિધ દેશોના કેન્દ્રોમાં શરૂ થયું અને સનસનાટી મચી ગઈ. લસરની બૅન્ક 'મોનોપોલી' ધરાવતી હોવાથી પોતાના ભાવ, શરત, ટર્મ્સ રજૂ કરતી હતી. આ બધામાં કોઈક રહસ્ય ગૂંથાયેલું છે એવી સામાન્ય જાહેર માન્યતા હતી, પણ શું થઈ શકે ? મોડું થયું જ હતું. જુગારને સફળતા મળી હતી. મોન્સ્યુર રોબર્ટ અત્યારે પૃથ્વી પરના અડધા સોનાના માલિક બની ચૂક્યા હતા.

જ્યારે પેરીસમાં આવી આર્થિક ઊથલપાથલ મચી હતી ત્યારે ઝેફરીન ઝીરદાલ પોતાના યંત્રોને પરિવર્તન આપવામાં ગૂંથાઈ ગયો હતો. પેરીસથી તે જે જાતજાતની સામગ્રીઓ લાવ્યો હતો તેનો યોગ-પ્રયોગ તેણે શરૂ કરી દીધો હતો. સરકીટ થોડીક ભુલભુલામણી ભરેલી અને ગૂંચવણવાળી હતી પણ તેની કીમિયાગીરીથી ઝીરદાલ માહિતગાર હતો.

વિવિધ પ્રકારના અને કંઈક વિચિત્ર કે વિશેષ કહેવાય તેવા બલ્બો તેણે બે નવા રિફ્લેક્ટરોની વચમાં ગોઠવી દીધા.

તારીખ ગોઠવી દેવામાં આવી એટલે કે ત્રીજી સપ્ટેમ્બર નિશ્ચિત કરી, ઝીફરાલે પરીક્ષણ કરી જોયું કે બધું બરાબર છે. ગોડફાધરની હાજરી તેને એક પ્રેક્ષક સમુદાયનો આનંદ આપતી હતી. પોતાની દક્ષતા દાખવવા માટેનો આ સર્વથા અનુકૂળ મોકો હતો પોતે જ વકતા-પ્રવકતા બનીને તેણે પ્રવચન શરૂ કર્યું :

'મારું આ યંત્ર,' તેણે સરકીટ બંધ કરીને કહ્યું, 'વિશેષ પ્રકારની શકિત ધારણ કરનારું હોવા છતાં એમાં વિશેષતા કંઈ જ નથી. એક રીતે કહીએ તો એનું કામ ઊર્જાનું પરાવર્તન છે. એ બીજી સામાન્ય રીત મુજબ જ વીજળી ગ્રહણ કરે છે, પણ અસામાન્ય અને અદ્ભુત કહી શકાય તેવી રીતે ઘણાં ઊંચા પ્રકારની વીજળી પાછી ફેંકે છે. આ શોધ મારી છે. શૂન્યમાંથી સર્જન કહો કે સવાશૂન્યમાંથી સહસ્રાર્જુન સમગ્ર સર્જન કહો. મને એનો વાંધો નથી.

'આ બલ્બ જે તમે જુઓ છો અને આ અતિ વેગમાં ફરતી ડિસ્ક જ ધૂમકેતુ પર અસર પહોંચાડે છે. જે રિફ્લેક્ટરની મધ્યમાં એ કેન્દ્રિત છે, એ રિફ્લેક્ટર દ્વારા જ એ અવકાશમાં એવા પ્રકારના કિરણો ફેંકે છે, જેની કોઈ જોડ નથી. મેં એને ન્યૂટર હેલિકોઈડલ કરન્ટ એવું નામ આપ્યું છે.

'કોઈ આંધી કે ઝંઝાવાતી સ્થંભની જેમ એ અપ્રતિમ ગતિ સાથે ચક્કર ભૂમ ફરે છે. એની એ પરાવર્ત શકિત એટલી તીવ્ર છે કે એના માર્ગમાં જે નાનામોટા પદાર્થ આવે તેને એ અસર પહોંચાડે છે. એના હેલિસીસની અપાર અને પારાવાર પ્રમાણમાં અગણિત ઊર્જા એક પોલા સિલિન્ડરનું સર્જન કરે છે. જ્યારે તેમાંથી હવા બહાર ફેંકાઈ જાય છે, બીજા કોઈ પણ આધારની જેમ, ત્યારે તેમાં શૂન્યાવકાશ પેદા થઈ જાય છે. સમજો છો ને કાકાજી, આને જ વિજ્ઞાન વેક્યુમ કહે છે. કહેવાય એ વેક્યુમ એટલે કે શૂન્ય અથવા શૂન્યાવકાશ પણ એની તાકાત બીજી કોઈ પણ ઊર્જાશકિતથી અતિગણી વધારે છે. શૂન્યની એ શકિતનું અમલીકરણ જ મહત્ત્વનું છે.

'તમે વિચારી શકો કાકાજી કે અવકાશમાં સર્વત્ર 'કંઈકનું કંઈક' છે જ. મારા આ અદૃશ્ય નળાકાર સિલિન્ડરનું જ્યારે ચક્રિમાન ગતિમાન શરૂ થશે ત્યારે

શૂન્યાવકાશ શરૂ થશે. આ વેક્યુમ ઊર્જા ઘડી બે ઘડી કે પળ બે પળમાં જ પોતાની શક્તિનો પરચો બતાવી આપશે.

'શૂન્યાવકાશના આ અપાર મોજાંઓ અક્ષુણ્ણ અપરાજિત કે અવિભાજિત પદાર્થને પણ ચલિત વિચલિત કરી દેશે. 'એબ્સોલ્યૂટ વેક્યુમ'ની આ પદ્ધતિ અવિનાશી શક્તિને પણ પોતાના સકંજામાં કેદ કરી લેશે, લે છે. મારું કામ એ પદાર્થ કે પદાર્થોને નિયંત્રણ કરવાનું છે. હું વાહનનો એ ચાલક છું કે જેના હાથમાં ગવર્નર છે, અને પગ બ્રેક તથા એક્સેલેટર પર રહે છે.'

પ્રયોગ પદ્ધતિ અને પ્રવચન દ્વારા જે રીતે અજબનો અન્વેષક ઝેફરીન ઝીરદાલ બધી અટપટી કાર્યવાહી સમજાવતો હતો, એમાં નહિ સમજ પડતી હોવા છતાં મોન્સ્યુર રોબર્ટ લસરને મઝા પડતી હતી. બધું વિચિત્ર, અટપટું અને અજાણ્યું લાગતું ખરું પણ સાવ 'હમ્બગ' છે, એવું માનવાને દુનિયા જોયેલા લસર પણ તૈયાર ન હતા. જરૂર કાંઈક તો છે જ આ બધામાં, એ વિશ્વાસ તેમનો દઢ થતો હતો. અગાઉ જ્યારે બૅન્કમાં પધારેલા ઝીરદાલે જે કાલ્પનિક વાતો કરી હતી, એમાં જ બૅન્કરે તો વિશ્વાસ મૂકી દીધો હતો પણ અત્યારે જ્યારે એથી ભિન્ન પ્રકારની આ યાંત્રિક કામગીરી તેમણે નિહાળી ત્યારે આંગળાંઓ એની મેળે જ મોઢામાં પેસી જતા હતા.

'ખાસમાં ખાસ ધ્યાનમાં રાખવાની નાજુકમાં નાજુક વાત એ જ.' ઝીરદાલે આગળ પ્રવચન શરૂ કરી દીધું હતું, 'કે ન્યૂટર હેલિકોઈડલ કરન્ટના લંબાઈ જતાં મોજાંઓનું સંચાલન કરવું. હું જે પદાર્થ પર તેને કેન્દ્રિત કરું તેને તે જ રીતે અસર પહોંચવી જોઈએ. આ વખતે એની અસર વિરુદ્ધની રહેશે એટલે કે ઊંધી, અવળી, ઊલટી. જે પદાર્થનો સંસ્પર્શ કરવાનો છે તેનાથી થોડેક છેટે એ ઊર્જાશક્તિ ઠેરી જવી જોઈએ કે જેથી મુક્ત થયેલી ઊર્જાશક્તિ પડોસીને રેડિયેટ કરી શકે.'

'પણ ધૂમકેતુને દરિયામાં ફેંકવા માટે એ પ્રવાહ વિરુદ્ધના હોવા જોઈએ, આકર્ષણથી વિરુદ્ધના. એમ જ ને ?' કંઈક સમજ પડવા લાગી હોય એમ મોન્સ્યુર લસરે પૂછ્યું.

'હા અને ના,' ઝેફરીન ઝીરદાલે કહ્યું, 'આ તરફ ધ્યાન આપો કાકાશ્રી, ધૂમકેતુ અને આપણી આ યુક્તિ વચમાંનું ચોક્કસ અંતર માલૂમ છે. ચોક્કસ, એ અંતર પાંચસો મીટર, અડતાલીસ સેન્ટીમીટરનું છે. આપણે એ માટે એ જ મુજબની ગણતરીનો પ્રહાર અથવા તો વિહાર કરવો પડશે.'

ઝીરદાલે આ કાર્યવાહી પ્રાયોગિક ધોરણે કરી બતાવી કે જેથી લસરશ્રી એ બધું વિજ્ઞાન સમજી શકે, એ વિજ્ઞાન જ છે અને કોઈ તૂત નથી, એનો તેમને ખ્યાલ આવી રહે.

'લો. હવે કામ પત્યું.' ઝીરદાલની સમજૂતી આગળ વધી, 'હવે કરન્ટ ધૂમકેતુની નજીક પહોંચીને ત્રણ સેન્ટીમીટર આગળ જ થોભી જશે. એ દિશા હશે ઉત્તર-પૂર્વ તરફની. મુક્ત થયેલી ઊર્જાશક્તિ પોતાના અપ્રતિમ રેડિયેશન દ્વારા પદાર્થને ઘેરી વળશે. પણ આવડા મોટા વિશાળ તત્ત્વને માટે કદાચ એટલી ઊર્જા પૂરતી નયે પડે, એટલે મેં આ બે વધુ પૂરક સાધનો પણ તૈયાર જ રાખ્યા છે.'

ઝીરદાલે યંત્રની અંદરની બાજુ પોતાના હાથ નાખ્યા. તરત જ નવો નાખેલો બલ્બ અતિ વેગમાં ઘૂમરીએ ચઢ્યો.

'તમે કહી શકો કાકાજી કે,' પોતાના વિજ્ઞાનના પાઠ આગળ વધારતા તેણે કહ્યું, 'આ બલ્બ બીજા બલ્બની જેમ ફરતો નથી. એનું કારણ એ છે કે એ જે અસર પેદા કરે છે એ જુદી જાતની છે. આપણે એને, આપની પરમ કૃપાથી, ન્યૂટર રેક્ટીલીનિયર કરન્ટ્સનું નામ આપીશું કે જેથી તે અગાઉની પ્રક્રિયાથી જુદી પડે. આ રેક્ટીલીનિયર પ્રવાહોની લંબાઈ નિયમિત હોવાની જરૂર નથી. અનંત અવકાશમાં એ કરન્ટ-પ્રવાહો અથવા પ્રવાહ-કરન્ટ્સ કોઈની પણ નજરે પડયા વગર પહોંચ્યા જ કરશે, સિવાય કે હું એને દક્ષિણ-પશ્ચિમ દિશામાં ગોળાકાર ધૂમકેતુ પાસે મોકલી ન આપું. હું તમને એની વચમાં આવવાની જરાય સલાહ નહિ આપું. તમને કદાચ એવો ઝાટકો લાગશે, જેને તમે પસંદ નહિ કરો.

'પણ ચાલો આપણે પાછા આપણા વિષય પર આવીએ. આ રેક્ટીલીનિયર કરન્ટ્સ છે શું ? એ પણ પેલા હેલિકોઈડાલ્સ તથા બીજા તમામ પ્રકારના વિદ્યુત કરન્ટ્સની જેમ જ ધ્વનિ પ્રકાશ કે ગરમી પ્રકારના અણુઓ છે જે પોતાની સર્વશક્તિથી પણ પૂરી સાદાઈ સાથે કામ કરે છે. આ અણુ-પરમાણુઓનો તમને દેખીતી રીતે ખ્યાલ જ નહિ આવે. હું જ્યારે કહીશ કે અત્યારે તેઓ સોનેરી ધૂમકેતીની સપાટીને, એક સેકંડના ૭૫૦૦ લાખની સંખ્યામાં અસર પહોંચાડી રહ્યા છે, ત્યારે જ તમે તે જાણી શકશો. એક પ્રકારે આ અણુબૉમ્બ છે, જેમાં ગણતરીઓના ગુણાકારો થતાં જ રહે છે. આ પરમ શક્તિને આપણે બીજી બાજુ અજમાવીને ધાર્યું પરિણામ મેળવી શકીએ છીએ.'

'પણ,' મોન્સ્યુર લસરે કહ્યું, 'હજી ધૂમકેતુ ક્યાં ખસે છે ?'

'ખસશે જ, જશે ક્યાં ?' આત્મવિશ્વાસી ઝેફરીન ઝીરદાલે કહ્યું, 'ધીરજ ધરો કાકાજી, ધીરજ ધરો, અને લો, આ થઈ જરા ઉતાવળ. આ ત્રીજા રિફ્લેક્ટરથી હું અણુ હાવીત્ઝર્સને એવી રીતે પ્રેરિત કરું છું કે તેનો સીધો પ્રહાર ધૂમકેતુ પર નહિ થાય, પણ એ પાયાની ધરતી પર થશે કે જ્યાં તે ઊભો છે, અથવા ગોઠવાયો છે. જેવી એ ધરતી, ભલે વિકટ પહાડી અને પથ્થરિયા રહી, ખસવા લાગશે, એટલે કે ઘસવા

લાગશે ધીરે ધીરે, કે આપણા ધૂમકેતુ ભાઈ ધીરે ધીરે દરિયા તરફ પ્રયાણ કરવા જ લાગશે અને પછી... સાગર જળમાં સૂતા છે.'

ઝીરદાલે ફરીથી પોતાના હસ્ત કૌશલ્ય વડે યંત્ર માંહેની કળોને છેડછાડ આદરી અને ત્રીજો બલ્બ પોતાની ગાજતી કરામત દાખવવા લાગ્યો.

'જુઓ, કાકાજી, જુઓ !' ઝીરદાલે કહ્યું, 'હવે પરિણામ સચોટ આવ્યું જ સમજો.'

❑

# ૨૦

# ગુડબાય... ગુડબાય...! ગોલ્ડન ગુડબાય

અહીંથી તહીંથી, દૂરથી નજીકથી, આજુએથી અને બાજુએથી, બલકે દરેક દિશાએથી એવો જોરદાર માનવીય કાગારોળ ઊઠ્યો કે જાણે આભ નીચે આવી જશે. હા, જે જ્યાં હતાં તેમણે જોયું કે સોનેરી ધૂમકેતુ ચસતો હતો, ખસતો હતો, હાલતો દરૂજતો અને એ સાથે ગરજતો પણ હતો.

ધૂમકેતુના અવાજ સાથે માનવ અવાજો ભેગા થઈને કોઈ નવો જ ભય સૂચવતા હતા. દરેકે દરેક આંખ એક જ દિશામાં તાકતી હતી. જ્યાં કશુંક થઈ રહ્યું હતું.

શું થતું હતું ? શું તેઓ કોઈ દીવાસ્વપ્ન નિહાળી રહ્યા હતા કે ખરેખર ધૂમકેતુ ખ-ખ-ખસતો જ હતો ?

જો એમ હોય તો તેનું કારણ શું ? અત્યાર સુધી બેઠક ફસાવીને ગોઠવાયેલો ધૂમકેતુ હવે આવું વર્તન શા માટે કરતો હશે ? કદાચ તેની ગોઠવાયેલી બેઠક નીચેની ધરતી જ ખસી જવા લાગી હતી અને એ ખસતી ખરતી ધરા જ ધૂમકેતુને દરિયા તરફ ધકેલતી હતી કે ફેંકતી હતી ?

શું આ બધો ખજાનો સાગરને તળિયે જઈને બેસી જશે ? ઊંડા અમાપ સાગરના પેટાળને સમર્પિત થઈ જશે ?

'જેણે આખી દુનિયાને ચગડોળે ચઢાવી છે,' મિસ આર્કેડિયા વૉકર બોલી ઊઠી, 'તે મહામૂલા મહાન સોનેરી ધૂમકેતુનો આ અંત ? આવો અંત ??'

'આવા કરુણતમ અંજામની,' શ્રીમાન શેઠ સ્ટનફોર્ડે જવાબ આપ્યો, 'આવી આશા કોણે રાખી હશે ?'

'જે થયું તે સારું જ થયું,' એવો અભિપ્રાય નિસ્પૃહી ફ્રાન્સીસ ગૉર્ડન સિવાય બીજા કોનો હોઈ શકે ?

ના. એ બધાં કંઈ ખોટું બોલતાં ન હતા. તેમની નજર સમક્ષ ધીમે ધીમે પાણીમાં નહાવા માટે પગલાં ભરતી કોઈક કોમળ સુંદરીની જેમ ધૂમકેતુ પાણી તરફ સર સર

સરકતો હતો, બિલકુલ પેલી કોમલાંગી પરમ સુંદરીની જેમજ. ફેર એટલો જ હતો કે ધૂમકેતુ નક્કર ભરચક ભારે કઠોર વિશાળ જાડોપાડો સોનાનો પહાડી ગોળો હતો.

જો સાગરમાં સમાવાની આ ધીમી ગતિને ચેક કરવામાં ન આવે તો તે ઘણાં મોટા આઘાત સાથે દરિયાના ઊંડાણમાં જઈ પડે, એથી આ વિભાગમાં ધરતીકંપ થવાનોય સંભવ રહે.

જે ચીસો તથા કાગારોળ બહાર આવતી હતી તેમાં મોન્સ્યુર ડી સ્નેકનો ધ્વનિ સહુથી જુદો પડી આવતો હતો. કેવું ભવ્ય સપનું આ પછાત ટાપુએ જોયું હતું ! કુદરતે અપરંપાર સોનું વરસાવવાની કેવી કૃપા કરી હતી ! દેશનો એક એક ગરીબ માનવી ધનવાન બની જવાનો હતો. રાષ્ટ્ર આગળ પડતાં ધનિક ખંડોમાં સામેલ થવાની ઘડીઓ જ બાકી હતી અને બધું હાથમાંથી સરકી જતું હતું.

પેલા શ્રીમાન ડિન ફોરસીથ અને ડૉક્ટર હડલ્સન તો ગાંડા અને ઘેલા જ બની રહ્યા હતા. માથું પકડી, માથાના વાળ હોય તો તે પકડી, નાચતા કૂદતા હાહાકાર કરતાં તેઓ હાથ લંબાવી લંબાવી એક જ શબ્દ બોલતા હતા, ‘નહિ... નહિ...’ એ બંને લોકો તરફ અરજી વિનંતી કરીને કહેતા હતા, ‘બચાવો... એને બચાવો !’ જાણે કોઈ જીવંત ડૂબતા માણસને બચાવવા માટેની પ્રાર્થના ન કરતાં હોય !

પહાડી પર ઘણે ઊંચે ગોઠવાયેલો ધૂમકેતુ શરૂઆતમાં ધીમે ધીમે અથવા અટકી અટકીને નીચે જતો હતો પણ પછી તેની ગતિ વધી. નીચે પહોંચવાની ઝડપ વધતાં જ ડૉક્ટર હડલ્સન ફાટી પડયા. લશ્કરી કોર્ડનને મારી હઠાવી તેઓ પોતાના સોનેરી ધૂમકેતુ તરફ ધસી ગયા.

કોઈએ તેમને રોકવાની જરૂર ન હતી. ક્યાં સુધી જાય ? કેમકે ધૂમકેતુની હજીય ગરમી એટલી તીવ્ર હતી કે કોઈની મજાલ ન હતી કે આગળ વધે ! તેમ છતાં ઘણે નજીક જઈને તેઓ ઢળી પડ્યા. અરે પડ્યા તે એવા પડ્યા કે જાણે કોઈએ નિશાન તાકીને ગોળીબાર ન કર્યો હોય !

શ્રીમાન ડિન ફોરસીથ બાવરા બન્યા હતા પણ સાવધ હતા. એમના પ્રતિસ્પર્ધીને આ રીતે પટકાઈ પડતાં જોઈને તેઓ પણ અધીરા બની ગયા. હવે કદાચ બધી જ સ્પર્ધાનો અંત આવ્યો હતો. હવે હરીફાઈ જેવું રહ્યું જ શું હતું ?

આમેય શ્રીમાન ડિન ફોરસીથ એક અચ્છા સજ્જન હતા. આ ધૂમકેતુની ઘેલછા સિવાય બીજું કોઈ ગાંડપણ તેમને ન હતું. અત્યારે જ્યારે ડૉક્ટરને ધૂમકેતુથી માત્ર સોએક વાર જ નજીક પટકાઈ પડેલા જોઈ તેમની દુશ્મનાવટ ઓગળી ગઈ. શત્રુતા રહી જ નહિ. વેર કયે ઘેર ચાલી ગયું તેનોય ખ્યાલ આવ્યો નહિ. આત્માની શુદ્ધિ થતાં જ તેમનો દયાળુ પરગજુ પ્રામાણિક સ્વભાવ ઊછળી આવ્યો.

જો તેઓ મનના ઊંડાણથી જરા સરખાય ખરાબ હોત તો શત્રુને મરતો જોઈ, આનંદ અનુભવત. પણ અગાઉના દુ:સ્વપ્નને ફગાવી દઈ, શ્રીમાન ફોરસીથ જે રીતે ડૉક્ટર સૈનિકોની કોર્ડન કૂદીને ગયા હતા તેમજ દોડી કૂદીને કોઈની પણ પરવા રાખ્યા વગર, 'મિત્ર, મારા ભાઈ, મારા દોસ્ત, ડૉક્ટર ડૉક્ટર' કરતાં મુશ્કેલીમાં મુકાયેલા મિત્રને મદદ કરવા માટે એકી શ્વાસે ધસી ગયા. તેમના અપ્રતિમ સાહસને ધન્યવાદ આપવા જ રહ્યા, કેમકે ડૉક્ટર સુધી પહોંચતાં જ વધી ગયેલા તાપનો સન્નેપાતી સંતાપ તેમને અનુભવવો પડયો, એટલા ખાતર કે હવે ધૂમકેતુ નીચે પડવા માટે વધુ નજીક આવ્યો હતો.

એવી અગનજ્વાળાઓની પરવા કર્યા વગર તેમણે ડૉક્ટર હડલ્સનને ઉપાડ્યા, ખેંચવા માંડ્યા. એ કામ અઘરું, અસહ્ય અને અશક્ય એટલા માટે બનતું જતું હતું કે ધગધગતી જ્વાળાઓની આંચ તેમનેય અસર કરી ગઈ. એક બાજુ તેઓ ડૉક્ટરને ખેંચતાં અને બીજી બાજુ પોતે પણ અગનદોસ્ત બનતા જતા હતા.

જેવા હતા તેવા બંને વડીલો હતા. તેમની અકળામણનો મુદ્દો જ અંત પામતો હતો. ફરાન્સીસ તો ભલાઈનો અવતાર જ હતો. તે રહી શક્યો નહિ. બંને વડીલોને બચાવી લેવા માટે તે અગાઉના બંને કરતાં વધુ વેગમાં અને ઝનૂનમાં જમીન પર લાંબા થતાં બે હરીફ-દોસ્તો તરફ દોડી ગયો.

આ દૃશ્ય શ્રીમાન શેઠ સ્ટેનફોર્ડ જોઈ રહે એવું બને કે ? કોઈ પણ સંજોગોમાં આ ત્રણેયને તેણે બચાવવા જોઈએ. અથવા અગાઉના બેને ખેંચવા ગયેલા ફરાન્સીસનો સાથ તેણે આપવો જ જોઈએ.

શેઠ સ્ટેનફોર્ડને આ રીતે આગમાં ઝંપલાવી દેતા જોઈ કુમારી આર્કેડિયા વૉકર તો વલવલી ઊઠી. તે હૃદયના ઊંડાણમાંથી બોલી ઊઠી, 'સ્ટેન... સ્ટેન...' તે એક વખતનો તેનો પતિ હતો અને અત્યારે ? પતિ કરતાં પણ વધુ ઘનિષ્ટ સગપણ હોતું હશે ખરું ?

ડૉ. હડલ્સન અને ડિન ફોરસીથને બચાવવા માટે ફરાન્સીસ ગોર્ડન તથા શેઠ સ્ટેનફોર્ડ દોડી ગયા હતા. તો તેમની પ્રેરણા લઈ બીજા અનેક તેમને મદદ કરવા દોડવા લાગ્યા હતા. ઉગ્ર તાપ સહન ન થતાં એ બધાં મોઢુંમાથું હેટથી કે હાથથી ઢાંકીને એ તરફ પ્રયાણ કરતા હતા.

બધાંએ ભેગા થઈને બે પ્રારંભિક ખગોળશાસ્ત્રીઓને મુશ્કેલીથી, પણ સાચવીને ઉપાડ્યા અને સહીસલામત જગાએ લઈ આવ્યા.

બંનેને થોડીક ઝાપટ લાગી જ હતી પણ તાત્કાલિક અને પૂરતા ઉપાયોને લઈને તેમને શાતા મળતી હતી. અલબત્ત પોતાનું વિખેરાઈ જતું સ્વપ્ન જોવું ન પડે એ

માટે તેઓ આંખ ઉઘાડતાં ન હતા.

ધૂમકેતુનું દરિયા તરફ સરકવાનું ચાલુ જ હતું, કંઈક ઝીરદાલી સલામતી શકિતથી અને કંઈક પોતાના બળથી. પગ નીચેની ધરતી સરકે પછી કોણ સ્થિર રહી શક્યું છે ? તેનું ગુરુત્વાકર્ષણનું કેન્દ્ર એક ધારી તરફ આવ્યું ત્યારે પાણી તરફની તેની ગતિ એમ જ વધી ગઈ.

જોનારાના હાવભાવની, અચરજની, હતોત્સાહની, હાયહાયની તો સીમા જ રહી ન હતી. કેટલાક તો ધૂમકેતુનું સાગરસ્નાન પરિપૂર્ણ રીતે જોઈ શકાય માટે ઠેઠ આગળ સુધી દોડી જવા લાગ્યા, જેમાં શેઠ સ્ટેનફોર્ડ અને આર્કેડિયા વૉકર સામેલ હતા.

સારામાં સારી જગાએથી પ્રત્યક્ષ સાગરમંથન નિહાળનાર એ અજાયબ ટોળાંને એક વાર તો લાગ્યું કે ધૂમકેતુ પાણીમાં ઝબકોળાતો રોકાઈ ગયો છે. સોનાની ગતિ જાણે સ્થિર થઈ ગઈ. એ સોનેરી પદાર્થ ઝળહળતી આંખ મીચકારી લોકોને ચમકાવી દેતો હતો. પણ રોકાય જતી વાતનો એ બધો ભ્રમ હતો. પડતાં પહેલાં મોટો પદાર્થ એ રીતે ઊંચો થઈને ઘડીએક સ્થિર થતો નજરે પડે છે. પણ ઉપરથી ધકેલાતી ગતિ એટલી હોય છે કે તે પડયા વગર રહે નહિ.

અને પડયો જ. મોટા ગજબનાક અવાજ સાથે પડયો જ. સાથે કેટલાય પહાડી પાણાઓ લઈને પડ્યો જ. પાણીમાંના છપાક્ક અને પડવાના ધબાક્ક અવાજ સાથે પડ્યો જ. અષાઢી મેઘના કાળા ડિંબાણ વાદળોની ગર્જના થાય એવી ગર્જના સાથે સોનેરી ધૂમકેતુએ સાચેસાચી ઊંડી જળસમાધી લીધી. તેને સમાવી લેતાં મોજાંઓએ એટલા જ પાણીનો ગંજાવર મોજાં રૂપે કિનારા પર છંટકાવ કર્યો.

ધૂમકેતુના પડવાની સાથે એટલી ધરતી તો દરૂજી જ અને ઊભા રહેલા લોકો સમતુલા ગુમાવી ગડથોલું ખાઈ ગયા. તેમની પર જે પાણીનો છંટકાવ થયો હતો તેમાં કોઈક સોનેરી પદાર્થ કે ચળકાટ છે કે નહિ, એ પલળનારાઓ જોવા લાગ્યા. પોતાના ભીના વસ્ત્રોને ખંખેરી ખંખેરીને ચકાસવા લાગ્યા.

જે પાણી તેમની પર છંટાયું હતું એ ધગધગતું હતું કેમકે ધૂમકેતુના ભારે તાપમાને દરિયાના પાણીને પણ છમ-છમ છમ-છમ કરતું ઉષ્ણ બનાવી દીધું હતું.

ગ્રીનલૅન્ડનો ગ્રીન સાગર સોનેરી ધૂમકેતુને પોતાના પેટાળમાં સમાવતો હતો. ધગી ઊઠેલા પાણીમાંથી અપાર પરપોટા અને વરાળ વાતાવરણને છમછમતી અને ચમચમતી બનાવતા હતા. સાગરનો આ ભાગ ઉકળતા સાગર જેવો બની ગયો હતો.

ધૂમકેતુના છેલ્લા ધબાકા અને છબાકાને લઈને ઊઠેલા અવાજ, ફેંકાયેલા પાણી અને દરૂજેલી ધરતીએ નજીક આવી ગયેલાં પ્રેક્ષક ટોળામાં એવો ભય ફેલાવ્યો

કે બધાં લીધેલા ઘેટાંની જેમ ગાફેલ થઈને પાછળ દોડવા એ દોડમાં કંઈક પડ્યા, કંઈક કચડાયા, તોય દોડ ચાલુ રહી.

એ ઘસારામાં ફેંકાઈ ગયેલી મહિલામાં મિસ આર્કેડિયા વૉકર પણ હતી જ.

શ્રીમાન શેઠ સ્ટેનફોર્ડની નજર આ અકસ્માત તરફ ન પડે, એવું બને કે ? ચારે બાજુ ધક્કામુક્કીની વચમાંથી અથડાતા કુટાતા શ્રીમાન સ્ટેનફોર્ડ ટોળાંના ઘસારાથી કચડાઈ ગયેલી આર્કેડિયા સુધી પહોંચી ગયા. પહેલાં દીવાલ બનીને ઊભા રહ્યા. તેની સુરક્ષા અઘરી હતી કેમકે પાણી અને માનવના બેવડા ઘસારાથી સ્ટેનફોર્ડ પણ ફસડાઈ પડતો હતો.

એ દોડાદોડી ધમાચકડીની વચમાંથી આર્કેડિયાને માત્ર ઊભી કરે ચાલે તેમ ન હતું. તેને પોતાના બંને હાથમાં ઉપાડી જ લેવી પડી. એ રીતે પણ ધક્કાઓની વચમાં સ્ટેનફોર્ડ સલામત સ્થળે પહોંચી શક્યા.

ઘણાં લોકોને એ રીતે બચવા બચાવવા પડયા. એક ઊંચી જગાએ ફરીથી ધક્કા-પીડિતોનો મેળો ઝામેલો રહ્યો.

સ્ટેનફોર્ડને થોડીક ઈજાઓ થઈ હતી પણ નાજુક આર્કેડિયા તો બેભાન જ થઈ ગઈ હતી.

જ્યારે તે ભાનમાં આવી ત્યારે તેણે કહ્યું, ‘મને બચાવવા માટે તમે જ હતા ને ? મારું સદ્ભાગ્ય અને સૌભાગ્ય ! મને ખાતરી જ હતી.’ હૃદયથી આભાર માનતી નજરે પુલકિત થયેલી આર્કેડિયાએ કહ્યું. તેણે સ્ટેનફોર્ડનો હાથ પકડી રાખ્યો હતો.

નસીબદાર હતી આર્કેડિયા પણ એટલો નસીબદાર સોનેરી ધૂમકેતુ ન હતો. બૂડબૂડ અવાજ સાથે તે પાણીની નીચે, ઘણે નીચે, ઠેઠ તળિયે જઈ બેઠો હતો. કોઈ માનવીનું પગેરું ત્યાં સુધી પહોંચી શકે તેમ ન હતું. એ તો દરિયાનું પાતાળ હતું. એક વખત જે દબાય તેને વધુ ને વધુ દબાવ્યા કરવાનીય તેની જાણી-અજાણી વૃત્તિ-પ્રવૃત્તિ રહેતી. એ રીતે અતળ ઊંડાણમાં પહોંચ્યા પછી પણ તેના ધડાકાભડાકા સંભળાતા રહ્યા. શું તેના અણુઓ છૂટા પડતા હતા ? શું તેના નાનામોટા બુક્કાઓના ભુક્કા બોલતા હતા ?

મોન્સ્યુર ડી સ્નેક, મિસ્ટર ડિન ફોરસીથ, ડૉક્ટર હડલ્સન વગેરે ફેંકાયેલો એકાદ ટુકડો ઉપર આવે તેની રાહ જોતા હતા, પણ ઉપર માત્ર મોટા મોટા પરપોટાઓ જ આવતાં, આવીને ફટ્ કરતાં ફૂટી જતાં એ પરપોટા. સોના જેવી ધાતુ કદી તરે નહિ, તરીને ઉપર આવે નહિ. સોનું માત્ર પરપોટા ફેંકી શકે, માત્ર પરપોટા.

એ બધાં સોના-વાંચ્છુઓને મહામહેનતે ખેંચીને, દોરીને, ઊંચકીને લઈ જવા પડયા.

અધધધ સોનું, આકાશમાંથી ફેંકાયેલું, દુનિયા આખી તૃપ્ત થઈ જાય એટલું સોનું, કોઈક સાચા સોનેરી સપનાંની જેમ સોનેરી ધૂમકેતુ સ્વરૂપે પાતાળવંદના કરી ગયું હતું.

અદ્ભુત, અલૌકિક, અણમોલ, અભૂતપૂર્વ, અજબ. સોનેરી ધૂમકેતુએ પૃથ્વીની, પૃથ્વીવાસીઓની વિદાય લીધી હતી.

એને ગુડ-બાય કહી શકાય ?

એને કહેનારે આવ-જો કહ્યું હશે ?

કોઈ કહે કે ન કહે, એ ગોલ્ડન-ગુડબાય જ હતી ને ? સોનેરી ધૂમકેતુની સોનેરી વિદાય !

❑

# ૨૧

# સંગીન રાત રંગીન પ્રભાત

ક્યાં સુધી લોકો ઊભા રહે ?

જ્યાં સુધી ઊભા રહેવાય ત્યાં સુધી બધાં ઊભા રહ્યા. પછી તેમનું કુતૂહલ શાંત થતાં જ તેઓ જવા લાગ્યા અને ગયા.

તેમને સંતોષ થયો હશે ? અહીં સુધીની વિકટ રઘવાટી યાત્રા અને આ પરિણામ ? આટલો ખર્ચ અને આવું વિસર્જિત દૃશ્ય ?

માનવીને કદાચ સંતોષ સાથે લેવાદેવા નથી પણ જે જોયું એ શું કંઈ કમ હતું ? આકાશમાં જ દેખા દેતા ધૂમકેતુનું માત્ર પાંચસો વાર દૂરથી દર્શન ! શું તેમની જીવનભરની યાદગાર નથી ? એ ધૂમકેતુ પણ કેવો ? સોનાનો.

આવું દૃશ્ય તેમને જિંદગીમાં બીજી વાર જોવા મળશે ખરું ? શું ફરી વખત બીજો કોઈ સોનેરી ધૂમકેતુ આકાશમાં ચક્કર મારશે ખરો ? શક્ય નથી. આવું કંઈ વારે વારે થતું નથી કે જોવા મળતું નથી. કોઈક સોનામિશ્રિત ધાતુના ધૂમકેતુઓ આમતેમ ઘૂમતાંય હશે, પણ આ લોકોને મળવા એ બધાં ફરી પૃથ્વીની નજીક આવીને આમ ટહુકો કરી જાય એ વાત શક્ય નથી.'

ચાલો, સોનુ નહિ તો સોનાનાં દર્શન તો થયાં જ. એ અહોભાગ્ય સાથે બધાં વિખરાયા.

એને કમનસીબી કહો અને ન પણ કહો. આટલું બધું અધધધ સોનું આપણી પ્રત્યક્ષ આંખે જોયું છે, એ દૃશ્ય તો કદી ભુલાવાનું નથી. આંખ કાયમને માટે પીળી જ રહેશે. પણ જો એ સોનેરી ધૂમકેતુ ખરેખર માનવીના હાથમાં આવ્યો હોત તો આ દુનિયાની તાસિર જ કોઈક જુદી હોત ! અહીં કોઈ ગરીબ ન રહેત, કોઈ ભિખારી નહિ, કોઈ માગણ નહિ, કોઈ યાચક નહિ. કોઈ ને કોઈ સમક્ષ હાથ ફેલાવવાની જરૂર જ નહિ. ગરીબ ભીખ યાચક જેવા શબ્દો શબ્દકોશમાં હોત જ નહિ અને એ સાથે જ ચપ્પણિયા પણ પેદા થયા ન હોત.

આ તો એક ઝંખના છે. કલ્પનાને આગળ વધારો અને વાસ્તવિક ધરતી પરથી તેને પસાર કરો તો એથી ઊલટું પરિણામ ન આવ્યું હોત શું ? માનવોમાં ગીધડાંય

હોય છે ને ! તેમનું કામ એકાકી કે સમૂહમાં ફોલી ખાવાનું નથી હોતું ? પહેલાં સમૂહમાં ચૂંથે અને પછી પોતપોતાની તરફ ખેંચાખેંચી !

મીની વિશ્વયુદ્ધની ઝાંખી તો કદાચ દેખાઈ જ ગઈ હશે. એટલે જ કહેનારા કહી ગયા છે કે જ્યાં સોનું ત્યાં શસ્ત્ર, જ્યાં સોનું ત્યાં સંઘર્ષ, જ્યાં સોનું ત્યાં સંહાર.

જેઓ નિરાશ થયા તેમાંના કેટલાક ન્યાયસંગત પણ હતા, જેમાંના એક હતા મોન્સ્યુર ડી સ્નેક. તેમણે તો ખરેખર પોતાની ઉજ્જડ ભૂમિ સોનાની બની છે, એવું સ્વપ્ન જોયું જ હતું. 'મેરે દેશ કી ધરતી સોના ઊગલે'નું ગીત પણ ગાયું હતું.

પેલા બે પ્રથમ અન્વેષકોનું શું ? તેઓ તો એ ભૂમિને પ્રભુભૂમિ માનવા લાગ્યા હતા. ત્યાં જઈ ન શકાય તો ફરીફરીને જતા હતા. અરેરે, ઘરે મૂકવા માટે એકાદ સુવેનૂર, નાનકડો ગઠ્ઠો, અરે વીંટી જેટલું કે વાલ ભર ? જોયું આવડું મોટું, રહ્યું કંઈ જ નહિ. હાથ પહોળા થયા, ખાલી રહેવા માટે.

પણ બંને વિરોધી વૈજ્ઞાનિકો પર ત્રીજી ચેલેન્જ આવી એટલે એ બંને મિત્ર બની ગયા. કહો કે અગાઉના મિત્ર ફરીથી સવાઈ મૈત્રીમાં ફેરવાઈ ગયા. સાચી મૈત્રી શું છે તેનો ખ્યાલ તેમને આવી ગયો.

ડૉક્ટર હડલ્સન શું એવી કલ્પનાય કરી શકે ખરા કે તેમની જિંદગી તેમના મિત્ર શ્રીમાન ડિન ફોરસીથે જ બચાવી હતી ? બીજી બાજુ એ વિચાર પણ કેટલો મહત્ત્વનો છે કે તેમના પ્રાણ મિત્ર નહિ બચાવે તો બીજું કોણ બચાવે ? એ મિત્ર ફોરસીથ સિવાય બીજો કોણ હોઈ શકે ? જીવનથી મૃત્યુ સુધી સાથે રહે તેને જ મિત્ર કહી શકાયને ?

તે ઉપરાંત ધૂમકેતુનું વિસર્જિત થવું પણ નવી મૈત્રીનું કે જૂની મૈત્રીના મજબૂત નવીનીકરણનું પ્રબળ કારણ હતું.

જ્યારે હાથમાં હાથ લઈ બંને ગાઢ મિત્રો ફરીથી જીવન તરફ યા નવજીવન તરફ પધારી રહ્યા હતા ત્યારે એ જ વિચારતા હતા. તેમની મૈત્રીની મધુરજની જાણે વધુ મધુમય અને તેજસ્વીરૂપે શરૂ થતી હતી.

'આ ફોરસીથ-ધૂમકેતુની વિદાય, દુનિયાની મોટામાં મોટી કમનસીબી બની રહેશે.' ડૉક્ટર હડલ્સન કહેતા હતા.

'એ હડલ્સન-ધૂમકેતુ હતો હડલ્સન...' સુધારો સૂચવ્યો ફોરસીથે, 'એ ધૂમકેતુ તારો જ હતો દોસ્ત, તારો જ...'

'નહિ રે નહિ...' ડૉક્ટરે આગ્રહ કર્યો, 'તારું નિરીક્ષણ મારા પહેલાંનું હતું, એટલે એ તારો જ.'

‘રહેવા દે હવે,’ ફોરસીથની કબૂલાત હતી, ‘મારું સંશોધન તારા પછીનું જ હતું.’

‘કેટલી ભૂલ કરે છે તું દોસ્ત ફોરસીથ !’ ડૉક્ટરે તબક્કાવાર તારણ રજૂ કર્યું, ‘મારો સિનસિનાટી ઓબ્ઝરવેટરીને લખાયેલો પત્ર જ એ સાબિત કરી દે છે. તારી જેમ ધૂમકેતુ આ કલાકમિનિટથી આ કલાક મિનિટ સુધી ચોક્કસ દેખાયો હતો, એવું લખવાને બદલે, મેં જ લખ્યું હતું કે મેં જણાવ્યું હતું કે, આ સમય અને આ સમયની વચમાં તેની ઝાંખી થઈ હતી. એ વચમાં જેવો શબ્દ જ તને જિતાડે છે.’

વાત એટલી જ હતી કે અગાઉ જ્યારે બંને લડતાં ત્યારે ‘મેં-મેં‘ કરતા અને હવે વિવેક સાથે બંને ‘તું-તું‘ કરતા હતા, એટલે કે વિજેતા દોસ્ત, તું જ છે તું જ.

આ મીઠાશ એટલી આગળ વધી રહી કે હાથમાં હાથ લઈ, બાથમાં બાથ ભીડી, નાચતા ગાતા બંને નવી જ મધુરપ માણતા હતા.

એ હવે સુખી હતા તો અનહદ સુખી હતા ફ્રાન્સીસ ગોર્ડન અને જેની. તેમના જીવમાં જીવ આવ્યો હતો. સગપણથી સંધાયેલા બંનેને ફરીથી લગ્નની શરણાઈ સંભળાવા લાગી હતી. કેટલા તોફાન, ઝંઝાવાત, અટપટી આંધી તેમની વચમાંથી પસાર થઈ ગઈ હતી. અધ્ધર શ્વાસે જ તેઓ અત્યાર સુધી જીવ્યા હતા. હવામાન ચોક્ખું થતાં જ તેમને લાગ્યું કે તેમના ભાવિ આહ્‌લાદ સામેથી જ વિકટ વાદળ ખસી ગયા છે, અથવા કહો કે ધમાલ સાથે ધમાચકડી મચાવતો ધૂમકેતુ ખસી ગયો છે.

ચોથી સપ્ટેમ્બરે ઉપરનીવીક બંદરેથી પેસેન્જર સ્ટીમરો ઊપડી તો યુદ્ધ-જહાજો પ્રકારના સુસજ્જ વહાણો પણ ઊપડ્યા. અલબત્ત તેમને દક્ષિણ તરફનો લાંબો માર્ગ લેવો પડશે તેનો ખ્યાલ હવે જ આવ્યો. આ બધાં પ્રવાસીઓએ આ વાંદરાં વગરના ટાપુ પર કેટલા વાંદરાં નચાવ્યા હતા અથવા તો વાંદરાંઓની જેમ તેઓ જ નાચ્યા હતા ! એ યાદગાર આર્કટીક ટાપુને બાય-બાય સલામ-સલામ કરતાં બધાં વિદાય થઈ ગયા.

રહી જનારમાં હતા મોન્સ્યુર રોબર્ટ લસર તથા તેમનો ગોડ-સન ઝેફરીન ઝીરદાલ, જેઓ ‘આટલાંટીક’ની રાહ જોઈ રહ્યા હતા. યાટ બીજા દિવસ સુધી આવી ન હતી. જેવી યાટ આવી કે બંને તેમાં એકદમ સવાર થઈ ગયા. આ વધારાના ઉપરનીવીકના ચોવીસ કલાક તેમને માટે અસહ્ય હતા. કેમકે તેમની પેલી લોગ કૅબિન કે કાંચન-કુટીર તો હવે રહી જ ન હતી. ધૂમકેતુના સાગરમંથન વખતે જે દરિયાઈ મોજાંએ ભરતી જેવો ઉછાળો અનુભવ્યો, તેમાં જ એ કુટીર કૂ કરતી ટીર થઈ ગઈ હતી. દરિયા- કિનારાની અત્યંત નજીકી પાણીનો માર, દરૂજતી ધરતી, લક્કડિયું બાંધકામ. ટકે તો શું ટકે ?

એ બંને અનહદ સુખી માનવીઓને રાત્રી અસુખ અને અસુવિધામાં જ પસાર કરવી પડી હતી.

ધૂમકેતુ તથા દરિયાનાં મોજાં તેમની કુટીર જ નહિ, કુટીરનો બધો સામાન પણ ખેંચી ગયા હતા. ધ્રુવીય સૂરજમાંય સૂસવાતા બંને પાસે ટાઢ ઉડાડવા કામળો ન હતો કે ભીના શરીર લૂછવા ટુવાલ પણ ન હતો. રાતની ઠંડી કેવી કારમી હોઈ શકે તેનો ખ્યાલ તેમને આવી જ ગયો. અંધકારને લઈને ટાઢ વધુ અસર કરે છે કે ટાઢને લઈને અંધકાર વધુ આકરો હોય છે, એવો સંશોધનનો વિનય પણ ઝીરદાલને થરથર કંપતા સૂસવાટામાં સૂઝ્યો ન હતો.

જે કંઈ ખેંચાઈ તણાઈ ગયું તેમાં વાસણો, પોશાક, બેડિંગ જ નહિ, ઝીરદાલનાં યંત્રો પણ સામેલ હતાં. જે ટેલિસ્કોપમાંથી ઝીરદાલ આકાશી દુનિયા નિહાળતો હતો અને જે ટેલિસ્કોપથી તેણે ધૂમકેતુની દોસ્તી કરી હતી, એ ટેલિસ્કોપે પણ વિદાય લીધી હતી. જે રિફ્લેક્ટર, કરામતી ગોળાઓ, તથા જે શોધ વડે ઝેફરીન ઝીરદાલે સોનેરી ધૂમકેતુને પોતાની આંગળી પર નચાવ્યો હતો, એ શોધને પણ પાણીના ધોધ ખેંચી ગયા હતા. દરિયાની જે મોજાં- ઊર્જાનો એ પરચો બતાવતો હતો, એ મોજાં એને જ પોતાનો પરચો બતાવી ગયા.

મોન્સ્યુર લસરને એ ચૈતન્યવંતી નવા જમાનાની નવીનતમ શોધ છિન્નભિન્ન થવાનો એટલો આઘાત લાગ્યો કે કોઈ આશ્વાસન તેમના સુધી પહોંચી શકતું ન હતું. ઝીરદાલ એથી વિરુદ્ધ વિનોદ માણતો હતો, ખડખડાટ હસતો હતો. તેની જ એ શોધ હતી, બીજા કોઈને એનું રજ માત્ર ભાન કે જ્ઞાન ન હતું. અદ્‌ભુત એવી શોધનો એ પ્રારંભ હતો. પ્રારંભ જ ન રહેતાં એથી આગળ કોણ વધી શકવાનું હતું ? એણે ધાર્યું હોત તો એ જ કરામતની નવી આવૃત્તિ તૈયાર કરી શકત, પણ એ વિષે એણે કદી ફરી વિચાર્યું જ નહિ. એના ગોડ ફાધરે એને ફરી ફરીને વિનંતી કરી, પણ એ તો ઝીરદાલ હતો. જે વાત ઊંચી મૂકી તે મૂકી. તે સાવ ઘરડો થઈ ગયો ત્યાં સુધી એ વાતને તેણે યાદ કરી નહિ, અને જતે દિવસે, જેમ બને છે તેમજ એની શોધ એની સાથે એની કબરમાં જ નિરાંતે પોઢી ગઈ.

એ રીતે એ યંત્ર માનવજાતના હાથમાંથી સરી ગયું, સિવાય કે કોઈ બીજો ઝેફરીન ફરીથી પૃથ્વી પર જન્મે અને ઝીરદાલની જેમજ એની પાછળ લાગી રહે. ઝેફરીન ઝીરદાલ જ્યારે ગ્રીનલૅન્ડ પધાર્યો ત્યારે ભર્યો ભર્યો હતો, દરેકે દરેક રીતે, જ્યારે પાછો ફર્યો ત્યારે ગરીબ હતો, એકદમ દમ ગરીબ. જોકે ગરીબાઈ શું તે એ જાણતો ન હતો, તેની એને પરવાય ન હતી. પાછળ એણે જે મૂકી દીધું તેમાં એનાં સાધનો, યંત્રો, યાદ જ નહિ, પેલો ગંજાવર જમીનનો ટુકડો હતો કે જેનો અમુક ભાગ દરિયામાં પ્રવેશી જતો હતો. જમીન હવે કોણ લેવા તૈયાર થાય ? હવે એની કિંમતેય શું?

ભલે જમીનનો માલિક એ રહ્યો અને દસ્તાવેજો એને નામે રહ્યા ! જમીનનો માનવીને એ જ બોધ છે : મીટ્ટી કહે કુંભારકો, તું ક્યા ગૂંદેગા મુઝકો, એક દિન ઐસા આયેગા, ગૂંદ ડાલુંગી તુઝકો. મીટ્ટી કહે ઝીરદાલકો.

એ બધામાં, જે ફાયદો ગોડફાધરને થયો હતો, એ તો કલ્પી જ શકાય નહિ. પેલા અધધધ શબ્દથી જ એની માપણી ગણતરી કરવી રહી. રૂ દ્રો દ્વારા એના નામ પર ધાર્યો અણધાર્યો વરસાદ જ પડતો હતો પૈસાનો, સોનાનો. એથી લસર બૅન્ક દુનિયા ભરની ટોપની બૅન્ક બની રહી.

ઝેફરીન જ આ મિલકતનો સહાયક હતો એટલે લસરજી વખતોવખત એની સલાહસૂચન લેતાં અને નિર્લેપ ભાવે તે જે સલાહ ઉચ્ચારી દેતો એ પણ ઘણી ફાયદાકારક રહેતી. બૅન્કે એ સલાહસૂચન અને તે પાછળની ટેકા રૂપ ઝેફરીનની ઘણી ગમ્ય-અગમ્ય શોધોનો લાભ લીધો. લસર મોન્સ્યુરની પોતાની પણ એમાં એક શોધ હતી કે પૃથ્વી પાસે જે કંઈ છે, એ જ એટલું બધું પૂરતું છે કે, જો તેનું યોગ્ય સંચાલન કરવામાં આવે તો આકાશના કોઈ નવા ધૂમકેતુને્ જમીન પર પટકવાની જરૂર જ ન રહે.

લસરજી જાતે ક્યાં લોભી, લાલચુ કે અમીચંદી શાયલોક હતા ? તેમણે ગોડ-સનનેય એ વરસાદના ભાગીદાર બનાવ્યે રાખ્યો, ભલે એ ઈચ્છે કે નહિ, પણ ઝીરદાલને એની ખરેખર કોઈ ખેવના ન હતી. તે તો બૅન્ક, પૈસા, સોના જેવા નામથી જ ચિઢાઈ જતો. જે ધૂમકેતુ, જે સોનું, બે નિર્મળ હૃદયના ઉમંગી પ્રેમીનેય ન મળવા દે, એની દુનિયામાં જરૂર જ શી છે ? તેની પોતાની જરૂરિયાતો એકદમ ઓછી હતી તે માટે પગે ચાલીને જ તે ગોડફાધર લસરની બૅન્ક પર જતો. પોતાનો નિયમિત હપ્તો પોતાના હિસાબમાંથી જ મેળવતો અને રૂ કેસલને છઠ્ઠે માળે ધબધબ કરતો જાતે જ ચઢીને જતો. રાજી હતી વિધવા ટિબોટી, કેમકે હવે તેને સાંભળનાર ‘ઓડિયન્સ’ મળ્યું હતું.

આખીય ઘટનાએ પૃથ્વી પરની ઉત્તેજનાને ચરમ સીમાએ ઉશ્કેરી હતી. પણ ઉશ્કેરાટનેય સીમા હોય છે. જતે દિવસે બધું શાંત પડી ગયું અને જે કોઈ નવી ઉત્તેજના તેમના માર્ગમાં આવી, તેની ચર્ચામાં લોકો લાગી ગયા. ઈતિહાસના કથાનકોમાં સોનેરી ધૂમકેતુ એક આકાશી દેવદૂતના રૂપે ચર્ચાતો રહ્યો. વિજ્ઞાનને પણ ઈતિહાસ હોય છે ને !

જ્યારે મોઝીકે ૧૮મી સપ્ટેમ્બરે ચાલ્સટન બંદરે નાખ્યા, ત્યારે બધી વાત એવી રીતે ભુલાઈ ગઈ હતી કે કોઈ જોવા જેવી એ સ્ટીમરને, એ યાટને જોવા કે અંદરના પ્રવાસીઓને રિસીવ કરવાય આવ્યું ન હતું.

હા, 'મોઝીક'ના પ્રવાસીઓમાં યાદગાર પ્રવાસીઓ હતા જ, જેમાં મિસ આર્કેડિયા વૉકરનો સમાવેશ થતો હતો, જે પોતાના પુનર્જીવન માટે શેઠ સ્ટેનફોર્ડનો ફરીફરીને આભાર માનતી હતી અને જેને સ્ટેનફોર્ડે પૂરી સલુકાઈથી મોન્સ્યુર ડી સ્નેકે પૂરી સાહિત્યવાળી એ કૅબિનમાં રહેવાની ગોઠવણ કરી આપી હતી.

દક્ષિણ કેરોલીનથી વર્જીનિયાનું અંતર કંઈ બહુ લાંબું નથી, અને અમેરિકા પાસે પોતાની સાહ્યબીભરી રેલવે ટ્રેઈનો છે જ. ૧૯મી સપ્ટેમ્બર એટલે કે બીજે દિવસે શ્રીમાન ડિન ફોરસીથ, ફ્રાન્સીસ, ઓમિક્રોન ઉપરાંત ડૉક્ટર સિડની હડલ્સન અને જેની, પોતપોતાના નિવાસસ્થાનમાં દાખલ થયા, પહેલી ત્રિપૂટી ઈલિઝાબેથ શેરીમાં અને બીજું દ્વય મોરિસ શેરીમાં પ્રવેશી રહ્યું.

વ્હેસ્ટન સ્ટેશને શ્રીમતી હડલ્સન અને કુમારી લૂ તથા મિત્ઝે એ બધાંનું ભારે ઉષ્માભર્યું સ્વાગત કર્યું. ફ્રાન્સીસ ગોર્ડને પોતાના નજીકના ભવિષ્યના સાસુમાને વંદનીય અભિવાદન કર્યું. તે જ સમયે શ્રીમાન ડિન ફોરસીથે પણ લેડી હડલ્સન સાથે હૂંફાળું હસ્તધૂનન આદર્યું. જાણે બે કુટુંબ વચ્ચે કદી કોઈ અંતર હતું જ નહિ. જોકે લૂને હજી ખાતરી ન હતી, તેણે બંને વડીલોને પૂછ્યું, 'બધું પતી ગયું, ખરું કે નહિ ?' તેને ફોરસીથે વહાલથી પોતાની બાથમાં થપથપાવી રડતી રોકી લીધી.

હા. બધું જ પતી ગયું હતું. એ પૂર્ણાહુતિની ઉજાણી તથા ઊજવણી ૩૦મી સપ્ટેમ્બરના રોજ સેઈન્ટ એન્ડ્રુઝ દેવળના મધુરપભર્યા ઘંટના રણકારે ઝણકાવી દીધી. બંને કુટુંબના તમામે તમામ સભ્યો તાળીઓના નાદે એ રણકારને બિરદાવતા હતા. ગામના નાના મોટા કોઈ જ મહેમાન બાકી ન હતા. બધાંની અને પરમ કૃપાળુ રૂપ આત્માની સાક્ષીએ રેવરન્ડ મિસ્ટર ઓ ગાર્થે સંપૂર્ણ પ્રકારના વિધિ-વિધાન સાથે ફ્રાન્સીસ ગોર્ડન અને જેની હડલ્સનના લગ્ન જાહેર કર્યાં તથા તેમને અધિકૃત પરીણિત પતિ-પત્નીનો દરજ્જો બક્ષી દીધો. ત્યારે હાજર રહેલા શાણા મહેમાનો અને ખુદ પાદરીબુવા જાહેર કરતા હતા કે, 'સાચો પ્રેમ, શુદ્ધ હૃદયનો પ્રેમ, કોઈ અડચણોને અવરોધોને સ્વીકારતો નથી. તેનાથી ડરતો નથી તેમજ વિચલિત થતો નથી.'

સહુથી વધુ ખુશી તો બ્રાઈડ્સ-મેઈડ નવોઢાની અણવર લૂ જ હતી. તેણે કેટલી વરણાગી સાથે તૈયાર કરેલા ખાસ પસંદગીના ભવ્ય પોશાકને આજે તે મઠારી સજાવીને પરિધાન કરી શકી હતી. મિત્ઝને શું બોલવું તેનીય ખબર પડતી ન હતી. તે હસતી, રડતીય ખરી અને પોતાના સનીને ભરપૂર આશીર્વાદોથી બિરદાવતી હતી. આજ જેટલો અનહદ આનંદ તેણે કદી માણ્યો નથી, એવું તે ફરી ફરીને બધાંને કહેતી હતી.

એ જ વખતે એકબીજાં લગ્ન આકાર લઈ રહ્યાં હતાં, અલબત્ત આટલા બધા દબદબા સાથે નહિ જ. આ વખતે વર-કન્યા ઘોડા પર ન હતાં. પગપાળાય નહિ,

બલૂનમાં નહિ, પણ મિ. શેઠ સ્ટેનફોર્ડ અને મિસ આર્કેડિયા વૉકર દેવદૂત સમા જજશ્રી પ્રોથના પવિત્ર ધામમાં આરામદાયક કૉચમાં પહોંચ્યા હતા, સાથોસાથ બાથોબાથ બેસીને, હાથમાં હાથ રાખીને.

એ પવિત્રથીય વધુ પવિત્રતમ કમાન દ્વારમાં બંનેએ મંગળ પ્રવેશ કરીને પોતપોતાના દસ્તાવેજો રજૂ કર્યા. અગાઉ કરતાં પણ એ પેપર્સ વધારે પરિપૂર્ણ હતા.

મેજિસ્ટ્રેટશ્રીએ થોડા સમય અગાઉ જ જે યુગલને છૂટાછેડા બક્ષ્યા હતા, તેને જ લગ્નબંધનની અતૂટ ગાંઠથી ગાંઠી દેવા માટે સામું હસું હસું થતું અભિવાદન કર્યું. જ્યારે સંપૂર્ણ લગ્નવિધિ સંપૂર્ણ રીતે પતી ત્યારે પાંચસો ડૉલર આગળ ધરતાં શ્રીમાન શેઠ સ્ટેનફોર્ડે કહ્યું, ‘આ મારી ફી.’

‘અને આ મારી...’ શ્રીમતી આર્કેડિયા સ્ટેનફોર્ડે અનુકરણ કર્યું. ઉપરથી ઉમેર્યું, ‘આ ગરીબો તથા જરૂરિયાતવાળાઓ માટે.’

બંનેએ એક સાથે જ કહ્યું, ‘થેન્કસ ઓનરેબલ મિસ્ટર પ્રોથ.’

‘થેન્કસ, કોન્ગ્રેચ્યુલેશન્સ, ગોડ બ્લેસ યુ, એન્ડ ગુડ બાય મિસ્ટર એન્ડ મિસિસ સ્ટેનફોર્ડ. સુખી રહો, અનંતકાળ સુધી.’ ન્યાયાધીશ પવિત્ર પુરુષે ઉચ્ચાર્યું અને તેઓ પોતાના બગીચા તરફ, પોતાના પ્રિય ખીલતાં ખીલેલાં ફૂલોની માવજત માટે આગળ વધી ગયા.

ત્રણ વખત ફરી ફરીને ભરેલા પાણીના ગણતરીછાપ છિદ્રોમાંથી ફૂલવાડીને હળવે હાથે પાણીનો છંટકાવ કરતાં એ દેવદૂત સમા ન્યાયાધીશે એક વખત ફરીથી નવોત્સાહિત નવયુગલને નિહાળ્યું. ‘ગુડબાય’ તેઓ પૂરી ગંભીરતાપૂર્વકના આનંદ સાથે મંદ સ્વરમાં બોલી ઊઠ્યા, ‘ધીરજપૂર્વકનો પવિત્ર પ્રેમ સિદ્ધિને પામે જ છે, ધર્મ પુસ્તકનું એ જ દર્શન છે ને ! પ્રેમ પ્રભુનો કે પરસ્પરનો કેવું પ્રભુત્વ બક્ષે છે. આમિન !’

●●

જેણે સાહિત્યના માધ્યમ દ્વારા પોતાની જિયો-ફિઝિક્સ (ભૌગોલિક-વૈજ્ઞાનિક) પ્રવાસ નવલકથાઓ દ્વારા વીસમી, એકવીસમી સદીને વિજ્ઞાન-યુગ બક્ષી દીધો, એ અદ્‌વિતીય અમર ફ્રેન્ચ રચનાકારની અંગ્રેજીમાં આવેલી કૃતિઓ

# જૂલે વર્ન



**અદ્‌ભુત શબ્દને સત્ય બક્ષતી આ રહી એ અપ્રતિમ સાહસકથાઓ**

**જન્મ : નાન્તેસ : ફેબ્રુઆરી ૮, ૧૮૨૮**

**વિદાય : એમિયન્સ : માર્ચ ૨૪, ૧૯૦૫**

*બીજો જૂલે વર્ન થવાની શક્યતા જ નથી. થાય તોપણ તેમાંનો એક જ આટલી અઢળક વૈજ્ઞાનિક શોધો તરફ અંગુલિનિર્દેશ કરી શકશે ?*

***આર્થર : સી : ક્લાર્ક***

*(આજના પ્રસિદ્ધ વિજ્ઞાન લેખક)*

# A

૧. ધી એડવેન્ચર્સ ઑફ કેપ્ટન હેટેરસ

૨. ધી એડવેન્ચર્સ ઑફ ધી રેટોન ફેમિલી

૩. એ ફિફ્ટીન યર ઓલ્ડ હીરો/ડીક સેન્ડ્સ

૪. ધી અમેરિકન નેવ્યૂ

૫. એન આઈડિયલ સિટી

૬. એ પ્રિસ્ટ ઈન ૧૮૩૯

૭. ધી આર્કપેલેગો – ઓન ફાયર

૮. ધી સાર્ડેન્સ ઈન્ન

૯. એરાઉન્ડ ધી મૂન

૧૦. એરાઉન્ડ ધી વર્લ્ડ ઈન એઈટી ડેઈઝ*

૧૧. બારસાક મિશન

૧૨. એ બલૂન ટ્રીપ

# B

૧૩. ધી બૅગમ્સ ફોરચ્યુન

૧૪. બ્લેક ડાયમન્ડ્સ*

૧૫. બ્લાઈન્ડ મેન્સ બ્લફ

૧૬. બ્રોકન સ્ટ્રોઝ

૧૭. ધી બ્રધર્સ કીપ

# C

૧૮. કૅપ્ટન એન્ટીફર

૧૯. કાર્પેન્થિયન કેસલ

૨૦. સેલિબ્રેટેડ ટ્રાવેલ્સ એન્ડ ટ્રાવેલર્સ

૨૧. સિઝર કાસ્કાબેલ

૨૨. ધી ચાન્સેલર

૨૩. ધી ચેઈઝ ઑફ ધી ગોલ્ડન મિટિયોર*

૨૪. ધી ચીલ્ડ્રન ઑફ કેપ્ટન ગ્રાન્ટ

૨૫. ક્લૉડિયસ બોમ્બાર્નેક

૨૬. ક્લીપર ઑફ ધી ક્લાઉડ્સ

૨૭. ક્લોવીસ ડાર્ડેન્ટર

૨૮. કમ્પેનિયન્સ ઑફ મરજોલેઈન

૨૯. ધી કાઉન્ટ ઑફ ચેન્ટલેઈન

# D

૩૦. ધી ડેન્યુબ પાયલોટ

૩૧. ડે ઑફ એન અમેરિકન જર્નાલીસ્ટ ઈન ૨૮૦૦

૩૨. ડિક સેન્ડ્સ ફર્ધર સ્ટોરીઝ

૩૩. ડૉક્ટર ઓક્ષી'સ એક્સ્પેરિમેન્ટ

૩૪. એ ડ્રામા અન્ડર લૂઈસ (૨૫)

૩૫. એ ડ્રામા ઈન લિવોનિયા

# E

૩૬. ઈલેવન ડેઈઝ ઑફ સીઝ

૩૭. ધી ઈટર્નલ આદમ

# F

૩૮. ફેમિલી વિધાઉટ એ નેઈમ

૩૯. ફાઈવ વિક્સ ઈન એ બલૂન*

૪૦. ધી ફ્લાઈટ ટુ ફ્રાન્સ

૪૧. ધી ફ્લોટિંગ સિટી

૪૨. ફોર ધી ફ્લૅગ

૪૩. ફાઉન્ડલિંગ મિક

૪૪. ફ્રોમ ધી અર્થ ટુ ધી મૂન*

૪૫. ફર કન્ટ્રી

# G

૪૬. ધી ગોલ્ડન વૉલ્કેનો

૪૭. ધી ગ્રેટ ઈસ્ટર્ન

૪૮. ધી ગ્રીન રે

૪૯. ધી ગનપાવડર પ્લોટ

# H

૫૦. હેક્ટર સર્વેડક

# I

૫૧. ઈલસ્ટ્રેટેડ જ્યોગ્રોફી ઑફ ફ્રાન્સ એન્ડ કોલોનીઝ

૫૨. ધી ઈન્વેઝન ઑફ ધી સી

# J

૫૩. ધી જંગડા

૫૪. જર્ની ટુ ધી ઈમ્પોસીબલ

# K

૫૫. કેરેબાન ધી ઈનફ્લેક્સીબલ

# L

૫૬. લાઈટ હાઉસ એટ ધી એન્ડ ઑફ ધી વર્લ્ડ*

૫૭. લોટરી ટિકિટ

૫૮. લાસ્ટ એક્સ્ટ્રા-ઓર્ડીનરી વોયેજ

# M

૫૯. માસ્ટર ઑફ ધી વર્લ્ડ*

૬૦. મેથિયાસ સેન્ડોર્ફ

૬૧. મેઝરિંગ એ મેરિડિયન

૬૨. મેમરીઝ ઑફ ચાઈલ્ડહૂડ એન્ડ યુથ

૬૩. માયકલ સ્ટ્રોગોફ્ફ

૬૪. ધી માઈટી ઑરિનોગો

૬૫. મોના લીસા

૬૬. મિસ્ટર ચિમ્પાન્ઝી

૬૭. મિસિસ બેનિકન

૬૮. મિસ્ટીરિયસ આઈલૅન્ડ*

૬૯. મિસ્ટરી ઑફ ધી ગોર્ડન પિમ્મ

# N

૭૦. નોર્થ અગેઈન્સ્ટ સાઉથ

# P

૭૧. પેરીસ ઈન ધી ટ્વેન્ટીએથ સેન્ચુરી

૭૨. પ્રોપેલર આઈલૅન્ડ

૭૩. ધી પરચેઈઝ ઑફ ધી નોર્થ પોલ

# R

૭૪. રૉબર ધી કોન્કરન્ટ

# S

૭૫. સેઈન્ટ માયકલ (ચાટ)

૭૬. સેલ્વેજ ફ્રૉમ ધી સિન્થિયા

૭૭. ધી સ્કૂલ ફૉર કરુઝોઝ

૭૮. સેકન્ડ ફાધર હુડ

૭૯. ધી સિકરેટ ઑફ વિલ્હેમ સ્ટૉરીત્ઝ

૮૦. ધી સધર્ન સ્ટાર મિસ્ટરી

૮૧. ધી સ્ટીમ હાઉસ

૮૨. ધી સ્ટોરિઝ ઑફ જીન મેરી કબીડૂલીન

૮૩. સ્ટડી ટ્રીપ

૮૪. સર્વાઈવર્સ ઑફ ધી જોનાથન

# T

૮૫. થોમ્પ્સન ટ્રાવેલ એજન્સી

૮૬. ટુ-ડે-ઈઝ હેપ્પી પિપલ

૮૭. ટાવર ઑફ મોન્થલેરી

૮૮. ટ્રાવેલિંગ બેકવર્ડ્ઝ – ટુ ઈન્ગ્લૅન્ડ એન્ડ સ્કોટલૅન્ડ

૮૯. ટ્વેન્ટી થાઉઝન્ડ લીગ્સ અન્ડર ધ સી*

૯૦. ટુ યર્સ હોલીડે

# U

૯૧. અન્કલ રોબિન્સન

# W

૯૨. ધી વીલ ઑફ એન એકસેન્ટ્રીક

૯૩. એ વીલેજ ઓન ધી ટ્રી-ટૉપ્સ

# Y

૯૪. યસ્ટરડે એન્ડ ટુમોરો

# પ્રસિદ્ધ નાટકો

- એલેકઝાન્ડર છઠ્ઠો – ૧૫૦૩ (પાંચ અંકી કાવ્યાત્મક રોમેન્ટીક)
- એ સિટી ઈન સહારા
- કેપ્ટન એટ ફિફ્ટીન (એ ગોલ્ડન ગ્રાસહોપર)
- એરાઉન્ડ ધી વર્લ્ડ ઈન એઈટી ડેઈઝ
- ડૉક્ટર ઓક્ષી'સ એક્સ્પેરિમેન્ટ
- બીજાં અનેક નવલ-નાટ્યો ઉપરાંત ત્રણેક જેટલા કાવ્યસંગ્રહો

---

* – ફૂદડીવાળી રચનાઓ અગાઉ ગુજરાતીમાં સંક્ષિપ્ત સ્વરૂપે યા ઉદ્ધૃત સ્વરૂપે આવી ચૂકી છે.